અભ્યાસક્રમ આધારિત તમામ એકમની સમજૂતી
સ્વાધ્યાય અને વિશેષ તમામ પ્રકારના પ્રશ્નોત્તર
મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ માર્ગદર્શન

# સ્ટડી મટીરિયલ



દ્વિતીય સત્ર

# સામાજિક વિજ્ઞાન
## ધોરણ – 7

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ : | |
| વર્ગ : | હાજરી નંબર : |
| શાળાનું નામ : | |
| શિક્ષકશ્રીનું નામ : | |

Very unique to learn.....
Alankar® Publication
અલંકાર પબ્લિકેશન
H/75-A, Akshardeep Complex, Shastrinagar, Bhavnagar 364002
9726437575, 9913427575 alankarpublication@yahoo.com www.alankarpublication.com

## પ્રસ્તાવના...

પ્રવૃત્તિલક્ષી શિક્ષણ પ્રક્રિયા મુજબ જે તે એકમના અધ્યયન-અધ્યાપન દરમિયાન ચર્ચા અને ચિંતન થાય છે. સમગ્ર એકમનું મૂલ્યાંકન સરળતાથી થઈ શકે તે માટે મૂલ્યાંકન સામગ્રી હાથવગી હોય તો વિષયવસ્તુનાં તમામ પાસાંઓનું મૂલ્યાંકન સરળ બની રહે અને અધ્યાપન કાર્ય દરમ્યાન તમામ મુદ્દાઓનું ઝીણવટપૂર્વક અધ્યયન કાર્ય થઈ શકે તેવા હેતુથી "અલંકાર સ્ટડી મટીરિઅલ" બનાવવામાં આવ્યું છે.

વિદ્યાર્થી-વાલી અને શિક્ષકને મૂલ્યાંકન સ્વરૂપે સાંકળરૂપ જોડવાનું કાર્ય આ પુસ્તક દ્વારા કર્યું છે. મૂલ્યાંકન પ્રવૃત્તિઓના જવાબો મેળવવા માટે વિદ્યાર્થીને માર્ગદર્શન પૂરું પાડવા પ્રયત્ન થયો છે. તમામ એકમના બધા જ શૈક્ષણિક મુદ્દાઓની વિસ્તૃત સ્વરૂપે અહીં મૂલ્યાંકન પ્રવૃત્તિઓ આપી છે, જે એકમ સમજવામાં દરેક સમયનો સાથી બની રહેશે.

અમને વિશ્વાસ છે કે દરેક એકમ શીખવા -સમજવામાં આ પુસ્તક ઉપયોગી બની રહેશે. આપના અભિપ્રાયોનું સ્વાગત કરીએ છીએ.

સ્ટડી મટીરિઅલ બનાવવામાં ખૂબ જ કાળજી રાખવામાં આવી છે. આમ છતાં, માનવસહજ સરતચૂક કે ટેક્નોલૉજીની ક્ષતિને કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી. આપનાં યોગ્ય સૂચનોને તજ્જ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 1 | મધ્યયુગીન ગુજરાત | 67 |
| 2 | ભારત : આબોહવા અને કુદરતી સંસાધનો | 74 |
| 3 | અદાલતો શા માટે ? | 82 |
| 4 | મુઘલ સામ્રાજ્ય : સ્થાપના અને વિસ્તરણ | 88 |
| 5 | ભારત : ખેતી, ઉદ્યોગ અને પરિવહન | 95 |
| ✼ | પુનરાવર્તનલક્ષી એકમ કસોટી - 1 | 102 |
| 6 | મુઘલ સામ્રાજ્ય : સુવર્ણયુગ અને અસ્ત | 105 |
| 7 | બજારમાં ગ્રાહક | 111 |
| 8 | મધ્યકાલીન સ્થાપત્યો | 115 |
| 9 | ભારતઃ લોકજીવન | 122 |
| 10 | જાહેર મિલકત | 129 |
| 11 | ઈશ્વર સાથે અનુરાગ | 135 |
| 12 | ખંડ પરિચય : ઉ.અમેરિકા, દ.અમેરિકા અને યુરોપ | 140 |
| ✼ | પુનરાવર્તનલક્ષી એકમ કસોટી - 2 | 151 |
| ✼ | નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર | 156 |


No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

# 1. મધ્યયુગીન ગુજરાત

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- અણહિલવાડ પાટણની સ્થાપના
- ચાવડાવંશની શાસનવ્યવસ્થા
- સોલંકીવંશની શાસન વ્યવસ્થા
- વાઘેલાવંશની શાસન વ્યવસ્થા
- મધ્યકાલીન વિદ્યાધરો અને મંત્રીઓ
- શાસન વ્યવસ્થામાં મહિલાઓનું પ્રદાન
- મધ્યકાલીન સ્થાપત્ય અને સંસ્કૃતિ
- રાજયવ્યવસ્થા

## એકમની ટૂંક સમજ

- મધ્યકાળમાં ઈ.સ. 746થી 1304 એટલે કે આશરે 560 વર્ષ સુધી ગુજરાતમાં ચાવડાવંશ, સોલંકીવંશ અને વાઘેલાવંશના શાસકોએ શાસન કર્યું.
- આ શાસનકાળ દરમિયાન હાલના પાટણની પશ્ચિમે આવેલું અનાવાડા ગામ, જે અણહિલ-વાડનું અપભ્રંશ થયેલ નામ છે તે રાજધાની હતી.
- પંચાસરમાં ચાવડાઓનું રાજ્ય હતું. તેના શાસક જયશિખરી યુદ્ધમાં વીરગતિ પામતા પુત્ર વનરાજે પિતાનું રાજ્ય પાછું મેળવ્યું.
- વનરાજ ચાવડાએ પોતાના મિત્ર અણહિલના નામ પરથી સરસ્વતી નદીના કિનારે 'અણહિલ-વાડ પાટણ' નવું નગર વસાવ્યું.
- ચાવડાવંશના શાસકોએ લગભગ 196 વર્ષ સુધી ગુજરાત પર રાજસત્તા સંભાળી ત્યારબાદ સોલંકી વંશના શાસકોએ ગુજરાતની રાજ્યસત્તા સંભાળી.
- સોલંકી વંશના શાસકોમાં મૂળરાજ, ભીમદેવ, સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ જેવા મહાન રાજવીરો થઈ ગયા.
- સિદ્ધરાજ જયસિંહના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થઈ ગયા. અણહિલવાડ પાટણ 'વિદ્યાનું ધામ' બન્યું હતું.
- સિદ્ધરાજ જયસિંહના આમંત્રણથી હેમચંદ્રા-ચાર્યજીએ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામનો વ્યાકરણગ્રંથ રચ્યો હતો. આ ગ્રંથની શોભા-યાત્રા હાથીની અંબાડી ઉપર કાઢવામાં આવી હતી. જેમાં રાજા અને ગ્રંથના કર્તા પ્રજાની સાથે સમગ્ર નગરમાં પગપાળા ચાલતા હતા.
- કુમારપાળના શાસન સમયે અણહિલવાડ પાટણમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.
- સોલંકી વંશના છ શાસકો રાજ્ય-સિંહાસન છોડી, મુગટધારીમાંથી કંથાધારી બન્યા હતા.
- રાણી ઉદયમતિએ પ્રજાના કલ્યાણ હેતુ વાવ બંધાવી હતી. આ વાવ રાણીની વાવ તરીકે ઓળખાય છે. સાત માળમાં બંધાવેલી રાણીની વાવ કલા અને સ્થાપત્યનો અજોડ નમૂનો છે.
- રાજમાતા મીનળદેવીએ રાજ્યમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો. તેમના કહેવાથી ધોળકામાં મલાવ તળાવ અને વિરમગામમાં મુનસર તળાવ બાંધવામાં આવ્યાં હતાં.
- સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમિયાન પાટણમાં સહસ્રલિંગ તળાવ બાંધવામાં આવ્યું હતું.
- રાજા અજયપાળના અવસાન પછી તેમનો પુત્ર નાનો હોવાથી રાજ્યનો કારભાર તેમનાં રાણી નાઈકીદેવી સંભાળતાં. તેમના સમયમાં શાહબુદ્દીન ઘોરીએ ગુજરાત પર આક્રમણ કર્યું. નાઈકીદેવીએ ગુજરાતની સેનાનું નેતૃત્વ સંભાળ્યું અને ઘોરીની સેનાને યુદ્ધમાં હાર આપી હતી.
- વાઘેલા વંશના છેલ્લા શાસક કરણદેવ વાઘેલાનો

અલાઉદ્દીન ખીલજીની સેના સામે પરાજય થતાં, અણહિલવાડ પાટણ પરથી રાજપૂત શાસનનો અંત આવ્યો.

- સલ્તનતકાળમાં અહમદશાહે ઇ.સ.1411માં અમદાવાદ શહેર વસાવ્યું. ત્યારથી પાટણ ગુજરાતની રાજધાની મટી સુબાગીરી મથક બન્યું.
- પંદરમી અને સોળમી સદીના અંત સુધી ગુજરાત ઉપર અહમદશાહ, મહમૂદ બેગડો, મુઝફ્ફર બીજા જેવા નોંધપાત્ર સુલતાનો થઈ ગયા.
- સોલંકીઓના રાજ્યતંત્રમાં રાજાનું સ્થાન મુખ્ય હતું. રાજ્યતંત્રના વિવિધ ખાતાં જુદાં જુદાં અમાત્યો સંભાળતા. મુખ્ય અમાત્ય 'મહામાત્ય' કહેવાતા, જે શ્રીકરણ (નાણાખાતું)ને લગતી બાબતો સંભાળતા.
- વહીવટી વિભાગોમાં સૌથી મોટો ભાગ 'મંડલ' કહેવાતો. રાજ્યની રાજધાનીનો પ્રદેશ 'સરસ્વતી મંડલ' તરીકે ઓળખાતો.
- મંડલનો પેટા વિભાગ 'પથક' તરીકે ઓળખાતો. આ સમયે કચ્છ મંડલ, સૌરાષ્ટ્ર મંડલ, ખેટક મંડલ, લાટ મંડલ, મેદપાટ મંડલ જેવા મંડલ હતા.
- સોલંકી કાળમાં ગુજરાતમાં સોમનાથ શૈવધર્મનું અને દ્વારકા વૈષ્ણવધર્મનું પ્રખ્યાત ધામ ગણાતું.
- આ સમયે જૈનધર્મને ઉત્તેજન મળ્યું હતું. પરિણામે કેટલાંક મહાન ભવ્ય દેરાસરો બંધાયા હતા.
- આ સમયના સ્થાપત્યમાં રાજસ્થાની મંદિરોની શૈલી જોવા મળે છે.
- અગિયારમી સદીમાં બંધાયેલા મોઢેરાનું સૂર્ય-મંદિર, આબુનું વિમલ મંદિર, બારમી સદીમાં બંધાયેલા રુદ્રમહાલય, સોમનાથમંદિરનો જીર્ણોદ્ધાર, તેરમી સદીમાં બનાવેલા દેલવાડાનાં દહેરાસરો વગેરે ભારતના સ્થાપત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે.
- ગુજરાતના મંદિર સ્થાપત્યની સાથે કુંડો, કિલ્લા-ઓ, દરવાજાઓ અને તોરણોનો સમાવેશ થાય છે. વડનગરનું કીર્તિ તોરણ પ્રસિદ્ધ છે.
- સાહિત્ય સર્જનમાં આ સમયે હસ્તલિખિત પ્રતો બે-ત્રણ ફૂટ લાંબા અને બે-ત્રણ ઇંચ જેટલી પહોળાઈવાળા તાડપત્રો ઉપર ચારેબાજુએ હાંસિયો દોરીને લખવામાં આવતું.
- સોલંકીકાળમાં જૈનધર્મના 'દ્વયાશ્રય' ગ્રંથનું નિર્માણ થયેલું.
- સલ્તનતકાળમાં ફારસી ભાષામાં કેટલાંક પુસ્તકો લખાયાં. સલ્તનતકાળ અને મુઘલકાળમાં ગુજરાતમાં કેટલીક ખ્યાતનામ મસ્જિદો બાંધવામાં આવી. સરખેજનો રોજો અને સિદી સૈયદની જાળી પ્રખ્યાત છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) પહેલાંના સમયમાં વાવ, તળાવ અને કૂવા બાંધવામાં આવતાં હતાં. વર્તમાન સમયમાં બંધ બાંધવામાં આવે છે. કેમ ?**

**ઉત્તર :** પહેલાંના સમયમાં ભારતની વસતિ ખૂબ જ ઓછી હતી. ગામડાઓમાં પીવાનાં પાણી માટે, રસોઈ કરવા માટે, ખેતીમાં સિંચાઈ માટે કૂવા, વાવ અને તળાવ બાંધવામાં આવતાં. પહેલાંના સમયમાં ભૂગર્ભજળનું સ્તર ખૂબ જ ઊંચું હતું તેથી સરળતાથી જમીનમાંથી કૂવા કે વાવ ખોદીને પાણી મળી રહેતું. પહેલાંના સમયમાં લોકો પગપાળા એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરતાં ત્યારે રસ્તામાં પાણીની વ્યવસ્થા માટે કૂવા અને વાવ બનાવવામાં આવતા. હાલના સમયમાં ભારતની વસતિ ખૂબ જ વધી છે. ભૂગર્ભ જળનું સ્તર ખૂબ જ નીચું ગયું છે. આથી વસતિની જરૂરિયાત મુજબ પાણીની વ્યવસ્થા કરવા માટે નદીઓ પર બંધ બાંધવામાં આવે છે.

**(1) વનરાજ ચાવડાને નવીન નગર વસાવવું પડ્યું, કારણ કે...** તેના પિતા રાજા જયશિખરી યુદ્ધમાં વીરગતિ પામ્યા હતા. પોતાના પિતાનું રાજય વેરવિખેર થઈ ગયું હતું. પોતાના મિત્ર અણહિલની મદદથી તેણે નવું નગર અણહિલવાડ પાટણ બનાવ્યું.

**(2) સોલંકી કાળને ગુજરાતનો 'સુવર્ણયુગ' ગણવામાં આવે છે, કારણ કે...** સોલંકી કાળમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. સિદ્ધરાજ જયસિંહના સમયમાં અણહિલવાડ પાટણ 'વિદ્યાનું ધામ' બન્યું હતું. સોલંકી કાળમાં ગુજરાતે ભાષા, સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય, કલા અને ધાર્મિક ક્ષેત્રે પ્રગતિ કરી હતી.

**(3) મીનળદેવી આદર્શ રાજમાતા હતાં, કારણ કે...** તેમણે પ્રજાકલ્યાણ માટે સૌ પ્રથમ સિદ્ધરાજ જયસિંહની મદદથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો. તેમના કહેવાથી સિદ્ધરાજ જયસિંહે ધોળકામાં મલાવ તળાવ અને વિરમગામમાં મુનસર તળાવ બંધાવ્યાં હતાં.

**(4) નાઈકીદેવી એક વીરાંગના હતી, કારણ કે...** રાજા અજયપાળના અવસાન બાદ તેનો પુત્ર નાનો હોવાથી રાજયનો કારભાર તે સંભાળતાં. તેમના સમયમાં શાહબુદ્દીન ઘોરીએ ગુજરાત પર આક્રમણ કર્યું. આ સમયે વીરાંગનાં નાઈકીદેવીએ ગુજરાતની સેનાનું નેતૃત્વ સંભાળ્યું હતું અને શાહબુદ્દીન ઘોરીની સેનાને યુદ્ધમાં હાર આપી હતી.

**(5) 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથની હાથી ઉપર શોભાયાત્રા કેમ કાઢવામાં આવી ?**

**ઉત્તર :** સિદ્ધરાજ જયસિંહ વિદ્યાપ્રેમી અને સાહિત્ય-પ્રેમી હતો. તેણે પોતાના રાજદરબારના વિદ્વાન જૈન મુનિ હેમચંદ્રાચાર્ય અને કાશ્મીરી પંડિતો વગેરેની મદદ લઈ 'સિદ્ધહેમ શબ્દા-નુશાસન' નામના વ્યાકરણ ગ્રંથનું નિર્માણ કરાવ્યું હતું. તે આ સમયનો સૌથી અમૂલ્ય ગ્રંથ હતો. આ ગ્રંથના અને વિદ્વાનોના સન્માન માટે સિદ્ધરાજે 'સિદ્ધહેમ શબ્દાનુ-શાસન' ગ્રંથની હાથી ઉપર શોભાયાત્રા કાઢી હતી.

**(6) વનરાજ ચાવડાએ વસાવેલા નવા નગરનું નામ અણહિલવાડ પાટણ કેમ રાખ્યું ?**

**ઉત્તર :** વનરાજ ચાવડાએ પોતાના પિતા જયશિખરી-નું વેરવિખેર થયેલ રાજય પોતાના મિત્ર અણહિલ ભરવાડના સહયોગથી પાછું મેળવ્યું હતું. પોતાને સાથ આપનાર મિત્ર અણહિલ ભરવાડના નામથી તેણે નવા નગરનું નામ અણહિલવાડ પાટણ રાખ્યું.

**(7) મીનળદેવીએ યાત્રાવેરો કેમ બંધ કરાવ્યો ?**

**ઉત્તર :** મીનળદેવી પ્રજાકલ્યાણનાં કાર્ય માટે સદા તત્પર રહેતા હતા. ભગવાન સોમનાથના દર્શન કરવા માટે યાત્રાળુએ યાત્રાવેરો ભરવો પડતો હતો. એકવાર સોમનાથના દર્શને આવેલ સાધુઓ પાસે વેરો ભરવા પૈસા ન હતા. તેઓ દર્શન કર્યા વગર પરત ફર્યા. આ વાતની જાણ જયારે રાજમાતા મીનળ-દેવીને થઈ ત્યારે તેમણે સિદ્ધરાજ જયસિંહને કહેવડાવી રાજયમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો.

**(8) અણહિલવાડ પાટણથી રાજધાની અમદાવાદ કેમ બદલવામાં આવી ?**

**ઉત્તર :** વાઘેલા વંશના છેલ્લા શાસક કરણદેવ વાઘેલાનો અલાઉદીન ખીલજીની સેના સામે પરાજય થતા, અણહિલવાડ પાટણ પરથી રાજપુત શાસનનો અંત આવ્યો. કેટલાક સમય સુધી અણહિલવાડ પાટણ ગુજરાતની માત્ર નામની રાજધાની રહી. સલ્તનતકાળમાં અહમદશાહે ઈ.સ.1411માં અમદાવાદ શહેર વસાવ્યું. ત્યારથી પાટણ ગુજરાતની રાજધાની મટી સુબાગીરીનું મથક બન્યું અને અમદાવાદ રાજધાની બની.

- **બે-ત્રણ વાક્યમાં પરિચય આપો.**

**(1) અણહિલ ભરવાડ :** અણહિલ ભરવાડ

વનરાજ ચાવડાનો ગાઢ મિત્ર હતો. તે નીડર અને સાહસિક હતો. તે જંગલનો ભોમિયો હતો. અણહિલ ભરવાડના સહયોગથી વનરાજે પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હતું.

(2) **મીનળદેવી :** મીનળદેવી અણહિલવાડ પાટણના પ્રજાવત્સલ રાજમાતા હતાં. તેમણે રાજ્યમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો. પ્રજા કલ્યાણના હેતુ માટે ધોળકામાં મલાવ અને વિરમગામમાં મુનસર તળાવ બંધાવ્યાં હતાં.

(3) **હેમચંદ્રાચાર્ય :** હેમચંદ્રાચાર્ય સોલંકીકાળના વિદ્વાન જૈન મુનિ હતા. તેમણે સિદ્ધરાજ જયસિંહના કહેવાથી 'સિદ્ધહેમ શબ્દાનુ-શાસન' નામનો વ્યાકરણ ગ્રંથ રચ્યો હતો. તેઓ કલિકાલસર્વજ્ઞ તરીકે પ્રખ્યાત થયા હતા.

(4) **નાઈકીદેવી :** તેઓ અણહિલવાડ પાટણના રાજા અજયપાળનાં પત્ની હતાં. અજયપાળનું મૃત્યુ થતાં પોતાના નાનો પુત્ર શાસન ન સંભાળી શકે તે માટે તેઓએ રાજ કારોબાર સંભાળ્યો હતો. ગુજરાતની સેનાનું નેતૃત્વ કરીને તેમણે શાહબુદ્દીન ઘોરીની સેનાને હાર આપી હતી.

(5) **ઉદયમતિ રાણી :** ઉદયમતી ભીમદેવ સોલંકી-ની રાણી હતી. પ્રજાકલ્યાણ માટે તેણે અણહિલવાડ પાટણમાં સાત માળની વાવ બંધાવી હતી. તે 'રાણીની વાવ' તરીકે પ્રસિદ્ધ છે. વાવમાં આવેલી કલાત્મક પથ્થરની મૂર્તિઓ આજે સોલંકી યુગના વૈભવનો ખ્યાલ આપે છે.

(6) **કુમારપાળ :** સિદ્ધરાજ જયસિંહના અવસાન બાદ તે અણહિલવાડ પાટણની ગાદીએ આવ્યો હતો. આ સમયે અણહિલવાડ પાટણમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ થયો હતો.

(7) **ભીમદેવ સોલંકી :** તેણે કચ્છ, માળવા, આબુ, જૂનાગઢ વગેરે રાજ્યો જીતી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. મહમુદ બેગડાએ સોમનાથ મંદિરનો નાશ કર્યો ત્યારે ભીમદેવ સોલંકીએ અઢળક ધન ખર્ચીને મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેણે મોઢેરાનું સૂર્યમંદિર બંધાવ્યું હતું.

(8) **કરણદેવ વાઘેલા :** તે વાઘેલા વંશનો છેલ્લો રાજા હતો. અલાઉદ્દીન ખીલજીની સેના સામે તેનો પરાજય થતા અણહિલવાડ પાટણ પરથી રાજપૂત શાસનનો અંત થયો હતો.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

1. **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

(1) **પાટણ શહેર શાના માટે પ્રખ્યાત હતું ?**
(A) સાડી (B) બંગડી
(C) **પટોળાં** (D) બાંધણી

(2) **વનરાજ ચાવડાએ કઈ નદી કિનારે અણહિલ-વાડ પાટણ વસાવ્યું હતું ?**
(A) તાપી (B) **સરસ્વતી**
(C) સાબરમતી (D) નર્મદા

(3) **ચાવડા વંશના શાસકો બાદ ક્યા વંશના શાસકો ગુજરાતની રાજ્યસત્તા પર આવ્યા ?**
(A) વાઘેલા (B) ચૌહાણ
(C) પરમાર (D) **સોલંકી**

(4) **કયા રાજાના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થઈ ગયા ?**
(A) **સિદ્ધરાજ જયસિંહ**
(B) મૂળરાજ સોલંકી
(C) ભીમદેવ
(D) કુમારપાળ

(5) **ક્યા રાજાના શાસન વખતે ગુજરાતની સમૃદ્ધિ ટોચ પર હતી ?**
(A) મૂળરાજ સોલંકી
(B) સિદ્ધરાજ જયસિંહ
(C) **કુમારપાળ**
(D) ભીમદેવ સોલંકી

(6) **પ્રજાના કલ્યાણ માટે 'રાણીની વાવ' કોણે**

બંધાવી હતી ?

(A) મીનળદેવી (B) **ઉદયમતી**

(C) નાઈકીદેવી (D) સિદ્ધરાજ જયસિંહ

**(7) શાહબુદ્દીન ઘોરીની સેનાને કોણે યુદ્ધમાં હાર આપી હતી ?**

(A) ઉદયમતી (B) મીનળદેવી

(C) કુમારપાળ (D) **નાઈકીદેવી**

**(8) સુલતાન અહમદશાહે ક્યું શહેર વસાવ્યું હતું ?**

(A) પાટણ (B) **અમદાવાદ**

(C) જૂનાગઢ (D) વડનગર

**(9) સોલંકી રાજાઓની રાજ્યવ્યવસ્થામાં મુખ્ય અમાત્યને શું કહેવામાં આવતા ?**

(A) શ્રીકરણ (B) રાજા

(C) **મહાઅમાત્ય** (D) મંત્રી

**(10) સોલંકીકાળમાં ગુજરાતમાં શૈવધર્મનું પ્રખ્યાત સ્થળ ક્યું હતું ?**

(A) દ્વારકા (B) મોઢેરા

(C) પાટણ (D) **સોમનાથ**

**(11) કીર્તિતોરણોમાં ક્યાંનું કીર્તિતોરણ પ્રસિદ્ધ છે ?**

(A) આબુ (B) **વડનગર**

(C) મોઢેરા (D) પાટણ

**(12) સોલંકી કાળમાં ગુજરાતમાં વૈષ્ણવધર્મનું પ્રસિદ્ધ ધામ ક્યું હતું ?**

(A) સોમનાથ (B) પાટણ

(C) અંબાજી (D) **દ્વારકા**

**(13) ગુજરાતમાં સૂર્યમંદિર ક્યા સ્થળે આવેલું છે ?**

(A) વડનગર (B) **મોઢેરા**

(C) અમદાવાદ (D) સોમનાથ

**(14) ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન સત્તાનું કેન્દ્ર ક્યું હતું ?**

(A) પાટણ (B) કચ્છ

(C) જૂનાગઢ (D) **અમદાવાદ**

**(15) સિદી સૈયદની જાળી ક્યાં આવેલી છે ?**

(A) આબુ (B) **અમદાવાદ**

(C) વિરમગામ (D) પાટણ

**(16) મધ્યયુગમાં ગુજરાતમાં રાજપૂતવંશના શાસકોએ કેટલાં વર્ષ સુધી શાસન કર્યું હતું ?**

(A) **560** (B) 600

(C) 750 (D) 500

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) મધ્યકાળમાં ગુજરાતની રાજધાની **અણહિલવાડ પાટણ** હતી.

(2) રાજપૂત યુગમાં બળવાન રાજ્ય તરીકે **અણહિલવાડ પાટણ**ની ગણના થતી હતી.

(3) **'સિદ્ધહેમ શબ્દાનુશાસન'** ગ્રંથની શોભાયાત્રા હાથીની અંબાડી ઉપર કાઢવામાં આવી હતી.

(4) **કુમારપાળ** ના શાસન સમયે ગુજરતની સમૃદ્ધિ ટોચ પર હતી.

(5) રાણી ઉદયમતીએ પ્રજાના કલ્યાણ માટે **રાણીની** વાવ બંધાવી હતી.

(6) સિદ્ધરાજ જયસિંહનાં માતા **મીનળદેવી**એ રાજ્યમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો.

(7) સિદ્ધરાજ જયસિંહે પાટણમાં **સહસ્રલિંગ** તળાવ બંધાવ્યું હતું.

(8) **નાઈકીદેવી**એ શાહબુદ્દીન ઘોરીની સેનાને યુદ્ધમાં હાર આપી હતી.

(9) સોલંકીકાળમાં રાજ્યની રાજધાનીનો પ્રદેશ **સરસ્વતી મંડલ** તરીકે ઓળખાતો.

(10) મધ્યયુગીન ગુજરાતમાં સાહિત્ય સર્જનની હસ્તલિખિત પ્રતો મહદંશે **તાડપત્ર** પર લખાતી.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) ગ્રંથોમાંથી મળતી માહિતી મુજબ અમદાવાદમાં ચાવડાઓનું રાજ્ય હતું. - ✗

(2) ચાવડાવંશના શાસકોએ લગભગ 196 વર્ષ સુધી ગુજરાત પર રાજસત્તા સંભાળી. - ✓

(3) સિદ્ધરાજ જયસિંહના સમયમાં અણહિલવાડ પાટણ 'વિદ્યાનું ધામ' બન્યું હતું. - ✓

(4) ચાવડા વંશના છ શાસકોએ રાજ્ય-સિંહાસન છોડી વનવાસ સ્વીકાર્યો હતો. - ✗

(5) નાઈકીદેવી અણહિલવાડ પાટણની એક વિરાંગના રાણી હતી. - ✓

(6) રાજા અજયપાળ રાજપૂત શાસકોનો છેલ્લો રાજા હતો. - ☒

(7) સલ્તનતકાળમાં ઉર્દૂ ભાષામાં કેટલાંક પુસ્તકો લખાયાં હતાં. - ☒

(8) સલ્તનતકાળ અને મુઘલકાળમાં ગુજરાતમાં કેટલાંક ખ્યાતનામ મંદિરો બાંધવામાં આવ્યાં હતાં. - ☒

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) હેમચંદ્રાચાર્ય | (A) પાટણની વિરાંગના | (1) - **(D)** |
| (2) રાણી ઉદયમતિ | (B) મુનસર તળાવ | (2) - **(E)** |
| (3) નાઈકીદેવી | (C) અમદાવાદ શહેર | (3) - **(A)** |
| (4) અહમદશાહ | (D) કલિકાલસર્વજ્ઞ | (4) - **(C)** |
| (5) મીનળદેવી | (E) રાણીની વાવ | (5) - **(B)** |

**5. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) મધ્યકાળમાં ઈ.સ. 746 થી 1304 સુધી ગુજરાતમાં ક્યા ક્યા વંશના શાસકોએ રાજ્ય કર્યું ?**

**ઉત્તર :** મધ્યકાળમાં ઈ.સ. 746 થી 1304 સુધી ગુજરાતમાં ચાવડા, સોલંકી અને વાઘેલા વંશના શાસકોએ રાજ્ય કર્યું હતું.

**(2) સોલંકીવંશમાં ક્યા ક્યા મહાન રાજવીઓ થઈ ગયા ?**

**ઉત્તર :** સોલંકી વંશમાં મૂળરાજ સોલંકી, ભીમદેવ, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ જેવા મહાન રાજવીરો થઈ ગયા.

**(3) સિદ્ધરાજ જયસિંહના આમંત્રણથી હેમચંદ્રાચાર્યજીએ ક્યો ગ્રંથ રચ્યો હતો ?**

**ઉત્તર :** સિદ્ધરાજ જયસિંહના આમંત્રણથી હેમચંદ્રાચાર્યજીએ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામનો વ્યાકરણ ગ્રંથ રચ્યો હતો.

**(4) રાજમાતા મીનળદેવીએ ક્યાં તળાવો બંધાવ્યાં હતાં ?**

**ઉત્તર :** રાજમાતા મીનળદેવીએ ધોળકામાં 'મલાવ' અને વિરમગામમાં 'મુનસર' સરોવર બંધાવ્યાં હતાં.

**(5) કુમારપાળના શાસન સમયે પાટણમાં શાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો ?**

**ઉત્તર :** કુમારપાળના શાસન સમયે પાટણમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

**(6) યાત્રાવેરો કોણે બંધ કરાવ્યો હતો ?**

**ઉત્તર :** યાત્રાવેરો રાજમાતા મીનળદેવીએ બંધ કરાવ્યો હતો.

**(7) સોલંકી વંશ પછી ગુજરાતમાં ક્યા શાસકોએ શાસન ચલાવ્યું હતું ?**

**ઉત્તર :** સોલંકી વંશ પછી ગુજરાતમાં વાઘેલા, સુલતાનો અને મુઘલ શાસકોએ શાસન ચલાવ્યું હતું.

**(8) અમદાવાદ શહેર કોણે અને ક્યારે વસાવ્યું ?**

**ઉત્તર :** અમદાવાદ શહેર અહમદશાહે ઈ.સ. 1411માં વસાવ્યું હતું.

**(9) ગુજરાત ઉપર ક્યા ક્યા સુલતાનોએ શાસન કર્યું હતું ?**

**ઉત્તર :** ગુજરાત ઉપર અહમદશાહ, મહમૂદ બેગડો અને મૂઝફ્ફર જેવા સુલતાનોએ શાસન કર્યું હતું.

**(10) સોલંકીઓના રાજ્યતંત્રમાં શ્રીકરણ (નાણાખાતું) કોણ સંભાળતા હતા ?**

**ઉત્તર :** સોલંકીઓના રાજ્યતંત્રમાં શ્રીકરણ (નાણાખાતું) મહામાત્ય સંભાળતા હતાં.

**(11) મધ્યયુગીન ગુજરાતનાં સ્થાપત્યોમાં મંદિર સિવાય અન્ય ક્યા સ્થાપત્યોનો સમાવેશ થાય છે ?**

**ઉત્તર :** મધ્યયુગીન ગુજરાતનાં સ્થાપત્યોમાં મંદિર સિવાય કુંડો, કિલ્લાઓ, દરવાજાઓ, તોરણો અને મસ્જિદોનો સમાવેશ થાય છે.

**(12) સોલંકીકાળમાં જૈનધર્મના ક્યા ગ્રંથનું નિર્માણ થયું હતું ?**

**ઉત્તર :** સોલંકીકાળમાં જૈન ધર્મના 'દ્વિયાશ્રય' ગ્રંથનું નિર્માણ થયું હતું.

**8. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

**(1) સોલંકીકાળની રાજ્યવ્યવસ્થા વિશે ચાર-પાંચ વાક્યો લખો.**

**ઉત્તર :** સોલંકીઓનાં રાજ્યતંત્રમાં રાજાનું સ્થાન સર્વોપરી હતું. રાજ્યતંત્રમાં વિવિધ ખાતાં જુદા જુદા અમાત્યો સંભાળતા. મુખ્ય અમાત્ય 'મહામાત્ય' કહેવાતા, જે શ્રીકરણ (નાણાખાતું)ને લગતી બાબતો સંભાળતા. આ સમયે વહીવટી વિભાગોમાં સૌથી મોટો ભાગ 'મંડલ' કહેવાતો. રાજ્યની રાજધાની-નો પ્રદેશ 'સરસ્વતી મંડલ' તરીકે ઓળ-ખાતો. મંડલનો પેટા વિભાગ પથક હતો. આવા પથકોમાં અનેક ગામોનો સમાવેશ થતો હતો. આ સમયે કચ્છ મંડલ, સૌરાષ્ટ્ર મંડલ, ખેટક મંડલ, લાટ મંડલ, મેદપાટ મંડલ જેવાં મંડલો હતાં.

**9. ટૂંકનોંધ લખો.**

**(1) મધ્યયુગીન ગુજરાતનાં સ્થાપત્યો :** મધ્યયુગીન ગુજરાતમાં શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકલામાં એકંદરે સારી પ્રગતિ થઈ હતી. આ સમયના સ્થાપત્યમાં રાજસ્થાની મંદિરોની શૈલીની અસર જોવા મળે છે. આ સદીમાં મોઢેરાનું સૂર્યમંદિર, આબુનું વિમલસિંહ મંદિર, રુદ્રમહાલય, સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર, દેલવાડાનાં દહેરાસરો, રાણીની વાવ, સહસ્રલિંગ તળાવ વગેરે જેવી કલાકૃતિઓ ભારતનાં સ્થાપત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. મંદિર સ્થાપત્યની સાથે કુંડો, કિલ્લાઓ, દરવાજાઓ અને મસ્જિદોનો પણ સમાવેશ થાય છે. કીર્તિતોરણોમાં વડનગરનું કીર્તિ-તોરણ પ્રસિદ્ધ છે. સલ્તનતકાળ અને મુઘલકાળમાં ગુજરાતમાં કેટલીક ખ્યાતનામ મસ્જિદો બાંધવામાં આવી. આ સમયે બનેલ સરખેજનો રોજો અને સિદી સૈયદની જાળી પ્રખ્યાત છે.

**પ્રોજેક્ટ વર્ક : (1) મધ્યયુગીન ગુજરાતનાં સ્થાપત્યોની ટૂંકી યાદી બનાવો.**

**ઉત્તર :** ● રાણીની વાવ ● ધોળકાનું મલાવ તળાવ ● વિરમગામનું મુનસર તળાવ ● પાટણનું સહસ્રલિંગ તળાવ, રૂદ્રમહાલય ● મોઢેરાનું સૂર્યમંદિર ● આબુનું વિમલસિંહ મંદિર ● દેલવાડાનાં દહેરાસરો ● સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર ● વડનગરનું કીર્તિતોરણ ● સરખેજનો રોજો ● અમદાવાદની સિદી સૈયદની જાળી વગેરે..

**(2) આપેલાં ચિત્રો પરથી સ્થાપત્યોનાં નામ લખો.**



● વડનગરનું કીર્તિતોરણ



● સિદી સૈયદની જાળી



● મુનસર તળાવ

# 2. ભારત : આબોહવા અને કુદરતી સંસાધનો

## : આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :

- શિયાળો
- ઉનાળો
- વર્ષાઋતુ (ચોમાસું)
- સંસાધનનો અર્થ
- જળ-સંસાધન
- ખનિજોના પ્રાપ્તિસ્થાનો
- ભૂમિ અને જમીન-સંસાધનો
- જંગલોનું સંવર્ધન
- અભયારણ્યો
- આબોહવાની માનવજીવન પર થતી અસર
- કુદરતી સંસાધન
- ભારતનાં ખનિજ સંસાધનો
- ખનિજોની ઉપયોગિતા
- જંગલોનું મહત્ત્વ
- વન્યજીવ સંસાધન
- કુદરતી સંસાધનોનું જતન અને વિવેકપૂર્વક ઉપયોગ

## એકમની ટૂંક સમજ

- હવામાનની લાંબા સમયની સ્થિતિને આબોહવા કહે છે. આબોહવા નિર્માણમાં જમીનની ઊંચાઈ, પર્વતોનાં સ્થાન અને ઢોળાવો, સમુદ્રથી અંતર, સમુદ્રોના પ્રવાહો અને જંગલો અગત્યનો ભાગ ભજવે છે.
- ભારતના મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી ઉત્તર ભારતમાં ઠંડી અને મધ્ય ભારતમાં ગરમી રહે છે.
- ભારતમાં મોસમી પવનોને લીધે વરસાદ પડે છે. આ પવનો બારેમાસ એકજ દિશામાંથી વાતા નથી આથી બધે એકસરખો વરસાદ પડતો નથી. મેઘાલય, અસામમાં વધુ અને રાજસ્થાન-માં ઓછો વરસાદ થાય છે.
- દક્ષિણ ભારતની ત્રણેય બાજુએ સમુદ્રો આવેલા છે તેથી ત્યાં આબોહવા સમ રહે છે.
- મોસમ પ્રમાણે દિશા બદલતા પવનો એ ભારતની આબોહવાની ખાસ વિશેષતા છે.
- ભારતમાં ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી શિયાળાની ઋતુનો અનુભવ થાય છે. ઉત્તર અને વાયવ્ય ભારતમાં સિમલા અને દાર્જિલિંગ જેવા પ્રદેશોમાં ખૂબ ઠંડી પડે છે. હિમવર્ષા પણ થાય છે.
- ભારતમાં માર્ચથી મે માસ સુધીના સમયગાળામાં ઉનાળાની ઋતુનો અનુભવ થાય છે. કર્કવૃત્તની નજીકનાં સ્થળોએ સૂર્યનાં કિરણો સીધાં પડે છે. તેથી તાપમાન ઊંચું જાય છે. ઘણાં સ્થળોએ તાપમાન $40^{\circ}C$ થી $50^{\circ}C$ વચ્ચે રહે છે. રાજસ્થાન-નાં રણ પ્રદેશમાં ગરમી વધુ પડે છે.
- ભારતમાં જૂનથી સપ્ટેમ્બર માસના સમય-ગાળામાં ચોમાસાની ઋતુનો અનુભવ થાય છે. અરબસાગર પરથી આવતા પવનો કેરલના મલબાર કિનારેથી પ્રવેશ કરે છે. બંગાળની ખાડી પરથી પાછા ફરતાં મોસમી પવનો ઓક્ટોબર-નવેમ્બર માસમાં પંજાબ, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ લાવે છે.
- બદલાતી આબોહવાથી લોકોનાં ખોરાક, રહેણીકરણી અને સ્વભાવ વગેરેમાં અસર જોવા મળે છે.
- રાજસ્થાનના રણપ્રદેશમાં પાણીની અછત હોવાને કારણે પાણીનો સંગ્રહ કરવા મકાનો ધાબાવાળાં હોય છે.
- ઉત્તર ભારતના લોકો ઠંડીથી બચવા ઊની વસ્ત્રો, દક્ષિણ ભારતના લોકો ગરમીથી બચવા સુતરાઉ કાપડનાં વસ્ત્રોનો ઉપયોગ કરે છે.

- ભારતમાં આબોહવાનું વૈવિધ્ય હોવાથી ગુજરાતીઓ વેપાર, પંજાબીઓ લશ્કરની પ્રવૃત્તિઓ અને ઉત્તર ભારતનાં લોકો ખેતીનો વ્યવસાય કરે છે. રણપ્રદેશમાં વિચરતી જાતિના લોકો પ્રાણી ઉછેર માટે જુદાં જુદાં સ્થળે ફરતા રહે છે.
- માનવ દ્વારા સંગ્રહિત અને વિશ્વાસ બેસે તેવી વસ્તુ કે પદાર્થના ગુણ, ક્ષમતા અને કાર્ય જે માનવીની મિલકત બની જાય છે; સંસાધન કહેવાય છે.
- કુદરતી સંસાધનોના ત્રણ પ્રકાર છે. (1) જળ સંસાધન (2) ખનિજ સંસાધન (3) ભૂમિ સંસાધન.
- ભારતનાં જળ સંસાધનોમાં ઉત્તર-દક્ષિણ ભારતની નદીઓ, સરોવરો, સાગરોનો સમાવેશ થાય છે.
- ઉત્તર ભારતની નદીઓમાં ગંગા, સિંધુ, યમુના, બ્રહ્મપુત્રાનો સમાવેશ થાય છે. આ નદીઓમાં બારેમાસ પાણી રહે છે. ગંગા નદીએ તેના મુખ પાસે ફળદ્રુપ મુખત્રિકોણીય રચના કરી છે. ગંગા અને બ્રહ્મપુત્રા જળમાર્ગ તરીકે ઉપયોગી છે.
- ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ, સતલુજ જેવી નદીઓ ઉત્તર ભારતમાં વહે છે. બિહારમાં કોસી નદીમાં દર વર્ષે ભયંકર પૂર આવે છે.
- દક્ષિણ ભારતમાં નર્મદા, તાપી, મહા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, તુંગભદ્રા વગેરે નદીઓ આવેલી છે. નર્મદા અને તાપી પશ્ચિમ તરફ વહી અરબસાગરને મળે છે. જ્યારે ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા બંગાળની ખાડીને મળે છે. આ બધી નદીઓ અસમતલ પ્રદેશમાંથી વહેતી હોવાથી ઊંચા સીધા ઢોળાવોને કારણે જળધોધ રચે છે. આ બધી નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી નથી.
- જૈવિક અને અજૈવિક પદાર્થો ગરમી અને દબાણને લીધે પરિવર્તન પામીને ચોક્કસ રસાયણિક બંધારણ ધરાવે છે. આવા પદાર્થોને ખનિજ કહે છે.
- **અધાતુમય ખનિજો** : હીરા, માણેક, ચૂનાનો પથ્થર ચિનાઈ માટી, ડોલોમાઈટ, બોક્સાઈટ, ફ્લોરસ્પાર, ચિરોડી, અકીક, કેલ્સાઈટ, સિલિકા, ગ્રેફાઈટ, પોટાશ, ફૉસ્ફેટ વગેરે.
- **સંચાલનશક્તિના ખનિજો :** કોલસો, કુદરતી વાયુ, ખનિજ તેલ, યુરેનિયમ, થોરિયમ, રેડિયમ વગેરે.
- તાંબાનો ઉપયોગ વીજળીના તાર, સ્ફોટક પદાર્થ, રંગીન કાચ, સિક્કા અને છાપકામમાં થાય છે.
- બૉક્સાઈટનો ઉપયોગ વિદ્યુતનાં સાધનો, રંગો, હવાઈજહાજોનાં બાંધકામો, કેરોસીન શુદ્ધીકરણ અને સિમેન્ટની બનાવટમાં વપરાય છે.
- અબરખનો ઉપયોગ રેડિયો, ટેલિફોન, વિમાન, ગ્રામોફોન, ધ્વનિશોષક પડદા વગેરેની બનાવટમાં વપરાય છે.
- ફ્લોરસ્પારનો ઉપયોગ ધાતુગાળણ અને ચિનાઈ માટીની વસ્તુઓ બનાવવામાં થાય છે.
- ભારતમાં 5000 જાતનાં વૃક્ષો થાય છે. વનસ્પતિની વિવિધતાની દૃષ્ટિએ વિશ્વમાં ભારતનું સ્થાન દસમું છે.
- ઈશાન ભારતમાં પહાડી રાજ્યો અને અંદમાન-નિકોબારમાં બારેમાસ જંગલો લીલાં રહે છે. અહીં વાંસ, સાગ, સાલ, મેહોગની, સીસમ વગેરે વૃક્ષો થાય છે.
- વિંધ્ય, સાતપુડા પર્વતો, હિમાલયના ઢોળાવો, પૂર્વ અને પશ્ચિમ ઘાટ પર ખરાઉ જંગલો વિકસ્યાં છે. અહીયાં સાગ, સાલ, મહુડો, વડ, પીપળો વગેરે વૃક્ષો થાય છે.
- ગંગાના મુખત્રિકોણમાં બનેલું જંગલ ‘સુંદરવન’ તરીકે વધુ જાણીતું બન્યું છે. અહીં તાડ, કેવડો, સુંદરી, ચેર વગેરે વૃક્ષો થાય છે.
- હિમાલયના ઊંચા પર્વતીય વિસ્તારોમાં શંકુદ્રુમનાં જંગલો બન્યાં છે. જેમાં દેવદાર, પાઈન, સ્પ્રુસ-બીચ વગેરે વૃક્ષો થાય છે.
- સુંદરવનમાં થતાં સુંદરીનાં વૃક્ષોમાંથી હોડી કે સ્ટીમરો બને છે. વાંસમાંથી ટોપલાં, ટોપલી, રમકડાં, ફર્નિચર તથા તાડ અને ખજૂરીનાં

પાનમાંથી સાવરણી અને ખેરનાં વૃક્ષોમાંથી કાથો બને છે.

- દેવદાર અને ચીડના લાકડાંમાંથી કાગળનો માવો, દવા, ચાની પેટીઓ, દીવાસળી, રમતગમતનાં સાધનો અને કૃત્રિમ રેસા બનાવવામાં આવે છે. ચીડના રસમાંથી ટર્પેન્ટાઈન બને છે.
- લાખનો ઉપયોગ વાર્નિસ, છાપકામની શાહી, વિદ્યુતનાં કેટલાંક સાધનો અને ગ્રામોફોન બનાવવામાં થાય છે.
- જંગલોનાં સંવર્ધન માટે વૃક્ષોનાં બેફામ થતા છેદન પર અંકુશ મૂકવો જોઈએ. પડતર જમીનોમાં વૃક્ષારોપણ કરવું જોઈએ. સૌર-ઊર્જા, બાયોગેસ અને પવન-ઊર્જાનો ઉપયોગ વધુ કરવો જોઈએ.
- ભારતનું સૌથી મોટું સસ્તન પ્રાણી હાથી છે. તે કર્ણાટક, કેરળ અને અસમમાં જોવા મળે છે.
- એકશિંગી ગેંડો ભારતનું વિશિષ્ટ પ્રાણી છે. તે અસમ અને પશ્ચિમ બંગાળના દલદલ ક્ષેત્રોમાં વસે છે.
- એશિયાઈ સિંહ ગુજરાત રાજ્યમાં ગીરનાં જંગલોમાં વસે છે. પશ્ચિમ બંગાળનો વાઘ એ વિશ્વભરની વાઘની આઠ જાતિઓમાંથી એક છે.
- ભારતમાં બતક, બાજ, પોપટ, કાબર, કબૂતર, મેના, કાગડો વગેરે પક્ષીઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોવા મળે છે. પક્ષીઓમાં રાષ્ટ્રીય પક્ષી મોર અતિ સુંદર છે.
- દોઢ મીટરથી વધુ ઊંચાઈવાળું સારસ અને સૌથી વજનદાર પક્ષી ઘોરાડ દેખાવમાં પણ આકર્ષક છે.
- કચ્છના મોટા રણમાં કાદવકીચડના ઢગ બનાવીને સુરખાબ ઈંડાં મૂકે છે. રાજસ્થાનના કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાનમાં અઢીલાખ કરતાંય વધુ પક્ષીઓ વસે છે. ગુજરાતમાં નળ સરોવર પક્ષીઓનું અભયારણ્ય છે જ્યાં દેશવિદેશનાં પક્ષીઓ આવે છે.
- ભારતના પૂર્વ-પશ્ચિમ સાગરકિનારામાં મેકરલ, ઝીંગા, બૂમલા, પ્રોમ્ફ્રેટ, હેરિંગ, સામન, શાર્ક, ડૉલ્ફિન વગેરે જાતનાં પુષ્કળ માછલાં મળી આવે છે.
- ભારતમાં 490 અભયારણ્યો અને 89 રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલાં છે.
- પૃથ્વીની સપાટી પર માનવીને પીવાલાયક પાણી 2% કરતાં પણ ઓછું છે.
- મોટા ભાગના ઉદ્યોગો પ્રદૂષિત પાણી અને ઝેરી ઘન કચરો છોડતા હોવાથી ભૂમિગતના જળમાં ખૂબ જ પ્રદૂષણ થયું છે.
- ખનિજોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. ખનિજોનાં સંરક્ષણ માટેના વિકલ્પો શોધવા જોઈએ.
- જંગલોના વિનાશને કારણે વન્ય પ્રાણીઓનું જીવન સંકટમાં મુકાયું છે. પશુ-પક્ષીઓનાં માંસ, પીંછાં, હાડકાં, શિંગડાં, દાંત વગેરે મેળવવા માટે તેઓનો શિકાર કરવામાં આવે છે. કેટલીક પ્રજાતિઓ અમુક વિસ્તારોમાં નામશેષ થઈ ગઈ છે.

## સ્વાધ્યાય

**(1) ભારતના દરિયાકિનારાની આબોહવા કેવી છે ?**

**ઉત્તર :** ભારતના દરિયાકિનારાની આબોહવા એકંદરે ભેજવાળી અને સમ રહે છે. દરિયાકિનારાનાં વિસ્તારોમાં ગરમી અને ઠંડી ઓછી લાગે છે.

**(2) ત્રણેય ઋતુઓની તમારા દૈનિક જીવન પર શી અસર પડે છે ?**

**ઉત્તર :** ત્રણેય ઋતુઓની મારા દૈનિક જીવન પર ખૂબ અસર પડે છે. શિયાળામાં ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. ઠંડીમાં ગરમ ભોજન જમવાની મજા પડે છે. વહેલા ઉઠીને કસરત કરી શકાય છે. શરીર સ્ફૂર્તિમાં રહે છે. ઉનાળામાં સુતરાઉ કપડાં પહેરવા પડે છે. કામ કરવામાં આળસ થાય છે. ઠંડી વાનગીઓ ખાવાની મજા પડે છે. ચોમાસામાં વરસાદમાં નાહવાની મજા પડે છે. રેઈનકોટ અને છત્રીનો ઉપયોગ કરવો પડે છે. તળેલી અને મસાલેદાર વાનગીઓ ખાવાની મજા પડે છે.

**(3) દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી નથી, કારણ કે...** આ બધી નદીઓ અસમતલ પ્રદેશમાંથી વહેતી હોવાથી ઊંચા સીધા ઢોળાવોમાં વહે છે. આ નદીઓનું પાણી ઝડપથી સમુદ્રમાં વહી જાય છે અને ઉનાળામાં ઘણીવાર સુકાઈ પણ જાય છે.

**(4) ભારતમાં કયા કયા સરોવર આવેલાં છે ?**

**ઉત્તર :** ભારતમાં કશ્મિરમાં દલ અને વુલર મીઠા પાણીનું સરોવર, આંધ્રપ્રદેશમાં કોલાર મીઠા પાણીનું સરોવર, તમિલનાડુમાં પુલીકટ ખારા પાણીનું સરોવર, ઓરિસ્સામાં ચિલ્કા ખારા પાણીનું સરોવર, રાજસ્થાનમાં સાંભર ખારા પાણીનું સરોવર વગેરે સરોવર આવેલાં છે.

**(5) ખનિજને કેટલા ભાગમાં વહેંચી શકાય છે ? કયા કયા ?**

**ઉત્તર :** ખનિજને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે. (1) ધાતુમય ખનિજ (2) અધાતુમય ખનિજ (3) સંચાલનશક્તિનાં ખનિજ

**(6) ભારતમાં કયા કયા પ્રકારનાં જંગલો આવેલાં છે ?**

**ઉત્તર :** ભારતમાં આવેલ જંગલો : (1) નિત્ય લીલાં જંગલો (2) ખરાઉ જંગલો (3) ભરતીનાં જંગલો (4) શંકુદ્રુમનાં જંગલો (5) કાંટાળી વનસ્પતિનાં જંગલો આવેલાં છે.

**(7) નીચેના વિધાનોમાંથી ખોટા શબ્દોને છેકો.**

(1) ભારતમાં **મોસમી / કમોસમી** પવનોને લીધે વરસાદ આવે છે.

(2) મેઘાલયમાં **સૌથી વધુ / સૌથી ઓછો** વરસાદ પડે છે.

(3) કૃષ્ણા નદી પર **નર્મદાયોજના / નાગાર્જુન યોજના** છે.

(4) સોનાની ખીણ **કર્ણાટક રાજ્યમાં / ગુજરાત રાજ્યમાં** આવેલી છે.

(5) ચીડના રસમાંથી **ટર્પેન્ટાઈન / કાથો** બને છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) ભારતના ક્યા રાજ્યમાં સૌથી વધુ વરસાદ પડે છે ?**

(A) રાજસ્થાન (B) **મેઘાલય**
(C) કર્ણાટક (D) બિહાર

**(2) ભારતમાં માર્ચથી મે માસ સુધીના સમયગાળામાં કઈ ઋતુનો અનુભવ થાય છે?**

(A) શિયાળો (B) ચોમાસું
(C) **ઉનાળો** (D) એકપણ નહીં

**(3) ભારતમાં નીચેનાં પૈકી ક્યા રાજ્યમાં ગરમી વધુ પડે છે ?**

(A) ઉત્તર પ્રદેશ (B) પંજાબ
(C) ગુજરાત (D) **રાજસ્થાન**

**(4) ભારતમાં ચોમાસાની ઋતુનો અનુભવ ક્યારે થાય છે ?**

(A) **જૂનથી સપ્ટે.** (B) માર્ચથી મે
(C) ડિસે.થી ફેબ્રુ. (D) ફેબ્રુ.થી મે

**(5) નીચેના પૈકી કઈ દક્ષિણ ભારતની નદી છે ?**

(A) **કૃષ્ણા** (B) કોસી
(C) બ્રહ્મપુત્રા (D) ચિનાબ

**(6) નીચેના પૈકી કઈ નદી અરબસાગરને મળે છે?**

(A) ગોદાવગરી (B) કાવેરી
(C) **નર્મદા** (D) મહા

**(7) ભાખરાનાંગલ યોજના કઈ નદી પર આવેલી છે ?**

(A) મહા (B) **સતલુજ**
(C) તુંગભદ્રા (D) મહીસાગર

**(8) ખારા પાણીનું સાંભર સરોવર ક્યા રાજ્યમાં આવેલું છે ?**

(A) તમિલનાડુ (B) ઓરિસ્સા
(C) **રાજસ્થાન** (D) ગુજરાત

**(9) કયા વૃક્ષના લાકડામાંથી કાથો બનાવવામાં આવે છે ?**

(A) સુંદરી (B) ચીડ
(C) દેવદાર (D) **ખેર**

**(10) ભારતનું સૌથી મોટું સસ્તન પ્રાણી ક્યું છે ?**

(A) ઊંટ (B) **હાથી**
(C) વાઘ (D) ગેંડો

(11) ભારતમાં એશિયાઈ સિંહ ક્યા રાજ્યમાં જોવા મળે છે ?

(A) **ગુજરાત** (B) પ.બંગાળ

(C) કેરળ (D) રાજસ્થાન

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) હવામાનની લાંબા સમયની સ્થિતિને **આબોહવા** કહે છે.

(2) દક્ષિણ ભારતની ત્રણેય બાજુએ **સમુદ્રો** આવેલા છે.

(3) **અરબ** સાગર પરથી આવતા પવનો કેરલના મલબાર કિનારેથી પ્રવેશ કરે છે.

(4) ઉત્તર ભારતની **ગંગા** અને **બ્રહ્મપુત્રા** નદી જળમાર્ગ તરીકે ઉપયોગી છે.

(5) કેરલમાં ખોરાકમાં **ચોખા અને માછલી**નો વધુ ઉપયોગ થાય છે.

(6) બિહારમાં **કોસી** નદીમાં દર વર્ષે પૂર આવે છે.

(7) ધ્વનિશોષક પડદામાં **અબરખ** ખનિજનો ઉપયોગ થાય છે.

(8) રાજસ્થાનમાં **કેવલાદેવ** રાષ્ટ્રીય પક્ષી-ઉદ્યાન આવેલું છે.

(9) **એકશિંગી** ગેંડો ભારતનું વિશિષ્ટ પ્રાણી છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) ઉત્તર ભારતમાં ગરમી અને મધ્ય ભારતમાં ઠંડી અનુભવાય છે. - ✗

(2) રાજસ્થાનના રણપ્રદેશમાં પાણીનાં સંગ્રહ માટે મકાનો ધાબાવાળાં બનાવવામાં આવે છે. - ✓

(3) નર્મદા અને તાપી નદી પશ્ચિમ તરફ વહીને અરબસાગરને મળે છે. - ✓

(4) દાલ અને વુલર સરોવર ગુજરાતમાં આવેલાં છે. - ✗

(5) બોક્સાઈટનો ઉપયોગ સિમેન્ટની બનાવટમાં થાય છે. - ✓

(6) દેવદારનાં લાકડાંમાંથી દવા, ચાની પેટીઓ અને દીવાસળી બને છે. - ✗

(7) તાડ અને ખજૂરીનાં પાનમાંથી કાથો બનાવવામાં આવે છે. - ✗

(8) મેંગેનીઝનો ઉપયોગ જંતુનાશક દવાઓ બનાવવા માટે થાય છે. - ✓

(9) ગુજરાતનું નળસરોવર દેશ-વિદેશનાં પક્ષીઓ માટે જાણીતું અભયારણ્ય છે. - ✗

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| **(A)** | **(B)** | **(જવાબ)** |
|---|---|---|
| (1) ગંગા નદી | (A) મોર | (1) - **(E)** |
| (2) ધાતુમય ખનિજ | (B) દક્ષિણ ભારતની નદી | (2) - **(C)** |
| (3) કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન | (C) પારો | (3) - **(F)** |
| (4) તુંગભદ્રા નદી | (D) ઘોરાડ | (4) - **(B)** |
| (5) સૌથી વજનદાર પક્ષી | (E) ઉત્તર ભારતની નદી | (5) - **(D)** |
| | (F) મધ્યપ્રદેશ | |

**(2)**

| **(A)** | **(B)** | **(જવાબ)** |
|---|---|---|
| (1) કૃષ્ણા નદી | (A) અસમ | (1) - **(D)** |
| (2) સતલુજ નદી | (B) સોનું | (2) - **(F)** |
| (3) કાઝીરંગા | (C) ચિરોડી | (3) - **(A)** |
| (4) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન | (D) નાગાર્જુન યોજના | (4) - **(E)** |
| (5) અધાતુમય ખનિજ | (E) ગુજરાત | (5) - **(C)** |
| | (F) ભાખરાનાંગલ યોજના | |

**5. મને ઓળખી મારું નામ લખો.**

(1) હું ભારતની મધ્યમાંથી પસાર થતું વૃત્ત છું. - **કર્કવૃત્ત**

(2) મારે ત્યાં અવારનવાર હિમવર્ષા થાય છે. - **સિમલા અને દાર્જિલિંગ**
(3) હું ભારતની મોટામાં મોટી નદી છું. - **ગંગા**
(4) મારો ઉપયોગ ઘરેણાં બનાવવામાં થાય છે. - **સોનું**
(5) હું સફેદ વાઘ માટે જાણીતું રાજ્ય છું. - **પશ્ચિમ બંગાળ**

**6. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) આબોહવાના નિર્માણમાં ક્યાં પરિબળો અગત્યનો ભાગ ભજવે છે ?**

**ઉત્તર :** આબોહવાના નિર્માણમાં ભૂમિની ઊંચાઈ, પર્વતોનાં સ્થાન અને ઢોળાવો, સમુદ્રથી અંતર, સમુદ્રોનાં પ્રવાહો અને જંગલો વગેરે અગત્યના પરિબળો ભાગ ભજવે છે.

**(2) ભારતની આબોહવાની ખાસ વિશેષતા કઈ છે ?**

**ઉત્તર :** મોસમ પ્રમાણે દિશા બદલતા પવનો એ ભારતની આબોહવાની ખાસ વિશેષતા છે.

**(3) ભારતમાં શિયાળાની ઋતુનો અનુભવ ક્યારે થાય છે ?**

**ઉત્તર :** ભારતમાં ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરી આ ત્રણેય મહિનાના સમયગાળામાં શિયાળાની ઋતુનો અનુભવ થાય છે.

**(4) બંગાળની ખાડી પરથી વાતા પવનો ક્યાં રાજ્યોમાં વરસાદ લાવે છે ?**

**ઉત્તર :** બંગાળની ખાડી પરથી વાતા પવનો અસમ, મેઘાલય, પશ્ચિમ બંગાળ વગેરે પૂર્વભારતનાં રાજ્યોમાં વરસાદ લાવે છે.

**(5) ભારતનાં જળ-સંસાધનોમાં શાનો સમાવેશ થાય છે ?**

**ઉત્તર :** ભારતનાં જળ-સંસાધનોમાં નદીઓ, સરોવરો અને સાગરોનો સમાવેશ થાય છે.

**(6) ઉત્તર ભારતની મુખ્ય નદીઓ કઈ કઈ છે ?**

**ઉત્તર :** ઉત્તર ભારતની મુખ્ય નદીઓમાં ગંગા, સિંધુ, યમુના, બ્રહ્મપુત્રા, ઝેલમ, ચિનાબ, રાવી. આ મુખ્ય નદીઓનો સમાવેશ થાય છે.

**(7) દક્ષિણ ભારતની મુખ્ય નદીઓ કઈ કઈ છે ?**

**ઉત્તર :** દક્ષિણ ભારતની મુખ્ય નદીઓમાં ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, તુંગભદ્રા વગેરે નદીઓનો સમાવેશ થાય છે.

**(8) ખનિજ એટલે શું ?**

**ઉત્તર :** જૈવિક અને અજૈવિક પદાર્થો ગરમી અને દબાણને લીધે પરિવર્તન પામીને ચોક્કસ રાસાયણિક બંધારણ ધરાવે છે. આવા પદાર્થોને ખનિજ કહે છે.

**(9) ધાતુમય ખનિજો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** ધાતુમય ખનિજમાં લોહ-અયસ્ક, તાંબુ, સોનું, જસત, કલાઈ, નિકલ, પારો, પ્લેટિ-નિયમ વગેરેનો સમાવેશ થાય છે.

**(10) અધાતુમય ખનિજો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** હીરા, માણેક, ચૂનાનો પથ્થર, ચિનાઈ માટી, ડૉલોમાઈટ, ફ્લોરસ્પાર, ચિરોડી, અકીક, કૅલ્સાઈટ, સિલિકા, ગ્રેફાઈટ, પોટાશ, ફૉસ્ફેટ વગેરે અધાતુમય ખનિજો છે.

**(11) સંચાલનશક્તિમાં ઉપયોગમાં લેવાતાં ખનિજો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** સંચાલનશક્તિમાં ઉપયોગમાં લેવાતાં ખનિ-જોમાં કોલસો, કુદરતી વાયુ, ખનિજતેલ, યુરેનિયમ, થોરિયમ, રેડિયમ વગેરે છે.

**(12) ભારતમાં સોનાનાં ઉત્પાદક રાજ્યો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** ભારતમાં સોનાનાં ઉત્પાદક રાજ્યો કર્ણાટક અને આંધ્રપ્રદેશ છે.

**(13) ભારતમાં કોલસાના ઉત્પાદક રાજ્યો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** ભારતમાં કોલસાના ઉત્પાદક રાજ્યોમાં ઝારખંડ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, ગોવા, ઓરિસ્સા, તમિલનાડુ, કર્ણાટક, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત છે.

**(14) ભારતમાં ખનિજતેલ અને કુદરતી વાયુનાં ઉત્પાદક રાજ્યો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** ભારતમાં ખનિજતેલ અને કુદરતી વાયુનાં

ઉત્પાદક રાજ્યો આંધ્રપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, અસમ અને અંદમાન-નિકોબાર છે.

**(15) ભારતમાં ચૂનાના પથ્થરનાં ઉત્પાદક રાજ્યો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** ભારતમાં ચૂનાના પથ્થરનાં ઉત્પાદક રાજ્યો મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક અને હિમાચલ પ્રદેશ છે.

**(16) બોક્સાઈટનો ઉપયોગ શામાં થાય છે ?**

**ઉત્તર :** બોક્સાઈટનો ઉપયોગ વિદ્યુતનાં સાધનો, રંગો, હવાઈજહાજોનાં બાંધકામો, કેરોસીન શુદ્ધીકરણ અને સિમેન્ટની બનાવટમાં થાય છે.

**(17) અબરખનો ઉપયોગ શામાં થાય છે ?**

**ઉત્તર :** અબરખનો ઉપયોગ રેડિયો, ટેલિફોન, વિમાન, ગ્રામોફોન, ધ્વનિશોષક પડદા વગેરેની બનાવટમાં થાય છે.

**(18) ફ્લોરસ્પારનો ઉપયોગ શામાં થાય છે ?**

**ઉત્તર :** ફ્લોરસ્પારનો ઉપયોગ ધાતુગાળણ ઉદ્યોગમાં, પ્લાસ્ટિક ઉદ્યોગમાં, હાઈડ્રોક્લોરિક એસિડમાં, ચિનાઈ માટીની વસ્તુની બનાવટમાં થાય છે.

**(19) ભારતના શંકુદ્રુમનાં જંગલોમાં ક્યાં ક્યાં વૃક્ષો થાય છે ?**

**ઉત્તર :** ભારતના શંકુદ્રુમનાં જંગલોમાં દેવદાર, પાઈન, સ્પ્રુસ-બીચ વગેરે વૃક્ષો થાય છે.

**(20) દેવદારના લાકડાંમાંથી શું શું બનાવવામાં આવે છે ?**

**ઉત્તર :** દેવદારના લાકડામાંથી કાગળનો માવો, દવા, ચાની પેટીઓ, દીવાસળી, રમત-ગમતનાં સાધનો અને કૃત્રિમ રેસાઓ બનાવવામાં આવે છે.

**(21) લાખનો ઉપયોગ શામાં થાય છે ?**

**ઉત્તર :** લાખનો ઉપયોગ વાર્નિસ, છાપકામની શાહી, વિદ્યુતનાં કેટલાંક સાધનો અને ગ્રામોફોન બનાવવામાં થાય છે.

**(22) ભારતના સાગર કિનારે ક્યા ક્યા પ્રકારનાં માછલાં પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે ?**

**ઉત્તર :** ભારતના સાગર કિનારે મેકરલ, ઝીંગા, બૂમલા, પોમ્ફ્રેટ, હેરિંગ, સામન, શાર્ક, ડૉલ્ફિન જેવા માછલાં પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે.

**(23) ભારતમાં કેટલાં અભયારણ્યો અને કેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલા છે ?**

**ઉત્તર :** ભારતમાં 490 અભયારણ્યો અને 89 રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલા છે.

**(24) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં ક્યાં પ્રાણીઓ જોવા મળે છે ?**

**ઉત્તર :** કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં ગેંડા, જંગલી ભેંસ અને હરણ જોવા મળે છે.

**(25) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ક્યાં પ્રાણીઓ જોવા મળે છે ?**

**ઉત્તર :** વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાનમાં કાળિયાર, ખડમોર અને નીલગાય જેવાં પ્રાણીઓ જોવા મળે છે.

**7. યોગ્ય કારણ આપો.**

**(1) ઉત્તર ભારતમાં ઠંડી અને દક્ષિણ ભારતમાં ગરમી વધુ પડે છે, કારણ કે...** ઉત્તર ભારત દરિયાકિનારેથી આશરે 1500 કિમી જેટલું દૂર આવેલું છે. આથી અહીં શિયાળામાં ખૂબ ઠંડી અને કેટલાંક સ્થળોએ ઉનાળામાં ગરમી વધુ પડે છે. દક્ષિણ ભારતના કેટલાક સ્થળો હિમાલયથી દૂર હોવાથી ગરમી વધુ પડે છે.

**8. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો.**

**(1) કુદરતી સંસાધન એટલે શું ?**

**ઉત્તર :** પૃથ્વી પર કુદરતી રીતે સર્જાયેલા, સરળતાથી મળી આવતા અને માનવીને ઉપયોગમાં આવતા કુદરતી પદાર્થોને કુદરતી સંસાધનો કહે છે. આ સંસાધનોના ત્રણ પ્રકાર છે. (1) જળ - સંસાધન (2) ખનિજ - સંસાધન અને (3) ભૂમિ - સંસાધન

**9. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

**(1) આબોહવાની માનવજીવન પર શી અસરો જોવા મળે છે ?**

**ઉત્તર :** આબોહવાની માનવજીવનમાં ખોરાક, રહેણી-કરણી, સ્વભાવ વગેરે પર અસરો જોવા મળે છે. ઉત્તર ભારતના રાજ્યોમાં ઠંડીથી બચવા ઊની વસ્ત્રોનો અને દક્ષિણ ભારતના રાજ્યોમાં ગરમીથી બચવા સુતરાઉ કાપડનો ઉપયોગ થાય છે. રણપ્રદેશના લોકો સતત ગરમીથી બચવા અને ઊડતી ધૂળ ખંખેરાઈ જાય તેવા સુતરાઉ કાપડનાં ખુલતાં વસ્ત્રો પહેરે છે. આબોહવાનું વૈવિધ્ય હોવાથી ગુજરાતીઓ વેપાર, પંજાબીઓ લશ્કર પ્રવૃત્તિ અને ઉત્તર ભારતનાં લોકો ખેતીનો વ્યવસાય કરે છે. રણપ્રદેશમાં વિચરતી જાતિના લોકો પ્રાણી ઉછેર માટે જુદાં જુદાં સ્થળે ફરતા રહે છે.

**(3) જંગલોના સંવર્ધન માટે આપણે શું કરવું જોઈએ ?**

**ઉત્તર :** જંગલોના સંવર્ધન માટે નીચેની બાબતોને અમલમાં મૂકવી જોઈએ. (1) વૃક્ષોના બેફામ થતા છેદન પર અંકુશ મૂકવો જોઈએ. ગેરકાયદેસર વૃક્ષ કાપતી વ્યક્તિને કડક સજા કરવી જોઈએ. (2) પડતર જમીનોમાં વધુને વધુ વૃક્ષો વાવવાં જોઈએ (3) સૌર-ઊર્જા, બાયોગેસ, પવન ઊર્જા વગેરે ઊર્જાસ્રોતના ઉપયોગ માટે લોકોમાં જાગૃતિ લાવવી જોઈએ. (4) જંગલોનો વૈજ્ઞાનિક પદ્ધતિથી વિકાસ થાય તે માટે જંગલ સંશોધનની સંસ્થાઓ સ્થાપવી જોઈએ. (6) વનસંરક્ષણ માટે પ્રત્યેક દેશવાસી પોતાની ફરજ બજાવે તેવું વાતાવરણ સર્જવા પ્રસાર અને પ્રચાર કરવો જોઈએ.

**10. ટૂંકનોંધ લખો.**

**(1) ભારતની વર્ષાઋતુ :** વર્ષાઋતુ ભારત માટે ઘણી જ મહત્ત્વની ઋતુ છે. જૂનથી સપ્ટેમ્બર માસના સમયગાળામાં ચોમાસાની ઋતુ અનુભવાય છે. ભારતનો આશરે 80 ટકા વરસાદ આ ઋતુમાં પડે છે. અરબ સાગર પરથી આવતા પવનો કેરલના મલબાર કિનારેથી પ્રવેશ કરે છે અને ત્યાં 300 સેમી કરતાં વધુ વરસાદ વરસાવે છે. બંગાળની ખાડી પરથી વાતા પવનો અસમ, મેઘાલય, પશ્ચિમ બંગાળ વગેરે પૂર્વ ભારતનાં રાજ્યોમાં વરસાદ લાવે છે. પાછા ફરતા આ મોસમી પવનો ઑક્ટોબર-નવેમ્બર માસમાં પંજાબ, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ લાવે છે.

**(2) કુદરતી સંસાધનોનું જતન અને વિવેકપૂર્ણ ઉપયોગ :** આપણી આસપાસ આવેલા ઉદ્યોગો પ્રદૂષિત પાણી અને ઝેરી ઘન કચરો છોડે છે જેથી જમીન અને પાણી બંને પ્રદૂષિત થાય છે. આ માટે ઉદ્યોગોનાં પ્રદૂષિત પાણીનો વૈકલ્પિક ઉપયોગ થવો જોઈએ. વનવિકાસને પ્રાધાન્ય આપવું જોઈએ. કુદરત તરફથી મળેલા અમૂલ્ય ખનિજો મર્યાદિત જથ્થામાં હોય તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. જંગલોના વિનાશને કારણે વન્યપ્રાણીઓનું જીવન સંકટમાં મુકાયું છે. કેટલીક પ્રજાતિઓ અમુક વિસ્તારમાંથી નામશેષ થઈ ગઈ છે. વન્યપ્રાણીઓ અને પક્ષીઓના અવયવોના થતા ગેરકાયદેસર વેપાર ઉપક કડક નિયંત્રણો મૂકવા જોઈએ. દેશના નાગરિકોને પર્યાવરણ, વન્યભૂમિ તથા વન્ય જીવોની મહત્તા વિશેની જાણકારી પૂરી પાડવી જોઈએ. પ્રકૃતિશિક્ષણ શિબિરો દ્વારા વન્ય જીવો વિશે નાગરિકોમાં સભાનતા કેળવાય તેના પ્રયત્નો કરવા જોઈએ.

**(3) દક્ષિણ ભારતની નદીઓ :** દક્ષિણ ભારતની નર્મદા, તાપી, મહાનદી, જેવી નદીઓ પશ્ચિમ તરફ વહી અરબસાગરને મળે છે. જ્યારે ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, તુંગભદ્રા પૂર્વ તરફ વહી બંગાળની ખાડીને મળે છે. આ બધી નદીઓ અસમતલ પ્રદેશમાંથી

વહેતી હોવાથી ઊંચા સીધા ઢોળાવોને કારણે જળધોધ રચે છે, પરંતુ જળમાર્ગ માટે ઉપયોગી નથી. સિંચાઈ અને જળવિદ્યુત માટે આ નદીઓનાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. આ નદીઓમાંથી અમુક નદીઓનો પ્રવાહ ઉનાળામાં સુકાઈ જવાથી બંધ થઈ જાય છે.

**પ્રોજેક્ટ વર્ક : તમારા ગામનાં કોઈ 8 વૃક્ષોની યાદી તૈયાર કરો. આ વૃક્ષોનો દવામાં તેમજ તમારા રોજબરોજના જીવનમાં ક્યાં ક્યાં ઉપયોગ થાય છે તેની યાદી બનાવો.**

| ક્રમ | વૃક્ષનું નામ | ઉપયોગ |
|---|---|---|
| 1 | લીમડો | લીમડાનાં પાંદડાંનો ધુમાડો મચ્છર ભગાવે છે. |
| 2 | વડલો | વડલો સારો છાંયડો આપે છે. |
| 3 | આંબો | આંબો કેરી આપે છે. |
| 4 | આસોપાલવ | આસોપાલવનાં પાંદડાંનું તોરણ બને છે. |
| 5 | પીપળો | પીપળાની પૂજા કરવામાં આવે છે. |
| 6 | ખજૂરી | ખજૂરીનાં પાનમાંથી સાવરણા અને સાવરણી બને છે. |
| 7 | નાળિયેરી | નાળિયેરી લીલા નાળિયેર આપે છે. |
| 8 | કરંજ | કરંજનું દાંતણ દાંતનો દુખાવો દૂર કરે છે. |

# 3. અદાલતો શા માટે ?

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- અદાલતો શા માટે ?
- સળંગ ન્યાયતંત્રનું માળખું
- સર્વોચ્ચ અદાલત
- વડી અદાલત
- ન્યાયદેવી આસ્ટીન
- તાલુકા, જિલ્લા અને વડી અદાલત
- દીવાની અને ફોજદારી દાવાઓ
- લોક અદાલત

## એકમની ટૂંક સમજ

- ન્યાયની દેવીની મૂર્તિને દુનિયામાં 'આસ્ટિન' કહેવામાં આવે છે.
- આપણા દેશમાં લોકશાહી શાસનતંત્ર છે.
- આપણા દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ છે.
- દેશના કાયદાનું પાલન ન કરનાર ગુનેગાર છે.
- આપણા દેશમાં તાલુકા, જિલ્લા, રાજ્ય અને સર્વોચ્ચ અદાલત એમ સળંગ ન્યાયતંત્ર વ્યવસ્થા છે.
- રાજ્ય કક્ષાની અદાલતોમાં તાલુકા, જિલ્લા અને રાજ્યની વડી અદાલતનો સમાવેશ થાય છે.
- આપણા દેશમાં દીવાની અને ફોજદારી દાવાઓ અંગે ન્યાય આપવામાં આવે છે.
- અદાલતોમાં સૌથી નીચલી અદાલત તાલુકા અદાલત છે, જેને ટ્રાયલકોર્ટ કહેવામાં આવે છે.
- તાલુકા અદાલતની ઉપર જિલ્લાની અદાલત કામ કરે છે. જિલ્લા અદાલતના વડા જિલ્લાની દરેક અદાલતના વડા છે.
- રાજ્યની વડી અદાલતને હાઈકોર્ટ પણ કહેવામાં

આવે છે. આપણા રાજ્યની વડી અદાલત અમદાવાદમાં આવેલી છે. જેની સ્થાપના ઈ.સ. 1960માં થઈ હતી.

- તાલુકા અદાલતમાં દીવાની દાવા જ સાંભળવામાં આવે છે.
- મકાન, જમીન કે સંપત્તિનો વિવાદ દીવાની વિવાદ કહેવામાં આવે છે.
- આપણા દેશમાં સૌથી ટોચની અદાલત સર્વોચ્ચ અદાલત છે જેને અંગ્રેજીમાં Supreme court (સુપ્રિમ કૉર્ટ) કહેવામાં આવે છે.
- રાજ્યની વડી અદાલતને નજીરી અદાલત અથવા Court of records (કોર્ટ ઑફ રેકોર્ડ્સ) કહેવામાં આવે છે.
- વડી અદાલતમાં જાહેર હિતની અરજી કોઈપણ વ્યક્તિ કરી શકે છે.
- ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડાનો વિવાદ ફોજદારી વિવાદ છે.
- પોલીસને ગુનાની પ્રથમ જાણ થાય ત્યારે પોલીસ સ્ટેશનમાં FIR (ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) નોંધે છે.
- ફોજદારી અદાલત ગુનાની ગંભીરતાને આધારે દંડ, સજા કે મૃત્યુદંડની સજા કરે છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) બાદશાહે શો ચૂકાદો આપ્યો હશે ?**

**ઉત્તર :** બાદશાહે બેગમને ભરી સભામાં બોલાવ્યા. તેમની પાસે ધોબીના ખૂનનો એકરાર કરાવ્યો. ત્યારબાદ બાદશાહે પોતાનો ચુકાદો આપ્યો. બાદશાહે કહ્યું, 'બેગમે ધોબણના પતિને માર્યો છે, તેને વિધવા બનાવી છે તેથી બેગમને ફાંસીની સજા આપવામાં આવે છે. તથા જ્યાં સુધી ધોબણ જીવે ત્યાં સુધી તેનું અને તેનાં બાળકોનું ભરણપોષણ રાજકોષમાંથી આપવામાં આવશે.'

**(2) નીચેનું ચિત્ર જુઓ અને તેના પરથી જવાબ લખો.**



**1. આ ચિત્રમાં શું દેખાય છે ?**

**ઉત્તર :** આ ચિત્રમાં એક મૂર્તિ દેખાય છે.

**2. આ મૂર્તિમાં શું ખાસ છે ?**

**ઉત્તર :** આ મૂર્તિના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ત્રાજવું છે. આંખે પાટા બાંધેલા છે.

**3. આ મૂર્તિ શાનું પ્રતીક છે ?**

**ઉત્તર :** આ મૂર્તિ ન્યાયનું પ્રતીક છે.

**4. હાથમાં ત્રાજવું કેમ રાખ્યું હશે ?**

**ઉત્તર : અદાલતમાં દરેકને સમાન અને એક સરખો ન્યાય આપવામાં આવે છે તે સૂચવવા હાથમાં ત્રાજવું રાખવામાં આવ્યું છે.**

**5. મૂર્તિના હાથમાં તલવાર શું સૂચવે છે ?**

**ઉત્તર : મૂર્તિના હાથમાં રહેલ તલવાર સૂચવે છે કે જો ગુનો સાબિત થશે તો સજા જરૂર મળશે જ.**

**6. આ મૂર્તિ ક્યા નામે ઓળખાય છે.**

**ઉત્તર :** આ મૂર્તિ 'આસ્ટિન'ના નામે ઓળખાય છે.

**7. હાથમાં રહેલ ત્રાજવું કેમ સરખું છે ?**

**ઉત્તર :** હાથમાં રહેલ ત્રાજવું સરખું છે, કારણ કે અદાલતમાં સમાન, નિષ્પક્ષ અને એક સરખો ન્યાય આપવામાં આવે છે.

**8. ન્યાયની દેવીને આંખે કેમ પાટા બાંધ્યા છે ?**

**ઉત્તર :** ન્યાયની દેવીને આંખે પાટા બાંધવામાં આવ્યા છે જે સૂચવે છે કે અદાલતમાં ન્યાય કોઈની સાથે પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વગર સમાન અને એકસરખો આપવામાં આવે છે.

9. **ન્યાયની દેવી ખોટો ચુકાદો ન આપે, કારણ કે...** તે દેવી સ્વરૂપ છે. તેના હાથમાં રહેલ ત્રાજવાથી સમાન ન્યાય અને આંખે પાટા બાંધેલા હોવાથી પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વગર ન્યાય સૂચવે છે.

**(3) વિચારો અને કહો**

1. નાનું ગામ... ગામનું નામ રતનપુર... ચોર ભાગી ગયા હવે જમશેદજીએ શું કરવું પડે !

**ઉત્તર :** જમશેદજીના ઘરમાં ચોરી થઈ હોવાથી તેમણે નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ FIR નોંધાવવી જોઈએ. આ કેસ ફોજદારી કેસ કહેવાય.

2. **જૂગનુ નામનો માથાભારે માણસ. બધાના ડરને લીધે સમાજસેવિકા બહેન કેસ હારી ગયાં. અદાલતે શો ચુકાદો આપ્યો હોત ?**

**ઉત્તર :** ગામલોકોએ જૂગનુનો ડર રાખ્યા વગર અદાલતમાં સાચી જુબાની આપી હોત તો અદાલતે સમાજસેવિકા બહેનની તરફેણમાં ચુકાદો આપ્યો હોત અને જૂગનુને સજા ફરમાવી હોત.

**(4) વિચારો અને કહો.**

1. **અદાલતમાં કોણ - કોણ હોય ?**

**ઉત્તર :** અદાલતમાં ન્યાયધીશ, વકીલો, ફરિયાદી, બેલીફ, પોલીસવાળા અને અન્ય લોકો હોય.

2. **અદાલતમાં કોણ-કોણ દલીલ કરે છે ?**

**ઉત્તર :** અદાલતમાં ફરિયાદી અને આરોપીના વકીલ સામ-સામે દલીલ કરે છે.

3. **કેવા-કેવા વિવાદ અદાલતમાં આવે ?**

**ઉત્તર :** મકાન, જમીન કે સંપત્તિને લગતા દિવાની દાવા અને ચોરી, મારધાડ, લૂંટ, ખૂન જેવા ફોજદારી દાવા અદાલતમાં આવે છે.

4. **અદાલત ચુકાદો કેવી રીતે આપે છે ?**

**ઉત્તર :** અદાલતમાં આવેલ વિવાદ બંને પક્ષકારોને સાંભળ્યા બાદ અદાલત ચુકાદો આપે છે.

5. **અદાલત ચૂકાદો ન આપે તો શું થાય ?**

**ઉત્તર :** અદાલત ચૂકાદો ન આપે તો સમાજમાં અરાજકતા, અશાંતિ અને અવ્યવસ્થા ઊભી થાય. ગુનાઓનું પ્રમાણ વધી જાય.

6. **અદાલતનો ચુકાદો અસ્વીકાર્ય હોય, તો શું થાય ?**

**ઉત્તર :** અદાલતનો ચુકાદો અસ્વીકાર્ય હોય તો ફરિયાદી તેની ઉપરની અદાલતમાં ફરિયાદ કરે છે.

7. **અદાલતમાં જવાના પૈસા ન હોય તો, શું થાય ?**

**ઉત્તર :** અદાલતમાં જવાના પૈસા ન હોય તો સરકારશ્રી દ્વારા ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે સરકારી વકીલ સહાય કરે છે અથવા લોક અદાલતમાં ફરિયાદ કરવી પડે.

| ક્રમ | ગુનાની વિગત | કઈ અદાલતમાં દાવો કરાય ? | શું કરશો ? |
|---|---|---|---|
| 1 | ઘરમાં ચોરી થઈ. | જિલ્લાની ફોજદારી અદાલતમાં | પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવી. |
| 2 | કોઈએ ઘર પચાવી પાડ્યું છે. | તાલુકાની દીવાની અદાલતમાં | પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવી. |
| 3 | લૂંટફાટ કરી ચોર ભાગ્યા છે. | જિલ્લાની ફોજદારી અદાલતમાં | પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવી. |
| 4 | તાલુકા અદાલતમાં ન્યાય ન મળ્યો. | જિલ્લાની અદાલતમાં દાવો કરવો. | જિલ્લાની અદાલતમાં વકીલ દ્વારા અપીલ કરવી. |

## સ્વાધ્યાય

**(1) અદાલતની જરૂર કેમ પડી છે ?**

**ઉત્તર :** સમાજમાં ઉદ્‌ભવતા દીવાની તથા ફોજદારી વિવાદોના ઉકેલ માટે તથા ગુનેગારોને કડક સજા આપવા માટે અદાલતોની જરૂર પડી છે.

**(2) જિલ્લા અદાલતમાં કેવા વિવાદ આવે છે ?**

**ઉત્તર :** જિલ્લા અદાલતમાં દીવાની અને ફોજદારી એમ બંને પ્રકારના વિવાદ આવે છે.

**(3) આપણા રાજ્યની વડી અદાલત ક્યા શહેરમાં આવેલી છે ?**

**ઉત્તર :** આપણા રાજ્યની વડી અદાલત અમદાવાદ શહેરમાં આવેલી છે.

**(4) પહેલાંના સમયમાં ન્યાય આપવાની શી વ્યવસ્થા હતી ?**

**ઉત્તર :** પહેલાંના સમયમાં ગામ કક્ષાએ ગામના પંચો ન્યાય કરતાં હતાં. જો યોગ્ય ન્યાય ન મળે તો લોકો રાજા દ્વારા નિમાયેલ વ્યક્તિઓ અથવા રાજા પાસે જતા હતા.

**(5) તમારી સૌથી નજીકમાં અદાલત ક્યાં આવેલી છે ?**

**ઉત્તર :** અમારી સૌથી નજીક અદાલત તાલુકા અદાલત આવેલી છે. **(વિદ્યાર્થીઓ પોતાના વિસ્તાર મુજબ જવાબ લખશે.)**

**(6) અદાલતો કેવા વિવાદ સાંભળે છે ?**

**ઉત્તર :** અદાલતો જમીન, મકાન, અન્ય સંપત્તિ, કૌટુંબિક પ્રશ્નો જેવા દીવાની દાવાઓ અને ચોરી, લૂંટફાટ, મારધાડ, ખૂન, શારીરિક ઈજા જેવા ફોજદારી દાવાઓના વિવાદો સાંભળે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) આપણા દેશે ક્યા પ્રકારની શાસન પદ્ધતિ અપનાવેલી છે ?**

(A) રાજાશાહી (B) **લોકશાહી**
(C) સામ્યવાદી (D) સરમુખત્યાશાહી

**(2) ન્યાયતંત્રને ઝડપી અને બિન ખર્ચાળ બનાવવા કઈ અદાલતો શરૂ થઈ છે ?**

(A) તાલુકાની અદાલતો
(B) જિલ્લાની અદાલતો
(C) વડી અદાલતો
(D) **લોક અદાલતો**

**(3) નીચેના પૈકી કઈ અદાલત સૌથી નીચેની અદાલત છે ?**

(A) જિલ્લા અદાલત (B) હાઈકોર્ટ
(C) **તાલુકા અદાલત** (D) સુપ્રીમ કોર્ટ

**(4) રાજ્યમાં કઈ અદાલતનું સ્થાન બધી અદાલતોમાં સર્વોચ્ચ છે ?**

(A) **વડી અદાલત** (B) સુપ્રીમ કોર્ટ
(C) ફોજદારી અદાલત (D) લશ્કરી અદાલત

**(5) મકાન, જમીન કે અન્ય સંપત્તિને લગતા દાવાઓ કેવા દાવાઓ કહેવાય છે ?**

(A) સ્થાનિક (B) મહેસૂલી
(C) **દીવાની** (D) ફોજદારી

**(6) આપણા દેશમાં સૌથી ટોચની અદાલત કઈ છે ?**

(A) **સર્વોચ્ચ અદાલત** (B) વડી અદાલત
(C) લોક અદાલત (D) તાલુકા અદાલત

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) ન્યાયની દેવીનું નામ **આસ્ટિન** છે.

(2) ન્યાયની દેવીના જમણા હાથમાં **ત્રાજવું** અને ડાબા હાથમાં **તલવાર** છે.

(3) દેશના કાયદાનું પાલન ન કરનાર **ગુનેગાર** છે.

(4) આપણા દેશમાં સળંગ **ન્યાયતંત્ર**ની વ્યવસ્થા છે.

(5) ગુજરાત રાજ્યની વડી અદાલતની સ્થાપના ઈ.સ. **1960**માં થઈ હતી

(6) ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડાનો વિવાદ **ફોજદારી** વિવાદ છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) આપણા દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ છે. - ✓
(2) જિલ્લા અદાલતમાં ઝડપી અને બિનખર્ચાળ ન્યાય મળે છે. - ✗
(3) જિલ્લા અદાલતના વડા જિલ્લાની બધી અદાલતોના વડા છે. - ✓
(4) ન્યાયની દેવીના આંખે પાટા બાંધેલા છે. - ✓

(5) દરેક જિલ્લામાં વડી અદાલત હોય છે. - ✗
(6) જિલ્લા અદાલતના ચુકાદા સામે પણ અપીલ કરી શકાય છે. - ✓
(7) આપણા દેશમાં સૌથી ટોચની અદાલત સર્વોચ્ચ અદાલત છે. - ✓

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) આપણા દેશમાં કઈ કઈ અદાલતો આવેલી છે ?**

**ઉત્તર :** આપણા દેશમાં તાલુકા, જિલ્લા, રાજ્ય અને સર્વોચ્ચ અદાલત આવેલી છે.

**(2) આપણા દેશની અદાલતોમાં કેવા કેવા દાવાઓ સામે ન્યાય આપવામાં આવે છે ?**

**ઉત્તર :** આપણા દેશની અદાલતોમાં દીવાની અને ફોજદારી દાવાઓ સામે ન્યાય આપવામાં આવે છે.

**(3) કાયદાનો ભંગ કરનારને દંડ કરવાનું કામ સરકારનું ક્યુ અંગ કરે છે ?**

**ઉત્તર :** કાયદાનો ભંગ કરનારને દંડ કરવાનું કામ સરકારનું ન્યાયતંત્ર નામનું અંગ કરે છે.

**(4) અદાલતોમાં સૌથી નીચેની અદાલત કઈ છે ? તેને કેવી કોર્ટ કહેવામાં આવે છે ?**

**ઉત્તર :** અદાલતોમાં સૌથી નીચેની અદાલત તાલુકા અદાલત છે. તેને ટ્રાયલ કોર્ટ કહેવામાં આવે છે.

**(5) રાજ્યની વડી અદાલત બીજા કયા નામે ઓળખાય છે ?**

**ઉત્તર :** રાજ્યની વડી અદાલત નજીરી અદાલતના નામે પણ ઓળખાય છે.

**(6) તાલુકા અદાલતમાં કયા વિવાદોનો ઉકેલ થાય છે ?**

**ઉત્તર :** તાલુકા અદાલતમાં દીવાની વિવાદોનો ઉકેલ થાય છે.

**(7) દીવાની અદાલતોમાં કયા વિવાદોનો ઉકેલ થાય છે ?**

**ઉત્તર :** દીવાની અદાલતોમાં મકાન, જમીન કે સંપત્તિના વિવાદોનો ઉકેલ થાય છે.

**(8) ફોજદારી અદાલતોમાં કયા વિવાદોનો ઉકેલ થાય છે ?**

**ઉત્તર :** ફોજદારી અદાલતોમાં ચોરી, લૂંટફાટ, મારા-મારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડાના વિવાદોનો ઉકેલ થાય છે.

**(9) વડી અદાલતના ચુકાદા સામે અપીલ ક્યાં કરી શકાય ?**

**ઉત્તર :** વડી અદાલતના ચુકાદા સામે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી શકાય છે.

**(10) લોક અદાલતનું આયોજન શા માટે કરવામાં આવે છે ?**

**ઉત્તર :** અદાલતના કામનું ભારણ ઘટાડવા અને ઝડપી - બિનખર્ચાળ ન્યાય મેળવવા લોક અદાલતનું આયોજન થાય છે.

**5. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો.**

**(1) ન્યાયની દેવીની મૂર્તિ ન્યાય અંગે શું સૂચવે છે ?**

**ઉત્તર :** ન્યાયની દેવીની મૂર્તિ ન્યાય અંગે સૂચવે છે કે ન્યાય દરેક માટે સરખો છે. ન્યાય આપવામાં કોઈ પક્ષપાત કે પૂર્વગ્રહ રહી ન જાય તે માટે આંખે પાટા બાંધેલા છે. ન્યાયની દેવીના હાથમાં રહેલ તલવાર એ સૂચવે છે કે ગુનેગારને સજા અવશ્ય થશે.

**(2) ન્યાય આપવામાં ક્યારેક વિલંબ શા માટે થતો હોય છે ?**

**ઉત્તર :** અદાલતોનું કામ લોકોને ફોજદારી અથવા દીવાની વિવાદોમાં ન્યાય આપવાનું છે. કોઈ નિર્દોષને સજા ન થઈ જાય તે માટે ખૂબ જ ઝીણવટથી વિવાદની ચકાસણી કરવામાં આવે છે, માટે ન્યાય આપવામાં ક્યારેક વિલંબ થતો હોય છે.

**6. નીચેના પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો.**

**(1) આપણા દેશનું ન્યાયતંત્ર સળંગ, સ્વતંત્ર અને નિષ્પક્ષ છે એવું શાથી કહી શકાય ?**

**ઉત્તર :** આપણા દેશનું ન્યાયતંત્ર સળંગ છે. જેમાં

સૌથી પહેલા તાલુકા અદાલત ત્યારબાદ જિલ્લા અદાલત ત્યારબાદ રાજયની વડી અદાલત અને સૌથી ટૉચની અદાલત સર્વોચ્ચ અદાલત છે. બંધારણમાં ન્યાયતંત્રાને કારોબારીથી સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. દેશના કાયદાનું પાલન ન કરનાર દરેક વ્યક્તિ ગુનેગાર છે. તેથી કોઈપણ પ્રકારના પક્ષપાત રાખ્યા વગર ગુનેગારને સજા થાય જ છે.

**7. નીચે આપેલ શબ્દોના અર્થ આપો.**

| ક્રમ | શબ્દ | અર્થ |
|---|---|---|
| 1 | ફરિયાદી | જેમણે ફરિયાદ કે દાવો કર્યો હોય તે વાદી |
| 2 | જજ | ન્યાયધીશ, ચુકાદો આપનાર |
| 3 | વકીલ | સનદી કાયદાશાસ્ત્રી / કોઈના પક્ષની વાત રજૂ કરનાર. |
| 4 | દીવાની દાવા | લેણદેણના ઈન્સાફને લગતું |
| 5 | ફોજદારી દાવા | કાયદાથી શિક્ષાપાત્ર ગુના સંબંધી |
| 6 | ધરપકડ | કાયદાથી પકડવું |
| 7 | વૉરન્ટ | ધરપકડ કરવાનો સરકારી આદેશ |
| 8 | અપીલ | નીચલી અદાલતના ચુકાદા સામે ઉપરી અદાલતને અરજી |
| 9 | એફ.આઈ.આર. | ફર્સ્ટ ઈન્ફોરમેશન રીપોર્ટ |
| 10 | અસીલ | વકીલ ગ્રાહક |
| 11 | જુબાની | બોલીને જણાવેલ હકીકત |
| 12 | અટકાયત | કેદમાં પકડી રાખવું. |

**8. નીચેની વિગતો વાંચો, વિચારો અને ✓ કરો.**

| ક્રમ | વિગત | ક્યા પ્રકારની ફરિયાદ | | કઈ અદાલતમાં કાર્યવાહી ચાલશે ? | | |
|---|---|---|---|---|---|---|
| | | દીવાની | ફોજદારી | તાલુકા અદાલત | જિલ્લા અદાલત | વડી અદાલત |
| 1 | ફળિયામાં ઝઘડો થયો, માજીને વાગ્યું. | | ✓ | | ✓ | |
| 2 | સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ. | ✓ | | ✓ | | |
| 3 | ગુંડા માણસોનો હુમલો થવો. | | ✓ | | ✓ | |
| 4 | જિલ્લા અદાલતના ચુકાદાથી સંતોષ ન થયો. | | | | | ✓ |
| 5 | વાહનને અકસ્માત થયો. | | ✓ | | ✓ | |

**પ્રોજેક્ટ વર્ક :** **નીચે આપણા દેશની જુદી-જુદી અદાલતોનાં નામ લખ્યાં છે તેમને ચડતા ક્રમમાં લખો.**

**(1) જિલ્લાની અદાલત**
**(2) વડી અદાલત**
**(3) તાલુકાની અદાલત**
**(4) સર્વોચ્ચ અદાલત**



# 4. મુઘલ સામ્રાજ્ય : સ્થાપના અને વિસ્તરણ

## : આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :

- મુઘલ શાસનની સ્થાપના
- બાબર
- શેરશાહ
- હુમાયુ
- અકબર
- મુઘલોનો અન્ય શાસકો સાથેનો સંબંધ
- રાજ્યની વ્યવસ્થા
- ગાદી વારસા માટેની પરંપરા
- શેરશાહના સુધારા
- ચિતોડની યશગાથા : મહારાણા પ્રતાપ

## એકમની ટૂંક સમજ

- ઈ.સ.1526માં બાબર અને ઈબ્રાહીમ લોદી વચ્ચે પાણીપતના મેદાનમાં યુદ્ધ થયું. જેમાં ઈબ્રાહીમ લોદીની હાર થઈ. બાબરે દિલ્હીમાં મુઘલ શાસનની સ્થાપના કરી.
- ઈ.સ. 1527માં બાબર અને ચિતોડના વીર યોદ્ધા રાણા સાંગા વચ્ચે કાનવાના મેદાનમાં લડાઈ થઈ. જેમાં બાબરે તોપનો ઉપયોગ કરતાં સાંગાની હાર થઈ.
- ઈ.સ.1530માં બાબરનું મૃત્યું થયું. તે પહેલાં તેણે દિલ્હી અને આગ્રા આસપાસના પ્રદેશો જીતી લીધા હતા.
- બાબર પછી હુમાયુ દિલ્હીની ગાદી ઉપર આવ્યો. હુમાયુને ભાઈ કામરાન અને અફઘાનો સાથે સતત સંઘર્ષ કરવો પડતો.
- શેરશાહ સામેના યુદ્ધમાં હુમાયુની હાર થતાં તેને પંદર વર્ષ સુધી રઝળપાટ કરવી પડી હતી. આ રઝળપાટ દરમિયાન અમરકોટના રાણાને ત્યાં અકબરનો જન્મ થયો હતો.
- શેરશાહ સૂરી અફઘાન સરદાર હતો. હુમાયુને યુદ્ધમાં બે વાર હાર આપી તેણે દિલ્હી પર સૂરવંશની સ્થાપના કરી હતી. શેરશાહને ઈતિહાસમાં સુધારક શાસકના રૂપમાં યાદ કરવામાં આવે છે.
- અકબર 13 વર્ષનો હતો ત્યારે તેના પિતા હુમાયુનું અવસાન થયું હતું. હુમાયુના વફાદાર સરદાર બહેરામખાને અકબરનો ઉછેર કર્યો હતો.
- અકબર પંજાબમાં હતો ત્યારે સિકંદર સૂરના સરદાર હેમુએ દિલ્હી કબજે કર્યું હતું. આથી બહેરામખાનની દોરવણી હેઠળ અકબરે હેમુને પાણીપતના મેદાનમાં હાર આપી.
- બહેરામખાન વધારે પ્રમાણમાં સ્વતંત્ર થતા તેની દરેક સત્તાઓ પાછી ખેંચી તેને હજ કરવા માટે મોકલી દીધાં જ્યાં તેનું રસ્તામાં ખૂન થયું.
- અકબરે રાણા પ્રતાપ સાથેની લડાઈમાં ચિતોડ અને રણથંભોર મેળવ્યાં.
- ઈ.સ.1585થી 1605 દરમિયાન અકબરે કંદહાર, કાશ્મીર, કાબુલ, ખાનદેશ, અહમદ-નગર જેવા પ્રદેશ ઉપર પોતાની સત્તા સ્થાપી હતી.
- શાહજાદા સલીમના બળવાને કારણે અકબરની રાજસત્તા ડામાડોળ થઈ હતી. અંતે સલીમે જ 'જહાંગીર' નામ ધારણ કરી દિલ્હીની રાજગાદી સંભાળી.
- અકબરના ઉછેર પર હિન્દુ કુટુંબોની છાપ હતી. તેને ખબર હતી રાજપૂતોની અવગણના કરીને આ દેશમાં શાસન કરી શકાય તેમ નથી. તેથી તેણે રાજપૂતો સાથે સંબંધો બાંધીને તેમને વિશ્વાસમાં લીધાં.
- મુઘલ સામ્રાજ્યમાં મોટો પુત્ર રાજગાદી સંભાળે તેવું ન હતું. દરેક પુત્રને રાજ્યની સરખે ભાગે વહેંચણી કરી દેવામાં આવતી.
- મુઘલ સમયમાં સૂબાગીરી અમલમાં હતી. અકબરે પોતાના રાજ્યના પંદર જેટલા વિભાગો

પાડ્યા હતા. પ્રત્યેક વિભાગ 'સૂબા' અથવા 'પ્રાંત'ના નામથી ઓળખાતો. સૂબાના પેટા વિભાગને 'સરકાર' અને સરકારના પેટા વિભાગને 'પરગણું' કહેવામાં આવતું.

- પરગણાનો ઉપરી 'આમીલ' હતો. તે મહેસૂલ ઉઘરાવવાનું કામ કરતો. ગામડાંઓમાં ગ્રામ-પંચાયતો હતી. તેના પ્રમુખને પટેલ, ચૌધરી, મુકાદમ જેવા પદથી ઓળખવામાં આવતા.
- અકબરના સમયમાં રાજ્યમાં યાત્રાવેરો બંધ કરવામાં આવ્યો હતો. મુઘલવંશના બધા શાસકોમાં અકબરને સહિષ્ણુ અને ઉદાર શાસક માનવામાં આવતો. તે દર શુક્રવારે સિક્રીના ઈબાતખાનામાં ધર્મસભા ભરતો. સભામાં બધાં જ ધર્મના પ્રતિનિધિઓ આવતા.
- અકબરના દરબારમાં ટોડરમલ, માનસિંહ, અબુલ ફઝલ, તાનસેન, મુલ્લા દોપ્યા, બિરબલ, હકીમ, હમામ, ફૈઝી અને અબ્દુલ રહીમ જેવાં નવ રત્નો શોભતાં હતાં.
- શેરશાહને એક યોદ્ધા તરીકે નહીં પણ સુધારક તરીકે યાદ કરવામાં આવે છે. તેણે જમીનની જાતો અને ઊપજની સરાસરી ઉપરથી જમીન-મહેસૂલના દરનો કોઠો ટોડરમલની મદદથી તૈયાર કર્યો હતો.
- રાજ્યમાં સરળતાથી માલની હેરફેર માટે જકાતનાકાઓ કાઢી નાખ્યાં હતાં.
- વેપારને વધુ વેગ આપવા અને રાહદારીઓની સુવિધા માટે મોટા રસ્તાઓ બનાવવામાં આવ્યા હતા. જેમાં (1) આગ્રાથી બરહાનપુર (2) આગ્રાથી મારવાડ અને (3) લાહોરથી મુલતાન.
- શેરશાહે ટંકશાળાઓ ઊભી કરીને ચાંદીના એકસરખા વજનના સિક્કા પડાવ્યા હતા. સૈન્યમાં કડક શિસ્ત દાખલ કરી હતી.
- મુઘલ શાસકોને મેવાડના સિસોદિયા રાજપૂતો સાથે અવારનવાર યુદ્ધો થતાં હતાં.
- મહારાણા પ્રતાપ અકબર સામે છેલ્લે સુધી અણનમ વીરની જેમ લડતા રહ્યા.
- અકબર મેવાડમાં મુઘલ સત્તા સ્થાપવા માગતો હોવાથી મેવાડ અને દિલ્હી વચ્ચે વારંવાર યુદ્ધ થતા જેમાં હલ્દીઘાટીનું યુદ્ધ સીમાચિહ્નરૂપે માનવામાં આવે છે.
- અકબર પાસે પુરતી સેના, તોપો, દારૂગોળો હતા જ્યારે મહારાણા પ્રતાપ પાસે માતૃભૂમિ માટે મરવા તૈયાર શૂરા લડવૈયાઓ હતા.
- હલ્દીઘાટીના મેદાનમાં થયેલા આ યુદ્ધે મહા-રાણા પ્રતાપ અને ચેતક ઘોડાને અમર નામના આપી છે.
- હલ્દીઘાટીના યુદ્ધમાં રાણા પ્રતાપના એક ઈશારે ચેતક ઘોડાએ ઊંચી ફલાંગ લગાવી છેક મુઘલ સેનાપતિના હાથીની અંબાડી સુધી તેના ડાબલા ભિડાવ્યા હતા. યુદ્ધમાં ઘાયલ રાણાપ્રતાપને ચેતક ઘોડાએ જ બચાવી સલામત સ્થળે પહોંચાડ્યા હતા.
- અકબર સાથેના યુદ્ધમાં રાણા પ્રતાપની સેના હારી પણ તેઓ હિંમત હાર્યા નહીં. જૈન વેપારી ભામાશાએ આર્થિક મદદ કરતાં રાણા પ્રતાપે સૈન્ય તાકાત એકઠી કરીને પુનઃ મુઘલો સામે લડ્યાં. ચિતોડ સિવાયના બધા જ કિલ્લાઓ જીતી લીધાં.
- મહારાણા પ્રતાપે પ્રતિજ્ઞા લીધી કે 'જ્યાં સુધી ચિતોડ મળશે નહીં ત્યાં સુધી પલંગ ઉપર સૂઈશ નહીં.'

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) રાજ્યનો રાજા જયેષ્ઠ પુત્ર બનવો જોઈએ કે પછી રાજ્ય ભાઈઓ વચ્ચે સરખા ભાગે વહેંચી દેવું જોઈએ કે અન્ય વ્યવસ્થા કરવી ? તમારા વિચારો જણાવો.**

**ઉત્તર :** પ્રાચીન સમયમાં જયેષ્ઠ પુત્ર રાજા બનતો હતો. આ પ્રથા સમય જતાં મુઘલ સમયમાં બદલાઈ. હુમાયુના સમયમાં રાજ્યની ભાઈઓ વચ્ચે સરખા ભાગે વહેંચણી કરવામાં આવતી. આ પરંપરાના કાવાદાવા

અને વિખવાદનું પ્રમાણ ખૂબ વધ્યું. મારા મત મુજબ રાજ્યના રાજા તરીકે શૂરવીર, પ્રજાપ્રિય, ઉદાર, ભવિષ્યનું વિચારનાર વગેરે ગુણો ધરાવતા રાજકુમારને રાજા બનાવવો જોઈએ.

**(2) વર્તમાન રાજ્યવ્યવસ્થામાં દેશથી ગામ સુધી પદ વ્યવસ્થા કેવી રીતે ગોઠવાયેલી છે ?**

**ઉત્તર :** વર્તમાન રાજ્યવ્યવસ્થામાં સમગ્ર દેશના સંચાલન માટે કેન્દ્ર સરકાર હોય છે. તેની નીચે દરેક રાજ્યની રાજ્ય સરકાર હોય છે. રાજ્યોમાં દરેક જિલ્લાની જિલ્લા પંચાયત, તાલુકામાં તાલુકા પંચાયત અને ગ્રામ કક્ષાએ ગ્રામપંચાયત આ મુજબ પદ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## સ્વાધ્યાય

**(1) અકબર એક સફળ શાસક :**

અકબરનો જન્મ અમરકોટના રાણાને ત્યાં થયો હતો. અકબરની ઉંમર 13 વર્ષની હતી, ત્યારે પિતા હુમાયુનું અવસાન થયું. અકબરે સિકંદર સૂરના સરદાર હેમુને પાણીપતના મેદાનમાં હાર આપી ફરીવાર દિલ્હી ઉપર મુઘલ શાસનની સ્થાપના કરી હતી. અકબરે ચિત્તોડ, રણથંભોર, કંદહાર, કાશ્મીર, કાબુલ, ખાનદેશ, અહમદનગર જેવા પ્રદેશ ઉપર સત્તા સ્થાપી હતી. તેણે રાજપૂતો સાથે સંબંધો બાંધીને તેમને વિશ્વાસમાં લીધા હતા. અકબરે પોતાના રાજ્યમાં યાત્રાવેરો બંધ કર્યો હતો. તે દર શુક્રવારે સિક્રીના ઈબાદત-ખાનામાં ધર્મસભા ભરતો. આ ધર્મસભામાં બધા જ ધર્મના પ્રતિનિધિઓ આવતા અને ચર્ચા કરતા. અકબરના દરબારમાં જુદી જુદી શક્તિઓ ધરાવતી નવ વ્યક્તિઓ એટલે કે નવરત્નો શોભતાં હતાં. મુઘલવંશના બધા શાસકોમાં અકબરને સહિષ્ણુ અને ઉદાર શાસક માનવામાં આવે છે.

**(2) શેરશાહના સુધારાઓ :**

શેરશાહે જમીનની જાતો અને ઊપજની સરાસરી ઉપરથી, જમીન મહેસૂલના દરનો કોઠો ટોડરમલની મદદથી તૈયાર કર્યો હતો. રાજ્યમાં સરળતાથી માલની હેરફેર થઈ શકે એ માટે ઠેર-ઠેર જકાતનાકાઓ કાઢી નાંખ્યાં હતાં. વેપાર અને રાહદારીઓની સુવિધા માટે મોટા રાહદારી રસ્તાઓ બનાવવામાં આવ્યા હતાં. જેમાં (1) આગ્રાથી બરહાનપુર (2) આગ્રાથી મેવાડ (3) લાહોરથી મુલતાન જાણીતા છે. રસ્તાની બંને બાજુએ વૃક્ષો રોપાવ્યાં હતાં અને રોકાણ માટેના આવાસો બંધાવ્યાં હતાં. ટંકશાળાઓ ઊભી કરીને ચાંદીના એકસરખા વજનના સિક્કા પડાવ્યા હતા. તેણે સૈન્યમાં કડક શિસ્ત દાખલ કરી હતી. તેણે કૂચ કરતા લશ્કરને ગામલોકોને રંજાડવાની કે પાકને નુકસાન કરવાની સખ્ત મનાઈ ફરમાવી હતી. તેના શાસનમાં ગુનેગારોને પકડી આપવાની જવાબદારી સ્થાનિક કોટવાળ ઉપર હતી. શેરશાહને એક યોદ્ધા તરીકે નહીં પણ એક સુધારક તરીકે યાદ કરવામાં આવે છે.

**(3) મહારાણા પ્રતાપ :**

પ્રતાપને તેમની અણનમ ટેક માટે યાદ કરવામાં આવે છે. મુઘલ શાસકોને મેવાડનાં સિસોદિયા રાજપૂતો સાથે અવારનવાર યુદ્ધો લડવા પડ્યાં હતાં. સિસોદિયા રાજપૂતો મુઘલ સત્તા સ્વીકારવા તૈયાર નહોતા. જેમાં મહારાણા પ્રતાપની વીરતાની નોંધ વિશેષ લેવાઈ છે. અકબર અને મહારાણા પ્રતાપ વચ્ચે હલ્દીઘાટીના મેદાનમાં યુદ્ધ થયું. આ યુદ્ધમાં અકબર પાસે તે સમયનાં આધુનિક શસ્ત્રો, તોપો, દારૂગોળો અને વિશાળ સૈન્ય હતું. જ્યારે મહારાણા પ્રતાપ પાસે શૂરા રાજપૂત યોદ્ધા, વનવાસીઓ વગેરે મળીને માત્ર બાવીસ હજાર જેટલા લડવૈયાઓ હતા. રાણા પ્રતાપની સેના હારી પણ તેઓ હિંમત હાર્યા નહીં. તેઓ જંગલમાં રખડ્યા, અનેક

મુશ્કેલીઓ સહન કરી પણ તેમની ટેક ન છોડી, તેઓ મુઘલો સામે હિંમત હાર્યા નહીં. જૈન વેપારી ભામાશાએ આર્થિક મદદ કરતાં રાણા પ્રતાપ સૈન્ય તાકાત ભેગી કરીને પુનઃ મુઘલો સામે લડ્યાં. ચિત્તોડ સિવાયનાં બધા જ કિલ્લાઓ જીતી લીધાં. 'જ્યાં સુધી ચિત્તોડ મળશે નહીં, ત્યાં સુધી પલંગ ઉપર સૂઈશ નહીં.' એવી પ્રતિજ્ઞા જીવનના અંત સુધી તેમણે નિભાવી હતી.

**(4) રાણા પ્રતાપ અને અકબર :**
**(આ પ્રશ્નના જવાબ માટે પ્રશ્ન-૧ અને ૩નો જવાબ જુઓ.)**

**(5) અકબરના દરબારનાં નવ રત્નો કોણ કોણ હતાં ?**

**ઉત્તર :** અકબરના દરબારમાં મહેસૂલનો નિષ્ણાત દીવાન ટોડરમલ, દક્ષસેના અધ્યક્ષ રાજા માનસિંહ, 'આઈને અકબરી' અને 'અકબર-નામા'નો કર્તા અને ઈતિહાસ લેખક અબુલ ફઝલ, સુપ્રસિદ્ધ ગાયક તાનસેન, કુશાગ્ર બુદ્ધિવાળો અને વિનોદી મુલ્લાં, દોપ્યા, વિનોદી તુક્કાનો જનક તેમજ હાજરજવાબી મહેશદાસ બિરબલ, પ્રસિદ્ધ વૈદ્ય હકીમ હમામ, સિદ્ધહસ્ત કવિ ફૈજી, હિંદી પદ રચનાર અબ્દુલ રહીમ જેવા નવ રત્નો શોભતા હતા.

- **જ્ઞાનચકાસણી કરીએ :**

**(1) બાબર : મુઘલ સત્તાનો સ્થાપક / પતન કરનાર હતો.**

**ઉત્તર :** બાબરે ઈ.સ. 1526માં પાણીપતના મેદાનમાં ઈબ્રાહીમ લોદીને હરાવી દિલ્હી ઉપર મુઘલવંશની સ્થાપના કરી હતી.

**(2) અકબર : ધર્મ સભા ભરનાર / એક જ ધર્મમાં માનનાર બાદશાહ હતો.**

**ઉત્તર :** અકબર દર શુક્રવારે ફતેહપુર સિક્રીના ઈબાદતખાનામાં દરેક ધર્મના વિદ્વાનો બોલાવી ધર્મસભા ભરતો હતો.

**(3) હુમાયુ : શેરશાહ સામે હારનાર / જીતનાર શહેનશાહ હતો.**

**ઉત્તર :** હુમાયુ શેરશાહ સામે હારનાર શહેનશાહ હતો.

**(4) મહારાણા પ્રતાપ : મુઘલ સામે લડનાર / શરણાગતિ સ્વીકારનાર શૂરવીર રાજા હતો.**

**ઉત્તર :** મહારાણા પ્રતાપ મુઘલો સામે લડનાર શૂરવીર રાજા હતો.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) ભારતમાં મુઘલવંશનો સ્થાપક કોણ હતો ?**
(A) શેરશાહ (B) હુમાયુ
(C) અકબર (D) **બાબર**

**(2) બાબર પછી દિલ્હીની ગાદી ઉપર કોણ આવ્યું ?**
(A) અકબર (B) શેરશાહ
(C) **હુમાયુ** (D) જહાંગીર

**(3) શેરશાહ સૂર ક્યાંનો સરદાર હતો ?**
(A) **અફઘાન** (B) દિલ્હી
(C) ગુજરાત (D) આગ્રા

**(4) બહેરામખાનની દોરવણી હેઠળ અકબરે કોને હાર આપી ?**
(A) શેરશાહને (B) ઈબ્રાહીમ લોદીને
(C) **હેમુને** (D) સિકંદર સૂરીને

**(5) અકબરના અવસાન પછી શાહજાદા સલીમ ક્યું નામ ધારણ કરીને દિલ્હીની ગાદી પર આવ્યો ?**
(A) ઔરંગઝેબ (B) **જહાંગીર**
(C) શાહજહાં (D) હુમાયુ

**(6) ક્યા રાજપૂતોએ અકબર સામે લાંબો સમય સુધી યુદ્ધો કર્યાં ?**
(A) સોલંકી (B) વાઘેલા
(C) ચૌહાણ (D) **સિસોદિયા**

**(7) અકબરે ક્યો વેરો બંધ કર્યો હતો ?**
(A) નાકાવેરો (B) **યાત્રાવેરો**
(C) મહેસૂલ વેરો (D) રસ્તાવેરો

**(8) મુઘલવંશના બધા શાસકોમાં કોને સહિષ્ણુ અને ઉદાર શાસક માનવામાં આવે છે ?**

(A) બાબર (B) હુમાયુ

(C) જહાંગીર (D) **અકબર**

**(9) ક્યા શાસકે ટંકશાળાઓ ઊભી કરીને ચાંદીના એકસરખા વજનના સિક્કા પડાવ્યા હતા ?**

(A) **શેરશાહે** (B) અકબરે

(C) હુમાયુએ (D) ઔરંગઝેબે

**(10) અકબર અને મહારાણા પ્રતાપના લશ્કર વચ્ચે ક્યા મેદાનમાં યુદ્ધ થયું હતું ?**

(A) પ્લાસીના (B) પાણિપતના

(C) **હલ્દીઘાટીના** (D) ખૈબરઘાટના

**(11) મેવાડના કયા રાજાએ અકબરની સત્તા સ્વીકારી ન હતી ?**

(A) રાણા સાંગાએ

(B) **મહારાણા પ્રતાપે**

(C) રાણા ઉદેસિંહે

(D) રાજા માનસિંહે

**(12) રાણા પ્રતાપના સૈન્યને કોણે આર્થિક મદદ કરી હતી ?**

(A) **ભામાશાએ** (B) માનસિંહે

(C) ટોડરમલે (D) શેરશાહે

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) બાબરે ઈ.સ. **1526**માં દિલ્હી ઉપર આક્રમણ કર્યું હતું.

(2) **શેરશાહ** સામે હુમાયુનો બે વખત પરાજય થયો હતો.

(3) શેરશાહે દિલ્હીની ગાદી ઉપર **સૂર** વંશનું શાસન શરૂ કર્યું હતું.

(4) **બહેરામખાન** વધારે પડતાં સ્વતંત્ર થતાં અકબરે તેની સત્તા પાછી ખેંચી હતી.

(5) અકબરે **રાજપૂતો** સાથે સંબંધો બાંધીને તેમને વિશ્વાસમાં લીધા હતા.

(6) મુઘલ સમયની રાજ્ય વ્યવસ્થામાં **સૂબાગીરી** અમલમાં હતી.

(7) મુઘલ રાજ્ય વ્યવસ્થામાં મહેસૂલ ઉઘરાવવાનું કામ **આમીલ** કરતો હતો.

(8) અકબર દર શુક્રવારે **સિક્રી**ના ઈબાદતખાનામાં ધર્મસભા ભરતો હતો.

(9) અકબરના દરબારમાં સુપ્રસિદ્ધ ગાયક **તાનસેન** હતા.

(10) વિનોદી તુક્કાનો જનક તેમજ હાજર જવાબી **બિરબલ** અકબરનાં દરબારમાં હતો.

(11) **હલદીઘાટી**ના મેદાનમાં થયેલા યુદ્ધે મહારાણા પ્રતાપ અને ચેતક ઘોડાને અમર નામના આપી.

(12) મહારાણા પ્રતાપના ઘોડાનું નામ **ચેતક** હતું.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) અફઘાનિસ્તાનના કાબુલમાં ઈબ્રાહીમ લોદીનું શાસન હતું. - ✗

(2) હુમાયુને ભાઈ કામરાન અને અફઘાનો સામે સતત સંઘર્ષ કરવો પડ્યો હતો. - ✓

(3) અકબરની ઉંમર 13 વર્ષની હતી, ત્યારે તેના પિતા હુમાયુનું અવસાન થયું હતું. - ✓

(4) મુઘલ શાસન સમયે ગામડાંઓમાં ગ્રામપંચાયતો ન હતી. - ✗

(5) અકબરની ધર્મસભામાં અન્ય ધર્મના પ્રતિનિધિઓને આવવાની મનાઈ હતી. - ✗

(6) શેરશાહને એક યોદ્ધા તરીકે નહીં પણ સુધારક તરીકે યાદ કરવામાં આવે છે. - ✓

(7) અકબર મેવાડમાં મુઘલસત્તા સ્થાપવા માંગતો હતો. - ✗

(8) મહારાણા પ્રતાપ પાસે વિશાળ સૈન્ય, આધુનિક શસ્ત્રો અને તોપો હતી. - ✗

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) મુઘલ શાસન સ્થાપનાર | (A) અકબર | (1) - **(E)** |
| (2) મહેસૂલ પદ્ધતિ બનાવનાર | (B) મહારાણા પ્રતાપ | (2) - **(D)** |
| (3) ધર્મસભા ભરનાર શાસક | (C) શેરશાહ | (3) - **(A)** |
| (4) રાહદારી રસ્તા બનાવનાર શાસક | (D) ટોડરમલ | (4) - **(C)** |
| (5) મેવાડના અણનમ અને ટેકીલા રાજવી | (E) બાબર | (5) - **(B)** |

**(2)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) અફઘાન સરદાર | (A) ભામાશા | (1) - **(E)** |
| (2) અકબરનો રક્ષક | (B) બીરબલ | (2) - **(D)** |
| (3) અકબરના દરબારનાં નવ રત્નો પૈકી એક | (C) બાબર | (3) - **(B)** |
| (4) મહારાણા પ્રતાપને આર્થિક મદદ કરનાર | (D) બહેરામખાન | (4) - **(A)** |
| (5) મુઘલવંશનો સ્થાપક | (E) શેરશાહ | (5) - **(C)** |

**5. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) બાબરે પાણિપતના મેદાનમાં કોને હરાવ્યો હતો ?**

**ઉત્તર :** બાબરે પાણિપતના મેદાનમાં ઈબ્રાહીમ લોદીને હરાવ્યો.

**(2) અકબરનો જન્મ ક્યાં થયો હતો ?**

**ઉત્તર :** અકબરનો જન્મ અમરકોટના રાણાને ત્યાં થયો હતો.

**(3) શેરશાહને ઈતિહાસમાં શા માટે યાદ કરવામાં આવે છે ?**

**ઉત્તર :** શેરશાહને ઈતિહાસમાં સુધારક શાસકના રૂપમાં યાદ કરવામાં આવે છે.

**(4) અકબરના રક્ષક તરીકે તેનો ઉછેર કોણે કર્યો હતો ?**

**ઉત્તર :** અકબરના રક્ષક તરીકે તેનો ઉછેર બહેરામખાને કર્યો હતો.

**(5) અકબર પંજાબમાં હતો ત્યારે દિલ્હી ઉપર કોણે સત્તા સ્થાપી ?**

**ઉત્તર :** અકબર પંજાબમાં હતો ત્યારે દિલ્હી ઉપર સિકંદર સૂરના સરદાર હેમુએ સત્તા સ્થાપી હતી.

**(6) અકબરે કોની સામેની લડાઈમાં ચિત્તોડ અને રણથંભોર જીત્યા હતા ?**

**ઉત્તર :** અકબરે મહારાણા પ્રતાપ સામેની લડાઈમાં ચિત્તોડ અને રણથંભોર જીત્યા હતા.

**(7) અકબરે પોતાના રાજ્યના કેટલા વિભાગો પાડ્યા હતા ? તે ક્યા નામે ઓળખાતા ?**

**ઉત્તર :** અકબરે પોતાના રાજ્યના પંદર જેટલા વિભાગો પાડ્યા હતા. તે 'સૂબા' અથવા 'પ્રાંત'ના નામે ઓળખાતા હતા.

**(8) ઈતિહાસ લેખક અબુલ ફઝલે ક્યાં પુસ્તકો લખ્યાં છે ?**

**ઉત્તર :** ઈતિહાસ લેખક અબુલ ફઝલે 'આઈને અકબરી' અને 'અકબરનામા' નામનાં પુસ્તકો લખ્યાં છે.

**(9) શેરશાહે ટોડરમલની મદદથી શું તૈયાર કર્યું હતું ?**

**ઉત્તર :** શેરશાહે ટોડરમલની મદદથી જમીનની જાતો અને ઊપજની સરાસરી ઉપરથી જમીન મહેસૂલના દરનો કોઠો તૈયાર કર્યો હતો.

**(10) શેરશાહે રસ્તાઓ ઉપર શાની વ્યવસ્થા કરી હતી ?**

**ઉત્તર :** શેરશાહે રસ્તાની બંને બાજુએ વૃક્ષો રોપાવ્યાં. રસ્તા ઉપર રોકાણ માટેના આવાસો બંધાવ્યાં હતાં.

**(11) અકબર ક્યારે અને ક્યાં ધર્મસભા ભરતો હતો ?**

**ઉત્તર :** અકબર દર શુક્રવારે સિક્રીના ઈબાદતખાનામાં ધર્મ સભા ભરતો હતો.

**(12) મુઘલ શાસનમાં ગાદીવારસા માટે ક્યો નિયમ હતો ?**

**ઉત્તર :** ગાદી વારસા માટે બધા પુત્રોને સરખાભાગે રાજ્ય વહેંચી દેવાનો નિયમ હતો.

6. **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો.**

(1) **પાણિપતનું (પહેલું) યુદ્ધ ક્યારે અને કોની કોની વચ્ચે થયું ? તેનું શું પરિણામ આવ્યું ?**

**ઉત્તર :** પાણીપતનું (પહેલું) યુદ્ધ ઈ.સ.1526માં થયું હતું. આ યુદ્ધ અફઘાનિસ્તાનના કાબુલ પ્રાંતના મુઘલ શાસક બાબર અને દિલ્હીના સલ્તનતવંશના ઈબ્રાહીમ લોદી વચ્ચે થયું હતું. આ યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીની હાર થતાં સલ્તનતયુગનો અંત આવ્યો અને દિલ્હી ઉપર મુઘલવંશની સ્થાપના થઈ.

(2) **કાનવાના મેદાનમાં ક્યારે અને કોની કોની વચ્ચે યુદ્ધ થયું ? તેનું શું પરિણામ આવ્યું ?**

**ઉત્તર :** ઈ.સ. 1527માં કાનવાના મેદાનમાં બાબર અને મેવાડના રાણા સાંગા વચ્ચે યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં બાબરે આધુનિક શસ્ત્રોમાં તોપનો ઉપયોગ કર્યો હતો, જેમાં રાણા સાંગાની હાર થઈ હતી.

(3) **અકબરે કોની સાથે સંબંધો બાંધીને તેમને વિશ્વાસમાં લીધા ? શા માટે ?**

**ઉત્તર :** અકબરે હિન્દુ શાસકો અને રાજપૂતોની સાથે સંબંધો બાંધીને તેમને વિશ્વાસમાં લીધા. અકબર જાણતો હતો કે રાજપૂતોની અવગણના કરીને આ દેશમાં શાસન કરી શકાય તેમ નથી.

(4) **હલ્દીઘાટીના યુદ્ધમાં મહારાણા પ્રતાપનો શાથી પરાજય થયો ?**

**ઉત્તર :** હલ્દીઘાટીના યુદ્ધમાં અકબરની સેના પાસે આધુનિક શસ્ત્રો, પૂરતી માત્રામાં તોપો, દારૂગોળો અને વિશાળ સેના હતી. જ્યારે મહારાણા પ્રતાપ પાસે આધુનિક શસ્ત્રો, તાલીમબદ્ધ સૈનિકો, દારૂગોળો પૂરતા પ્રમાણમાં ન હતા. મહારાણા પ્રતાપની સેનામાં માત્ર બાવીસ હજાર સૈનિકો હતા. જ્યારે અકબર પાસે વિશાળ સેના હતી. તેથી મહારાણા પ્રતાપનો પરાજય થયો.

**પ્રોજેક્ટ વર્ક :** **અકબરના નવ રત્નોનાં નામ લખી વિશેષતાઓ નોંધો.**

| ક્રમ | નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | દિવાન ટોડરમલ | મહેસૂલ પદ્ધતિના નિષ્ણાત |
| 2 | રાજા માનસિંહ | દક્ષસેના અધ્યક્ષ |
| 3 | અબુલ ફઝલ | 'આઈને અકબરી', 'અકબરગાથા'ના લેખક, ઈતિહાસનો લેખક |
| 4 | તાનસેન | સુપ્રસિદ્ધ ગાયક |
| 5 | મુલ્લા દોપ્યા | કુશાગ્ર બુદ્ધવાળા અને વિનોદી |
| 6 | મહેશદાસ બિરબલ | વિનોદી તુક્કાનો જનક અને હાજરજવાબી |
| 7 | હકીમ હમામ | પ્રસિદ્ધ વૈદ્ય |
| 8 | ફૈજી | સિદ્ધહસ્ત હવિ |
| 9 | અબ્દુલ રહીમ | હિંદી પદ રચનાર |

# 5. ભારત : ખેતી, ઉદ્યોગ અને પરિવહન

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- સામાન્ય અથવા આકાશીય ખેતી
- સિંચાઈની ખેતી
- સિંચાઈ
- સૂકી ખેતી
- બાગાયતી ખેતી
- ઉદ્યોગો
- ભારતમાં વાહન વ્યવહાર
- રેલમાર્ગ
- સડક માર્ગ
- જળમાર્ગ
- હવાઈ માર્ગ

## એકમની ટૂંક સમજ

- આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે. દેશના આશરે 70% લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.
- માત્ર વરસાદ ઉપર આધાર રાખીને થતી ખેતી સામાન્ય આકાશીય ખેતી કહેવામાં આવે છે.
- જુવાર-બાજરીના પાક માટે ઓછા કસવાળી જમીન માફક આવે છે. બાજરીનું સૌથી વધુ ઉત્પાદન રાજસ્થાનમાં થાય છે. આ સિવાય ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા અને ઉત્તર-પ્રદેશમાં બાજરીનું ઉત્પાદન થાય છે.
- જુવાર મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ-માં પાકે છે.
- મકાઈનો ઉપયોગ અનાજ અને પશુઓના ખોરાક તરીકે થાય છે. મકાઈ કર્ણાટક, ઉત્તર-પ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં થાય છે.
- મગફળીને પાકવા માટે વધારે વરસાદની જરૂર રહેતી નથી. મગફળી ઉત્પાદનમાં ગુજરાતનું સ્થાન મોખરે છે. આ સિવાય આંધ્રપ્રદેશ, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં તેનું ઉત્પાદન થાય છે. મગફળીમાંથી જ દેશનું 50% ખાદ્યતેલ પ્રાપ્ત કરવામાં આવે છે.
- ચોમાસામાં જ્યાં પાણીનો સંગ્રહ થતો હોય, તેવી નીચાણવાળી જમીનમાં પાણી સુકાઈ ગયા બાદ જ ખેતી થાય છે, તેને 'સૂકી ખેતી' કહેવામાં આવે છે. આવી જમીનમાં ઘઉંનો પાક સારો થાય છે.
- ભારતમાં 30% ખેતી કૂવા, તળાવ, નહેરો વગેરેમાંથી સિંચાઈ કરીને કરવામાં આવે છે.
- દુનિયાભરમાં સૌથી વધુ શેરડીનું ઉત્પાદન ભારતમાં થાય છે. શેરડીને ગરમ અને ભેજવાળી આબોહવા વધુ માફક આવે છે. પંજાબ, ગુજરાત, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા અને તમિલનાડુમાં તેનું વાવેતર થાય છે.
- કપાસના પાકને તૈયાર થતાં 6થી 8 મહિના લાગે છે. કપાસ મુખ્યત્વે ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, હરિયાણા અને પંજાબમાં સૌથી વધુ થાય છે.
- શણના પાકને તૈયાર થતાં 8થી 10 મહિનાનો સમય લાગે છે. શણના છોડને પાણીમાં કોહવાડવામાં આવે છે. તેમાંથી રેસા છૂટા પાડવામાં આવે છે. શણનું ઉત્પાદન પશ્ચિમ બંગાળ, અસમ, બિહાર અને ઓડિશામાં થાય છે.
- ડાંગર ભારતના મોટા ભાગના લોકોનો મુખ્ય ખોરાક છે. પશ્ચિમ બંગાળ, બિહાર, પંજાબ, અસમ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, કેરળ અને ગુજરાતમાં તેનું ઉત્પાદન સારું થાય છે.
- બગીચાની પ્રવૃત્તિની સારસંભાળ લઈને થતી ખેતીને બાગાયતી ખેતી કહેવામાં આવે છે. બાગાયતી ખેતીમાં ચા, કૉફી, ફળ-ફળાદિ, નાળિયેર વગેરેનો સમાવેશ થાય છે.
- પર્વતના ઢોળાવો પર જંગલ સાફ કરીને ચાના બગીચાઓ બનાવવામાં આવે છે. ચાના મૂળમાં

થતો પાણીનો ભરાવો ચાના છોડને નુકસાન કરે છે. અસમમાં સૌથી વધુ ચાનું ઉત્પાદન થાય છે. આ સિવાય પશ્ચિમ બંગાળ, કેરળ, કર્ણાટક અને તમિલનાડુમાં પણ તેનું ઉત્પાદન થાય છે.

- મૂડીરોકાણ, શ્રમિકોની સંખ્યા અને ઉત્પાદનના પ્રમાણના આધારે ઉદ્યોગના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે. (1) કુટિર ઉદ્યોગ (2) લઘુ ઉદ્યોગ (3) ભારે ઉદ્યોગ.
- જે ઉદ્યોગમાં લોકો પોતાના ઘરમાં હાથેથી વસ્તુઓ બનાવે, જેમાં ઓછું મૂડીરોકાણ હોય જેમ કે, અગરબત્તી, પાપડ, અથાણાં, ફર્નિચર વગેરે ઉદ્યોગને કુટિર ઉદ્યોગ કહેવામાં આવે છે.
- લઘુ ઉદ્યોગમાં એક કારખાનું હોય, થોડાં યંત્રો હોય, મજૂરો હોય અને કુટિર ઉદ્યોગ કરતાં મૂડી રોકાણ વધુ હોય છે. લઘુ ઉદ્યોગમાં રમકડાં, ટીવી, ફ્રીઝ, પ્લાસ્ટિકની વસ્તુઓની બનાવટનો સમાવેશ થાય છે.
- ભારે ઉદ્યોગમાં વસ્તુઓ બનાવવા માટે મોટાં મોટાં કારખાનાંઓ હોય, મોટાં યંત્રો હોય, હજારોની સંખ્યામાં મજૂરો કામ કરતાં હોય અને સૌથી વધુ મૂડી રોકાણ હોય છે. ભારે ઉદ્યોગમાં લોખંડ-પોલાદ, મોટર, સિમેન્ટ વગેરે ઉદ્યોગોનો સમાવેશ થાય છે.
- ભારતમાં અમદાવાદ, સુરત, મુંબઈ, કોઈમ્બતુર શહેરમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ વિકસ્યો છે.
- ઊની કાપડ ઉદ્યોગ પંજાબ, લુધિયાણા, મહારાષ્ટ્ર, ગુજરાત (જામનગર, અમદાવાદ) તથા હરિયાણામાં વિકાસ પામ્યો છે.
- ભારતમાં ખાંડનાં કારખાનાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, આંધ્રપ્રદેશ, તમિલનાડુમાં આવેલાં છે.
- ભારતમાં સિમેન્ટ બનાવવાનાં કારખાનાં ગુજરાત, મધ્યપ્રદેશ, બિહાર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ વગેરે રાજ્યોમાં આવેલાં છે.
- ભારતમાં પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર તમિલનાડુ અને ગુજરાતમાં કાગળ બનાવવાની મીલો આવેલી છે. મધ્યપ્રદેશના નેપાનગરમાં વર્તમાનપત્રોમાં વપરાતો કાગળ બને છે. હોશંગાબાદ અને દેવાસમાં ચલણી નોટો બનાવવાનો કાગળ બને છે.
- શણના રેસામાંથી શણિયું કાપડ, શણના કોથળા અને કંતાન વગેરે બને છે. ભારતમાં શણ ઉદ્યોગનો વિકાસ પશ્ચિમ બંગાળમાં વધુ થયો છે.
- વડોદરા, જામનગર, મુંબઈ, વિશાખાપટ્ટનમ્, ચેન્નાઈ વગેરે શહેરોમાં ખનિજતેલ શુદ્ધ કરવાની રીફાઈનરીઓ આવેલી છે.
- કલોલ, વડોદરા, સિંદરી, મુંબઈ, ગોરખપુર અને દુર્ગાપુરમાં રાસાયણિક ખાતર બનાવવાનાં કારખાનાં આવેલાં છે.
- ભારતની સડકજાળ દુનિયાભરમાં સૌથી મોટી છે. જેમાં ગ્રામમાર્ગ, જિલ્લા માર્ગ, રાજ્ય ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 7, સૌથી લાંબો ધોરીમાર્ગ છે. જે વારાણસીથી કન્યાકુમારી સુધી પહોંચે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. 35 સૌથી ટૂંકો ધોરી માર્ગ છે જે કોલકત્તાથી બાંગ્લાદેશની સરહદે આવેલ બાનગાઉ સુધી પહોંચે છે.
- ભારતમાં દિલ્હી અને કોલકાતામાં મેટ્રોટ્રેન આવેલી છે.
- ભારતના વ્યાપાર રોજગારમાં દરિયાઈ જળમાર્ગ ખૂબ મહત્ત્વનો અને સસ્તો માર્ગ છે. આ માર્ગ દ્વારા દેશનાં બંદરો મારફતે દેશમાં તથા વિદેશમાં વેપાર થઈ શકે છે.
- ભારતમાં અમદાવાદ, મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ અને થિરુવનંતપુરમાં આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો આવેલાં છે. આંતરિક હવાઈ મુસાફરી માટે 'ઇન્ડિયન ઍર લાઈન્સ' અને પરદેશી હવાઈ મુસાફરી માટે 'ઍર ઈન્ડિયા'નાં વિમાનો સેવા આપે છે.
- બિહારમાં રાજગિરિમાં તથા હિમાલયમાં ઘણાં સ્થળોએ રોપ-વે આવેલા છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) શું નદીઓ પર ડેમ બાંધવો જોઈએ ? હા કે ના ? કેમ ?**

**ઉત્તર :** હા. નદીઓ ઉપર ડેમ બાંધવો જોઈએ. વરસાદને કારણે નદીઓમાં ભરપૂર પાણી આવે છે. આ પાણીને જો કોઈ ડેમ બાંધીને રોકવામાં ન આવે તો બધું પાણી સમુદ્રમાં ભળી જાય છે. ડેમ બાંધવાથી સિંચાઈ, પીવાનું પાણી, જળ વિદ્યુત વગેરે મેળવી શકાય છે. તેથી નદીઓ પર ડેમ બાંધવા જોઈએ.

**(2) જો સડકમાર્ગો ન હોય અને ફક્ત રેલમાર્ગ હોય, તો કઈ તકલીફો પડે ? કેમ ?**

**ઉત્તર :** જો સડકમાર્ગો ન હોય અને ફક્ત રેલમાર્ગ જ હોય તો પર્વતીય પ્રદેશોમાં જવું અશક્ય બની જાય. પર્વતીય પ્રદેશોમાં રેલમાર્ગ બનાવવો ખૂબ જ કઠીન અને ખર્ચાળ છે. આપણા દેશમાં આવેલા દરેક ગામ સુધી રેલમાર્ગ પહોંચાડવો કઠીન છે. સડકમાર્ગ કરતાં રેલમાર્ગ ખર્ચાળ પણ છે. જો સડક માર્ગ ન હોય તો આપણા દેશમાં આવેલાં હજારો ગામડાંઓ સંપર્કવિહોણા થઈ જાય.

**(3) પા.પુ.પાના નં. 45 પર આપેલ ચિત્ર નં. 5.10 અને 5.11ના માઈલસ્ટોનમાં એકમાં ઉપરનો ભાગ લીલો અને બીજામાં પીળો છે એવું કેમ ?**

**ઉત્તર :** ચિત્ર નં. 5.10માં જે માઈલસ્ટોનનું ચિત્ર આપેલ છે તે રાજ્ય ધોરીમાર્ગ છે. દરેક રાજ્યના ધોરીમાર્ગના માઈલસ્ટોનમાં ઉપરના ભાગે લીલો રંગ હોય છે. ચિત્ર નં. 5.11માં જે માઈલસ્ટોનનું ચિત્ર આપેલ છે તે રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે. દેશના દરેક રાષ્ટ્રીય ધોરીમાર્ગના ઉપરના ભાગે પીળો રંગ હોય છે.

## સ્વાધ્યાય

**(1) ભારતની ખેતીના પ્રકારો જણાવો. તમને ક્યો પ્રકાર વધુ ગમે છે ? કેમ ?**

**ઉત્તર :** ભારતની ખેતીના પ્રકારોમાં **(1) સામાન્ય અથવા આકાશીય ખેતી :** માત્ર વરસાદ ઉપર આધાર રાખીને થતી ખેતી સામાન્ય અથવા આકાશીય ખેતી કહેવામાં આવે છે. **(2) સૂકી ખેતી :** ચોમાસામાં જ્યાં પાણીનો સંગ્રહ થતો હોય તેવી નીચાણવાળી જમીનમાં પાણી સુકાઈ ગયા બાદ જે ખેતી થાય છે તેને 'સૂકી ખેતી' કહેવામાં આવે છે. **(3) સિંચાઈની ખેતી :** કૂવા, તળાવ, નદી, નહેરોના આધારે સિંચાઈ કરીને થતી ખેતી. **(4) બાગાયતી ખેતી :** બગીચાની પદ્ધતિએ સારસંભાળ લઈને થતી ખેતી. આ દરેક પ્રકારમાં મને સિંચાઈની ખેતી વધુ ગમે છે. સિંચાઈની ખેતી કરવાથી ઉનાળામાં જ્યારે પાણીની અછત હોય ત્યારે પાકને બચાવી શકાય છે. વર્ષ દરમિયાન ચોમાસા સિવાય ઉનાળામાં અને શિયાળામાં પણ ખેતી કરી શકાય છે.

**(2) સિંચાઈની ખેતી એટલે શું ?**

**ઉત્તર :** જે જમીનમાં કૂવા, તળાવ, નહેરો વગેરેના આધારે સિંચાઈ કરીને ખેતી થતી હોય તેને સિંચાઈની ખેતી કહેવામાં આવે છે.

**(3) ઉદ્યોગોના મુખ્ય કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા ?**

**ઉત્તર :** ઉદ્યોગોના મુખ્ય ત્રણ પ્રકારો છે. (1) કુટિર ઉદ્યોગ (2) લઘુ ઉદ્યોગ (3) ભારે ઉદ્યોગ.

**(4) સડકમાર્ગના પ્રકારો જણાવો.**

**ઉત્તર :** સડકમાર્ગના મુખ્ય ચાર પ્રકાર છે. (1) ગ્રામ-માર્ગ, (2) જિલ્લા માર્ગ (3) રાજ્ય ધોરીમાર્ગ (4) રાષ્ટ્રીય ધોરીમાર્ગ

**(5) ભારતમાં મેટ્રોટ્રેન ક્યાં ચલાવવામાં આવે છે ?**

**ઉત્તર :** ભારતમાં મેટ્રોટ્રેન દિલ્હી અને કોલકાત્તામાં ચલાવવામાં આવે છે.

**(6) ગુજરાતમાં થતા પાકોનાં નામ લખો.**

**ઉત્તર :** ગુજરાતમાં બાજરી, મકાઈ, જુવાર,

મગફળી, કપાસ, શેરડી, ઘઉં, ડાંગર, એરંડા વગેરે પાકો થાય છે.

**(7) ગુજરાતમાં આવેલ પાંચ ઉદ્યોગનાં નામ લખો.**

**ઉત્તર :** ગુજરાતમાં સિમેન્ટ, લોખંડ-પોલાદ, રાસાયણિક ખાતર, પેટ્રોકેમિકલ્સ અને મીઠું બનાવવાના ઉદ્યોગો આવેલા છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) આપણા દેશના લોકોનો મુખ્ય વ્યવસાય કયો છે ?**

(A) વેપાર (B) ઉદ્યોગ
(C) **ખેતી** (D) પશુપાલન

**(2) બાજરીનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?**

(A) ગુજરાત (B) **રાજસ્થાન**
(C) મહારાષ્ટ્ર (D) મધ્યપ્રદેશ

**(3) ભારતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?**

(A) રાજસ્થાન (B) તમિલનાડુ
(C) મહારાષ્ટ્ર (D) **ગુજરાત**

**(4) કઈ કૃષિ પદ્ધતિમાં વરસાદ પર આધાર રાખવો પડે છે ?**

(A) બાગાયતી ખેતી
(B) **સામાન્ય અથવા આકાશીય ખેતી**
(C) સૂકી ખેતી
(D) સિંચાઈની ખેતી

**(5) સૂકી ખેતીમાં ક્યો પાક સારો થાય છે ?**

(A) શેરડીનો (B) મગફળીનો
(C) **ઘઉંનો** (D) કપાસનો

**(6) દુનિયામાં સૌથી વધુ શેરડીનું ઉત્પાદન ક્યા દેશમાં થાય છે ?**

(A) ચીન (B) **ભારત**
(C) અમેરિકા (D) જાપાન

**(7) ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?**

(A) પંજાબ (B) હરિયાણા
(C) આંધ્રપ્રદેશ (D) **ગુજરાત**

**(8) ભારતમાં ચાનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?**

(A) **અસમ** (B) બિહાર
(C) પંજાબ (D) તમિલનાડુ

**(9) કુટિર ઉદ્યોગમાં શું બનાવવામાં આવે છે ?**

(A) સિમેન્ટ (B) બસ
(C) ખાંડ (D) **પાપડ**

**(10) ઊનના કાપડ માટેનું મુખ્ય કેન્દ્ર ક્યું છે ?**

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તર પ્રદેશ
(C) જામનગર (D) **લુધિયાણા**

**(11) ખાંડ બનાવવા માટે ક્યા પાકની જરૂર પડે છે ?**

(A) કપાસ (B) મગફળી
(C) **શેરડી** (D) શણ

**(12) નીચેના પૈકી ક્યા સ્થળે વર્તમાનપત્રોનો કાગળ બને છે ?**

(A) **નેપાનગર** (B) હોશંગાબાદ
(C) દેવાસ (D) અમદાવાદ

**(13) રાષ્ટ્રીય ધોરીમાર્ગના માઈલસ્ટોન ઉપર શું લખેલું હોય છે ?**

(A) S.H. (B) **N.H.**
(C) DMR (D) એકપણ નહીં

**(14) દુનિયાની સૌથી મોટી સડકજાળ ક્યા દેશમાં છે ?**

(A) અમેરિકા (B) ચીન
(C) **ભારત** (D) શ્રીલંકા

**(15) ભારતના વ્યાપાર રોજગારમાં ખૂબ મહત્ત્વનો અને સસ્તો માર્ગ ક્યો છે ?**

(A) રેલમાર્ગ (B) હવાઈમાર્ગ
(C) રોપ-વે (D) **જળમાર્ગ**

**(16) ભારતમાં આંતરિક હવાઈ મુસાફરી માટે કઈ સેવા ઉપલબ્ધ છે ?**

(A) ઍર ઇન્ડિયા
(B) **ઈન્ડિયન ઍરલાઈન્સ**
(C) ઍર ભારત
(D) ઍર હિન્દુસ્તાન

**2. યોગ્ય શબ્દ વડે નીચેની ખાલી જગ્યા પૂરો.**

(1) ભારત દેશના આશરે **70 ટકા** લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

(2) આપણા દેશમાં મોટા ભાગના લોકોનો મુખ્ય ખોરાક **ડાંગર** છે.

(3) ચાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં **પ્રથમ** ક્રમે છે.

(4) ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ **અમદાવાદ**માં વિકસ્યો છે.

(5) ભારતનો સૌથી ટૂંકો ધોરીમાર્ગ **કોલકાત્તા**થી **બોનગાઉ** સુધી પહોંચે છે.

(6) ભારતમાં સૌથી મહત્ત્વનું પરિવહનનું સાધન **રેલ** છે.

(7) પર્વતીય વિસ્તારમાં પરિવહન માટે **રોપ-વૅ** શરૂ કરવામાં આવ્યા છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) ભારત કૃષિપ્રધાન દેશ છે. - ✓

(2) ઘઉંના ઉત્પાદનમાં પંજાબ મોખરાનું સ્થાન ધરાવે છે. - ✓

(3) મગફળીને પાકવા માટે વધારે વરસાદની જરૂર પડે છે. - ✗

(4) ચાના છોડના મૂળમાં પાણી ભરાયેલું રહેવું જોઈએ. - ✗

(5) ખેતીને વધારે ફળદાયી બનાવવા સિંચાઈની જરૂર છે. - ✓

(6) ટાંકણીથી માંડી વિશાળકાય યંત્રો લોખંડ અને પોલાદમાંથી બને છે. - ✓

(7) પૃથ્વીના પેટાળમાંથી પેટ્રોલ શુદ્ધ સ્વરૂપે મળે છે. - ✗

(8) શણનું ઉત્પાદન વધુ થતું હોય ત્યાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ વિકસે છે. - ✗

(9) રાષ્ટ્રીય ધોરીમાર્ગ એક રાજ્યને બીજા રાજ્ય સાથે જોડવાનું કામ કરે છે. - ✓

(10) જળમાર્ગ દ્વારા દેશનાં બંદરો મારફતે વિદેશ સાથે વેપાર થઈ શકે છે. - ✓

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| **(A)** | **(B)** | (જવાબ) |
|---|---|---|
| (1) શણ | (A) બિહારમાં રાજગિરિ | (1) - **(D)** |
| (2) ખાંડ | (B) અસમ | (2) - **(C)** |
| (3) રોપ-વે | (C) શેરડી | (3) - **(A)** |
| (4) મેટ્રોટ્રેન | (D) પશ્ચિમ બંગાળદિલ્હી | (4) - **(E)** |
| (5) સૌથી વધુ ચાનું ઉત્પાદન | (E) | (5) - **(B)** |

**(2)**

| **(A)** | **(B)** | (જવાબ) |
|---|---|---|
| (1) સુતરાઉ કાપડ ઉદ્યોગ | (A) નેપાનગર | (1) - **(C)** |
| (2) ઊની કાપડ ઉદ્યોગ | (B) વડોદરા | (2) - **(E)** |
| (3) વર્તમાનપત્રનો કાગળ | (C) અમદાવાદ | (3) - **(A)** |
| (4) ખનિજતેલ શુદ્ધીકરણ રીફાઈનરી | (D) કલોલ | (4) - **(B)** |
| (5) રાસાયણિક ખાતર ઉદ્યોગ | (E) લુધિયાણા | (5) - **(D)** |

**5. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) આકાશીય ખેતી એટલે શું ?**

**ઉત્તર :** માત્ર વરસાદ ઉપર આધાર રાખીને થતી ખેતીને સામાન્ય અથવા આકાશીય ખેતી કહેવામાં આવે છે.

**(2) ક્યા પાકનો ઉપયોગ અનાજ અને પશુઓના ખોરાક તરીકે થાય છે ?**

**ઉત્તર :** મકાઈના પાકનો ઉપયોગ અનાજ અને પશુઓના ખોરાક તરીકે થાય છે.

**(3) ભારતમાં બાજરીનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં બાજરીનું ઉત્પાદન (1) રાજસ્થાન (2) ગુજરાત (3) મહારાષ્ટ્ર (4) હરિયાણા (5) ઉત્તરપ્રદેશ છે.

**(4) ભારતમાં મગફળીનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં મગફળીનું ઉત્પાદન (1) ગુજરાત (2) આંધ્રપ્રદેશ (3) તમિલનાડુ (4) મહારાષ્ટ્ર (5) ઉત્તરપ્રદેશમાં થાય છે.

**(5) દુનિયામાં બાજરીના ઉત્પાદનમાં ભારતનો કેટલામો ક્રમ છે ?**

ઉત્તર : દુનિયામાં બાજરીના ઉત્પાદનમાં ભારતનો પ્રથમ ક્રમ છે.

**(6) સૂકી ખેતી એટલે શું ?**

ઉત્તર : ચોમાસામાં જ્યાં પાણીનો સંગ્રહ થતો હોય, તેવી નીચાણવાળી જમીનમાં પાણી સુકાઈ ગયા બાદ જે ખેતી થાય છે, તેને 'સૂકી ખેતી' કહેવામાં આવે છે.

**(7) ભારતમાં શેરડીનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં શેરડીનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોમાં (1) પંજાબ (2) ગુજરાત, (3) ઉત્તરપ્રદેશ (4) આંધ્રપ્રદેશ (5) મહારાષ્ટ્ર છે.

**(8) ભારતમાં કપાસનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં કપાસનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોમાં (1) ગુજરાત (2) મહારાષ્ટ્ર (3) આંધ્રપ્રદેશ (4) હરિયાણા (5) પંજાબ છે.

**(9) ભારતમાં શણનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં શણનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોમાં (1) પશ્ચિમ બંગાળ (2) અસમ (3) બિહાર (4) ઓડિશા (5) મેઘાલય છે.

**(10) બાગાયતી ખેતી એટલે શું ?**

ઉત્તર : બગીચાની પદ્ધતિએ સારસંભાળ લઈને થતી ખેતીને બાગાયતી ખેતી કહેવામાં આવે છે.

**(11) ભારતમાં ચાનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં ચાનું ઉત્પાદન કરતા પાંચ રાજ્યોમાં (1) પશ્ચિમબંગાળ (2) અસમ (3) કેરળ (4) કર્ણાટક (5) તમિલનાડુ છે.

**(12) ઉદ્યોગોના પ્રકાર શાના આધારે પાડવામાં આવ્યા છે ?**

ઉત્તર : ઉદ્યોગોના પ્રકાર મૂડીરોકાણ, શ્રમિકોની સંખ્યા અને ઉત્પાદનના પ્રમાણના આધારે પાડવામાં આવે છે.

**(16) ભારતમાં ખાંડનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં ખાંડનું ઉત્પાદન કરતાં પાંચ રાજ્યોમાંના (1) ઉત્તરપ્રદેશ (2) મહારાષ્ટ્ર (3) કર્ણાટક (4) ગુજરાત (5) આંધ્રપ્રદેશ છે.

**(17) શણના રેસામાંથી શું બને છે ?**

ઉત્તર : શણના રેસામાંથી શણિયું કાપડ, શણના કોથળા અને કંતાન બને છે.

**(18) ખનિજતેલ શુદ્ધ કરવાથી શું મળે છે ?**

ઉત્તર : ખનિજતેલ શુદ્ધ કરવાથી કેરોસીન, ડીઝલ, પેટ્રોલ, ડામર, મિથેન વગેરે મળે છે.

**(19) ભારતમાં પરિવહન માટે ક્યા ક્યા માર્ગો આવેલા છે ?**

ઉત્તર : ભારતમાં પરિવહન માટે સડકમાર્ગ, હવાઈ-માર્ગ, રેલમાર્ગ અને જળમાર્ગ આવેલા છે.

**(21) રાજ્ય ધોરીમાર્ગ કોને કહે છે ?**

ઉત્તર : જે રાજ્યના પાટનગરને, જિલ્લાનાં મથકોને તથા મહત્ત્વનાં નગરોને જોડે છે તેને રાજ્ય ધોરીમાર્ગ કહે છે.

**(22) ભારતનો સૌથી લાંબો ધોરીમાર્ગ ક્યો છે ? તે ક્યાંથી ક્યાં સુધી વિસ્તરેલો છે ?**

ઉત્તર : ભારતનો સૌથી લાંબો ધોરીમાર્ગ નં.7 છે. જે વારાણસીથી કન્યાકુમારી સુધી વિસ્તરેલો છે.

**(24) ભારતમાં આવેલાં આંતરરાષ્ટ્રીય હવાઈ-મથકોનાં નામ લખો.**

ઉત્તર : ભારતમાં અમદાવાદ, મુંબઈ, દિલ્હી, કોલકતા, ચેન્નાઈ અને થિરુવનંતપુર ખાતે આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો આવેલાં છે.

**(25) રોપ-વે ક્યાં શરૂ કરવામાં આવે છે ?**

ઉત્તર : જ્યાં રેલમાર્ગ કે સડકમાર્ગ શક્ય નથી તેવા પર્વતીય પ્રદેશમાં રોપ-વે શરૂ કરવામાં આવે છે.

**(26) ગુજરાતમાં ક્યાં સ્થળોએ રોપ-વે આવેલા છે ?**

ઉત્તર : ગુજરાતમાં પાવાગઢ, સાપુતારા અને અંબાજીમાં રોપ-વે આવેલા છે.

**6. યોગ્ય કારણ આપો.**

**(1) શણના છોડને પાણીમાં કોહવાડવામાં આવે છે, કારણ કે...** શણના છોડમાંથી રેસા બનાવવા માટે તેની કાપણી કરીને પાણીમાં કોહાવાડવામાં આવે છે. થોડા દિવસો પાણીમાં કોહવાડ્યા બાદ શણના છોડમાંથી રેસાઓ છૂટા પડે છે.

**(2) ચાનો પાક પર્વતના ઢોળાવવાળી જમીન ઉપર ઉગાડવામાં આવે છે, કારણ કે...** ચાના મૂળમાં જો પાણીનો ભરાવો થાય તો ચાના છોડને નુકસાન થાય છે. તેથી પર્વતીય વિસ્તારોના ઢોળાવો પર જંગલો સાફ કરીને ચોક્કસ પ્રકારનાં પગથિયાં જેવા આકારના બગીચાઓ બનાવવામાં આવે છે. જેમાં પાણી સરળતાથી વહી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

**7. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો.**

**(1) કુટિર ઉદ્યોગો એટલે શું ? તેમાં શું - શું બનાવવામાં આવે છે ?**

**ઉત્તર :** જે ઉદ્યોગમાં મૂડી રોકાણ ઓછું હોય, શ્રમિકોની સંખ્યા ઓછી હોય અને ઘરમાં બેસીને હાથેથી વસ્તુઓ બનાવી શકાતી હોય તેને કુટિર ઉદ્યોગ કહે છે. કુટિર ઉદ્યોગમાં રમકડાં, પાપડ, અથાણાં, ફર્નિચર, અગરબત્તી, ભરત-ગૂંથણ, જરીકામ વગેરેનો સમાવેશ થાય છે.

**(2) લઘુ ઉદ્યોગ એટલે શું ? તેમાં શું બનાવવામાં આવે છે ?**

**ઉત્તર :** જે ઉદ્યોગમાં એક કારખાનું હોય, થોડાં યંત્રો હોય, વધારે મજૂરો હોય, જેનું મૂડીરોકાણ કુટિર-ઉદ્યોગ કરતાં વધુ હોય તેને લઘુ ઉદ્યોગ કહેવામાં આવે છે. લઘુઉદ્યોગમાં રમકડાં, ટી.વી., ફ્રીઝ, પ્લાસ્ટિકની વસ્તુઓ વગેરે બનાવવામાં આવે છે.

**(3) ભારે ઉદ્યોગ એટલે શું ? તેમાં શું બનાવવામાં આવે છે ?**

**ઉત્તર :** જે ઉદ્યોગમાં વસ્તુઓ બનાવવા માટે મોટાં-મોટાં કારખાનાં હોય, મોટાં યંત્રો હોય, હજારોની સંખ્યામાં મજૂરો કામ કરતાં હોય અને સૌથી વધુ મૂડીરોકાણ હોય, તેને ભારે ઉદ્યોગ કહેવામાં આવે છે. ભારે ઉદ્યોગમાં લોખંડ-પોલાદની વસ્તુઓ, મોટર, સિમેન્ટ વગેરે બનાવવામાં આવે છે.

**(4) રેલમાર્ગ વિશે લખો.**

**ઉત્તર :** ભારતીય રેલ સૌથી મહત્ત્વનું પરિવહન સાધન છે. તેમાં એક સાથે ઘણા મુસાફરો મુસાફરી કરી શકે છે. વધુ પ્રમાણમાં માલ એક સમયે જે - તે જગ્યાએ પહોંચાડી શકાય છે. ઝડપથી મુસાફરી થાય તે માટે હવે કોલસાને બદલે ડીઝલ અને વીજળીથી ચાલતા ઍન્જિનનો ઉપયોગ થાય છે. ભારતમાં દિલ્હી અને કોલકતા જેવા શહેરોમાં આંતરિક મુસાફરી માટે મેટ્રોટ્રેન આવેલી છે.

**(5) જળમાર્ગ વિશે લખો.**

**ઉત્તર :** ભારતના વ્યાપાર રોજગારમાં દરિયાઈ જળમાર્ગ ખૂબ મહત્ત્વનો અને સસ્તો માર્ગ છે. આ માર્ગ દ્વારા દેશનાં બંદરો મારફતે દેશમાં તથા વિદેશ સાથે વેપાર થઈ શકે છે, મુસાફરી થઈ શકે છે. ભારતમાં ગંગા, બ્રહ્મપુત્રા વગેરે મોટી નદીઓમાં બારેમાસ પાણી રહેતું હોવાથી નાની સ્ટીમરો અને હોડીઓ દ્વારા મુસાફરો તથા માલની હેરફેર થાય છે.

**પ્રોજેક્ટ વર્ક :** તમે જાણતા હોવ તેવા ઉદ્યોગોને નીચેના કોષ્ટકના આધારે વિભાજિત કરો.

| ખેતી આધારિત ઉદ્યોગો | ખનિજ આધારિત ઉદ્યોગો | વન આધારિત ઉદ્યોગો |
|---|---|---|
| કાપડ ઉદ્યોગ | લોખંડ-પોલાદ ઉદ્યોગ | કાગળ ઉદ્યોગ |
| ખાંડ ઉદ્યોગ | પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ | ફર્નિચર ઉદ્યોગ |
| ડેરી ઉદ્યોગ | સિમેન્ટ ઉદ્યોગ | ઔષધિ ઉદ્યોગ |
| શણ ઉદ્યોગ | હીરા ઉદ્યોગ | |

# પુનરાવર્તનલક્ષી એકમ કસોટી - 1

**સમય : 2 કલાક** **અભ્યાસક્રમ : એકમ 1 થી 5** **કુલ ગુણ : 40**

**ચાલો સમજીએ :**

**(1) અણહિલવાડ પાટણની કઈ રાણીઓ લોકપ્રિય હતી ?**

**ઉત્તર :** અણહિલવાડ પાટણની કઈ રાણીઓ પ્રજા કલ્યાણનાં કાર્યોમાં અગ્રેસર હતી. રાણી ઉદયમતીએ રાણીની વાવ બંધાવી હતી. રાજમાતા મીનળદેવીએ રાજ્યમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો. તેમણે ધોળકામાં મલાવ અને વિરમગામમાં મુનસર તળાવ બંધાવ્યું હતું. પ્રજાના રક્ષણ માટે નાઈકીદેવીએ સેનાનું નેતૃત્વ સંભાળી શાહબુદ્દીન ઘોરીની સેનાને યુદ્ધમાં હાર આપી હતી. આમ, અણહિલવાડ પાટણની રાણીઓ લોકપ્રિય હતી.

**(2) સંસાધનો એટલે શું ?**

**ઉત્તર :** માનવ દ્વારા સંગ્રહિત અને વિશ્વાસ બેસે તેવી વસ્તુ કે પદાર્થનાં ગુણ, ક્ષમતા અને કાર્ય જે માનવની મિલકત બની જાય છે તેને સંસાધન કહેવાય છે.

**(3) અદાલતો શા માટે હોય છે ?**

**ઉત્તર :** અદાલતો ન્યાય આપવા માટે હોય છે.

**(4) શેરશાહના સુધારા શા માટે વખાણાય છે ?**

**ઉત્તર :** શેરશાહે લોકોની જરૂરિયાત મુજબ ખેતી, વેપાર અને રાહદારીઓની સગવડ માટે સુધારાઓ કર્યા હતા માટે વખણાય છે.

**(5) ભારતની ખેતીની વિશેષતાઓ જણાવો.**

**ઉત્તર :** ભારતની ખેતીની વિશેષતાઓ ● ભારતના આશરે 70 ટકા લોકોને રોજગારી પૂરી પાડે છે. ● ખેતી દ્વારા ભારતના લોકો વસ્ત્રો, અનાજ અને પશુઓ માટે ઘાસચારો મેળવી શકે છે. ● ખેતી આધારિત ઉદ્યોગો જેવા કે કાપડ, ખાંડ, ડેરી વગેરેનો વિકાસ થયો છે. ● ખેતીના અમુક પાકોની વિદેશમાં નિકાસ કરવામાં આવતા વિદેશી હૂંડિયામણ મળી રહે છે.

**ચાલો વિચાર કરીએ :**

**(1) સોલંકી યુગમાં તળાવોનું બાંધકામ વિશેષ પ્રમાણમાં કેમ થયું ?**

**ઉત્તર :** સોલંકી યુગમાં લોકોની પીવાના પાણીની અને સિંચાઈ માટેની સમસ્યા હલ કરવા માટે તળાવોનું બાંધકામ વિશેષ પ્રમાણમાં થયું.

**(2) વન્યસંપત્તિ મનુષ્યના જીવન સાથે જોડાયેલ છે ? શા માટે ?**

**ઉત્તર :** વન્યસંપત્તિ મનુષ્યના જીવન સાથે જોડાયેલ છે, કારણ કે ● સુંદરવનમાં થતાં સુંદરીના વૃક્ષોમાંથી હોડી કે સ્ટીમરો બને છે. ● વાંસમાંથી ટોપલા, સાદડી, રમકડાં, ફર્નિચર વગેરે કલાત્મક નમૂના બનાવવામાં આવે છે. ● તાડ અને ખજૂરીનાં પાનમાંથી સાવરણીની અને સાવરણાની બનાવવામાં આવે છે. ● ખેરનાં વૃક્ષોમાંથી કાથો બનાવવામાં આવે છે. ● દેવદાર અને ચીડનાં લાકડામાંથી કાગળનો માવો, દવા તથા ચાની પેટીઓ, દિવાસળી, રમતગમતનાં સાધનો અને કૃત્રિમ રેસાઓ બનાવવામાં આવે છે. ● ચીડના રસમાંથી ટર્પેન્ટાઈન બને છે. ● લાખનો ઉપયોગ વાર્નિસ, છાપકામની શાહી, વિદ્યુતનાં કેટલાંક સાધનો અને ગ્રામોફોન બનાવવામાં થાય છે. ● જંગલના વૃક્ષો બળતણ અને ઔષધિ તરીકે પણ ઉપયોગી છે.

**(3) જો અદાલત (કોર્ટ) ના હોય તો ?**

**ઉત્તર :** જો અદાલત (કોર્ટ) ના હોય તો દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે. સમાજમાં ન્યાયની કોઈ વ્યવસ્થા ન રહે. સમાજમાં રહેતા નિર્બળ માણસો પર શક્તિશાળી માણસો પોતાની સત્તા જમાવી બેસે.

**(4) અકબરે હિંદુ શાસકોનો સહકાર શા માટે લીધો ?**

**ઉત્તર :** અકબર જાણતો હતો કે રાજપૂતોની અવગણના કરીને આ દેશમાં શાસન કરી શકાય તેમ નથી તેથી અકબરે હિન્દુ શાસકો અને રાજપૂતોની સાથે સંબંધો બાંધી તેમને વિશ્વાસમાં લીધા.

**(5) આપણા દેશના વિકાસમાં ઉદ્યોગોનો શો ફાળો છે ?**

**ઉત્તર :** આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. વળી આપણા દેશમાંથી ખનિજો પણ વિપુલ પ્રમાણમાં મળી રહે છે. ખેતીના આધારે કપાસ, શેરડી, શણ વગેરેનું ઉત્પાદન થાય છે જે ઉદ્યોગોનો કાચો માલ છે. આ કાચા માલના આધારે ઉદ્યોગોમાં કાપડ, ખાંડ વગેરે બનાવવામાં આવે છે. આપણા દેશમાંથી મળી આવતા ખનિજો દ્વારા લોખંડ-પોલાદ, સિમેન્ટ, પેટ્રૉકેમિકલ્સ, રાસાયણિક ખાતર વગેરે ઉદ્યોગોનો વિકાસ થયો છે. ઉદ્યોગો દ્વારા દેશમાં રોજગારી મળી રહે છે. ઉદ્યોગોથી લોકોનું જીવનધોરણ ઊંચું આવે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**પ્રશ્ન-1 (A) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.** **(5)**

**(1) ક્યા રાજાના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થઈ ગયા ?**

(A) મૂળરાજ સોલંકી (B) સિદ્ધરાજ જયસિંહ (C) કુમારપાળ (D) ભીમદેવ સોલંકી

**(2) ભારતના ક્યા રાજ્યમાં સૌથી વધુ વરસાદ પડે છે ?**

(A) રાજસ્થાન (B) કર્ણાટક (C) મેઘાલય (D) બિહાર

**(3) આપણા દેશમાં સૌથી ટોચની અદાલત કઈ છે ?**

(A) સર્વોચ્ચ અદાલત (B) વડી અદાલત (C) લોક અદાલત (D) તાલુકા અદાલત

**(4) ભારતમાં મુઘલવંશનો સ્થાપક કોણ હતો ?**

(A) શેરશાહ (B) હુમાયુ (C) અકબર (D) બાબર

**(5) ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?**

(A) ગુજરાત (B) પંજાબ (C) હરિયાણા (D) આંધ્રપ્રદેશ

**(B) યોગ્ય શબ્દ વડે નીચેની ખાલીજગ્યા પૂરો.** **(5)**

(1) રાણી ઉદયમતિએ પ્રજાના કલ્યાણ માટે ........... વાવ બંધાવી હતી.

(2) બિહારમાં ........... નદીમાં દર વર્ષે પૂર આવે છે.

(3) ન્યાયની દેવીનું નામ ........... છે.

(4) અકબર દર શુક્રવારે ........... ના ઈબાદતખાનામાં ધર્મસભા ભરતો હતો.

(5) ચાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં ........... ક્રમ છે.

**પ્રશ્ન-2 (A) નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.** **(5)**

(1) રાજા અજયપાળ રાજપૂત શાસકોનો છેલ્લો રાજા હતો. - ☐

(2) બોક્સાઈટનો ઉપયોગ સિમેન્ટની બનાવટમાં થાય છે. - ☐

(3) જિલ્લાની અદાલતમાં ઝડપી અને બિનખર્ચાળ ન્યાય મળે છે. - ☐

(4) શેરશાહને એક યોદ્ધા તરીકે નહીં પણ સુધારક તરીકે યાદ કરવામાં આવે છે. - ☐

(5) ચાના છોડના મૂળમાં પાણી ભરાયેલું રહેવું જોઈએ. - ☐

**(B) નીચે આપેલા યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે વિભાગ (B) માંથી યોગ્ય ક્રમ લખો.)** **(2)**

| (A) | (B) |
|---|---|
| (1) તાલુકા અદાલત | (A) દેશની ટોચની અદાલત |
| (2) જિલ્લા ફોજદારી અદાલત | (B) મિલકતના જ દાવા સાંભળે છે. |
| (3) જિલ્લા દીવાની અદાલત | (C) પોલીસ કેસ થયો હોય તેવા દાવાને ન્યાય આપે છે. |
| (4) સર્વોચ્ચ અદાલત | (D) તાલુકા અદાલતમાં મિલકતના ન્યાયમાં સંતોષ ન થયો હોય તેવા દાવા સાંભળે છે. |

**પ્રશ્ન-3 (A) નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.** **(5)**

(1) સોલંકી વંશમાં ક્યા ક્યા મહાન રાજવીઓ થઈ ગયા ?
(2) ખનિજને કેટલા ભાગમાં વહેંચી શકાય ? ક્યા ક્યા ?
(3) દીવાની અદાલતોમાં ક્યા વિવાદોનો ઉકેલ થાય છે ?
(4) અકબરનો જન્મ ક્યાં થયો હતો ?
(5) સડકમાર્ગના પ્રકારો જણાવો.

**(B) યોગ્ય કારણો આપો.** **[4]**

(1) નાઈકીદેવી એક વિરાંગના હતી, કારણ કે...
(2) દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી નથી, કારણ કે...

**પ્રશ્ન-4 (A) નીચેના પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યોમાં જવાબ લખો.** **[4]**

(1) ન્યાય આપવામાં ક્યારેક વિલંબ શા માટે થતો હોય છે ?
(2) પાણિપતનું (પહેલું) યુદ્ધ ક્યારે અને કોની વચ્ચે થયું ? તેનું શું પરિણામ આવ્યું ?

**(B) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **[6]**

(1) આબોહવાની માનવજીવન પર શી અસર જોવા મળે છે ?
(2) ભારતની ખેતીના પ્રકારો જણાવો. તમને ક્યો પ્રકાર વધુ ગમે છે ? કેમ ?

**(C) ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **[4]**

(1) ભારતની વર્ષાઋતુ
(2) મધ્યયુગીન ગુજરાત સ્થાપત્યો

# 6. મુઘલ સામ્રાજ્ય : સુવર્ણયુગ અને અસ્ત

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- મુઘલ શાસનનો સુવર્ણ યુગ
- મુઘલ શાસકો : જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબનો પરિચય
- સમાજજીવન ● આર્થિક સ્થિતિ
- મુઘલ શાસનના પતનનાં કારણો
- મુઘલકાળનું કલા-સાહિત્ય
- વીર દુર્ગાદાસ અને છત્રપતિ શિવાજી

## એકમની ટૂંક સમજ

- મુઘલ શાસકોમાં સૌથી વધારે પ્રતિભાશાળી શાસક અકબરના અવસાન બાદ દિલ્હીની ગાદી ઉપર તેનો પુત્ર જહાંગીર આવ્યો.
- શાહજહાંના શાસનકાળમાં વિશ્વપ્રસિદ્ધ બેનમૂન સ્થાપત્યો બનાવ્યાં.
- ઈ. સ. 1605 માં અકબરનો પુત્ર સલીમ 'જહાંગીર' નામ ધારણ કરીને દિલ્હીની ગાદીએ આવ્યો.
- જહાંગીરે શાહજહાં ખુશરુને બંદીવાન બનાવ્યો અને શીખ ગુરુ અર્જુનસિંહનો વધ કર્યો.
- જહાંગીરના સમયમાં ઈંગ્લૅન્ડના રાજાના પ્રતિનિધિ હોકિન્સ અને ટોમસ-રૉ ભારતમાં વેપાર કરવાનો પરવાનો મેળવવા આવ્યા હતા.
- જહાંગીરની પત્ની નૂરજહાં ખૂબ સ્વરૂપવાન અને મહત્ત્વકાંક્ષી હતી. રાજ્યનો મોટા ભાગનો વહીવટ નૂરજહાં જ સંભાળતી.
- શાહજહાં એવું માનતો હતો કે રાજયની આબાદીનો પાયો ખેતી છે તેથી તેણે અકબરની મહેસૂલ પદ્ધતિ ચાલુ રાખી.
- શાહજહાંએ જૂની દિલ્હી પાસે શાહજહાંબાદ નામે એક નવું શહેર વસાવ્યું.
- શાહજહાંએ વિશ્વવિખ્યાત તાજમહલ, લાલ-કિલ્લામાં દીવાને-આમ અને દીવાને-ખાસ, રંગમહલ, મોતી મસ્જિદ, દિલ્હીની જુમ્મા મસ્જિદ વગેરે જેવા પ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં હતાં.
- ઔરંગઝેબની યાદશક્તિ તીવ્ર હતી, અરબી અને ફારસી ભાષા ઉપર એનો કાબૂ હતો. 'કૂર્આને શરીફ'નો તેણે ઊંડો અભ્યાસ કર્યો હતો. તેને કલા, સંગીત, ચિત્ર પ્રત્યે અણગમો હતો.
- મારવાડના વીર દુર્ગાદાસ, દક્ષિણમાં બીજાપુર અને ગોવલકોંડાનાં શિયારાજ્યો સામે ઔરંગ-ઝેબનો સતત પચ્ચીસ વર્ષ સુધી સંઘર્ષ ચાલ્યો હતો.
- મહારાષ્ટ્રમાં શિવાજીએ મરાઠા રાજયની સ્થાપના કરીને ઔરંગઝેબ સામે લડાઈઓ સતત ચાલુ રાખી હતી. જાટ અને શીખોએ પણ બળવો કર્યો હતો.
- મુઘલ સમયમાં સમાજ સામંતવ્યવસ્થા ઉપર રચાયેલો હતો. રાજમહેલ તથા રાજદરબારનું વાતાવરણ વિલાસી હતું.
- અબુલ ફઝલના લખાણ મુજબ દર વર્ષે બાદશાહ માટે એક હજાર જેટલા પોશાકો તૈયાર કરવામાં આવતા.
- આ સમયે ગુજરાતના વેપારીઓ મોટા પાયા પર વેપાર કરતા, ગુજરાતનાં બંદરોથી વિશાળ જથ્થામાં માલ વિદેશ જતો અને આવતો.
- જહાંગીરના સમયમાં દશેરાનો ઉત્સવ ઠાઠમાઠથી ઉજવાતો. કોઈ પણ પરદેશી અમલદાર ભારતમાંથી મળેલું નાણું ભારતની બહાર લઈ જઈ શકતો નહીં.
- અબુલ ફઝલના પુસ્તકમાંથી મળતી માહિતી મુજબ આ સમયે મણ 55.5 રતલ બરાબર હતું.
- લાહોરની શાલ, ફતેહપુર સિક્રીની શેતરંજીઓ,

ગુજરાતનું સુતરાઉ કાપડ તથા ઢાકાની મલમલ દુનિયાભરમાં જાણીતી વસ્તુઓ હતી.

- ખંભાત, સુરત, ભરૂચ, મલબાર તથા બંગાળાનાં કેટલાક બંદરોથી માલ પરદેશ જતો અને આવતો.
- મુઘલ શાસકો ભવ્ય મહેલોના ખૂબ શોખીન હતા. શાહજહાંએ કેટલાક વિશ્વપ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં. તેને 'મહેલનો બાંધનાર' કહે છે. રજપૂત રાજાઓ ચિત્રકલાના ખૂબ શોખીન હતા. જહાંગીર પણ ચિત્રો ભેગાં કરવાનો શોખ ધરાવતો હતો.
- આ સમયે સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતરો થયાં. ઈતિહાસના ગ્રંથો લખાયા. કબીર અને રહીમના દોહા તથા સાખી પ્રચલિત થયાં. વૈષ્ણવ આચાર્ય વિઠ્ઠલનાથજીના શિષ્ય રસખાને હિંદી કાવ્યો લખ્યાં.
- આ સમયે ટેવર્નિયર અને બર્નિયર નામના ફ્રેન્ચ મુસાફરો ભારતમાં આવ્યાં હતાં. બર્નિયર તો ભારતમાં બાર વર્ષ સુધી રહ્યો હતો. તેણે નોંધ્યું છે કે મુઘલ શાસકો લશ્કર પાછળ ખૂબ ખર્ચા કરતાં. ભારતનું કાપડ એ સમયે યુરોપ અને એશિયાના બજારોમાં ખૂબ વખણાતું હતું.
- શાહજહાંનાં અંતિમ વર્ષોમાં મુઘલ શાસનના પતનની શરૂઆત થઈ ગઈ હતી. તેમાં ઔરંગઝેબની નીતિ ઘાતક નીવડી. ઔરંગઝેબ ઉત્તરમાં વીર દુર્ગાદાસ અને દક્ષિણમાં મરાઠા કેસરી શિવાજી સાથે સતત સંઘર્ષમાં જ રહ્યો.
- જોધપુરના રાજાનું અવસાન થતાં તેમના પુત્ર અને રાણીને મુઘલ શાસકોથી બચાવવા વીર દુર્ગાદાસે સલામત જગ્યાએ રક્ષણ આપ્યું. ઓચિંતા છાપા મારવાની વ્યૂહરચનાથી મારવાડને પચીસ વર્ષ સુધી વીર દુર્ગાદાસે સલામત રાખ્યું. અંતે ઔરંગઝેબે રાજપૂતો સાથે સુલેહ કરવી પડી.
- ભોંસલે કુટુંબના શાહજીના પુત્ર શિવાજીનો જન્મ ઈ.સ.1630માં શિવનેરી કિલ્લામાં થયો હતો. માતા જીજાબાઈ અને ગુરુ દાદાજી કોંડદેવની નજર હેઠળ શિવાજીનો ઉછેર થયો.
- શિવાજીએ સોળ વર્ષની ઉંમરે કિલ્લાઓ મેળવવાની શરૂઆત કરી. તોરણા, ચાકણ અને સિંહગઢ, પુરંદર વગેરે કિલ્લાઓ તેમણે જીતી લીધા. બીજાપુર તેમજ મુઘલો સામે અનેક લડાઈ બાદ ઈ.સ.1674માં રાયગઢમાં શિવાજીનો રાજ્યાભિષેક થયો.
- પચીસ વર્ષ સુધી દક્ષિણમાં લડાઈ કરીને મુઘલ લશ્કર થાકી ગયું હતું. હવે ઔરંગઝેબ પણ વૃદ્ધ થયો હતો. તેના અવસાન બાદ ગાદીઓ માટે ઝઘડા થયા અને મુઘલ શાસન ધીમે-ધીમે પતન તરફ આગળ વધ્યું.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) તમારા ગામ-શહેરમાં એવી કઈ-કઈ વસ્તુઓ બને છે કે જેને તમારે બહારથી લાવવી પડતી નથી.**

**ઉત્તર :** અમારા ગામમાં દૂધ, છાશ, દહીં, મીઠાઈઓ, અનાજ, કઠોળ, બૂટ-ચંપલ, વાસણો વગેરે મળી રહે છે જે બહારથી લાવવાં પડતાં નથી.

**(2) આપણા દેશમાં વર્તમાન સમયમાં લશ્કર પાછળ કેટલા ટકા બજેટ ફાળવાય છે ?**

**ઉત્તર :** આપણા દેશમાં વર્તમાન સમયમાં લશ્કર પાછળ 15થી 20% જેટલું બજેટ ફાળવાય છે

**(3) દોહા, સાખી જેવાં નાનાં પદો લોકોમાં પ્રચલિત કેમ બને છે ?**

**ઉત્તર :** દોહા અને સાખીને સરળતાથી ગાઈ શકાય છે. દોહા અને સાખીમાં વિચાર અને બોધ એવી રીતે રજૂ કરવામાં આવે છે કે તે લોકોને ચોટદાર લાગે છે. દોહા અને સાખીમાં પ્રેમ, ભક્તિ, ત્યાગ, શૌર્ય જેવા ભાવો સરળતાથી રજૂ કરી શકાય છે. દોહા સાખીની ભાષા ખૂબ સરળ હોય છે.

**(4) મુઘલ શાસકોમાં સૌથી વધારે સીમાવિસ્તાર કોના સમયમાં થયો છે ?**

**ઉત્તર :** મુઘલ સમયમાં સૌથી મોટો સીમાવિસ્તાર અકબરના સમયમાં થયો.

**(5) મુઘલ સામ્રાજ્યનું પતન ક્યા શાસકના સમયથી થયું ?**

**ઉત્તર :** મુઘલ સામ્રાજ્યનું પતન ઔરંગઝેબના સમયથી થયું.

**(6) નીચે આપેલ ચિત્રને જોઈને શાહજહાંની છેલ્લી અવસ્થાનું વર્ણન કરો.**

**ઉત્તર :** ઈ.સ.1657માં શાહજહાં બીમાર પડ્યો. આ સમયે ઔરંગઝેબે કૂટનીતિ અપનાવીને દિલ્હીની ગાદી કબજે કરી. આ ચિત્રમાં શાહજહાં પલંગમાં સૂતો સૂતો પોતાની બેગમ મુમતાઝ માટે બનાવેલ ભવ્ય અને સુંદર તાજમહાલને જોઈ રહ્યો છે અને તેને યાદ કરી રહ્યો છે.



## સ્વાધ્યાય

**(1) 'સર્વને માટે ન્યાય' માટે મુઘલ સમયની વ્યવસ્થા કેવી હતી ?**

**ઉત્તર :** મુઘલ બાદશાહ જહાંગીર પોતાના રાજમહેલના ઝરૂખામાં સોનાનો ઘંટ લટકાવીને રાખતો અને તેની સાથે સોનાની સાંકળ પણ બાંધેલી રાખતો. પોતાના રાજ્યમાં વસવાટ કરતો કોઈપણ નાગરિક ન્યાય મેળવવા માટે આ સાંકળ ખેંચી શકતો હતો. આ ઉપરાંત ન્યાયતંત્રનો વહીવટ 'કાઝી-ઉલ-કુઝ્ઝાન' નામનો પ્રધાન સંભાળતો હતો.

**(2) શાહજહાંના સમયમાં વધુ બાંધકામો થયાં કારણ કે....** શાહજહાંના સમય દરમિયાન ખેતી, વેપાર-ઉદ્યોગ વગેરેનો ખૂબ વિકાસ થયો હતો. પરદેશ સાથે ખૂબ સારો વેપાર ચાલતો હતો. રાજ્યમાં શાંતિ અને સલામતીનો માહોલ હતો. રાજ્યની તિજોરીમાં અઢળક સંપત્તિ આવતી હતી. આમ, શાહજહાંના સમયમાં વધુ બાંધકામો થયાં હતાં.

**(3) વિશાળ મુઘલ સામ્રાજ્યના પતનની શરૂઆત ઔરંગઝેબના સમયમાં થઈ, કારણ કે...**
ઔરંગઝેબ સંકુચિત, પક્ષપાતી અને અસહિષ્ણુ માનસ ધરાવતો શાસક હતો. તેની સહિષ્ણુતાને લીધે જાટ, શીખો, મરાઠાઓ, રાજપૂતો વગેરે સામે તેને સંઘર્ષ થયા હતા. દક્ષિણના બીજાપુર અને ગોવલકોંડાના શિયારાજ્યો પણ તેના દુશ્મન બન્યાં હતાં. ઓરંગઝેબે પોતાના જીવનકાળનો મોટા ભાગનો સમય યુદ્ધની પ્રવૃત્તિમાં જ વિતાવ્યો હતો.

**(4) જરા સમજીએ :**

**1. મુઘલ સમયમાં વિદેશ સાથેનો વેપાર મોટા ભાગે ગુજરાતના બંદરેથી થતો.**

**ઉત્તર :** અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતને સૌથી વધુ દરિયાકિનારો મળેલ છે. ગુજરાતમાં ખંભાત, ભરૂચ, સુરત વગેરે બંદરોથી વિદેશમાં સુતરાઉ કાપડ, સિક્રીની શેતરંજીઓ, ઢાકાની મલમલ વગેરેની નિકાસ કરવામાં આવતી. ગુજરાતી પ્રજા શાંત અને વેપારમાં કુશળ હોઈ, વિદેશ સાથેનો વેપાર મોટા ભાગે ગુજરાતના બંદરેથી થતો.

**2. શાહજહાંના સમયમાં વૈભવવિલાસમાં વધારો થયો હતો, કારણ કે...** શાહજહાંના સમયમાં ખેતી, વેપાર-ઉદ્યોગ વગેરેનો ખૂબ વિકાસ થયો હતો. પરદેશો સાથે વેપારને કારણે દેશમાં પુષ્કળ સોનું અને ચાંદી આવતાં હતાં. તેના વારસાઈમાં મુઘલ શાસકો તરફથી ખૂબ જ મોટા પ્રમાણમાં ધન મળ્યું હતું. રાજ્યની તિજોરીમાં અઢળક સંપત્તિ આવતી હોવાથી વૈભવવિલાસમાં વધારો થયો હતો.

**(5) ચર્ચા કરીએ :**

**1. શાહજહાં અને બાંધકામ :**
શાહજહાં કલાપ્રેમી અને બાંધકામનો શોખીન હતો. શાહજહાંએ કેટલાક વિશ્વપ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં, તેને 'મહેલોનો બાંધનાર' કહે છે. શાહજહાંએ જૂની દિલ્હી પાસે શાહજહાંબાદ નામે એક નવું શહેર વસાવી તેમાં ભવ્ય ઈમારતો બંધાવી હતી. શાહજહાંએ પોતાની પત્ની મુમતાઝની યાદમાં વિશ્વવિખ્યાત તાજમહાલ બંધાવ્યો હતો. શાહજહાંએ લાલકિલ્લામાં દિવાને-આમ અને દીવાને-ખાસ રંગમહલ, દિલ્હીમાં જામા મસ્જિદ, આગ્રામાં મોતી મસ્જિદ વગેરે જેવા પ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં હતાં.

**2. ઔરંગઝેબની રાજનીતિ :**
ઔરંગઝેબની રાજનીતિ આપખુદ, સંકુચિત, પક્ષપાતી અને અસહિષ્ણુતા ભરેલી હતી. પોતાની અસહિષ્ણુતાને લીધે જાટ, શીખો, મરાઠાઓ, બુંદેલો તથા રાજપૂતો સામે તેને સતત સંઘર્ષ કરવો પડતો હતો. ઉત્તરમાં જોધપુરનાં વીર દુર્ગાદાસ સાથે તેણે સતત પચીસ વર્ષ સુધી સંઘર્ષ કર્યો, છેવટે તેને સુલેહ કરવી પડી. મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજીએ સ્વતંત્ર મરાઠા રાજ્યની સ્થાપના કરી. જીવનના અંત સુધી શિવાજી સામે તેનાં યુદ્ધો થતાં રહ્યાં હતાં. દક્ષિણ ભારતનાં બિજાપુર અને ગોવલકાંડાના શિયાપંથી મુસ્લિમ રાજ્યો સામે ઔરંગઝેબ સતત પચ્ચીસ વર્ષ સુધી સંઘર્ષ કરતો રહ્યો અને આખરે મુઘલ સામ્રાજ્યમાં સમાવી શક્યો. ઔરંગઝેબે પોતાના જીવનકાળ દરમિયાન મોટા ભાગનો સમય યુદ્ધની પ્રવૃત્તિમાં જ વિતાવ્યો હતો.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) મુઘલ શાસકોમાં સૌથી વધુ પ્રતિભાશાળી શાસક કોણ હતો ?**
(A) બાબર (B) શાહજહાં
(C) જહાંગીર (D) **અકબર**

**(2) ક્યા મુઘલ શાસકના શાસનકાળમાં વિશેષ પ્રમાણમાં બાંધકામો થયાં હતાં ?**

(A) **શાહજહાં** (B) અકબર

(C) ઔરંગઝેબ (D) જહાંગીર

**(3) જહાંગીરનું મૂળનામ શું હતું ?**

(A) અફઝલ (B) **સલીમ**

(C) સૈયદ (D) સુલેમાન

**(4) શાહજહાંએ જૂની દિલ્હી પાસે ક્યું નવું શહેર વસાવ્યું ?**

(A) ગાઝિયાબાદ (B) ઔરંગાબાદ

(C) **શાહજહાંબાદ** (D) ફિરોજાબાદ

**(5) શાહજહાંનું ક્યું સ્થાપત્ય વિશ્વવિખ્યાત છે ?**

(A) રંગમહલ (B) મોતી મસ્જિદ

(C) લાલ કિલ્લો (D) **તાજમહાલ**

**(6) ક્યો મુઘલ બાદશાહ અરબી અને ફારસી ભાષાનો જાણકાર હતો ?**

(A) શાહજહાં (B) **ઔરંગઝેબ**

(C) જહાંગીર (D) અકબર

**(7) મારવાડને સ્વતંત્ર કરવા કોણે ઔરંગઝેબ સામે પચ્ચીસ વર્ષ સંઘર્ષ કર્યો હતો ?**

(A) શિવાજીએ (B) મહારાણા પ્રતાપે

(C) **વીર દુર્ગાદાસે** (D) રાજા માનસિંહે

**(8) ક્યો મુઘલ બાદશાહ ચિત્રકલાનો શોખીન હતો ?**

(A) **જહાંગીર** (B) ઔરંગઝેબ

(C) શાહજહાં (D) બાબર

**(9) ક્યા શાસકનો શાસનકાળ મુઘલ સામ્રાજ્યનો 'સુવર્ણયુગ' કહેવાય છે ?**

(A) અકબરનો (B) ઔરંગઝેબનો

(C) જહાંગીરનો (D) **શાહજહાંનો**

**(10) શિવાજીનો જન્મ ક્યાં થયો હતો ?**

(A) તોરણના કિલ્લામાં

(B) **શિવનેરીના કિલ્લામાં**

(C) પુરંદરના કિલ્લામાં

(D) સિંહગઢમાં

**(11) શિવાજીએ રાજ્ય કારભાર ચલાવવા કેટલા પ્રધાનોનું મંડળ બનાવ્યું હતું ?**

(A) છ (B) સાત

(C) પાંચ (D) **આઠ**

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) જહાંગીરે શીખ ગુરુ **અર્જુનસિંહ**નો વધ કર્યો હતો.

(2) જહાંગીરની પત્નીનું નામ **નૂરજહાં** હતું.

(3) **શાહજહાંએ** ખેતીને પ્રાધાન્ય આપવા અકબરની મહેસૂલ પદ્ધતિ ચાલુ રાખી.

(4) મુઘલ બાદશાહ **ઔરંગઝેબ**ની યાદશક્તિ ગજબની હતી.

(5) **જહાંગીરના** સમયમાં દશેરાનો ઉત્સવ ઠાઠમાઠથી ઊજવવામાં આવતો હતો.

(6) મુઘલ શાસકોમાં **શાહજહાં** 'મહેલોનો બાંધનાર' તરીકે જાણીતો છે.

(7) મુઘલ શાસન સમયે **કબીર** અને **રહીમ**ના દોહા અને સાખી પ્રચલિત થયા હતા.

(8) **બર્નિયર** નામનો ફ્રેન્ચ મુસાફર ભારતમાં બાર વર્ષ સુધી રહ્યો હતો.

(9) **ઔરંગઝેબે** રાજપૂતો સાથે સુલેહ કરવી પડી હતી.

(10) શિવાજીનો રાજ્યાભિષેક **રાયગઢ કિલ્લા**માં થયો હતો.

(11) શિવાજીના મિત્રનું નામ **તાનાજી** હતું.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) શાહજાદા ખુશરુએ બંડ પોકારતાં જહાંગીરે તેને કેદ કર્યો હતો. - ✓

(2) શાહજહાંના સમયમાં મુઘલ શાસનની આવક ખૂબ જ ઘટી હતી. - ✗

(3) દુર્ગાદાસના સૈન્યની ઓચિંતા છાપા મારવાની વ્યૂહરચના સામે ઔરંગઝેબ હાર્યો. - ✓

(4) શિવાજીએ સોળ વર્ષની ઉંમરે કિલ્લાઓ જીતવાની શરૂઆત કરી હતી. - ✓

(5) શિવાજીને રાજનીતિના પાઠ દાદાજી કોંડદેવે શીખવ્યા હતા. - ✓

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) તાજમહાલનું નિર્માણ | (A) ટેવર્નિયર તથા બર્નિયર | (1) - **(D)** |
| (2) મારવાડની સ્વતંત્રતાના રક્ષક | (B) વીર દુર્ગાદાસ | (2) - **(C)** |
| (3) મરાઠા રાજ્યના સ્થાપક | (C) શાહજહાં | (3) - **(A)** |
| (4) ફ્રેંચ મુસાફરો | (D) ઔરંગઝેબ | (4) - **(E)** |
| (5) સંકુચિત નીતિ ધરાવનાર શાસક | (E) શિવાજી | (5) - **(B)** |

**5. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) અકબરના અવસાન બાદ દિલ્હીની ગાદીએ કોણ આવ્યું ?**

**ઉત્તર :** અકબરના અવસાન બાદ દિલ્હીની ગાદીએ તેનો પુત્ર જહાંગીર આવ્યો.

**(2) જહાંગીરના સમયમાં ઈંગ્લૅન્ડના રાજાના પ્રતિનિધિ તરીકે ભારતમાં કોણ આવ્યા હતા ?**

**ઉત્તર :** જહાંગીરના સમયમાં ઈંગ્લૅન્ડના રાજાના પ્રતિનિધિ તરીકે ભારતમાં હોકિન્સ અને ટોમસ રો આવ્યા હતાં.

**(3) જહાંગીરના રાજ્યનો મોટા ભાગનો વહીવટ કોણ સંભાળતું હતું ?**

**ઉત્તર :** જહાંગીરના રાજ્યનો મોટા ભાગનો વહીવટ તેની પત્ની નૂરજહાં સંભાળતી હતી.

**(4) 'રાજ્યની આબાદીનો પાયો ખેતી છે' એવું કોણ માનતું હતું ?**

**ઉત્તર :** 'રાજ્યની આબાદીનો પાયો ખેતી છે' એવું શાહજહાં માનતો હતો.

**(5) શાહજહાંએ ક્યા ક્યા પ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યાં હતાં ?**

**ઉત્તર :** શાહજહાંએ વિશ્વવિખ્યાત તાજમહાલ, લાલ કિલ્લામાં દીવાને-આમ અને દીવાને-ખાસ, રંગમહલ, મોતી મસ્જિદ અને દિલ્હીમાં જુમા મસ્જિદ બંધાવી હતી.

**(6) ક્યા મુઘલ બાદશાહને કલા, સંગીત, ચિત્ર પ્રત્યે અણગમો હતો ?**

**ઉત્તર :** ઔરંગઝેબને કલા, સંગીત અને ચિત્ર પ્રત્યે અણગમો હતો.

**(7) ઔરંગઝેબને દક્ષિણના ક્યા રાજ્યો સામે પચ્ચીસ વર્ષ સંઘર્ષ ચાલ્યો ?**

**ઉત્તર :** ઔરંગઝેબને દક્ષિણના બીજાપુર અને ગોવલકોંડાનાં શિયારાજ્યો સામે પચ્ચીસ વર્ષ સંઘર્ષ ચાલ્યો.

**(8) મરાઠા રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?**

**ઉત્તર :** મરાઠા રાજ્યની સ્થાપના શિવાજીએ કરી હતી.

**(9) ઔરંગઝેબ સામે કઈ કોમોએ બળવો કર્યો હતો ?**

**ઉત્તર :** ઔરંગઝેબ સામે જાટ, શીખો, મરાઠાઓ અને રાજપૂતોએ બળવો કર્યો હતો.

**(10) મુઘલ સમયમાં ક્યા બે ફ્રેંચ મુસાફરો ભારતમાં આવ્યા હતા ?**

**ઉત્તર :** મુઘલ સમયમાં ટેવર્નિયર અને બર્નિયર નામના બે ફ્રેંચ મુસાફરો ભારતમાં આવ્યાં હતાં.

**(11) ફ્રેંચ મુસાફર બર્નિયરે શું નોંધ્યું છે ?**

**ઉત્તર :** ફ્રેંચ મુસાફર બર્નિયરે નોંધ્યું છે કે મુઘલ શાસકો લશ્કર પાછળ ખૂબ ખર્ચા કરતા હતા અને ભારતનું કાપડ યુરોપ અને એશિયાના બજારોમાં ખૂબ વખણાતું હતું.

**(12) શિવાજીનાં માતા અને પિતાનાં નામ લખો.**

**ઉત્તર :** શિવાજીના માતાનું નામ જીજાબાઈ અને પિતાનું નામ શાહજી હતું.

**(13) શિવાજીનો ઉછેર કોની નજર હેઠળ થયો હતો ?**

**ઉત્તર :** શિવાજીનો ઉછેર માતા જીજાબાઈ અને ગુરુ દાદાજી કોંડદેવની નજર હેઠળ થયો હતો.

**(14) શિવાજીને માતા પાસેથી ક્યા ગુણો મળ્યા હતા ?**

**ઉત્તર :** શિવાજીને માતા પાસેથી સ્વાભિમાન, નીડરતા અને તેજસ્વીતાના ગુણો મળ્યા હતા.

**(15) શિવાજીએ ક્યા ક્યા જિલ્લા જીત્યા ?**

**ઉત્તર :** શિવાજીએ તોરણા, ચાકણ, સિંહગઢ, પુરંદર વગેરે કિલ્લાઓ જીત્યા હતા.

**6. નીચેના પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો.**

**(1) મુઘલ સમયની આર્થિક સ્થિતિ વિશે ત્રણ-ચાર વાક્યો લખો.**

**ઉત્તર :** અબુલ ફઝલ નામના ઈતિહાસકારના પુસ્તકમાંથી મુઘલ સમયની આર્થિક સ્થિતિ જાણી શકાય છે. આ સમયે મણ 55.5 રતલ બરાબર હતો. લાહોરની શાલ, ફતેહપુર સિક્રીની શેતરંજીઓ, ગુજરાતનું સુતરાઉ કાપડ તથા ઢાકાની મલમલ દુનિયાભરમાં જાણીતી વસ્તુઓ હતી. ખંભાત, સુરત, ભરૂચ, મલબાર તથા બંગાળનાં કેટલાંક બંદરોથી વિદેશમાં માલ જતો અને આવતો હતો.

**7. ટૂંકનોંધ લખો.**

**(1) શિવાજી :** શિવાજીનો જન્મ ઈ.સ.1630માં શિવનેરીના કિલ્લામાં થયો હતો. માતાનું નામ જીજાબાઈ અને પિતાનું નામ શાહજી હતું. માતા જીજાબાઈ અને ગુરુ દાદાજી કોંડદેવની નજર હેઠળ શિવાજીનો ઉછેર થયો. પુનાની નાની એવી જાગીરમાંથી તાનાજી જેવા મિત્રોના સહયોગથી સોળ વર્ષની ઉંમરે તેમણે કિલ્લાઓ જીતવાની શરૂઆત કરી. માતા જીજાબાઈ તરફથી સ્વાભિમાન, નીડરતા અને તેજસ્વીતાના ગુણો તથા રાજનીતિના પાઠ દાદા પાસેથી શીખવા મળ્યા હતા. તોરણા, ચાકણ, સિંહગઢ, પુરંદર વગેરે કિલ્લાઓ તેમણે જીતી લીધા. ઈ.સ. 1974માં રાયગઢમાં શિવાજીનો રાજ્યાભિષેક થયો. રાજ્ય કારભાર ચલાવવા માટે તેમણે આઠ પ્રધાનોનું એક મંડળ બનાવ્યું હતું.

# 7. બજારમાં ગ્રાહક

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- ગ્રાહક કોને કહેવાય ?
- વસ્તુની ખરીદી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો
- ગ્રાહકના અધિકારો
- ગ્રાહકની ફરજો

## એકમની ટૂંક સમજ

- આપણા મહોલ્લાની દુકાનો, સાપ્તાહિક (ગુજરી) બજાર અને શોપિંગ મૉલ વગેરેનો સમાવેશ બજારમાં થાય છે.
- પૈસા આપી વસ્તુ ખરીદનારને ગ્રાહક કહેવામાં આવે છે.
- ખેતપેદાશોથી તૈયાર થતી વસ્તુ ઉપર એગમાર્કનું નિશાન હોય છે.
- ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુ ઉપર (ISI)નું નિશાન હોય છે.
- ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર વુલમાર્કની નિશાની હોય છે.
- સોના-ચાંદીની બનાવટો ઉપર હોલમાર્કની નિશાની હોય છે.
- શાકાહારી ખાદ્યસામગ્રી ઉપર લીલા રંગનું ચિહ્ન હોય છે.
- માંસાહારી ખાદ્યસામગ્રી ઉપર લાલ રંગનું ચિહ્ન હોય છે.
- ગ્રાહકને પૈસાનું પૂરેપૂરું વળતર મેળવવાનો અધિકાર છે.
- ગ્રાહકને વસ્તુની જાણકારી મેળવવાનો અધિકાર છે.
- ગ્રાહકને વસ્તુની પસંદગી કરવાનો અને ખરીદેલા માલના અસંતોષ સામે ફરિયાદ કરવાનો અધિકાર છે.
- ગ્રાહકને વસ્તુની ખરીદીનું બિલ મેળવવાનો અધિકાર છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) નીચેનું કોષ્ટક જુઓ :**

| ક્રમ | ચીજવસ્તુનું નામ | ઉત્પાદન સ્થળ | | વસ્તુ ક્યાંથી ખરીદશો ? શા માટે ? |
|---|---|---|---|---|
| | | ખેતર | કારખાનું | |
| 1 | ઘઉં | ખેતર | | બજાર ભાવ કરતાં ઓછા ભાવે મળવાથી |
| 2 | ફ્રીઝ | | કારખાનું | બજારમાંથી કંપનીએ દર્શાવેલ કિંમતે મળવાથી |
| 3 | સાઈકલ | | કારખાનું | સાઈકલ સ્ટૉરમાંથી યોગ્ય કિંમતે મળવાથી |
| 4 | કબાટ | | કારખાનું | ફર્નિચરની દુકાનેથી યોગ્ય કિંમતે મળવાથી |

**(2) વેપારી દ્વારા ગ્રાહકને કઈ કઈ રીતે અસંતોષ થાય છે ?**

**ઉત્તર :** વેપારી દ્વારા ગ્રાહકને આ મુજબ અસંતોષ થાય છે (1) વસ્તુ વજન કરતાં ઓછી આપવી (2) ઓછી ગુણવત્તાવાળી વસ્તુ આપવી (3) ખરીદેલ વસ્તુનું બીલ ન આપવું (4) બગડેલી, સડેલી કે નકામી વસ્તુઓ આપવી (5) નકલી વસ્તુઓ આપવી (6) ઉત્પાદન તારીખ પછીની અવધી તારીખવાળી વસ્તુઓ આપવી (7) ભેળસેળવાળી વસ્તુઓ આપવી.

**(3) 'જાગો ગ્રાહક જાગો !' જાગોનો અર્થ શો ? ગ્રાહકને શાના વિશે જાગવાનું કહે છે ?**

**ઉત્તર :** 'જાગો ગ્રાહક જાગો !' જાગોનો અર્થ થાય છે કે ગ્રાહકે વસ્તુની ખરીદીની બાબતમાં જાગૃત બનવું જોઈએ. પોતાને થતાં અન્યાય સામે ગ્રાહક સુરક્ષા અધિકારનો ઉપયોગ કરવો જોઈએ. ગ્રાહકને વેપારીઓ તરફથી થતા અન્યાય સામે જાગવાનું છે.

**(4) ગ્રાહક તરીકેની આપણી શી ફરજો ? (પાંચ વાક્યો લખો.**

**ઉત્તર :** ગ્રાહક તરીકે આપણી ફરજો આ મુજબ છે. ● કોઈપણ વસ્તુની પસંદગી કરતી વખતે કિંમત, ગુણવત્તા, ઉત્પાદન તારીખ, ક્યાં સુધી ઉપયોગમાં લઈ શકાય ● ખરીદેલ વસ્તુનું બીલ લેવું જોઈએ. ● પસંદ કરેલ વસ્તુ પર ક્યું ચિહ્ન છે તે જોઈ લેવું જોઈએ. ● જાહેરાતોથી લલચાઈ જવું જોઈએ નહીં. ● ખરીદેલ વસ્તુથી અસંતોષ થાય તો 'ગ્રાહક સુરક્ષા'ની મદદ લેવી જોઈએ.

## સ્વાધ્યાય

**(1) અહીં કેટલીક એવી લોભામણી ચીજ-વસ્તુઓની જાહેરાત આપવામાં આવી છે કે જેને આપણે બજારમાંથી ખરીદીએ છીએ. આમાં વાસ્તવમાં કોઈ એવી જાહેરાત છે, જે ખરેખર ગ્રાહકોને લાભ પહોંચાડે છે.**

● પ્રત્યેક 500 ગ્રામના પૅક પર 15 ગ્રામની વધારે છૂટ ● 1000 રૂપિયાની ખરીદી કરો અને 10 લાખ સુધીનાં ઈનામ જીતો. ● 2000 રૂપિયા સુધીના બુટ ખરીદો અને રૂપિયા 500 સુધીના એક જૉડ મફત મેળવો.

**ઉત્તર :** ઉપરોક્ત લોભામણી જાહેરાતમાં પહેલી જાહેરાત ગ્રાહકને લાભ પહોંચે છે. આ જાહેરાતમાં પ્રત્યેક 500 ગ્રામના પેક પર 15 ગ્રામ વધુ વસ્તુ ગ્રાહકને મળે છે.

**(2) ધારો કે તમે એક દવાની બૉટલ અને બિસ્કિટનું પેકેટ ખરીદો છો. ખરીદી વખતે તમે ક્યા લોગો અથવા શબ્દચિહ્ન જોશો ? શા માટે ?**

**ઉત્તર :** ધારે કે હું એક દવાની બૉટલ ખરીદવા જાઉં તો તેના ઉપર રજીસ્ટર ટ્રેડમાર્કનું ચિહ્ન અને તેના ઉપર છપાયેલ અંતિમ તારીખ તપાસ કરીશ. જો હું બિસ્કીટની ખરીદી કરવા જાઉં તો તેના ઉપર લીલા રંગનું ખાદ્યસામગ્રીનું ચિહ્ન જોઈશ.

**(3) કોઈ એક રેપર લઈ તેની બનાવટમાં કઈ કઈ વસ્તુઓનો (કન્ટેન્ટ્સ) ઉપયોગ થયો છે**

**તે નોંધો.**

**ઉત્તર :** વિશાલ પ્રાઈવેટ લિમિટેડના બટાકાની વેફર્સના એક રેપર ઉપર વેફર્સની બનાવટમાં ઉપયોગમાં લેવાયેલ વસ્તુઓ ● બટેટાની ચિપ્સ ● મીઠું ● સીંગતેલ ● કાળી મરી

**(4) આ પુસ્તકના મુદ્રણનું વર્ષ જણાવો.**

**ઉત્તર :** આ પુસ્તકના મુદ્રણનું વર્ષ ૨૦૧૩-૧૪ છે.

**(5) આપણે ચીજવસ્તુની ખરીદી વખતે હંમેશાં બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ ? શા માટે ?**

**ઉત્તર :** આપણે ચીજવસ્તુની ખરીદી વખતે હંમેશાં બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ, કારણ કે જ્યારે પણ આપણને કોઈ ખરીદેલ વસ્તુથી અસંતોષ થાય છે ત્યારે વેપારી સામે ગ્રાહક-સુરક્ષા મંડળમાં ફરિયાદ નોંધાવી શકીએ છીએ. ગ્રાહક સુરક્ષા મંડળમાં લડત લડવા માટે વસ્તુની ખરીદીનું બીલ હોવું ખૂબ જ જરૂરી છે.

**(6) નીચેનાં ઉત્પાદનો કે સેવાઓ (તમે આ યાદીમાં નવા નામ ઉમેરી શકો છો) ઉપર ચર્ચા કરો. તમારી દૃષ્ટિએ ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ સુરક્ષાના ક્યા નિયમોનું પાલન કરવું જોઈએ ?**

● એલ.પી.જી. ગૅસ સિલિન્ડ ● સર્કસ
● ખાદ્યતેલ ● એક બહુમાળી ઈમારત
● સિનેમા થિયેટર ● દવાઓ
● સમૂહલગ્નોત્સવ મંડપ

**ઉત્તર :** ઉપરોક્ત બાબતે ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ નીચે મુજબની સુરક્ષાના નિયમોનું પાલન કરવું જોઈએ. (1) એલ.પી.જી. ગૅસના બાટલા (2) ઈમરજન્સી ઍક્ઝીટ (3) રેતી (4) પાણી, (5) સાયરન (6) બહુમાળી ઈમારતમાં ફાયર લિફ્ટ વગેરે રાખવાં જોઈએ.

**(7) નીચેની પ્રશ્નાવલિનો ઉપયોગ પોતાના ગ્રામ્ય વિસ્તાર/એક સર્વેક્ષણમાં કરો અને જાણો કે ગ્રાહકોના રૂપમાં લોકો કેટલા જાગૃત છે.**

● **પ્રત્યેક પ્રશ્ન માટે કોઈ એક પર ☑ નિશાની કરો.**

**1. તમે જ્યારે કોઈ વસ્તુ ખરીદો ત્યારે તમે બિલની માંગણી કરો છો ?**

(A) **હંમેશાં** (B) ક્યારેક (C) ક્યારેય નહીં

**2. તમે બિલને સુરક્ષિત રાખ્યું છે ?**

(A) **હંમેશાં** (B) ક્યારેક (C) ક્યારેય નહીં

**3. તમને જ્યારે એવું લાગે છે કે તમે દુકાનદાર દ્વારા છેતરાયા છો, તો તમે તેની ફરિયાદ કરી છે ?**

(A) હંમેશાં (B) ક્યારેક (C) **ક્યારેય નહીં**

4. તમે વેપારીને એ જણાવવામાં સફળ થયા કે તમે છેતરાયા છો ?

(A) હંમેશાં (B) **ક્યારેક** (C) ક્યારેય નહીં

**5. તમે પોતે એમ સમજીને સંતોષ માની લો છો કે આ તમારું દુર્ભાગ્ય છે કે હંમેશાં તમે છેતરાઈ જાઓ છો અને એમાં નવું કશું નથી ?**

(A) **હંમેશાં** (B) ક્યારેક (C) ક્યારેય નહીં

**6. તમે આઈ.એસ.આઈ. અથવા અન્ય ચિહ્ન અંતિમ તારીખ વગેરેની તપાસ કરો છો ?**

(A) **હંમેશાં** (B) ક્યારેક (C) ક્યારેય નહીં

**7. જો અંતિમ તારીખમાં માત્ર એક મહિનો અથવા તેની આસપાસ હોય, તો તમે તાજા પેકેટની માગણી કરો છો ?**

(A) **હંમેશાં** (B) ક્યારેક (C) ક્યારેય નહીં

**8. તમે નવું ગૅસ સિલિન્ડર અથવા જૂનાં છાપાંઓ ખરીદતાં-વેચતાં પહેલાં જાતે વજનની તપાસ કરો છો ?**

(A) હંમેશાં (B) ક્યારેક (C) **ક્યારેય નહીં**

**9. જ્યારે શાકભાજી વેચવાવાળો વાસ્તવિક વજનિયાં (બાટ)ની જગ્યાએ પથ્થરનો ઉપયોગ કરે છે, તો તમે વિરોધ કરો છો ?**

(A) હંમેશાં (B) **ક્યારેક** (C) ક્યારેય નહીં

**10. અત્યંત ચળકતાં રંગોવાળી શાકભાજી તમને શંકા પેદા કરાવે છે ?**

(A) હંમેશાં (B) **ક્યારેક** (C) ક્યારેય નહીં

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) બજારમાંથી પૈસા આપી વસ્તુ ખરીદનારને શું કહેવાય છે ?**

(A) ઉત્પાદક (B) દલાલ
(C) **ગ્રાહક** (D) ફેરિયા

**(2) ભારતમાં શાકાહારી ખાદ્ય સામગ્રી ઉપર ક્યા રંગનું ચિહ્ન હોય છે ?**

(A) લાલ (B) **લીલા**
(C) પીળા (D) કાળા

**(3) ગ્રાહકને અન્યાય થાય તો તે ક્યાં ફરિયાદ કરી શકે છે ?**

(A) હાઈકોર્ટમાં (B) સર્વોચ્ચ અદાલતમાં
(C) **ગ્રાહક સુરક્ષામાં** (D) લોક અદાલતમાં

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) ભારતમાં ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર **વુલમાર્ક**ની નિશાની હોય છે.

(2) ભારતમાં માંસાહારી ખાદ્યસામગ્રી ઉપર **લાલ** રંગનુ નિશાન હોય છે.

(3) ગ્રાહકને વસ્તુની ખરીદીનું **બીલ** માંગવાનો અધિકાર છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) બજારમાંથી વસ્તુની ખરીદી કરવા કિંમત ચૂકવવી પડે છે. - ✓
(2) સરકાર દ્વારા વસ્તુઓની ચોક્કસ પ્રકારની ચકાસણી થતી નથી. - ✗
(3) ગ્રાહકને વસ્તુની પસંદગી કરવાનો અધિકાર છે. - ✓

**4. મને ઓળખી મારું નામ લખો.**

(1) હું ખેતપેદાશોમાંથી તૈયાર થતી વસ્તુ ઉપરનું નિશાન છું. - **એગમાર્ક**
(2) હું ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુ ઉપરનું નિશાન છું. - **આઈ.એસ.આઈ. માર્ક**
(3) હું સોના-ચાંદીની બનાવટો પરનું નિશાન છું. - **હોલમાર્ક**

**5. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) ગ્રાહક કોને કહેવાય છે ?**

**ઉત્તર :** બજારમાંથી પૈસા આપીને વસ્તુ ખરીદી કરનાર ગ્રાહક કહેવાય છે.

**(2) ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુઓ ઉપર શાનો માર્કો લગાડવામાં આવે છે ?**

**ઉત્તર :** ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુઓ ઉપર ISIનો માર્કો લગાડવામાં આવે છે.

**(3) ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર શાનો માર્કો લગાડવામાં આવે છે ?**

**ઉત્તર :** ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર વુલમાર્કનો માર્કો લગાડવામાં આવે છે.

**(4) સોના-ચાંદીની બનાવટો ઉપર શાનો માર્કો લગાડવામાં આવે છે ?**

**ઉત્તર :** સોના-ચાંદીની બનાવટો ઉપર હોલમાર્કનો માર્કો લગાડવામાં આવે છે.

**(5) સરકાર દ્વારા ગ્રાહકના સંતોષ માટે વસ્તુઓ ઉપર શું કરવામાં આવે છે ?**

**ઉત્તર :** સરકાર દ્વારા ગ્રાહકના સંતોષ માટે વસ્તુઓ ઉપર ચોક્કસ પ્રકારની ચકાસણી કરી વિવિધ નિશાની લગાવવામાં આવે છે.

**6. નીચેના પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યોમાં જવાબ લખો.**

**(1) આપણા દેશમાં સરકાર દ્વારા કઈ વસ્તુઓની બનાવટો ઉપર ક્યા ક્યા માર્કા લગાડવામાં આવે છે ?**

**ઉત્તર :** આપણા દેશમાં સરકાર દ્વારા ખેતપેદાશોથી તૈયાર થતી વસ્તુ ઉપર ISIનું નિશાન, ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ ઉપર વુલમાર્કનું નિશાન તથા સોના-ચાંદીની બનાવટો ઉપર હોલમાર્કનું નિશાન લગાડવામાં આવે છે.

**(2) ગ્રાહકના અધિકારો જણાવો.**

**ઉત્તર :** ગ્રાહકના અધિકારો (1) ગ્રાહકને પૈસાનું પૂરેપૂરું વળતર મેળવવાનો અધિકાર છે. (2) ગ્રાહકને વસ્તુની જાણકારી મેળવવાનો અધિકાર છે. (3) ગ્રાહકને વસ્તુની પસંદગી કરવાનો અધિકાર છે. (4) ખરીદેલ વસ્તુમાં અસંતોષ હોય તો વેપારી સામે ફરિયાદ કરવાનો અધિકાર છે. (5) ગ્રાહકને વસ્તુની ખરીદીનું બિલ મેળવવાનો અધિકાર છે.

**પ્રોજેક્ટ વર્ક :** નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| ક્રમ | વસ્તુનું નામ | છપાવેલ કિંમત | ઉત્પાદકનું નામ | ચોક્કસ વજન | પેક કર્યાનો મહિનો વર્ષ | ઉપયોગની અંતિમ તારીખ | ચકાસણીનું કયું નિશાન ? | ઉપયોગ ક્યાં થાય છે ? |
|---|---|---|---|---|---|---|---|---|
| **(1)** | ઈલેક્ટ્રીક ફેન | 2550/- | ઉષા ઈલેક્ટ્રીક કંપની | 4 કિલોગ્રામ | જાન્યુઆરી 2015 | – | ISI | ઘર, ઑફિસ હૉસ્પિટલ વગેરે સ્થળોએ ગરમીથી બચવા |
| **(2)** | રાણી કપાસિયા તેલ | 1251/- | કનેરીયા ઑઈલ મીલ | 15 કિલોગ્રામ | માર્ચ 2015 | ફેબ્રુઆરી 2016 | એગમાર્ક | ખાદ્ય તેલમાંથી રસોઈ બનાવવા માટે |
| **(3)** | એલ.ઈ.ડી. ટીવી | 29500/- | સેન્સુઈ | 18 કિલોગ્રામ | નવેમ્બર 2015 | – | ISI | મનોરંજન માટે |

# 8. મધ્યકાલીન સ્થાપત્યો

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- સોમનાથ અને દ્વારકાધીશનું મંદિર
- રૂદ્રમહાલય
- મોઢેરાનું સૂર્યમંદિર
- પાલીતાણા
- સિદીસૈયદની જાળી
- કાંકરિયા તળાવ
- **દિલ્હી સલ્તનતનું સ્થાપત્ય :** કુતુબમિનાર, ઢાઈ દિન કા ઝોંપડા
- **ચૌલસમયનું સ્થાપત્ય :** બૃહદેશ્વરનું મંદિર
- **મુઘલ સમયનું સ્થાપત્ય :** બુલંદ દરવાજા, ફતેહપુર સિક્રી, લાલ કિલ્લો, તાજમહલ

## એકમની ટૂંક સમજ

- સોમનાથ, જૂનાગઢ જિલ્લાના વેરાવળ પાસે આવેલું સૌંદર્ય શૈવપંથનું એક અત્યંત પુરાતન, સમૃદ્ધ અને મહત્ત્વનું કેન્દ્ર હતું. ઈ.સ.1951માં નવા મંદિરનું નિર્માણ થયેલ છે.
- દ્વારકાધીશનું મંદિર જામનગર જિલ્લાના દરિયા-કાંઠે આવેલું છે. તેનું સ્થાપત્ય તેરમી સદીનું છે. મંદિરમાં ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ, ગર્ભગૃહ, વિશાળ સભાગૃહ અને મહામંડપ આવેલા છે. આદ્યશંકરાચાર્યએ સ્થાપેલ 'શારદાપીઠ' મઠ દ્વારકામાં આવેલ છે.
- મોઢેરાનું સૂર્યમંદિર લગભગ કર્કવૃત્ત પર આવેલું છે. ઈ.સ. 1026-27ના સમયમાં ભીમદેવ

પહેલાએ આ મંદિરનું બાંધકામ કરાવેલ છે. આ મંદિરની રચના એવી રીતે કરવામાં આવી છે કે શરદ અને વસંતઋતુમાં સૂર્યનાં કિરણો આખા સભામંડપને વીંધીને બરાબર ગર્ભગૃહમાં પડે.

- પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં આવેલ રુદ્રમહાલયનું બાંધકામ સોલંકીયુગના મૂળરાજે શરૂ કરેલ અને સિદ્ધરાજ જયસિંહે પૂર્ણ કરાવેલ.
- પાલીતાણા જૈનોનું મહાતીર્થ છે. 603 મીટર ઊંચી શેત્રુંજય પર્વતમાળા ઉપર અસંખ્ય મંદિરો આવેલાં છે. શેત્રુંજય જૈનોના પહેલા તીર્થંકર આદિનાથ ભગવાન ઋષભદેવજીનું સ્થાપન ગણાય છે.
- અમદાવાદના લાલદરવાજે આવેલી સિદી-સૈયદની જાળી શમસુદ્દીન મુઝફ્ફરશાહ ત્રીજાના સૈનિક સિદીસૈયદ દ્વારા બનાવવામાં આવી હતી. પથ્થરની દિવાલોમાં આવેલી બે જાળીઓ જગમશહૂર છે.
- સલ્તનતકાળ દરમિયાન અમદાવાદમાં કુતુબુદ્દીને એક તળાવનું બાંધકામ કરાવ્યું હતું, જે ‘હો જે એ-કુતુબ’ના નામે ઓળખાતું. આજે તે ગુજરાતના પ્રવાસના સ્થળ કાંકરિયા તરીકે ઓળખાય છે.
- દિલ્હી સલ્તનત સમયમાં સ્થાપત્યમાં ભારત તથા ઈરાનની શૈલી જોવા મળે છે. તેમાં ચૂનો અને ઈંટને પીસીને બનાવેલ કમાન, ગુંબજ, સુરેખ, ભૌમિતિક આકાર, ફૂલ, પાંદડાં અને વેલની આકૃતિઓનો ઉપયોગ સુશોભનમાં થતો.
- કુતુબમિનારને બાંધવાની શરૂઆત કુતુબુદ્દીન ઐબકે કરી હતી. તેને પૂર્ણ ઈલ્તુત્મિશે કર્યો હતો. ભારતનો આ પ્રકારનો પાંચ માળનો મિનારો સૌથી વધુ ઊંચાઈ ધરાવે છે.
- ‘ઢાઈ દિન કા ઝોંપડા’ ભારતમાં બનેલી પહેલી મસ્જિદ હતી. જેનું નિર્માણ કુતુબુદ્દીન ઐબકે દિલ્હીમાં કર્યું હતું.
- ચૌલની દ્રવિડ શૈલીની કેટલીક વિશેષતાઓ છે જેમાં વર્ગાકાર વિમાન, મંડપ, ગોપુરમ્.
- રાજરાજે દ્વારા નિર્મિત તુંજાવરનું રાજેશ્વર કે બૃહદેશ્વર મંદિર દ્રવિડ ચૌલ-સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આમાં બે ગોપુરમ્ આવેલાં છે.
- ચૌલકાલીન નૃત્ય કરતાં શિવની નટરાજ મૂર્તિ કાંસ્યમૂર્તિઓમાં સર્વોત્તમ છે.
- મુઘલકાળનાં સ્થાપત્યો ઊંચા ઓટલા પર બનાવવામાં આવતાં, ચારેબાજુ બગીચા, વહેતા પાણીની વ્યવસ્થા, સફેદ આરસપહાણ અને ઈમારતોમાં રંગીન પથ્થરો જડવામાં આવતા.
- અકબરે આગ્રાની નજીક ફતેહપુર સિક્રીમાં જામાસ્જિદનું નિર્માણ કર્યું. જેનો દક્ષિણ પ્રવેશદ્વારા બુલંદ દરવાજા તરીકે ઓળખાય છે. તે ભારતનો સૌથી ઊંચો 53 મીટર ઘુમ્મટવાળો દરવાજો છે.
- દિલ્હીમાં શાહજહાંએ લાલકિલ્લાનું નિર્માણ કર્યું. જેનાં દીવાને-આમ, દીવાને-ખાસ, મોતી મસ્જિદ અને હયાતબખ્શ બાગ આવેલા છે.
- મુઘલ સમ્રાટ શાહજહાંએ પોતાની પત્ની મુમતાજ મહલની યાદમાં આગ્રામાં સંપૂર્ણ સફેદ આરસપહાણમાંથી તાજમહલ બંધાવ્યો. જેની પરના નકશીકામ, ભવ્ય બાંધકામ, ઉત્કૃષ્ટ ચિત્રકારની જડાઉ પીચકારીને કારણે વિશ્વની સાત અજાયબીમાં સ્થાન પામેલ છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) વર્તમાન સમયમાં બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી જેવાં યાત્રાધામોની યાત્રા માટે રસ્તાઓ બન્યા છે. વર્ષો પહેલાં લોકો આ યાત્રા કઈ રીતે કરતાં હશે ?**

ઉત્તર : વર્ષો પહેલાં લોકો બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી જેવાં યાત્રાધામોની યાત્રા કાચા રસ્તા, પહાડી માર્ગો અને કાચી કેડીઓ દ્વારા પગપાળા કરતા હશે.

**(2) નીચેના સ્થળ વિશે ટૂંકમાં પરિચય આપો અથવા ટૂંકનોંધ લખો.**

- **સોમનાથનું મંદિર :** સોમનાથ મંદિર જૂનાગઢ જિલ્લાના હાલના (ગીર-સોમનાથ) વેરાવળ પાસે અરબ સાગરના કિનારે આવેલું છે. સોમનાથ મંદિર ભારતમાં આવેલ અત્યંત પવિત્ર એવા બાર-જ્યોતિર્લિંગમાંનુ એક છે. સોમનાથ ભારતના શૈવપંથનું એક અત્યંત પુરાતન, સમૃદ્ધ અને મહત્ત્વનું કેન્દ્ર હતું. આજે પુરાણા મંદિરનું માત્ર સ્થાન જોવા મળે છે. ઈ.સ.1951માં નવા મંદિરનું નિર્માણ કરવામાં આવેલું છે.
- **દ્વારકાધીશનું મંદિર :** દ્વારકાધીશનું મંદિર ગુજરાતના (જામનગર) હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠે આવેલ છે. ભારતના પ્રસિદ્ધ ચાર ધામોમાંનું આ હરિધામ ગોમતી નદીના ઉત્તર કિનારે આવેલ છે. તેનું સ્થાપત્ય તેરમી સદીનું છે. તેમાં ભગવાન ચતુર્ભુજ મૂર્તિ, ગર્ભગૃહ, વિશાળ સભાગૃહ તથા મહામંડપનો સમાવેશ થાય છે. અંદાજે 80 પગથિયાં જેટલી ઊંચાઈ પર આ મંદિર આવેલું છે. આ મંદિરમાં છ માળવાળું શિખર, પાંચ માળનો વિશાળ મંડપ અને ઘુમ્મટ 60 સ્તંભો પર ઊભો છે.
- **રુદ્રમહાલય :** રુદ્રમહાલય પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં આવેલ છે. પ્રાચીન ગ્રંથોમાંથી મળતી માહિતી મુજબ તે યોગ્ય-ભવ્ય-વિશાળ અને અનુપમ શિલ્પ સમૃદ્ધિવાળું સ્થાપત્ય હતું. સોલંકીયુગના મૂળરાજે તે બાંધવાની શરૂઆત કરેલી અને સિદ્ધરાજ જયસિંહે પૂર્ણ કરાવેલ. તેના સભાખંડો, ઉપખંડો, માળ-મેડીઓ અને ઝરૂખા અસંખ્ય સ્તંભોને મનોહર શિલ્પબદ્ધ તોરણ તેની સમૃદ્ધિનાં દર્શન કરાવે છે. સમયકાળે તેનો નાશ થતો ગયો. આજે માત્ર ચારેક થાંભલા અને કમાન જેવા થોડાંક અવશેષો બચ્યા છે.
- **સિદીસૈયદની જાળી :** સિદીસૈયદની જાળી અમદાવાદ શહેરમાં લાલ દરવાજા પાસે આવેલી છે. આ જાળી સમસુદ્દીન મુઝફ્ફરશાહ ત્રીજાના સૈનિક સિદીસૈયદ દ્વારા બનાવવામાં આવી હતી. આ જાળી મસ્જિદની દિવાલમાં પથ્થર પર કોતરાયેલ છે. એક જાળીમાં વૃક્ષની ડાળીઓમાંથી રચાયેલી આકૃતિઓ છે તો બીજીમાં ભૌમિતિક ભાતો છે.
- **બુલંદ દરવાજો :** મુઘલ બાદશાહ અકબરે આગ્રાની નજીક સિક્રીના પહાડ પર એક નવી રાજધાનીની રચના કરી હતી. આનું નામ ફતેહપુર (વિજયનગરી) રાખવામાં આવ્યું હતું. ફતેહપુર સિક્રીમાં સૌથી મહત્ત્વનું સ્થાપત્ય જામામસ્જિદ છે. જામામસ્જિદનું દક્ષિણ પ્રવેશદ્વાર બુલંદ દરવાજા તરીકે ઓળખવામાં આવે છે. તે 53 મીટર ઊંચો અને 41 મીટર પહોળો ઊંચો ઘુમ્મટવાળો ભવ્ય દરવાજો છે. બુલંદ દરવાજો ભારતનો સૌથી ઊંચો દરવાજો છે. બુલંદ દરવાજાને 'જોધાબાઈનો મહેલ' પણ કહેવામાં આવે છે.
- **લાલ કિલ્લો :** દિલ્હીમાં મુઘલ બાદશાહ શાહજહાંએ રાજવી કુટુંબના નિવાસસ્થાન માટે લાલ કિલ્લાનું નિર્માણ કરાવેલ. આ કિલ્લાની અંદર દીવાને-આમ, દીવાને-ખાસ, મોતી મસ્જિદ, હયાતબખ્શ બાગ આવેલાં છે. લાલ કિલ્લો મુઘલ બાદશાહ શાહજહાંનો શાહજહાં બાદ રાજધાનીનો મહેલ હતો.
- **તાજમહાલ :** મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની પત્ની મુમતાજ મહલની યાદમાં આગ્રામાં સફેદ આરસપહાણમાંથી આ મકબરો બંધાવ્યો હતો. આરસપહાણમાં અદ્ભુત નકશીકામ, ભવ્ય બાંધકામ, ઉત્કૃષ્ટ ચિત્રકારની જડાઉ પિચકારી જેવી વિશિષ્ટ કલા-કારીગરીના કારણે તે વિશ્વની સાત અજાયબીમાં સ્થાન પામેલ છે. તેની પાસે 40 મીટર ઊંચા ચાર મીનારા આવેલા છે. એક ફૂવારો આવેલો છે. જેમાંથી ચાર દિશામાં ચારેબાજુ પાણી વહે છે જે બાગના ચાર ભાગો પાડે છે.

**(3) તમારી શાળાના પ્રવાસનું આયોજન બનાવો.**

| ક્રમ | | અંદાજિત કિમી | રાત્રિ રોકાણનું સ્થળ | દિવસની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | ભાવનગરથી લોથલ | 97 | | |
| 2 | લોથલથી અમદાવાદ | 76 | | |
| 3 | અમદાવાદથી ગાંધીનગર | 26 | ગાંધીનગર | |
| 4 | ગાંધીનગરથી પાટણ | 111 | | 1 |
| 5 | પાટણથી મોઢેરા | 35 | | |
| 6 | મોઢેરાથી બહુચરાજી | 15 | બહુચરાજી | 1 |
| 7 | બહુચરાજીથી ઊંઝા | 62 | | |
| 8 | ઊંઝાથી અંબાજી | 98 | અંબાજી | 1 |
| 9 | અંબાજીથી શામળાજી | 118 | | |
| 10 | શામળાજીથી ભાવનગર | 304 | રાત્રે પરત | 1 |

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) સોમનાથ મંદિર ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે ?**

(A) જૂનાગઢ (B) પોરબંદર
(C) જામનગર (D) **ગીર સોમનાથ**

**(2) સોમનાથ મંદિરનો સમાવેશ શામાં થાય છે ?**

(A) મઠમાં (B) ચારધામમાં
(C) સૂર્યમંદિરમાં (D) **બાર જ્યોતિર્લિંગમાં**

**(3) દ્વારકાધીશનું મંદિર કઈ નદીના કિનારે આવેલું છે ?**

(A) સરસ્વતી (B) **ગોમતી**
(C) ભાદર (D) બનાસ

**(4) દ્વારકાધીશનું મંદિર કઈ સદીનું સ્થાપત્ય છે ?**

(A) **તેરમી** (B) બારમી
(C) ચૌદમી (D) પંદરમી

**(5) દ્વારકાધીશના મંદિરનું શિખર કેટલા માળનું છે ?**

(A) સાત (B) આઠ
(C) પાંચ (D) છ

**(6) મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે ?**

(A) અમદાવાદ (B) **મહેસાણા**
(C) પાટણ (D) ગાંધીનગર

**(7) મોઢેરાનું સૂર્યમંદિર ક્યા રાજાએ બંધાવ્યું હતું ?**

(A) **ભીમદેવ પહેલાએ**
(B) ભીમદેવ બીજાએ
(C) સિદ્ધરાજ જયસિંહે
(D) મૂળરાજ સોલંકીએ

**(8) રુદ્રમહાલય ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલો છે ?**

(A) મહેસાણા (B) અમદાવાદ
(C) **પાટણ** (D) સાબરકાંઠા

**(9) સિદ્ધપુરના રુદ્રમહાલયનું બાંધકામ ક્યા રાજાના સમયમાં પૂર્ણ થયું હતું ?**

(A) મૂળરાજના
(B) **સિદ્ધરાજ જયસિંહના**
(C) ભીમદેવ પહેલાના
(D) કુમારપાળના

**(10) ગુજરાતમાં જૈનોનું મહાતીર્થ ક્યાં આવેલું છે?**

(A) **પાલીતાણા** (B) તળાજા
(C) તારંગા (D) શંખેશ્વર

**(11) પાલીતાણા જૈનતીર્થ ક્યા પર્વત ઉપર આવેલું છે ?**

(A) ગિરનાર (B) પાવાગઢ

(C) **શેત્રુંજય** (D) ચોટીલો

**(12) સિદીસૈયદની જાળી ગુજરાતના ક્યા શહેરમાં આવેલી છે ?**

(A) વડોદરા (B) ગાંધીનગર

(C) રાજકોટ (D) **અમદાવાદ**

**(13) કુતુબમિનારના બાંધકામની શરૂઆત કોણે કરી હતી ?**

(A) અલાઉદ્દીન ખીલજીએ

(B) **કુતુબુદ્દીન ઐબકે**

(C) ઈલ્તુત્મિશે

(D) મહંમદ બેગડાએ

**(14) 'ઢાઈ દિન કા ઝોંપડા' શું છે ?**

(A) મંદિર (B) અગિયારી

(C) ચર્ચ (D) **મસ્જિદ**

**(15) તુંજાવરનું બૃહદેશ્વર મંદિર કોના દ્વારા નિર્મિત થયું હતું ?**

(A) **રાજરાજ** (B) કૃષ્ણદેવરાય

(C) હરિહરરાય (D) બુક્કારાય

**(16) ફતેહપુર સિક્રીનું સૌથી મહત્ત્વપૂર્ણ ભવન ક્યું છે ?**

(A) તાજમહાલ (B) મોતી મસ્જિદ

(C) **જામા મસ્જિદ** (D) મક્કા મસ્જિદ

**(17) દિલ્હીમાં લાલકિલ્લાનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?**

(A) જહાંગીરે (B) અકબરે

(C) ઔરંગઝેબે (D) **શાહજહાંએ**

**(18) ક્યું મધ્યકાલીન સ્થાપત્ય વિશ્વની સાત અજાયબીમાં સ્થાન પામેલ છે ?**

(A) લાલકિલ્લો

(B) **તાજમહાલ**

(C) બુલંદ દરવાજો

(D) મોઢેરાનું સૂર્યમંદિર

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) દ્વારકાધીશનું મંદિર ભારતમાં આવેલા ચાર **હરિધામો**માંનું એક છે.

(2) મોઢેરાનું સૂર્યમંદિર લગભગ **કર્કવૃત્ત** પર આવેલું છે.

(3) અમદાવાદમાં કુત્બુદ્દીને બાંધેલું તળાવ આજે **કાંકરિયા** તળાવ તરીકે ઓળખાય છે.

(4) કુતુબમિનાર **પાંચ** માળનો મિનારો છે.

(5) 'ઢાઈ દિન કા ઝોંપડા' મસ્જિદ **દિલ્હી**માં આવેલી છે.

(6) ચોલ સમયના મંદિરોના ઊંચા પ્રવેશદ્વાર **ગોપીપુરમ્** કહેવાય છે.

(7) જામા મસ્જિદનું દક્ષિણ પ્રવેશદ્વાર **બુલંદ દરવાજા** તરીકે ઓળખાય છે.

(8) શાહજહાંએ રાજવી કુટુંબના નિવાસસ્થાન માટે **લાલ કિલ્લા**નું નિર્માણ કરાવ્યું હતું.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) દ્વારકાધીશના મંદિરનો ઘુમ્મટ 60 સ્તંભ પર ઊભો છે. - ✓

(2) મોઢેરાનું સૂર્યમંદિર ઈતિહાસ તેમજ શિલ્પસ્થાપત્યના જિજ્ઞાસુઓ માટેનું મહત્ત્વનું કેન્દ્ર છે. - ✓

(3) પાલીતાણાનું જૈનતીર્થ જામનગર જિલ્લામાં આવેલું છે. - ✗

(4) સિદી સૈયદની એક જાળીમાં વૃક્ષની ડાળીઓમાંથી રચાયેલી આકૃતિઓ છે. - ✓

(5) મુઘલકાળનાં સ્થાપત્યો ઊંચા ઓટલા પર બનાવવામાં આવતાં હતાં. - ✓

(6) દિલ્હીમાં ઔરંગઝેબે લાલ કિલ્લાનું નિર્માણ કરાવ્યું હતું. - ✗

**4. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) ગુજરાતમાં આદ્યશંકરાચાર્યનો મઠ ક્યાં આવેલો છે ? તે ક્યા નામે ઓળખાય છે ?**

**ઉત્તર :** ગુજરાતમાં આવેલ આદ્યશંકરાચાર્યનો મઠ દ્વારકામાં આવેલો છે. તે 'શારદાપીઠ'ના નામે ઓળખાય છે.

**(2) દ્વારકાધીશ મંદિરની અંદર શાનો સમાવેશ થાય છે ?**

**ઉત્તર :** દ્વારકાધીશ મંદિરની અંદર ભગવાનની

ચતુર્ભુજ મૂર્તિ, ગર્ભગૃહ, વિશાળ સભાગૃહ તથા મહામંડપનો સમાવેશ થાય છે.

**(3) મોઢેરાના સૂર્યમંદિરમાં કેટલા ભાગો આવેલા છે ? ક્યા ક્યા ?**

**ઉત્તર :** મોઢેરાના સૂર્યમંદિરમાં ત્રણ ભાગો આવેલા છે. (1) મંદિરનું ગર્ભગૃહ (2) અંતરાલ (3) સભામંડપ

**(4) મોઢેરાના સૂર્યમંદિરની શી વિશેષતા છે ?**

**ઉત્તર :** મોઢેરાના સૂર્યમંદિરની એવી રીતે રચના કરવામાં આવી છે કે શરદ અને વસંતઋતુમાં સૂર્યનાં કિરણો આખા સભામંડપને વીંધીને બરાબર ગર્ભગૃહમાં પડે છે.

**(5) રુદ્રમહાલયની કઈ બાબતો તેની સમૃદ્ધિના દર્શન કરાવે છે ?**

**ઉત્તર :** રુદ્રમહાલયના સભાખંડો, ઉપખંડો, માળ-મેડીઓ અને ઝરૂખાનાં મનોહર શિલ્પબદ્ધ તોરણો તેની સમૃદ્ધિના દર્શન કરાવે છે.

**(6) શેત્રુંજય જૈનોના ક્યા ભગવાનનું સ્થાન ગણાય છે ?**

**ઉત્તર :** શેત્રુંજય જૈનોના પહેલા તીર્થંકર આદિનાથ ભગવાન ઋષભદેવજીનું સ્થાન ગણાય છે.

**(7) શેત્રુંજય પર્વતમાળાનાં મંદિરોના નિર્માણકાર્યમાં કોનો મહત્વનો ફાળો છે ?**

**ઉત્તર :** શેત્રુંજય પર્વતમાળાનાં મંદિરોના નિર્માણકાર્યમાં આચાર્ય હેમચંદ્રાચાર્ય, સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ જેવા રાજવીઓ અને શ્રેષ્ઠીઓનો ફાળો છે.

**(8) સિદી સૈયદની જાળી કોના દ્વારા બનાવવામાં આવી હતી ?**

**ઉત્તર :** સિદીસૈયદની જાળી શમસુદ્દીન મુઝફ્ફરશાહ ત્રીજાના સૈનિક સિદીસૈયદ દ્વારા બનાવવામાં આવી હતી.

**(9) અમદાવાદમાં કુત્બુદ્દીને ક્યા તળાવનું બાંધકામ કરાવ્યું હતું ?**

**ઉત્તર :** અમદાવાદમાં કુત્બુદ્દીને 'હોજે-કુતુબ' નામના તળાવનું બાંધકામ કરાવ્યું હતું.

**(10) સલ્તનતકાળની ઈમારતને શણગારવા શાનો ઉપયોગ કરવામાં આવ્યો છે ?**

**ઉત્તર :** સલ્તનતકાળની ઈમારતને શણગારવા માટે સુરેખ, ભૌમિતિક આકાર, ફૂલ, પાંદડાં અને વેલની આકૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(11) દિલ્હી સલ્તનત સમયનું સ્થાપત્ય કઈ શૈલી મળીને બનેલું છે ?**

**ઉત્તર :** દિલ્હી સલ્તનત સમયનું સ્થાપત્ય ભારત તથા ઈરાનની શૈલી મળીને બનેલું છે.

**(12) ભારતમાં બનેલી પહેલી મસ્જિદ કઈ છે ? તે કોણે બંધાવી હતી ?**

**ઉત્તર :** ભારતમાં બનેલી પહેલી મસ્જિદ 'ઢાઈ દિન કા ઝોંપડા' છે. તે કુતુબુદ્દીન ઐબકે બંધાવી હતી.

**(13) ચૌલ કાળની મૂર્તિકલામાં કઈ મૂર્તિ સર્વોત્તમ છે ?**

**ઉત્તર :** ચૌલ કાળની મૂર્તિકલામાં નટરાજ કે નૃત્ય કરતા શિવની કાંસ્ય મૂર્તિ સર્વોત્તમ છે.

**(14) ભારતનો સૌથી ઊંચો ઘુમ્મટવાળો દરવાજો ક્યો છે ? તેની ઊંચાઈ કેટલી છે ?**

**ઉત્તર :** ભારતનો સૌથી ઊંચો ઘુમ્મટવાળો દરવાજો બુલંદ દરવાજો છે. તેની ઊંચાઈ 53 મીટર છે.

**(15) દિલ્હીના લાલ કિલ્લાની અંદર શું - શું આવેલું છે ?**

**ઉત્તર :** દિલ્હીના લાલ કિલ્લાની અંદર દીવાને-આમ, દિવાને-ખાસ, મોતી મસ્જિદ અને હયાત-બખ્શ બાગ આવેલો છે.

**(16) મુઘલ સમ્રાટ શાહજહાંએ કોની યાદમાં, શું બંધાવ્યું હતું ?**

**ઉત્તર :** મુઘલ સમ્રાટ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજની યાદમાં તાજમહાલ બંધાવ્યો હતો.

4. **નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) સોમનાથ | (A) ગોમતી નદી | (1) - **(D)** |
| (2) સૂર્યમંદિર | (B) સિદ્ધપુર | (2) - **(E)** |
| (3) રુદ્રમહાલય | (C) પાલીતાણા | (3) - **(B)** |
| (4) દ્વારકાધીશનું મંદિર | (D) પ્રભાસ પાટણ | (4) - **(A)** |
| (5) શેત્રુંજય જૈનતીર્થ | (E) મોઢેરા | (5) - **(C)** |

**(2)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) સિદી સૈયદની જાળી | (A) નવી દિલ્હી | (1) - **(E)** |
| (2) કુતુબમિનાર | (B) પહેલી મસ્જિદ | (2) - **(A)** |
| (3) ઢાઈ દિન કા ઝોંપડા | (C) તુંજાવર | (3) - **(B)** |
| (4) બૃહદેશ્વર મંદિર | (D) વિશ્વની એક અજાયબી | (4) - **(C)** |
| (5) તાજમહાલ | (E) લાલ દરવાજા, અમદાવાદ | (5) - **(D)** |

6. **નીચેના પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યોમાં જવાબ લખો.**

**(1) ચૌલ સમયનાં સ્થાપત્યની વિશેષતાઓ નોંધો.**

**ઉત્તર :** ચૌલ સમયનાં સ્થાપત્યોમાં દ્રવિડ શૈલી, સંયુક્ત સ્તંભો, મંદિરનો સમગ્ર ઢાંચો એક પરિસરમાં ઊંચી દીવાલથી બંધાયેલો રહેતો. જેમાં ઊંચા પ્રવેશદ્વાર રહેતાં. આ ઊંચા પ્રવેશદ્વારને ગોપુરમ્ કહેવામાં આવતા.

**(2) મુઘલ સમયના સ્થાપત્યની વિશેષતાઓ નોંધો.**

**ઉત્તર :** મુઘલકાળમાં સ્થાપત્યની એક નવી પરંપરા ઊભી થઈ હતી. તેમાં ભવનોને ઊંચા ઓટલા પર બનાવવામાં આવતા. તેની ચારેય બાજુ બગીચો બનાવવામાં આવતો. તેઓ પોતાની ઈમારતમાં વહેતા પાણીની વ્યવસ્થા કરતા હતા. મુઘલ સમયના બધા સ્થાપત્યો મોટા ભાગે આરસપહાણમાંથી બનાવવામાં આવ્યા હતા. તેઓની ઈમારતોમાં રંગીન જડેલા પથ્થરોનો ખૂબ સુંદર ઉપયોગ થયો છે.

**(3) દિલ્હી સલ્તનત સમયના સ્થાપત્યની વિશેષતા નોંધો.**

**ઉત્તર :** દિલ્હી સલ્તનત સમયનાં સ્થાપત્યોમાં ભારત અને ઈરાની શૈલીના દર્શન થાય છે. આ સ્થાપત્યો બનાવવા ચૂનો અને ઇંટને પીસીને પાઉડર બનાવવામાં આવતો અને તેનો ઉપયોગ થતો. આ સમયે કમાન અને ગુંબજ બનાવવાનો પ્રયોગ પહેલી વાર થયો હતો. સલ્તનતકાળની ઈમારતને શણગારવા સુરેખ, ભૌમિતિક આકાર, ફૂલ, પાંદડાં અને વેલની આકૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**પ્રોજેક્ટ વર્ક : કોઈ એક સ્થાપત્યની ચિત્ર સાથેની ટૂંકી નોંધ તૈયાર કરો.**



મોઢેરાનું સૂર્યમંદિર ગુજરાતના મહેસાણા જિલ્લાના મોઢેરા ગામમાં આવેલું છે. લગભગ કર્કવૃત્ત પર આવેલું આ સૂર્યમંદિર પૂર્વીય ભારતના કોણાર્કના સૂર્યમંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે. ઈ.સ.1026-27ના સમયમાં રાજા ભીમદેવ પહેલા દ્વારા આ મંદિરનું નિર્માણ થયેલ છે. ઊંચા ઓટલા પર આવેલ આ મંદિરમાં ગર્ભગૃહ અંતરાલ અને સભામંડપ એમ ત્રણ ભાગ પડે છે. આ મંદિરની રચના એવી રીતે કરવામાં આવે છે કે શરદ અને વસંતઋતુમાં સૂર્યનાં કિરણો આખા સભામંડપને વીંધીને બરાબર ગર્ભગૃહમાં પડે.

# 9 ભારત : લોકજીવન

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- પશ્ચિમ ભારતનું લોકજીવન
- ઉત્તર ભારતનું લોકજીવન
- દક્ષિણ ભારતનું લોકજીવન
- પૂર્વ ભારતનું લોકજીવન

## એકમની ટૂંક સમજ

- **પશ્ચિમ ભારતનું લોકજીવન :**

**ખોરાક :** પશ્ચિમ ભારતના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલા શાકભાજી, ઘી, દૂધ, છાશ, માખણ વગેરેનો ઉપયોગ કરે છે. દરિયા-કિનારાના લોકો માછલી, ઈંડાં, કોપરુ વગેરેનો ખોરાકમાં ઉપયોગ કરે છે. તેઓ મસાલેદાર વાનગીઓ ખાવાના શોખીન છે.

**પોશાક :** ગુજરાતમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો પહેરે છે. રાજસ્થાનમાં પુરુષો ધોતિયું, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો પહેરે છે. રાજસ્થાનમાં પુરુષ ધોતી, અંગરખું પહેરે છે. સ્ત્રીઓ રંગીન ઘેરવાળો ઘાઘરો અને કબજો પહેરે છે. મહારાષ્ટ્રમાં પુરુષો ધોતી અને માથે ટોપી પહેરે છે. સ્ત્રીઓ સાડીનો કછોટોવાળી પહેરે છે. આજે પુરુષો પેન્ટ, શર્ટ, ટીશર્ટ અને સ્ત્રીઓ ડ્રેસ કે જીન્સ પહેરતાં જોવા મળે છે.

**રહેઠાણ :** લોકો ઈંટ, પથ્થર અને સિમેન્ટનાં મકાનો બનાવે છે. જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતી આદિવાસી પ્રજા વાંસ અને સાગમાંથી ઝૂંપડાં બનાવે છે. ગામડાંઓમાં માટીનાં, છાણનાં, પથ્થર અને ઈંટનાં મકાનો જોવા મળે છે.

**ભાષા-બોલી :** અહીં ગુજરાતી, હિન્દી, મરાઠી, રાજસ્થાની અને કોંકણી જેવી ભાષાઓ બોલાય છે. જંગલ કે આદિવાસી વિસ્તારમાં કેટલીક પ્રાદેશિક બોલીઓ પણ બોલાય છે.

**ઉત્સવો/તહેવાર :** ગુજરાતના રાસ-ગરબા દુનિયાભરમાં જાણીતા છે. ગુજરાતમાં તરણેતર, ભવનાથ, શામળાજી, ડાંગરદરબાર વગેરે લોકમેળાઓ યોજાય છે. રાજસ્થાનનું ધુમ્મર નૃત્ય ખૂબ જાણીતું છે. મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય ખૂબ પ્રખ્યાત છે.

- **ઉત્તર ભારતનું લોકજીવન :**

**ખોરાક :** ઉત્તર ભારતના લોકોનો મુખ્ય ખોરાક ઘઉંમાંથી બનતી વાનગીઓ છે. આ ઉપરાંત કઠોળ, લીલાં શાકભાજી, ફળ, ઘી, દૂધ અને છાશ પણ ખોરાકમાં લે છે.

- પંજાબ એ 'પાંચ નદીઓનો પ્રદેશ' તરીકે ઓળખાય છે જ્યારે જમ્મુ-કાશ્મીરને તેના કુદરતી સૌંદર્યને કારણે પૃથ્વી પરનું સ્વર્ગ કહેવામાં આવે છે.

**પોશાક :** અહીંના પુરુષો ધોતી, અંગરખું અને બંડી પહેરે છે. સ્ત્રીઓ ચણિયો, કબજો, સાડી પહેરે છે. જમ્મુ-કાશ્મીરના પુરુષો લાંબી બાંયનો ઝભ્ભો અને સ્ત્રીઓ સલવાર-કમીઝ તથા માથે સ્કાર્ફ બાંધે છે. પંજાબીઓના પંજાબી ડ્રેસ, પાઘડી, જાકીટ ખૂબ જાણીતાં છે.

**રહેઠાણ :** ઉત્તર ભારતમાં રહેઠાણો ઈંટ, માટી, લાકડું અને પથ્થરના તેમજ ધાબાવાળાં જોવા મળે છે. કાશ્મીરમાં આવેલ દલસરોવરમાં નૌકાઘર જોવા મળે છે જેને 'શિકારા' કહે છે.

**ભાષા/બોલી :** ઉત્તર ભારતના મોટા ભાગના લોકો હિન્દી ભાષા બોલે છે. આ ઉપરાંત પંજાબી, સિંધી અને કાશ્મીર ભાષા પણ બોલાય છે. ઉત્તરપ્રદેશમાં તેની પ્રાદેશિક બોલી ભોજપુરી બોલાય છે.

**ઉત્સવો/તહેવારો :** પંજાબનું ભાંગડા અને કાશ્મીર-

ઓનું કાશ્મીર નૃત્ય પ્રખ્યાત છે. કાશ્મીર લોકગીતો, પંજાબ અને ઉત્તરપ્રદેશનાં ભજનો ખૂબ જાણીતાં છે. પંજાબનો વૈશાખી અને ઉત્તર પ્રદેશનો કુનીનો મેળો જાણીતો છે.

**કાશ્મીર :** ભારતની ઉત્તર આવેલ કાશ્મીરમાં ઘણાં સરોવરો આવેલાં છે. બરફથી છવાયેલા ઊંચાં શિખરો પર ગિરિમથકો વિકસ્યાં છે. અહીંનું લાકડા પરનું કોતરકામ, કાપડ પરનું ભરતકામ, ગાલીચા ખૂબ જ પ્રખ્યાત છે. કાશ્મીરનાં ફૂલોના બગીચા અને કેસરનાં ખતરો આવેલાં છે.

- **દક્ષિણ ભારતનું લોકજીવન :**

**ખોરાક :** દક્ષિણ ભારતના લોકો ખોરાકમાં માછલી, ભાત, ચોખાની વાનગીઓ, કઠોળ, ઈડલી, ઢોંસા વગેરે લે છે.

**પોશાક :** અહીંના પુરુષો લુંગી, પહેરણ, ખભે ખેસ અને માથે પાઘડી પહેરે છે. સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે. કેરલના પુરુષો પુરુષ લુંગી પહેરે છે. સ્ત્રીઓ ફૂલોની ખૂબ શોખીન છે તેથી માથામાં વેણી નાખે છે.

**રહેઠાણ :** અહીં ઈંટ, માટી, લાકડાં, વાંસ અને પથ્થરનાં ઘર જોવા મળે છે. દરિયાકિનારે વસતા લોકો ઝૂંપડાં બાંધીને રહે છે. કેરલમાં નૌકાઘર જોવા મળે છે.

**ભાષા-બોલી :** દક્ષિણ ભારતમાં તમિલ, અસમિયા, તેલુગુ, ઊડિયા, કન્નડ, મલયાલમ ભાષાઓ સાથે અંગ્રેજી અને પ્રાદેશિક બોલીઓ પણ બોલાય છે.

**ઉત્સવો/તહેવારો :** અહીં ઓણમ અને દિવાળી ધામધૂમથી ઉજવાય છે. જગન્નાથપુરીની રથયાત્રા જગવિખ્યાત છે. કેરળનું માહિની-અટ્ટમ, કથકલી સુપ્રસિદ્ધ છે. તમિલનાડુનું ભરતનાટ્યમ્ અને આંધ્રપ્રદેશનું કૂચીપૂડી નૃત્ય જગવિખ્યાત છે.

- **પૂર્વ ભારતનું લોકજીવન :**

**ખોરાક :** અહીંના લોકો ખોરાકમાં ભાત, માછલી, કઠોળ, લીલા શાકભાજીનો ઉપયોગ કરે છે. બંગાળ તેની મીઠાઈ માટે ખૂબ પ્રખ્યાત છે.

**પોશાક :** પુરુષો ધોતી, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ તેમની વિશિષ્ટ ઢબે સાડી પહેરે છે. અહીં સુતરાઉ કાપડનાં વસ્ત્રો વધુ પ્રમાણમાં પહેરવામાં આવે છે.

**રહેઠાણ :** અહીંના રહેઠાણોમાં લાકડાં અને વાંસનો વધુ ઉપયોગ થાય છે. ઈંટ, માટી અને સિમેન્ટથી બનેલાં રહેઠાણો પણ જોવા મળે છે. વરસાદ વધુ હોવાથી ઘરનાં છાપરાં વધુ ઢાળવાળાં હોય છે. ઘરના પાછલા ભાગમાં પુકુર (નાનકડું તળાવ) હોય છે. જેમાં માછલી ઉછેરવામાં આવે છે.

**ભાષા/બોલી :** અહીંના લોકો મુખ્યત્વે પોતાની પ્રાદેશિક બોલી બોલે છે. અસમિયા, બંગાળી, ઊડિયા, હિન્દી અને અંગ્રેજી ભાષાઓ પણ બોલાય છે.

**ઉત્સવો/તહેવારો :** અસમનું બિહુ અને ઓજપાલી નૃત્ય ખૂબ જાણીતું છે. બંગાળમાં દુર્ગાઉત્સવ ખૂબ આસ્થા અને ઉમંગ સાથે ઉજવવામાં આવે છે.

## સ્વાધ્યાય

**(1) તમારો જન્મ ગુજરાત સિવાય અન્ય રાજ્યમાં થયો હોય, તો નીચેની બાબતોમાં તમારામાં શો ફેરફાર આવે તેની નોંધ કરો.**

- **રાજ્ય પસંદ કરો :** અસમ
- **તમારી ભાષા/બોલી કઈ હશે ?** અસમિયા / હિન્દી
- **તમારો પહેરવેશ કેવો હશે ?** ધોતી, ઝભ્ભો, માથે ટોપી
- **તમારો ખોરાક કેવો હશે ?** માછલી, ભાત, કઠોળ, લીલાં શાકભાજી
- **તમે કેવા ઉત્સવો ઊજવતા હશો ? તમારી ખૂબી શું હશે ?** બોહગ બિહુ, માઘ બિહુ, કાટી બિહુ, ચા ઉત્સવ, હાથી ઉત્સવ, બ્રહ્મપુત્રા ઉત્સવ હું ત્યાંના વસ્ત્રો પહેરીશ અને તેમની સાથે નૃત્યમાં જોડાઈશ.

**(2) નીચે આપેલા ફોટોગ્રાફસમાં દર્શાવેલ સ્ત્રી-પુરુષ ક્યા પ્રદેશનાં છે તે જણાવી તેના વિશે બે-ત્રણ વાક્યો લખો.**



**કાશ્મીર સ્ત્રી-પુરુષ**

કાશ્મીર પુરુષો શરીરે ખડતલ અને સ્વભાવે મહેનતુ હોય છે. તેઓ પઠાણી બંડી, ટોપી, પગમાં મોજડી પહેરે છે. સ્ત્રીઓ સલવાર-કમીઝ પહેરે છે. માથે સ્કાર્ફ બાંધે છે.



**મરાઠી સ્ત્રી-પુરુષ**

મહારાષ્ટ્રમાં પુરુષો ધોતી, બંડી અને માથે સફેદ રંગની ટોપી પહેરે છે. સ્ત્રીઓ સાડીનો કછોટો વાળીને પહેરે છે.

**(3) બીજી ભાષા અને જુદા પહેરવેશવાળી વ્યક્તિ તમારી પાસે મદદ માગે, તો તમે કેવી રીતે મદદ કરશો ?**

**ઉત્તર :** બીજી ભાષા અને જુદા પહેરવેશવાળી વ્યક્તિ મારી પાસે મદદ માગે તો હું પહેલાં હિન્દી ભાષામાં વાત કરું. જો તેમને હિન્દી ભાષા ન આવડતી હોય તેને ઈશારા અને સંકેતો દ્વારા તેમને મદદ કરવા પ્રયત્ન કરું.

**(4) નીચેના નૃત્યના ફોટોગ્રાફસ જોઈ ઈન્ટરનેટ અને લાઈબ્રેરીની મદદથી તેનાં નામ અને તેના વિશે બે-ત્રણ વાક્ય લખો.**



- **કથકલી નૃત્ય :** કથકલીએ મલબાર, કોચીન અને ત્રાવણકોરની આસપાસના વિસ્તારનું પ્રચલિત નૃત્ય છે. રંગીન વેશભૂષાઓ અને મોટાં મહોરાં પહેરીને નૃત્ય કરવામાં આવે છે. નૃત્યકાર નૃત્ય સમયે સંવાદ અને ગીત બોલતી નથી. ગાયન અને વાદન અન્ય કલાકારો કરે છે. જુદી-જુદી કથાઓના આધારે નૃત્ય કરવામાં આવે છે. મુખ સુશોભન તેમની આગવી વિશિષ્ટતા છે.



- **મણિપુરી :** મણિપુરી નૃત્ય ભારતના અન્ય નૃત્યો કરતાં અલગ છે. તેમાં શરીર ધીમી ગતિએ ચાલે છે. સાંકેતિક ઈશારાઓ દ્વારા હાથ અને આંગળીઓનું હલન-ચલન થાય છે. વિષ્ણુપુરાણ, ભાગવત પુરાણ તથા ગીત-ગોવિંદમ્‌ની રચનાઓના વિષયવસ્તુ ઉપર નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્ય કરતી વખતે પહેરવામાં આવતો ઘેરદાર લીલા રંગનો ચણિયો 'કુમીન' કહેવાય છે. કમર ઉપર 'ક્વાંમોઈ' નામનો કમરપટ્ટો બાંધવામાં આવે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) દાલબાટી કયા રાજ્યના લોકોનું પ્રખ્યાત ભોજન છે ?**

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) **રાજસ્થાન** (D) પંજાબ

**(2) કયા રાજ્યની સ્ત્રીઓ સાડીનો કછોટો વાળી પહેરે છે ?**

(A) ગુજરાત (B) રાજસ્થાન (C) પંજાબ (D) **મહારાષ્ટ્ર**

**(3) ભારતનું ક્યું રાજ્ય પ્રાકૃતિક અને કુદરતી સૌંદર્ય માટે જાણીતું છે ?**

(A) પંજાબ (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ (D) **જમ્મુ-કાશ્મીર**

**(4) કાશ્મીરના ક્યા સરોવરમાં નૌકાઘરો જોવા મળે છે ?**

(A) સાંભર (B) **દાલ** (C) વુલર (D) ઢેબર

**(5) કયા રાજ્યમાં કેળના પાનમાં ખાવાનો રિવાજ છે ?**

(A) **કેરળ** (B) ગુજરાત (C) અસમ (D) બિહાર

**(6) બંગાળાની કઈ મીઠાઈ પ્રખ્યાત છે ?**

(A) ગુલાબજાંબુન (B) બરફી (C) હલવો (D) **રસગુલ્લા**

**(7) પૂર્વ ભારતના રાજ્યોમાં પહાડી વિસ્તારમાં ઢોળાવો પર શાની ખેતી કરવામાં આવે છે ?**

(A) મકાઈ (B) ડાંગર (C) **ચા** (D) ઘઉં

**(8) કયા રાજ્યનું ભરતકામ ખૂબ વખણાય છે ?**

(A) પંજાબ (B) **જમ્મુ કાશ્મીર** (C) કેરળ (D) ઓરિસ્સા

**(9) પંજાબનું ક્યું પીણું ખૂબ પ્રખ્યાત છે ?**

(A) **લસ્સી** (B) છાશ (C) શરબત (D) ચા

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) મહારાષ્ટ્રનું **લાવણી** નૃત્ય ખૂબ પ્રખ્યાત છે.

(2) ઉત્તર ભારતના લોકોનો મુખ્ય ખોરાક **ઘઉં** માંથી બનતી વાનગીઓ છે.

(3) **જમ્મુ-કાશ્મીર**ની સ્ત્રીઓ સલવાર-કમીઝ પહેરે છે અને માથે સ્કાર્ફ બાંધે છે.

(4) ઉત્તર ભારતના મોટા ભાગના લોકો **હિન્દી** ભાષા બોલે છે.

(5) કાશ્મીરમાં **કેસર**નાં ખેતરો આવેલાં છે.

(6) **દક્ષિણ ભારત**ની સ્ત્રીઓ ફૂલોની ખૂબ જ શોખીન છે.

(7) **જગન્નાથપુરી**ની રથયાત્રા જગવિખ્યાત છે.

(8) આંધ્રપ્રદેશનું **કૂચીપૂડી** નૃત્ય જગવિખ્યાત છે.

(9) પૂર્વ ભારતના લોકો **સુતરાઉ** કાપડનાં વસ્ત્રો વધુ પ્રમાણમાં પહેરે છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) પશ્ચિમ ભારતના લોકો મસાલેદાર વાનગીઓ ખાવાના શોખીન છે. - ✓

(2) મહારાષ્ટ્રમાં દર વર્ષે ડાંગદરબાર ભરાય છે. - ✗

(3) ઉત્તર ભારતના લોકો શરીરે નબળા અને સ્વભાવે આળસુ હોય છે. - ✗

(4) પંજાબીઓની પાઘડી ખૂબ જાણીતી છે. - ✓

(5) કાશ્મીરી લોકો સ્વભાવે શાંતપ્રકૃતિના હોય છે. - ✓

(6) દક્ષિણ ભારતના લોકો કદમાં નીચા અને ખડતલ હોય છે. - ✓

(7) દક્ષિણ ભારતમાં વધુ વરસાદ હોવાથી ઘઉંની ખેતી વધુ થાય છે. - ✗

(8) પૂર્વ ભારતના લોકો કપડાં થોડાં ઊંચા પહેરે છે. - ✓

(9) પૂર્વ ભારતમાં લાકડાં અને વાંસમાંથી બનાવેલાં ઘરો જોવા મળે છે. - ✓

(10) ગુજરાતમાં તરણેતરનો મેળો ભરાય છે. - ✓

(11) પૂર્વ ભારતના તમામ પ્રદેશો પહાડી પ્રદેશમાં આવેલા છે. - ✓

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) ગુજરાત | (A) ભાંગડા | (1) - **(C)** |
| (2) રાજસ્થાન | (B) કથકલી | (2) - **(D)** |
| (3) મહારાષ્ટ્ર | (C) રાસ-ગરબા | (3) - **(E)** |
| (4) પંજાબ | (D) ઘુમ્મર | (4) - **(A)** |
| (5) કેરળ | (E) લાવણી | (5) - **(B)** |

**(2)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) તમિલનાડુ | (A) બિહુ | (1) - **(C)** |
| (2) આંધ્રપ્રદેશ | (B) ઓડિશી | (2) - **(E)** |
| (3) અસમ | (C) ભરતનાટ્યમ્ | (3) - **(A)** |
| (4) ઓરિસ્સા | (D) કથકલી | (4) - **(B)** |
| (5) કેરળ | (E) કુચીપૂડી | (5) - **(D)** |

**5. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) રાજસ્થાનની સ્ત્રીઓ કેવો પોશાક પહેરે છે ?**

**ઉત્તર :** રાજસ્થાનની સ્ત્રીઓ રંગીન ઘેરવાળો ઘાઘરો અને કેડ સુધી પહોંચે એવો કબજો પહેરે છે.

**(2) પશ્ચિમ ભારતમાં કઈ-કઈ ભાષાઓ બોલાય છે ?**

**ઉત્તર :** પશ્ચિમ ભારતમાં ગુજરાતી, હિન્દી, રાજસ્થાની, કોંકણી અને મરાઠી ભાષાઓ બોલાય છે.

**(3) ગુજરાતમાં કયા કયા લોકમેળાઓ ખૂબ જાણીતા છે ?**

**ઉત્તર :** ગુજરાતમાં તરણેતર, ભવનાથ, શામળાજી, ડાંગદરબાર વગેરે લોકમેળાઓ ખૂબ જાણીતા છે.

**(4) જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીઓ ક્યાં રહે છે ?**

**ઉત્તર :** જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીઓ છૂટા-છવાયા ઝૂંપડામાં રહે છે.

**(5) પંજાબ કયા પ્રદેશ તરીકે ઓળખાય છે ?**

**ઉત્તર :** પંજાબ પાંચ નદીઓના પ્રદેશ તરીકે ઓળખાય છે.

**(6) કયા રાજ્યને પૃથ્વી પરનું સ્વર્ગ કહે છે ?**

**ઉત્તર :** જમ્મુ-કાશ્મીર રાજ્યને પૃથ્વી પરનું સ્વર્ગ કહે છે.

**(7) કાશ્મીરના દલ સરોવરમાં શું જોવા મળે છે ? તેને શું કહેવામાં આવે છે ?**

**ઉત્તર :** કાશ્મીરના દલ સરોવરમાં નૌકાઘર જોવા મળે છે. તેને 'શિકારા' કહેવામાં આવે છે.

**(8) પંજાબ અને ઉત્તર પ્રદેશનો કયો મેળો જાણીતો છે ?**

**ઉત્તર :** પંજાબનો વૈશાખી અને ઉત્તરપ્રદેશનો કુંભનો મેળો જાણીતો છે.

**(9) જમ્મુ-કાશ્મીરનું શું ખૂબ જ વખણાય છે ?**

**ઉત્તર :** જમ્મુ-કાશ્મીરનું લાકડા પરનું કોતરકામ, કાપડ પરનું ભરતકામ અને ગાલીચા ખૂબ વખણાય છે.

**(10) દક્ષિણ ભારતની કઈ વાનગીઓ ખૂબ જાણીતી છે ?**

**ઉત્તર :** દક્ષિણ ભારતની ઈડલી અને ઢોંસા વાનગીઓ ખૂબ જાણીતી છે.

**(11) કેરળના પુરુષો કેવો પોશાક પહેરે છે ?**

**ઉત્તર :** કેરળના પુરુષો લુંગી અને ટૂંકી ધોતી પહેરે છે.

**(12) પૂર્વ ભારતનાં રહેઠાણોમાં પાછળના ભાગે આવેલ નાના તળાવને શું કહે છે ?**

**ઉત્તર :** પૂર્વ ભારતનાં રહેઠાણોમાં પાછળના ભાગે આવેલ નાના તળાવને 'પુકુર' કહે છે.

**6. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો.**

**(1) પશ્ચિમ ભારતના લોકોના ખોરાક વિશે લખો.**

**ઉત્તર :** પશ્ચિમ ભારતના લોકો ખોરાકમાં અનાજ, કઠોળ, લીલાં શાકભાજી, ઘી, દૂધ, છાશ, માખણ વગેરેનો ઉપયોગ કરે છે. દરિયા-કિનારાના લોકો માછલી, ઈંડાં, કોપરું વગેરેનો ઉપયોગ કરે છે. પશ્ચિમ ભારતના લોકો મસાલેદાર વાનગીઓ ખાવાના શોખીન છે.

**(2) પશ્ચિમ ભારતમાં ક્યાં ક્યાં પ્રકારનાં રહેઠાણો જોવા મળે છે ?**

**ઉત્તર :** પશ્ચિમ ભારતમાં ઈંટ, પથ્થર અને સિમેન્ટનાં મકાનો જોવા મળે છે. જંગલ કે ડુંગરાળ પ્રદેશમાં વસતી આદિવાસી પ્રજા વાંસ અને સાગમાંથી ઝૂંપડા બનાવે છે. ગામડાંઓમાં માટીનાં, છાણનાં, પથ્થર અને ઈંટનાં મકાનો જોવા મળે છે.

**(3) પશ્ચિમ ભારતના ઉત્સવો અને તહેવારો વિશે લખો.**

**ઉત્તર :** પશ્ચિમ ભારતના ગુજરાતના રાસ-ગરબા દુનિયાભરમાં જાણીતા છે. ગુજરાતનાં તરણેતર, ભવનાથ, શામળાજી, ડાંગદરબાર વગેરે લોકમેળાઓ યોજાય છે. રાજસ્થાનનું ઘુમ્મર નૃત્ય ખૂબ જાણીતું છે. મહારાષ્ટ્રનું લાવણી ખૂબ પ્રખ્યાત છે.

**(4) ઉત્તર ભારતના લોકોના ખોરાક વિશે લખો.**

**ઉત્તર :** ઉત્તર ભારતના લોકોનો મુખ્ય ખોરાક ઘઉંમાંથી બનતી વાનગીઓ છે. તેઓ કઠોળ, લીલાં શાકભાજી, ફળ, ઘી, દૂધ અને છાશ લે છે. પંજાબી લસ્સી ખૂબ જાણીતી છે. પંજાબી ભોજન પણ આજે ખૂબ ખ્યાતનામ છે.

**(5) ઉત્તર ભારતના ઉત્સવો અને તહેવારો વિશે લખો.**

**ઉત્તર :** ઉત્તર ભારતના પંજાબનું ભાંગડા નૃત્ય ખૂબ જાણીતું છે. કાશ્મીરી લોકગીતો, ઉત્તરપ્રદેશ અને પંજાબનાં ભજનો પણ જાણીતાં છે. પંજાબનો વૈશાખી અને ઉત્તરપ્રદેશનો કુનીનો મેળો જાણીતો છે.

**(6) દક્ષિણ ભારતના લોકોના ખોરાક વિશે લખો.**

**ઉત્તર :** દક્ષિણ ભારતના લોકો ખોરાકમાં માછલી, ભાત, કઠોળ લે છે. અહીંના લોકોમાં પ્રસંગોએ કેળનાં પાનમાં ખાવાનો રિવાજ હોય છે. દક્ષિણ ભારતની ઈડલી, ઢોંસા ખૂબ જાણીતા છે. દ.ભારતીય (મદ્રાસી) ખાવાનું પણ ખૂબ જાણીતું છે.

**(7) દક્ષિણ ભારતના લોકોના પોશાક વિશે લખો.**

**ઉત્તર :** દક્ષિણ ભારતના પુરુષો લુંગી, પહેરણ, ખભે ખેસ અને માથે પાઘડી પહેરે છે. સ્ત્રીઓ દક્ષિણી સાડી, ચણિયો અને કબજો પહેરે છે. કેરલના પુરુષો લુંગી અને ટૂંકી ધોતી પહેરે છે. સ્ત્રીઓ ફૂલોની શોખીન હોવાથી માથામાં વેણી નાખે છે.

**(8) દક્ષિણ ભારતના લોકોનાં રહેઠાણો કેવાં હોય છે ?**

**ઉત્તર :** દક્ષિણ ભારતના લોકોનાં રહેઠાણ ઈંટ, માટીનાં, લાકડાં, વાંસ અને પથ્થરનાં ઘર જોવા મળે છે. દરિયાકિનારે વસતા લોકો ઝૂંપડાં બાંધીને રહે છે. કેરલમાં નૌકાઘરો જોવા મળે છે. અહીં વરસાદ હોવાથી છાપરાં વધુ ઢાળવાળાં હોય છે. ઘરમાં વાંસમાંથી બનાવેલું રાચરચીલું ખૂબ જ સુંદર રીતે ગોઠવાયેલું હોય છે.

**(9) દક્ષિણ ભારતનાં ઉત્સવો, તહેવારો અને નૃત્યો વિશે લખો.**

**ઉત્તર :** દક્ષિણ ભારતમાં ઓણમ અને દિવાળી જેવા તહેવારો વિશેષ ઊજવવામાં આવે છે. જગન્નાથપુરીની રથયાત્રા જગવિખ્યાત છે.

કેરળનું મોહિનીઅટ્ટમ, કથકલી, સુપ્રસિદ્ધ છે. તમિલનાડુંનું ભરતનાટ્યમ્ અને આંધ્રપ્રદેશનું કૂચીપૂડી નૃત્ય સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે.

**(10) પૂર્વ ભારતના લોકોનાં પોશાક વિશે લખો.**

**ઉત્તર :** પૂર્વ ભારતના લોકો સુતરાઉ કાપડનાં વસ્ત્રોનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે. વધુ વરસાદી પ્રદેશ હોવાથી તેઓ કપડાં થોડાં ઊંચા પહેરે છે. પુરુષો ધોતી, ઝભ્ભો પહેરે છે. સ્ત્રીઓ તેમની વિશિષ્ટ ઢબે સાડી પહેરે છે.

**(11) પૂર્વ ભારતના લોકોનાં રહેઠાણો કેવાં હોય છે ?**

**ઉત્તર :** પૂર્વ ભારતના લોકોના રહેઠાણમાં લાકડાં અને વાંસનો વધુ પ્રમાણમાં ઉપયોગ થયેલો જોવા મળે છે. અહીં ઈંટ, માટી અને સિમેન્ટનાં પણ મકાનો જોવા મળે છે. અહીંના આદિવાસીઓ છૂટાં છવાયાં ઝૂંપડા-ઓમાં રહે છે. વરસાદ વધુ હોવાથી ઘરનાં છાપરાં વધુ ઢાળવાળાં હોય છે.

**7. યોગ્ય કારણો આપો.**

**(1) ભારત બિનસાંપ્રદાયિક દેશ છે, કારણ કે...** અહીં લોકો પોતાની પસંદગીનો ધર્મ પાળે છે. ભારતનું લોકજીવન ભાતીગળ છે. અહીં જુદાં જુદાં રાજ્યના લોકો પોતપોતાની પ્રાદેશિક ભાષામાં વ્યવહાર કરે છે. દરેક ધર્મના લોકો એકબીજા ધર્મના તહેવારો ધામધૂમથી ઉજવે છે.

**(2) ભારત વિવિધતાઓનો દેશ કહેવાય છે, કારણ કે...** ભારતમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગુજરાતથી અરૂણાચલ સુધી લોકોના રંગ, રૂપ, દેખાવ, પોશાક, આહાર, રહેઠાણ, ઉત્સવો, નૃત્યો, રીત-રિવાજ, ખ્યાલો, માન્યતાઓ, ભાષા, સમાજરચના, ધર્મ વગેરેમાં વિવિધતા જોવા મળે છે.

**8. ટૂંકનોંધ લખો.**

**(1) ભારતનાં ઉત્સવો અને વિવિધ નૃત્યો :** ભારતમાં નવરાત્રી, ગણેશચતુર્થી, દિવાળી, ઈદ, ક્રિસમસ, વૈશાખી, ઓણમ, દુર્ગા ઉત્સવ, ઉતરાયણ વગેરે ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભારતમાં રાજસ્થાનનું ઘુમ્મર, મહારાષ્ટ્રનું લાવણી, ગુજરાતના રાસ-ગરબા, પંજાબનું ભાંગડા, કાશ્મીરી નૃત્ય, કેરણનું મોહિનીઅટ્ટમ, કથકલી, તમિલનાડુનું ભરતનાટ્યમ્, આંધ્રપ્રદેશનું કૂચીપૂડી, અસમનું બિહુ અને ઓજપાલી નૃત્ય ખૂબ જાણીતાં છે.

# 10. જાહેર મિલકત

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- અવલોકન કરો અને લખો.
- શાળામાં બધા વિદ્યાર્થીઓ ઉપયોગ કરતાં હોય તેવી વસ્તુઓની યાદી
- વિવિધ સુવિધાઓ ઘરમાં અને જાહેરમાં ક્યાં હોય છે તે નોંધો.
- ચિત્રોની નીચે નામ લખો.
- ગામમાં બધાં ઉપયોગ કરતાં હોય તેવી જાહેર મિલકતની યાદી કરો.
- ચિત્રનું વર્ણન કરી મિત્રો સાથે ચર્ચા કરો.
- તમે શું કરશો ?
- આપણી મિલકત આપણાં નાણાં

## એકમની ટૂંક સમજ

- જે સામગ્રીનો કે સ્થળનો ઉપયોગ બધાં કરી શકતા હોય તો તે સૌની જાહેર મિલકત કહેવાય છે.
- મંદિર, બસ-સ્ટેન્ડ, શાળા, બગીચો, દવાખાનું, સરકારી કચેરીઓ વગેરે સૌની માલિકીનું કહેવાય છે. જેને સ્વચ્છ રાખવાં એ આપણાં સૌની ફરજ છે.
- જાહેર રસ્તા પરનાં વૃક્ષો શહેરની સંપત્તિ છે.
- જાહેર સંપત્તિને નુકસાન કરવાથી ગુનો બને છે.
- જો મિલકતની માલિકી વ્યક્તિની પોતાની હોય તેને 'વ્યક્તિગત' કે 'ખાનગી મિલકત' કહે છે.
- આપણાં સ્મારકો આપણું ગૌરવ છે.
- જાહેર સ્મારકોમાં આપણાં નાણાં વપરાય છે.
- જંગલો, તળાવો, નદી, વન્ય, પશુ-પંખી, આપણી જાહેર મિલકત છે.
- જાહેર મિલકતનું રક્ષણ કરવું તે આપણી ફરજ છે.
- પર્યાવરણ, જાહેર સંપત્તિ અને સરકારની મિલકત આપણા સૌની મિલકત છે. તેની જાળવણી આપણા સૌની જવાબદારી છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**1. અવલોકન કરો અને લખો.**

| ક્રમ | તમારા દફતરની વસ્તુઓ | વર્ગખંડની વસ્તુઓ | શાળાની વસ્તુઓ |
|---|---|---|---|
| 1 | દફતર | બ્લેકબૉર્ડ | બગીચો |
| 2 | પાઠ્યપુસ્તક | ચોક | મૂતરડી |
| 3 | નોટબુક | ડસ્ટર | પ્રાર્થનાખંડ |
| 4 | પેડ | હાજરીપત્રક | વર્ગખંડો |
| 5 | પેન્સિલ | ટેબલ | ઑફિસ |
| 6 | સંચો | ખુરશી | શૈ.સાધનો |
| 7 | પેન | બેન્ચ | રમતનું મેદાન |
| 8 | રબર | પંખો | પ્રયોગશાળા |
| 9 | કંપાસબોક્ષ | શૈ.સાધનો | પુસ્તકાલય |
| 10 | લંચબોક્ષ | ટ્યુબલાઈટ | કમ્પ્યૂટર લેબ |

**2. શાળામાં બધા વિદ્યાર્થીઓ ઉપયોગ કરતા હોય તેવી વસ્તુઓની યાદી કરો.**

| | વસ્તુઓ | | વસ્તુઓ | | વસ્તુઓ |
|---|---|---|---|---|---|
| 1 | શૌચાલય | 5 | પ્રાર્થનાખંડ | 9 | પ્રયોગશાળા |
| 2 | પાણીનો નળ | 6 | કમ્પ્યૂટર | 10 | રમતનું મેદાન |
| 3 | બગીચો | 7 | વર્ગખંડો | 11 | બુલેટિન બોર્ડ |
| 4 | પુસ્તકાલય | 8 | રમત ગમતનાં સાધનો | 12 | મધ્યાહન ભોજનનાં વાસણો |

**3. શાળાની મુતરડી કોઈને વાપરવા ન મળે તો...** બાળકો જાહેરમાં પેશાબ કરે જેના કારણે શાળાની આસપાસ ગંદકી થાય. બાળકોનું આરોગ્ય જોખમાય.

**4. પાણીની ટાંકીમાંનું પાણી કોઈ ન વાપરી શકે તો...** બાળકો તરસ્યા રહે, ટાંકીનું પાણી ગંદું થાય. પાણીની ટાંકી એ શાળાના બધાં બાળકોની સંપત્તિ છે.

**5. શાળામાં છોકરાઓને ભણવા ન મળે તો...** ગામના બાળકો નિરક્ષર રહે. શાળા એ ગામની જાહેર મિલકત છે. ગામના છોકરા-ઓ શાળામાં ભણે તે તેમનો હક છે. ભણવાનો હક કોઈ છીનવી ન શકે.

**6. ગામમાં/શહેરમાં બધા ઉપયોગ કરતા હોય તેવી જાહેર મિલકતોની યાદી કરો.**

| જાહેર મિલકતની યાદી | | | |
|---|---|---|---|
| 1 | સરકારી શાળા | 6 | સ્મશાનગૃહ |
| 2 | સરકારી દવાખાનું | 7 | જાહેર લાઈબ્રેરી |
| 3 | બસ-સ્ટેન્ડ | 8 | મંદિર |
| 4 | રેલવે સ્ટેશન | 9 | બૅન્ક |
| 5 | જાહેર બગીચા | 10 | પૉસ્ટ-ઑફિસ |

**7. ગામમાં બસ-સ્ટેશન ન હોય તો...** ગામના લોકોને બસની સુવિધાથી વંચિત રહે.

ગામલોકો એસ.ટી.ની જાહેર સેવાનો લાભ લઈ શકે નહીં. તેમને અન્ય ગામના બસ-સ્ટેશને જવું પડે.

8. **ગામનું બસ-સ્ટેશન ગંદું હોય તો...** મુસાફરો તેનો ઉપયોગ કરી શકે નહીં. બસ-સ્ટેશન ગંદું હોવાથી મુસાફરોને તડકામાં, ઠંડીમાં અને વરસાદમાં બસ-સ્ટેશનની બહાર ઊભા રહેવું પડે.

9. **ગામના પુસ્તકાલયમાં કોઈને જવા ન મળે તો...** ગામના શિક્ષિત, ભણેલા, વાચનનો શોખ ધરાવતા વ્યક્તિઓ, સામાયિકો, પુસ્તકો, દૈનિક અખબારો વગેરેના વાચનથી વંચિત રહે. ગામના લોકો દેશ-દુનિયાના રોજેરોજના સમાચારો જાણી શકે નહિ.

10. **ચિત્રોની નીચે આપેલ જગ્યામાં સુવિધાઓનું નામ લખો.**



**બગીચો**




**સ્ટૅટ બૅન્ક ઑફ ઇન્ડિયા**



**બસસ્ટેન્ડ**



**સરકારી શાળા**




**પાણીની પરબ**



**ધોરીમાર્ગ**

11. **નીચે આપેલ વિવિધ સુવિધાઓ ઘરમાં અને જાહેરમાં ક્યાં ક્યાં હોય છે તે નોંધો.**

| ક્રમ | સુવિધા | ઘરમાં ક્યાં હોય છે ? | જાહેરમાં ક્યાં હોય છે ? |
|---|---|---|---|
| 1 | પાણી | પાણિયારા ઉપર | જાહેર પાણીના પરબ |
| 2 | કચરાપેટી | ઘરની બહાર ફળિયામાં | બસ-સ્ટેન્ડ, રેલવે સ્ટેશન વગેરે |
| 3 | વાહન/વાહનો | ઘરની બહાર | મુખ્ય રસ્તા ઉપર |
| 4 | પુસ્તકો | કબાટમાં | પુસ્તકાલયમાં |
| 5 | શૌચાલયો | ઘરની બહાર ફળિયામાં | મુખ્ય રસ્તાઓની પાસે |
| 6 | ધાર્મિક સ્થળો | દાદરની નીચે | ગામના પાદરે |
| 7 | રમતગમતનાં સાધનો | બેઠકરૂમની બાજુના કબાટમાં | બાગ-બગીચામાં સરકારી શાળામાં |

**12. અહીં આપેલા ચિત્રનું વર્ણન કરી મિત્રો સાથે ચર્ચા કરો.**




**જાહેર મિલકતની જાળવણી : આપણી ફરજ**

**ઉત્તર :** ઉપરોક્ત ચિત્ર-1માં એક બસસ્ટેન્ડ પર સ્વચ્છ બાંકડો દર્શાવવામાં આવ્યો છે. ચિત્ર-2માં એક છોકરો આ બાંકડા તરફ આવે છે. ચિત્ર-3માં સ્વચ્છ બાંકડા પર થૂંકે છે. ચિત્ર-4માં સિક્યુરીટી ગાર્ડવાળા ભાઈ તેને પકડે છે અને બાંકડો સાફ કરાવે છે.

ઉપરોક્ત ચિત્રોનાં આધારે ચર્ચા કરીને કહી શકાય છે કે છોકરો બેજવાબદાર હતો. તેણે જાહેર મિલકતને નુકસાન પહોંચાડ્યું છે. તેના આવા વર્તનથી અન્ય મુસાફરો પરેશાન થઈ શકે છે. જાહેર મિલકતને સ્વચ્છ રાખવી એ આપણા સૌની જવાબદારી છે. જો કોઈ ગંદકી કરતાં હોય તો તેમને અટકાવવા પણ જોઈએ.

**13. કોણ સાચું ?**



**(1) પહેલા મિત્રના દીવાલ બગાડવાના વર્તનને તમે કેવું ગણશો ?**

**ઉત્તર :** પહેલાં ચિત્રના દીવાલ બગાડવાના વર્તનને અમે ખરાબ અને અયોગ્ય ગણીશું.

**(2) ત્રીજા ચિત્રમાં શું બન્યું હશે ? વિચારો.**

**ઉત્તર :** ત્રીજા ચિત્રમાં બીજો મિત્ર પહેલા મિત્રના ખમીસ પર થૂક્યો જેથી પહેલો મિત્ર ગુસ્સે થયો.

**(3) તમારો મિત્ર જાહેરમાં ગંદકી કરે, તો શી સલાહ આપશો ?**

**ઉત્તર :** મારો મિત્ર જાહેરમાં ગંદકી કરે તો તેને હું અટકાવીશ અને ગંદકી ન કરવા સમજાવીશ. ગંદકી કરવાથી કયા ગેરલાભો થાય છે ? અને આપણા અને બીજાના સ્વાસ્થ્યને શું નુકસાન થાય છે તેની સમજ આપીશ.

**14. તમે શું કરશો ?**

**(1) શાળામાં કોઈ પાણી બગાડે તો ?**

**ઉત્તર :** શાળામાં કોઈ પાણી બગાડે તો પાણીનો બગાડ કરતાં અટકાવીશ અને પાણીનું મહત્ત્વ સમજાવીશ.

**(2) કોઈ મિત્ર છોડને નુકસાન કરે તો ?**

**ઉત્તર :** કોઈ મિત્ર છોડને નુકસાન કરે તો તેને નુકસાન કરતો અટકાવીશ. છોડ વૃક્ષો વગેરે આપણને ઑક્સિજન પૂરો પાડે છે તેની સમજ આપીશ.

**(3) વર્ગમાં કોઈ દીવાલ પર લીટા પાડે તો ?**

**ઉત્તર :** વર્ગમાં કોઈ દીવાલ પર લીટા પાડે તો હું તેમને લીટા કરતાં અટકાવીશ. વર્ગની

દીવાલ એ જાહેર મિલકત છે. જાહેર મિલકતને નુકસાન કરવાથી અંતે આપણને જ નુકસાન થાય છે તે વાત સમજાવીશ..

**(4) નદીમાં કોઈ ઢોર નવડાવે તો ?**

**ઉત્તર :** નદીમાં કોઈ ઢોર નવડાવે તો તેમને અટકાવવા પ્રયત્ન કરીશ. તેમને સમજાવીશ કે ઢોરને નવડાવવાથી પાણી ગંદું થાય છે અને ગામલોકો માટે તે પાણી પીવાલાયક રહેતું નથી.

**(5) મેદાનમાં કચરો પડ્યો હોય તો ?**

**ઉત્તર :** મેદાનમાં કચરો પડ્યો હોય તો તે કચરો હું લઈને કચરાપેટીમાં નાખી દઈશ.

**(6) શાળાની મુતરડી સાફ ન હોય તો ?**

**ઉત્તર :** શાળાની મુતરડી સાફ ન હોય તો મારા મિત્રોની મદદ લઈને મુતરડી સાફ કરી દઈશ.

**(7) કોઈ વૃક્ષ કાપતું હોય તો ?**

**ઉત્તર :** કોઈ વૃક્ષ કાપતું હોય તો તેમને વૃક્ષ કાપતાં અટકાવીશ. વૃક્ષો કાપવાથી પર્યાવરણને અને આપણને કેટલું નુકસાન થાય છે તેની સમજ આપીશ.

## સ્વાધ્યાય

**(1) વર્તનની નીચેના ખાનામાં તમારા વિચારોની નોંધ કરો.**

| | | |
|---|---|---|
| કચરો ગમે ત્યાં નાખતી વ્યક્તિ | તળાવમાં ભેંસ નવડાવતો તળાવ કાંઠે કપડાં ધોતી સ્ત્રી | ટપાલના ડબા પર થૂંકતી વ્યક્તિ અથવા મહિલા |
| **ગમે ત્યાં કચરો નાખવાથી સ્વાસ્થ્યને નુકસાન થાય છે.** | **પાણીનું પ્રદૂષણ કરતાં લોકો રોગનો ફેલાવો કરતું અગત્યનું પરિબળ છે.** | **જાહેર મિલકતને નુકસાન કરવું તે અશિસ્ત દર્શાવે છે.** |
| **ખરાબ વર્તન છે.** | **ખરાબ વર્તન છે.** | **ખરાબ વર્તન છે.** |
| બસની સીટને નુકસાન કરતો છોકરો | કચરાપેટીમાં કચરો નાખતા વડીલો | શાળાની દીવાલ પર પેન્સિલથી નામ લખતી છોકરી |
| **જાહેર મિલકતને નુકસાન તે આપણું વ્યક્તિગત નુકસાન જ છે તે સમજાવીશ.** | **વડીલો દ્વારા કચરો કચરા પેટીમાં નાંખવાથી સમાજને સારો સંદેશ મળે છે.** | **શાળાએ શિસ્ત અને સંસ્કારનું કેન્દ્ર છે. સરસ્વતીના મંદિરમાં અશિસ્ત કદાપી ના થવું જોઈએ.** |
| **ખરાબ વર્તન છે.** | **સારું વર્તન છે.** | **ખરાબ વર્તન છે.** |

**(2) તમે કઈ કઈ સુવિધાનો ઉપયોગ કરો છો ?**

**ઉત્તર :** હું શાળા, બગીચો, રેલવે સ્ટેશન, બસ-સ્ટેશન, મંદિર, જાહેર આરોગ્ય કેન્દ્ર, રસ્તા, રમતનું મેદાન વગેરે સુવિધાનો ઉપયોગ કરું છું.

**(3) તમે કઈ સુવિધાઓ વગર ચલાવી શકો છો ?**

**ઉત્તર :** હું બૅન્ક, બગીચો, પુસ્તકાલય, શૌચાલય, જાહેર પાણીના સ્ટૅન્ડ અને જાહેર કચરાપેટીઓની સુવિધા વગર ચલાવી શકું છું.

**(4) તમે કઈ સુવિધાઓનું નુકસાન થતું અટકાવી શકો છો ?**

**ઉત્તર :** હું શાળા, બગીચો, બસ-સ્ટેશન, પુસ્તકાલય, જાહેર આરોગ્ય કેન્દ્ર, રસ્તા પરનાં વૃક્ષો, પાણીના સ્ટૅન્ડ, જાહેર શૌચાલયો વગેરેને નુકસાન થતું અટકાવી શકું છું.

**(5) તમે જાણતા હોય તેવી દસ જાહેર મિલકતોની યાદી બનાવો.**

**ઉત્તર :** (1) શાળા (2) મંદિર (3) તળાવ (4) બૅન્ક (5) પૉસ્ટ ઑફિસ (6) ગ્રામપંચાયત (7) આંગણવાડી (8) બગીચો (9) પુસ્તકાલય (10) રેલવે સ્ટેશન

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) જે સામગ્રીનો કે સ્થળનો ઉપયોગ બધાં કરી શકતા હોય તો તે સૌની **જાહેર** મિલકત કહેવાય છે.
(2) જાહેર મિલકતનો યોગ્ય રીતે ઉપયોગ કરવો એ આપણા સૌની **ફરજ** છે.
(3) દરેક ઉપયોગ કરી શકે તેવી સંપત્તિને **જાહેર સંપત્તિ** કહેવાય છે.
(4) જાહેર સંપત્તિને નુકસાન કરવાથી **ગુનો** બને છે.
(5) આપણા દેશનાં સ્મારકો આપણું **ગૌરવ** છે.
(6) જાહેર મિલકત અને પર્યાવરણનું જતન કરવું એ આપણી **જવાબદારી** છે.
(7) **સરકાર**ની મિલકત આપણા સૌની મિલકત છે.
(8) **જાહેર સંપત્તિ**ની જાળવણી સૌની જવાબદારી છે.

**2. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) સરકારી શાળા એ જાહેર સંપત્તિ છે. - ✓
(2) ગામનું બસ-સ્ટેશન એ વ્યક્તિગત સંપત્તિ છે. - ✗
(3) સરકારી દવાખાનું એ ખાનગી મિલકત છે. - ✗
(4) જાહેર રસ્તા પરનાં વૃક્ષો સૌની સંપત્તિ છે. - ✓
(5) જાહેર સંપત્તિને નુકસાન કરવાથી ઈનામ મળે છે. - ✗
(6) પ્રવાસ પર્યટનના સ્થળે ગંદકી કરવી જોઈએ નહીં. - ✓
(7) ઐતિહાસિક સ્મારકો રાષ્ટ્રનું ગૌરવ છે. - ✓
(8) જંગલો, તળાવો, નદી, વન્ય પશુ-પંખી આપણી જાહેર મિલકત છે. - ✓

**3. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) જાહેર મિલકત કોને કહેવામાં આવે છે ?**

**ઉત્તર :** જે સામગ્રીનો કે સ્થળનો ઉપયોગ બધાં કરી શકતા હોય તેવી મિલકતને જાહેર મિલકત કહેવાય છે.

**(2) ખાનગી મિલકત કોને કહેવામાં આવે છે ?**

**ઉત્તર :** જે મિલકતની માલિકી વ્યક્તિની પોતાની હોય તેવી મિલકતને ખાનગી મિલકત કહેવામાં આવે છે.

**(3) તમારી આસપાસ આવેલી પાંચ જાહેર મિલકતનાં નામ લખો.**

**ઉત્તર :** (1) શાળા (2) બૅન્ક (3) પૉસ્ટ ઑફિસ (4) બસ-સ્ટેશન (5) બગીચો

**(7) તમારી આસપાસ આવેલી પાંચ ખાનગી મિલકતનાં નામ લખો.**

**ઉત્તર :** (1) રામ પ્રોવિઝન સ્ટોર (2) ગીતા સાડી સિલેકશન (3) શક્તિ પાન સેન્ટર (4) આઝાદ ઓટો સેન્ટર (5) માતૃકૃપા ટ્રાવેલ્સ એજન્સી

**પ્રોજેક્ટ વર્ક :** આપના ગામ/શહેરમાં આવેલ વિવિધ જાહેર મિલકતોની માહિતી એકઠી કરો

| ક્રમ | સુવિધાનું નામ | સુવિધા ક્યારે બની ? | કઈ રીતે ઉપયોગી છે ? | જાળવણી કેવી ? | | જાળવણી માટે શું કરી શકાય ? |
|---|---|---|---|---|---|---|
| | | | | સારી | ખરાબ | |
| 1 | સરકારી શાળા | ઈ.સ.1961 | બાળકોના શિક્ષણ માટે | ✓ | | |
| 2 | આંગણવાડી | ઈ.સ.1995 | બાળકોનાં શિક્ષણ માટે | ✓ | | |
| 3 | ગ્રામપંચાયત | ઈ.સ.1990 | ગામના વિકાસનાં કામો માટે | | ✓ | કચરા પેટી મુકવી, મરામત અંગે સરકારમાં જાણ કરવી. |
| 4 | રામજી મંદિર | ઈ.સ.1985 | ઈશ્વરની ભક્તિ કરવા માટે | ✓ | | મરામત અને સ્વચ્છતા રાખવી |

# 11. ઇશ્વર સાથે અનુરાગ

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- આઝાદી પહેલાની ભારતની ધાર્મિક પરિસ્થિતિ
- ચૈતન્ય મહાપ્રભુ
- સ્વામી રામાનંદ
- કબીર
- તુકારામ
- વલ્લભાચાર્ય
- ગુરુનાનક
- નરસિંહ મહેતા
- રૈદાસ

## એકમની ટૂંક સમજ

- આપણી ભગવાન પ્રત્યે જાગેલી ઊંડી ભક્તિ, આસ્થા, પૂજાપાઠ વગેરેનું 8મી સદીમાં ઉદ્ભવ પામેલ ભક્તિ અને સૂફી આંદોલન છે.
- મધ્યકાલીન ભારતના સમાજમાં શિક્ષણનો અભાવ, પરંપરાગત ધાર્મિક શ્રદ્ધા, લોકોમાં અંધશ્રદ્ધા, ધર્માચાર્યો અને સાધુઓનો લોકો પર પ્રભાવ, મૂર્તિપૂજા, ધાર્મિકતા, માત્ર બાહ્ય ધાર્મિક ગ્રંથોની મૂળ વિચારધારાથી લોકો અજ્ઞાન, હિંદુઓ અને મુસ્લિમો દાનને ધાર્મિક જીવનનું એક અંગ ગણતા હતા.
- ભૂત-પ્રેત-ભૈરવી વગેરેની શ્રદ્ધાપૂર્વક પૂજા થતી, કેટલાક પંડિતો, મૌલવીઓ, સાધુઓ, ભુવાઓ વગેરે તકવાદી લોકો આવી અંધશ્રદ્ધાનો લાભ ઉઠાવી પોતાના જીવનની સુખ-સગવડો પ્રાપ્ત કરતા.
- **વલ્લભાચાર્ય :** તેમનો જન્મ ઈ.સ. 1479માં બિહારના ચંપારણ્યમાં તૈલગી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનો કુળધર્મ વૈષ્ણવધર્મ હતો. તેમણે બનારસમાં રહીને વેદ, વેદાંત, દર્શન, સૂત્રો, ધર્મશાસ્ત્રો, પુરાણો અને ઈતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો. રામેશ્વરથી હરદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીનાં તીર્થોનાં ત્રણવાર પર્યટન કરીને એમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. યાત્રા દરમિયાન તેઓ જે જગ્યાએ શ્રીમદ્ ભગવતની કથા કરતા તે જગ્યાઓ આજે 'બેઠક' તરીકે ઓળખાય છે. એમના મતે બ્રહ્મ શુદ્ધ અને અદ્વૈત છે, કૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ છે. પરમાત્મા મેળવવાનો ઉત્તમ માર્ગ ભક્તિ છે.
- **ચૈતન્ય મહાપ્રભુ :** તેમનો જન્મ ઈ.સ.1885માં બંગાળના પ્રસિદ્ધ વિદ્યાધામ નવદીપ (નદીયા) માં થયો હતો. વૈષ્ણવધર્મની આચાર્ય પરંપરામાં તેઓ છેલ્લા હતાં. એમની પ્રેમસમાધિ, ભક્તિ,

હરેકૃષ્ણ-હરેકૃષ્ણની ધૂન અને હરિબોલનો મંત્ર બંગાળવામાં ગુંજતો થયો હતો. દેશના ઘણા પ્રદેશોમાં ફરીને નાતજાતના ભેદભાવ વગર તેમણે કૃષ્ણની ભક્તિનો ફેલાવો કર્યો હતો.

- **ગુરુનાનક :** તેમનો જન્મ ઈ.સ.1469માં પંજાબના લાહોર નજીક તલવંડી ગામમાં એક ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. યુવાન વયે સતનામનો ઉપદેશ આપવામાં સમગ્ર ભારત અને શ્રીલંકા, અરબસ્તાન, ઈરાન જેવા દેશોનો તેમણે પ્રવાસ કર્યો હતો. ઈશ્વર સ્વયંભૂ છે, તે જ ગુરુ છે, સદગુરુની મદદથી આવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. દરેક મનુષ્યોને સમાન સમજે. તેમના અનુયાયીઓ સમય જતાં શીખ કહેવાયા, તેમના ઉપદેશને ગ્રંથસાહેબમાં સંગ્રહિત કરાયો છે.
- **સ્વામી રામાનંદ :** સ્વામી રામાનંદે ઉત્તર ભારતમાં ભક્તિ-આંદોલન જગાવ્યું. તેમણે લોકભાષાની મદદથી વૈષ્ણવભક્તિને સરળ બનાવી હતી. કબીર અને રૈદાસ જેવી સમર્થ વ્યક્તિઓ તેમના શિષ્યો હતા.
- **નરસિંહ મહેતા :** ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતાનો જન્મ નાગર કુટુંબમાં થયો હતો. બાળપણથી જ સાધુસંતોના સંપર્કમાં રહેવાથી સંસારી હોવા છતાં સંસારનો રંગ તેમને લાગ્યો ન હતો. તેઓ કૃષ્ણ ભક્તિમાં તન્મય રહેતા. નાતજાતના વાડાઓ અને છૂઆછૂતથી પીડાતા સમાજને જોઈને તેમને દુઃખ થતું. તેમનાં જ્ઞાન, ભક્તિનાં પૂર્ણ પદો અને પ્રભાતિયાંએ ગુજરાતના જનસમાજ ઉપર ઊંડી અસર ઉપજાવી છે.
- **કબીર :** તેઓ જીવનભર ગૃહસ્થ રહીને પોતાનો વણકરનો વ્યવસાય કરતાં રહ્યા. પોતે અભણ હોવા છતાં સાધુ-સંતો અને ફકીરો સાથે સત્સંગ કરી ધર્મો અને સંપ્રદાયોને સમજી ગયા હતા. તેમનાં પદો અને સાખીઓની લોકો પર ખૂબ ઊંડી અસર થઈ. તેમના મતે સર્વોચ્ચ ઈશ્વર છે અને તે એક જ છે. તેને સાહેબ, અલ્લાહ, ખુદા, રામ, રહીમ, ગોવિંદ, બ્રહ્મ વગેરે જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે.
- **રૈદાસ :** રૈદાસનો જન્મ કાશીમાં થયો હતો. તેમની માતાનું નામ ધુરવિનિયા અને પિતાનું નામ રઘુ હતું. બીજાને સહાયતા કરવી એ તેમનો સ્વભાવ બની ગયો હતો. ભક્ત કવયિત્રી મીરાંબાઈ રૈદાસની ભક્તિથી પ્રભાવિત થઈ તેમનાં શિષ્ય બન્યાં હતાં.
- **તુકારામ :** તેમનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. તેમણે લખેલાં ગીતો આજે લોકોને પ્રેરણા આપે છે. તેમણે કર્મકાંડો, પવિત્રતાનો ઢોંગ અને જન્મ પર આધારિત સામાજિક અંતરનો વિરોધ કર્યો. તેમના મતે સંસારમાં રહીને પણ ભક્તિ કરી શકાય છે. જરૂરિયાતવાળાને મદદ કરો. સાચી ભક્તિ બીજાના દુઃખમાં ભાગ લેવો તે છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) જો સંતોએ સમાજમાં ધાર્મિક અને સામાજિક સુધારણાનાં કાર્યો ન કર્યા હોત, તો સમાજમાં શી સ્થિતિ સર્જાઈ હોત ?**

**ઉત્તર :** જો સંતોએ સમાજમાં ધાર્મિક અને સામાજિક સુધારણાનાં કાર્યો ન કર્યા હોત, તો સમાજમાં નીચે મુજબની સ્થિતિ સર્જાઈ હોત.

- સમાજમાં અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજોનો વ્યાપ ખૂબ વધ્યો હોત.
- આપણા પૌરાણિક ગ્રંથોની મૂળ વિચારધારાથી આપણે અજાણ રહેત.
- કેટલાક પાખંડી સાધુઓ, મૌલવીઓ, ભૂવાઓ અજ્ઞાની લોકોનો ગેરલાભ ઉઠાવી એશઆરામની જિંદગી જીવતા હોત.
- સમાજમાં માણસ-માણસ, ધર્મ-ધર્મ, નાત-જાત વગેરેમાં અસમાનતા જોવા મળતી હોત.
- ઈશ્વર શું છે ? તેના વિશેની ખોટી માન્યતાઓ આપણા સમાજમાં સંકુચિત બની ગઈ હોત.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

**(1) આઝાદી પહેલાંની ભારતની ધાર્મિક પરિસ્થિતિ વર્ણવો.**

**ઉત્તર :** આઝાદી પહેલાં ભારતના લોકોની ધાર્મિક આસ્થા પરંપરાગત હતી. લોકોમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વ્યાપક હતું. લોકો ધર્માચાર્યો અને સાધુસંતોના આદેશોથી ડરતા હતા. કેટલાક લેભાગુ લોકો અંધશ્રદ્ધાનો ખૂબ ગેરલાભ ઉઠાવતા. સમાજ ધાર્મિક ગ્રંથોની મૂળ વિચારધારાથી અપરિચિત હતો. ભૂત-પ્રેત-ભૈરવી વગેરેની શ્રદ્ધાપૂર્વક પૂજા થતી. કેટલાક પંડિતો, મૌલવીઓ, સાધુઓ, ભૂવાઓ વગેરે તકવાદી લોકો આવી અંધ-શ્રદ્ધાનો લાભ ઉઠાવી પોતાના જીવનની સુખ-સગવડો પ્રાપ્ત કરતાં.

**(2) ગુરુનાનકનો ટૂંકમાં પરિચય આપો.**

**ઉત્તર :** ગુરુનાનકનો જન્મ ઈ.સ. 1469માં પંજાબના લાહોર નજીક તલવંડી ગામમાં એક ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. યુવાન વયે તેઓ સતનામનો ઉપદેશ આપતા સમગ્ર ભારત અને શ્રીલંકા, અરબસ્તાન, ઈરાન જેવા દેશોનો પ્રવાસ તેમણે કર્યો હતો. તેઓ કહેતા માણસ એ માણસ જ છે, તે ભલે કોઈપણ જાતિનો હોય, ઈશ્વર એક જ છે. ઈશ્વર સ્વયંભૂ છે, તે જ ગુરુ છે, સદ્ગુરુની મદદથી સાચું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અજ્ઞાનતાને સમજે. તેમના અનુયાયીઓ સમય જતાં શીખ કહેવાયા. તેમના ઉપદેશનો ગ્રંથસાહેબમાં સંગ્રહિત કરાયો છે.

**(3) કબીરે શો ઉપદેશ આપ્યો છે ?**

**ઉત્તર :** કબીરના મત મુજબ સાહેબ, અલ્લાહ, ખુદા, રામ, રહીમ, ગોવિંદ, બ્રહ્મ વગેરે એક જ છે. માત્ર તેમને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે.

**(4) હાલના સમયમાં કઈ કઈ અંધશ્રદ્ધાઓ પ્રવર્તે છે ?**

**ઉત્તર :** હાલના સમયમાં ● હઠીલા રોગ દૂર કરવા ભુવાઓનો સહારો લેવામાં આવે છે. ● સાપ કરડ્યો હોય તો તેને ઉતારવા માટે લોકો સાપ ઉતારવાવાળા પાસે જાય છે. ● બિલાડી રસ્તામાં આડી આવે તો અપશુકન માનવામાં આવે છે. ● વિધવા અને નિઃસંતાન દંપતીના મુખ સવારમાં જોતાં અપશુકન માનવામાં આવે છે. ● કોઈની નજર લાગી ગઈ છે તેમ સમજી નજર ઉતારવામાં આવે છે. ● ઘરની બહાર નીકળતાં સમયે કોઈને છીંક આવે તો અપશુકન માનવામાં આવે છે.

**2. મને ઓળખી મારું નામ લખો.**

(1) મારો હરિબોલનો મંત્ર બંગાળમાં ગુંજતો થઈ ગયો હતો. **– ચૈતન્ય મહાપ્રભુ**

(2) મારા અનુયાયીઓ સમય જતાં શીખ કહેવાયા. **– ગુરુનાનક**

(3) મારો જન્મ નાગરકુટુંબમાં થયો હતો. **– નરસિંહ મહેતા**

(4) મારા નામ પરથી રૈદાસ પંથ થયો. **– સંત રૈદાસ**

(5) મારા મતે સર્વ ઈશ્વર એક જ છે. **– સંત કબીર**

**3. નીચેની ખાલી જગ્યા પૂરો.**

(1) ચૈતન્ય મહાપ્રભુનો જન્મ પ્રસિદ્ધ વિદ્યાધામ **નવદીપ**માં થયો હતો.

(2) વલ્લભાચાર્યએ જે તે સ્થળોએ ભગવતકથા પારાયણ કર્યા તે સ્થળો આજે **'બેઠક'** તરીકે ઓળખાય છે.

(3) પંજાબના લાહોર નજીક તલવંડીમાં **ગુરુનાનક** સંતનો જન્મ થયો હતો.

(4) **સ્વામી રામાનંદ** કબીર અને રૈદાસના ગુરુ હતા.

(5) વૈષ્ણવ ધર્મની આચાર્ય પરંપરામાં **ચૈતન્ય મહાપ્રભુ** છેલ્લા આચાર્ય છે.

**4. ટૂંકનોંધ લખો.**

(1) **ચૈતન્ય મહાપ્રભુ :** તેમનો જન્મ બંગાળમાં

થયો હતો. વૈષ્ણવધર્મની આચાર્ય પરંપરાના તેઓ છેલ્લા આચાર્ય હતા. એમની પ્રેમસમાધિને લીધે તેઓ ખૂબ પ્રસિદ્ધ હતા. હરેકૃષ્ણ-હરેકૃષ્ણની ધૂન લગાવતા કોઈપણ જાતના ભેદભાવ વગર લોકો તેમની કીર્તન-મંડળીમાં ભળી જતા. થોડા સમયમાં એમનો હરિબોલનો મંત્ર બંગાળમાં ગુંજતો થઈ ગયો. તેમણે નાતજાતના ભેદભાવનાં વિરોધ કરીને માનવમાત્ર પ્રત્યે ભ્રાતૃભાવને વિશેષ મહત્ત્વ આપ્યું. પ્રભુનાં નામ, સ્મરણ, કીર્તન અને સેવામાં રાત-દિવસ મસ્ત રહેવા લોકોને અનુરોધ કર્યો.

(2) **નરસિંહ મહેતા :** ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતાનો જન્મ ગુજરાતના ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો. બાળપણથી જ સાધુસંતોના સંપર્કમાં રહેવાથી સંસારી હોવા છતાં સંસારનો રંગ તેમને લાગ્યો ન હતો. તેઓ કૃષ્ણભક્તિમાં તન્મય રહેતા. નાતજાતના વાડાઓ અને છૂતાછૂતથી પીડાતા સમાજને જોઈને તેમને દુ:ખ થતું. પ્રભુમાં શ્રદ્ધા અને ભક્તિના સહારે માણસ કેવી રીતે અનેક વિપત્તિઓમાંથી મુક્ત થઈ શકે છે તે તેમણે પોતાના જીવન દ્વારા દાખલો પૂરો પાડ્યો છે. તેમનાં જ્ઞાન-ભક્તિનાં પૂર્ણ પદો અને પ્રભાતિયાંએ ગુજરાતનાં જનમાનસ ઉપર ઊંડી અસર કરી છે. તેમનું પ્રસિદ્ધ પ્રભાતિયું તો સૌએ સાંભળ્યું જ હશે :

'વૈષ્ણવજન તો તેને રે કહીએ
જે પીડ પરાઈ જાણે રે,
પર દુ:ખે ઉપકાર કરે તોય
મન અભિમાન ન આણે રે.'

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) ભક્તિ અને સૂફી આંદોલનનો ઉદ્ભવ કઈ સદીમાં થયો હતો ?**
(A) છઠ્ઠી સદીમાં (B) સાતમી સદીમાં
(C) **આઠમી સદીમાં** (D) નવમી સદીમાં

**(2) વલ્લભાચાર્યનો જન્મ ક્યાં થયો હતો ?**
(A) તલવંડીમાં (B) **ચંપારણ્યમાં**
(C) નવદીપમાં (D) કાશીમાં

**(3) વૈષ્ણવધર્મની આચાર્ય પરંપરાના છેલ્લા સંત કોણ હતા ?**
(A) **ચૈતન્ય મહાપ્રભુ** (B) વલ્લભાચાર્ય
(C) નરસિંહ મહેતા (D) સ્વામી રામાનંદ

**(4) ગુરુનાનકનો જન્મ ક્યાં થયો હતો ?**
(A) ચંપારણ્યમાં (B) **તલવંડીમાં**
(C) કાશીમાં (D) નવદીપમાં

**(5) ગુરુનાનકનો જન્મ ક્યા કુટુંબમાં થયો હતો ?**
(A) બ્રાહ્મણ (B) **ક્ષત્રિય**
(C) વૈશ્ય (D) શુદ્ર

**(6) કોણે લોકભાષાના માધ્યમ દ્વારા વૈષ્ણવ-ભક્તિનાં દ્વાર ખોલ્યાં ?**
(A) રૈદાસ (B) નરસિંહ મહેતા
(C) **સ્વામી રામાનંદ** (D) વલ્લભાચાર્ય

**(7) ''વૈષ્ણવજન તો તેને રે કહીએ''ના રચયિતા કોણ છે ?**
(A) કબીર (B) રૈદાસ
(C) ગુરુનાનક (D) **નરસિંહ મહેતા**

**(8) રૈદાસનો જન્મ ક્યાં થયો હતો ?**
(A) **કાશીમાં** (B) નવદીપમાં
(C) તલવંડીમાં (D) ચંપારણ્યમાં

**(9) મહારાષ્ટ્રમાં વિઠ્ઠલનાથ (વિઠોબા)ની ભક્તિનો મહિમા કોણે સ્થાપ્યો ?**
(A) તુકારામે (B) કબીરે
(C) રૈદાસે (D) **પુંડરિકે**

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) હિંદુઓ અને મુસ્લિમો **દાન**ને ધાર્મિક જીવનનું એક અંગ ગણતા હતા.

(2) વલ્લભાચાર્યનો કુળધર્મ **વૈષ્ણવ** હતો.

(3) ચૈતન્ય મહાપ્રભુનો જન્મ પ્રસિદ્ધ વિદ્યાધામ

**નવદીપ**માં થયો હતો.

(4) ગુરુનાનક **સતનામ** નો ઉપદેશ આપવા સંસાર છોડી નીકળી પડ્યા હતા.

(5) વલ્લભાચાર્યએ ભાગવતકથા, પારાયણ કર્યાં તે સ્થળો આજે **બેઠક** તરીકે ઓળખાય છે.

(6) **સ્વામી રામાનંદ** કબીર અને રૈદાસના ગુરુ હતા.

(7) વૈષ્ણવ ધર્મની આચાર્ય પરંપરામાં **ચૈતન્ય મહાપ્રભુ** છેલ્લા આચાર્ય હતા.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) વલ્લભાચાર્યએ જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો. - ✗

(2) ચૈતન્ય મહાપ્રભુની કીર્તન-મંડળીમાં લોકો નાતજાતના ભેદભાવ વગર ભળી જતા. - ✓

(3) ગુરુનાનકના મતે સાચો માણસ એ છે જે બધા મનુષ્યોને સમાન સમજે છે. - ✓

(4) નરસિંહ મહેતાએ સંસાર માંડ્યો હોવા છતાં તેમને સંસારનો રંગ લાગ્યો ન હતો. - ✓

(5) બીજાને પરેશાન કરવા એ રૈદાસનો સ્વભાવ બની ગયો હતો. - ✗

(6) રામાનંદે ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલન જગાવ્યું હતું. - ✓

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) વલ્લભાચાર્ય | (A) સતનામના ઉપદેશક | (1) - **(D)** |
| (2) ચૈતન્ય મહાપ્રભુ | (B) પ્રભાતિયાંના રચયિતા | (2) - **(E)** |
| (3) ગુરુનાનક | (C) તેમના મતે સર્વોચ્ચ ઈશ્વર એક જ છે. | (3) - **(A)** |
| (4) નરસિંહ મહેતા | (D) પુષ્ટિમાર્ગના પ્રચારક | (4) - **(B)** |
| (5) સંત કબીર | (E) વૈષ્ણવભક્તિના પ્રચારક | (5) - **(C)** |

**5. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) વલ્લભાચાર્યએ કયા કયા વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો હતો ?**

**ઉત્તર :** વલ્લભાચાર્યએ વેદ, વેદાંત, દર્શન, સુત્રો, ધર્મશાસ્ત્રો અને ઇતિહાસના વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો હતો.

**(2) વલ્લભાચાર્યએ ક્યાંથી ક્યાં સુધીનાં તીર્થોમાં ત્રણવાર યાત્રા કરી હતી ?**

**ઉત્તર :** વલ્લભાચાર્યએ રામેશ્વરથી હરદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીનાં તીર્થોમાં ત્રણવાર યાત્રા કરી હતી.

**(3) ચૈતન્ય મહાપ્રભુનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?**

**ઉત્તર :** ચૈતન્ય મહાપ્રભુનો જન્મ બંગાળાના પ્રસિદ્ધ વિદ્યાધામ નવદીપમાં ઇ.સ.1485માં થયો હતો.

**(4) ચૈતન્ય મહાપ્રભુએ લોકોને શાનો અનુરોધ કર્યો હતો ?**

**ઉત્તર :** ચૈતન્ય મહાપ્રભુએ લોકોને પ્રભુનાં નામ-સ્મરણ, કીર્તન અને સેવામાં રાત-દિવસ મસ્ત રહેવાનો અનુરોધ કર્યો હતો.

**(5) ગુરુનાનકનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?**

**ઉત્તર :** ગુરુનાનકનો જન્મ પંજાબના લાહોર નજીક તલવંડી ગામમાં ઇ.સ.1469માં થયો હતો.

**(6) ગુરુનાનકે ભારત સિવાય ક્યા દેશોનો પ્રવાસ કર્યો હતો ?**

**ઉત્તર :** ગુરુનાનકે ભારત સિવાય શ્રીલંકા, અરબસ્તાન અને ઇરાન વગેરે દેશોનો પ્રવાસ કર્યો હતો.

**(7) સ્વામી રામાનંદના સમર્થ શિષ્યો કોણ - કોણ હતા ?**

**ઉત્તર :** સ્વામી રામાનંદના સમર્થ શિષ્યો કબીર અને રૈદાસ હતા.

**(8) નરસિંહ મહેતાએ શાના દ્વારા ગુજરાતનાં જનમાનસ પર ઊંડી અસર ઉપજાવી છે ?**

**ઉત્તર :** નરસિંહ મહેતાએ જ્ઞાન, ભક્તિનાં પૂર્ણ પદો અને પ્રભાતિયાં દ્વારા ગુજરાતનાં જનમાનસ પર ઊંડી અસર ઉપજાવી છે.

**(9) નરસિંહ મહેતા શું જોઈને દુ:ખી થતા ?**

**ઉત્તર :** નરસિંહ મહેતા નાતજાતના વાડાઓ અને છૂતાછૂતથી પિડાતા સમાજને જોઈને દુ:ખી થતા.

**(10) ગુરુનાનકના ઉપદેશને ક્યા ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે ?**

**ઉત્તર :** ગુરુનાનકના ઉપદેશને 'ગ્રંથસાહેબ'માં સંગ્રહિત કરવામાં આવ્યો છે.

**(11) નરસિંહ મહેતા કોની ભક્તિમાં તન્મય રહેતા?**

**ઉત્તર :** નરસિંહ મહેતા કૃષ્ણભક્તિમા તન્મય રહેતા.

**(12) સંત કબીરે ધર્મો અને સંપ્રદાયોનું જ્ઞાન કેવી રીતે મેળવ્યું ?**

**ઉત્તર :** સંત કબીરે ધર્મો અને સંપ્રદાયોનું જ્ઞાન સાધુ-સંતો અને ફકીરો સાથેના સત્સંગથી મેળવ્યું હતું.

**(13) રૈદાસનાં માતા-પિતાનું નામ લખો.**

**ઉત્તર :** રૈદાસનાં માતાનું નામ ધુરવિનિયા અને પિતાનું નામ રઘુ હતું.

**(14) રૈદાસની ભક્તિથી પ્રભાવિત થઈ કોણ તેના શિષ્ય બન્યાં હતાં ?**

**ઉત્તર :** રૈદાસની ભક્તિથી પ્રભાવિત થઈ ભક્ત કવયિત્રી મીરાંબાઈ તેમના શિષ્ય બન્યાં હતાં.

**(15) રૈદાસના ગુરુભાઈ કોણ હતા ?**

**ઉત્તર :** રૈદાસના ગુરુભાઈ સંત કબીર હતા.

**(16) રૈદાસે ઈશ્વર વિશે શું કહ્યું છે ?**

**ઉત્તર :** રૈદાસે ઈશ્વર વિશે કહ્યું છે કે 'બધામાં હરિ છે અને બધા હરિમાં છે.'

**(17) રૈદાસે શાની રચના કરી હતી ?**

**ઉત્તર :** રૈદાસે તેમના નામ પરથી 'રૈદાસી' પંથની રચના કરી.

# 12. ખંડ પરિચય (ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપ)

**: આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :**

- **ઉત્તર અમેરિકા**
- **ખંડ :** સ્થાન, સીમા, વિસ્તાર અને ભૂપૃષ્ઠ
- આબોહવા, વનસ્પતિ અને પ્રાણીજીવન
- **દેશ પરિચય :** કૅનેડા, યુ.એસ.એ.
- **દક્ષિણ અમેરિકા :** જ્વાળામુખીનું વતન
- **ખંડ :** સ્થાન, સીમા, વિસ્તાર અને ભૂપૃષ્ઠ
- આબોહવા, વનસ્પતિ અને પ્રાણીજીવન
- વિશેષતાઓ • ઍન્ડિઝ પર્વતમાળા
- ખેતી અને ખનિજો
- દેશપરિચય : બ્રાઝિલ, આર્જેન્ટિના
- **યુરોપ**
- **ખંડ :** સ્થાન, સીમા, વિસ્તાર અને ભૂપૃષ્ઠ
- વનસ્પતિ અને આબોહવા • ખનિજ અને ઉદ્યોગ
- દેશપરિચય : ઈંગ્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની

## એકમની ટૂંક સમજ

**ઉત્તર અમેરિકા**

- ઉત્તર અમેરિકા ખંડ યુ.એસ.એ., કૅનેડા, મેક્સિકો અને કેરેબિયન વિસ્તારના દેશો અને દ્વીપોનો બનેલો ખંડ છે.
- તે 2.44 લાખ ચો.કિમી વિસ્તાર અને 16 ટકા ભૂમિભાગ ધરાવે છે.
- અહીંના મૂળ નિવાસી તરીકે 'રેડ-ઈન્ડિયન' જાતિ ગણાય છે.

- અમેરિકા ખંડનું નામ ઇટાલીના સંશોધનકર્તા અમેરિગો વેસ્પુચીના નામ પરથી પડ્યું છે.
- ઉત્તર અમેરિકા ખંડ ઉત્તરે આર્કટિકા મહા-સાગરથી શરૂ કરી પનામા રાજ્ય સુધી વિસ્તરેલો છે.
- ઉત્તર-ધ્રુવવૃત્ત કૅનેડાની ઉત્તરમાંથી અને કર્કવૃત્ત મૅક્સિકોના મધ્યમાંથી પસાર થાય છે.
- ઉત્તર અમેરિકા ખંડની ઉત્તર-દક્ષિણ લંબાઈ 9654 કિમી અને પહોળાઈ ઉત્તરે કૅનેડામાં 6033 કિમીથી ઘટતા દક્ષિણમાં 482 કિમીથી વધુ નથી.
- અમેરિકામાં ચાર સમયપટ્ટાઓ નક્કી કરવામાં આવ્યા છે.
- ઉત્તર અમેરિકાખંડમાં કૅનેડા, અલાસ્કા અને ગ્રીનલૅન્ડ જેવા વિસ્તારો હિમ આધારિત ખડકાળ જમીન ધરાવે છે.
- કૅનેડામાં ઘસારાની પ્રક્રિયાને લીધે નાનાં-મોટાં પાંચ મહાન સરોવરો સુપીરિયર, હ્યુરોન, એરી, ઑન્ટારિયો અને મિચિગનની રચના થઈ છે.
- મિસિસિપી, મિસુરી, મૅકેન્ઝી નદીઓને લીધે કાંપનાં ફળદ્રુપ મેદાનોની રચના થઈ છે, જે 'પ્રેરિઝના મેદાન' તરીકે ઓળખવામાં આવે છે. જે ઘઉંની ખેતી અને તેના વિપુલ ઉત્પાદન માટે વિશ્વવિખ્યાત છે.
- પશ્ચિમ કિનારે રોકિઝ પર્વતમાળામાં મેકિન્લે સૌથી ઊંચું શિખર છે. અહીં ઍસ્કિમો જાતિના લોકો અલાસ્કા વિસ્તારમાં 'ઇગ્લુ' જેવાં વિશિષ્ટ રહેઠાણો બનાવીને વસે છે.
- ઉત્તર અમેરિકામાં કૅનેડા, અલાસ્કા અને પર્વતીય વિસ્તારોમાં ઠંડી અને શુષ્ક આબોહવા અનુભવાય છે. દક્ષિણે મેક્સિકો અને મધ્ય અમેરિકામાં પ્રમાણમાં તાપમાન ઊંચું અનુભવાય છે. ટેક્સાસ રાજ્યમાં અતિશય ગતિવેગવાળા ચક્રવાતો ફૂંકાય છે. જેને 'ટોર્નેડો' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ઉત્તર અમેરિકા ખંડમાં લોખંડ, કોલસો, ખનિજતેલ, તાંબુ, સોનું, ચાંદી વગેરે ખનિજો મળી આવે છે તેથી ઔદ્યોગિક દષ્ટિએ યુ.એસ.એ. રાષ્ટ્ર વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

**કૅનેડા :**

- પશ્ચિમ ગોળાર્ધના ઉત્તર અમેરિકા ખંડનો સૌથી મોટો દેશ છે.
- કૅનેડામાં મોટા ભાગના પ્રદેશોમાં ઉનાળામાં ઠંડી અને શિયાળામાં અતિશય ઠંડા અનુભવાય છે.
- અહીં શંકુદ્રુમ પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે. રીંછ, સફેદ શિયાળ, હરણ, ઓટર, બીવર, અને રેન્ડિયર જેવાં પ્રાણીઓ જોવા મળે છે.
- કૅનેડા ખનિજોમાં એસ્બેસ્ટોસના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને છે.
- ઑટાવા રાજધાનીનું કેન્દ્ર છે. મોન્ટ્રીયલ, ટૉરેન્ટો, વિનિપેગ, હેમિલ્ટન જેવાં શહેરો આવેલાં છે.
- કૅનેડાની રાષ્ટ્રીય રમત આઈસ હૉકી છે.
- વિશ્વમાં પરિવહનનાં માર્ગોના વિકાસમાં પ્રથમ સ્થાન ધરાવે છે. 'સુપર હાઈવેઝ' ફ્રિવેઝ એટલે કે એકબીજા ઉપરથી પસાર થતા વિશિષ્ટ ઢબના ધોરીમાર્ગો આ દેશના વિકાસનું સીમાચિહ્ન ગણી શકાય.

**દક્ષિણ અમેરિકા :** જ્વાળામુખીનું વતન

- દક્ષિણ અમેરિકાખંડ પશ્ચિમ ગોળાર્ધમાં આવેલો દુનિયાનો ચોથો મોટો ત્રિકોણાકાર ખંડ છે. જે પૃથ્વીના કુલ જમીનવિસ્તારના 13 ટકા વિસ્તાર રોકે છે.
- દ.અમેરિકા ખંડના પ્રાકૃતિક વિભાગોમાં મુખ્યત્વે ઍન્ડિઝની પર્વતમાળા, મધ્યનાં સમતલ મેદાનો, ઉત્તરપૂર્વના ઉચ્ચપ્રદેશો અને સમુદ્ર કિનારાનાં સાંકડાં મેદાનો છે. પનામાની સંયોગી ભૂમિથી દક્ષિણમાં હોર્ન ભૂશિર સુધી 8900 કિમી લાંબી સરેરાશ 160થી 600 કિમી પહોળી ઍન્ડિઝ પર્વતમાળા આવેલી છે. જેમાં ઍકોન્કાગુઆ જ્વાળામુખી 6.960 મીટર ઊંચો છે. ઇક્વાડોરમાં ચિમ્બૉરોઝો અને કૉટોપાક્સી

જ્વાળામુખી તથા બોલિવિયાનું 3660 મીટર ઊંચાઈએ આવેલું 275 મીટર ઊંડું ટિટિકાકા સરોવર આવેલું છે.

- અહીં ઍમેઝૉન, પરાના-પરાગ્વે, ઑરિનોકો નદીનાં કાંપના મેદાનો, પેટોગોનિયાનો ઉચ્ચપ્રદેશ તથા અતકામાના રણપ્રદેશો આવેલા છે.
- દ.અમેરિકાખંડનો મધ્ય ભાગ ઉષ્ણકટિબંધમાં આવેલો હોવાથી અહીં બારેમાસ ઊંચું તાપમાન અને વરસાદ અનુભવાય છે.
- વિશ્વના 21 ટકા જંગલો અને 14 ટકા ઘાસભૂમિ આ ખંડમાં આવેલાં છે. પંપાઝ મેદાનોનું 'આલ્ફાલ્ફા' ઘાસ જાણીતું છે.
- અહીં આલ્પાકા, બિકુના, લીમા તેમજ ઘેટાં-બકરાં જેવા પ્રાણીઓ અને વ્હેલ, સીલ જેવી માછલીઓ જોવા મળે છે.
- કોલંબિયામા કૉફીની 'ટેરારોક્સા' જમીન જોવા મળે છે. કોકો, કૉફી, મકાઈ, સૂર્યમુખી, અળસી, ફળફળાદિ વગેરે પાકો થાય છે. વિશ્વની 90 ટકા કૉફી આ ખંડના બ્રાઝિલ કોલંબિયા, વેનેઝુએલા, ઇક્વૅડોર જેવા દેશમાંથી પ્રાપ્ત થાય છે. ઘઉં અને શેરડીના ઉત્પાદનમાં આર્જેન્ટિના અને બ્રાઝિલ અગ્રસ્થાને છે.
- અહીંથી મૅંગેનીઝ, તાંબુ, ખનિજતેલ, કોલસો પ્રાપ્ત થાય છે. વિશ્વનું 4.6 ટકા ખનિજતેલ વેનેઝુએલા દેશમાંથી મળે છે.
- ઉ.અમેરિકા અને જાપાન જેવા દેશો માટે પનામા નહેર આશીર્વાદ સમાન છે.

**બ્રાઝીલ**

- દક્ષિણ ગોળાર્ધમાં વિસ્તારની દૃષ્ટિએ પ્રથમ અને વિશ્વનું પાંચમું સ્થાન ધરાવે છે.
- બ્રાઝિલમાં પોર્ટુગીઝ લોકોનું શાસન હતું તેથી તેની ભાષા પોર્ટુગીઝ છે.
- અહીં ઍમેઝોનના જંગલોમાં ઍનાકોન્ડા નામનો અજાયબ અજગર જોવા મળે છે.
- દેશની 60 ટકા વસતિ ગામડાંઓમાં રહે છે.

બ્રાઝિલિયા દેશની રાજધાની છે.

**આર્જેન્ટિના :**

- ઍન્ડિઝ પર્વતમાળાથી દક્ષિણ એન્ટાર્કટિકા ખંડ સુધી આ દેશ ફેલાયેલો છે.
- આબોહવા ઉત્તરથી દક્ષિણ તરફ જતાં ક્રમશઃ ગરમ અને ભેજવાળીમાંથી સૂકી અને ઠંડી થતી જાય છે.
- અહીં દ્રાક્ષ અને ઘઉંની ખેતી વિશેષ થાય છે. અહીં યુરોપીય પ્રજા વધુ જોવા મળે છે. અહીં 68 ટકા શહેરી વસતિ જોવા મળે છે.
- મુખ્યત્વે સ્પેનીશ ભાષા બોલાય છે. બ્યુઍનોસ એરસી તેનું પાટનગર છે.

**યુરોપ :**

- યુરોપ અને ઍશિયા એકબીજા સાથે જોડાયેલા છે અને સંયુક્ત સ્વરૂપે 'યુરેશિયા' તરીકે ઓળખાય છે. આ બંને ખંડો ઉરલ પર્વતથી છૂટા છે.
- યુરોપનો વિસ્તાર 1 કરોડ 6 લાખ ચો.કિમી અને આશરે 64 કરોડ જનસંખ્યા ધરાવતો ખંડ છે.
- યુરોપમાં ઉત્તરમાં નૉર્વે, સ્વીડન જેવા દેશોમાં રાખોડી રંગની તથા દક્ષિણ યુરોપમાં ઘેરા ભૂખરા રંગવાથી ચર્નોઝમ જમીન જોવા મળે છે.
- અહીં ખાટાં રસવાળાં ફળફળાદિ, ઘઉં, મકાઈ વગેરે પાકોનું ઉત્પાદન થાય છે.
- યુરોપ ખંડને તેની ભૂપૃષ્ઠની વિશિષ્ટતાને કારણે પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે.
- પૂર્વ યુરોપીય વિસ્તારમાં મેદાની પ્રદેશ હોવાથી 75 ટકા ખેતીમાં તથા પશ્ચિમ યુરોપના પર્વતીય વિસ્તારના 25 ટકા લોકો આ વ્યવસાયમાં રોકાયેલા છે.
- અહીં લોખંડ, કોલસો, બૉક્સાઈટ અને પોટાશ મુખ્ય ખનિજો મળી આવે છે. જર્મનીના રુહર ક્ષેત્રમાંથી કોલસો તથા રશિયામાં કિવાઈ-ક્ષેત્રમાંથી લોખંડ મળી આવે છે.

**રશિયા :**

- વિસ્તારની દૃષ્ટિએ દુનિયાનો સૌથી મોટો દેશ રશિયા છે. મૉસ્કો તેની રાજધાની છે. અહીં 10 ટકા જમીન ખેતીલાયક છે અને 50 ટકા વસતિ ખેતી પર આધારિત છે. મુખ્ય પાક ઘઉં છે. વિશ્વના 25 ટકા ઘઉં અહીં પાકે છે.

**ઈંગ્લૅન્ડ :**

- આધુનિક વિચારધારા અને ટૅકનોલૉજીના સુભગ સમન્વય ધરાવતો દેશ છે. ઍન્ટલાન્ટિક મહાસાગરમાં વહેતા સમુદ્રના ગરમ પ્રવાહને લીધે શિયાળામાં પણ હુંફાળું વાતાવરણ ધરાવે છે. 4 ટકા ભૂમિ પર જંગલો અને ખનિજ કોલસો પ્રાપ્ત થાય છે.

**ફ્રાન્ચ :**

- યુરોપનો સૌથી મોટો લોકશાહી ધરાવતો દેશ છે. પૅરિસ શહેર તેનું પાટનગર છે. પ.યુરોપનું સૌથી ઊંચું શિખર માઉન્ટ બ્લૅંક અહીં આવેલું છે. અહીં ઘઉંનું ઉત્પાદન સારું થાય છે. અહીં કોલસો, લોખંડ, મીઠું, બૉક્સાઈટ થોડા પ્રમાણમાં મળે છે.

**જર્મની**

- જર્મનીએ નેધરલૅન્ડ, બેલ્જિયમ, લકઝમબર્ગ, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ, ઑસ્ટ્રિયા, પૉલેન્ડ અને ડેનમાર્કની સરહદ પર આવેલો મધ્ય યુરોપનો દેશ છે. તેનું પાટનગર બર્લિન છે.
- જર્મની મુખ્યત્વે બે પ્રાકૃતિક ભાગમાં વહેંચાયેલું છે : (1) હિમ-નિક્ષેપિત માટી અને રેતીનું બનેલું મેદાન (2) દક્ષિણમાં આવેલો આલ્પ્સનો પર્વતીય પ્રદેશ.
- અહીં ઓક, બર્ચ, એશ અને બીચ વૃક્ષો જોવા મળે છે.
- કોલસો અને લોખંડ અનુક્રમે રુહર અને થાઈસેનમાંથી મળે છે.
- ઈજનેરી ઉદ્યોગમાં જર્મની સમગ્ર વિશ્વમાં અગ્રસ્થાન ધરાવે છે.
- અહીં મ્યુનિક, હૅમ્બર્ગ, ફ્રેન્કફર્ટ, સ્ટટગાર્ટ વગેરે શહેરો આવેલાં છે.

## આ એકમની સમજ આપતી મુખ્ય પ્રશ્નોત્તરી

**(1) ઉત્તર અમેરિકાખંડનો નકશો જોઈને ઉત્તરના ટાપુઓની નોંધ કરો અને ક્યો ટાપુ કદમાં મોટો છે તે શોધો.**

**ઉત્તર :** ઉત્તર અમેરિકા ખંડના ઉત્તરના ટાપુઓ : ગ્રીનલૅંડ, બેફિન, વિક્ટોરિયા, ડેવન, ક્યુબા વગેરે છે. સૌથી મોટો ટાપુ બૅફિન છે.

**(2) કયાં કયાં મુખ્ય અક્ષાંશવૃત્તો ઉત્તર અમેરિકાખંડ પરથી પસાર થાય છે ? તેમના પર આવતાં શહેરોની યાદી તૈયાર કરો.**

**ઉત્તર :** ઉત્તર અમેરિકા ખંડમાંથી ઉત્તર ધ્રુવવૃત્ત અને કર્કવૃત્ત પસાર થાય છે. ઉત્તર ધ્રુવવૃત્ત પર આવતાં શહેરો : ફોર્ટ ગુડ હોપ, પોર્ટ રેડિયમ્. કર્કવૃત્ત પર આવતાં શહેરો : હવાના, માથાટ્લાન.

**(3) નકશો જોઈને કહો, બીજા ક્યાં સરોવરો અહીં આવેલાં છે ?**

**ઉત્તર :** ગ્રેટ બિયર, રેન્ડિયર, ગ્રેટ સૉલ્ટ, ગ્રેટ સ્લાવ મેનિટોબા વગેરે સરોવરો આવેલાં છે.

**(4) આપણા ગુજરાત રાજ્યમાં ગરમ પાણીના ઝરા ક્યાં આવેલા છે ?**

**ઉત્તર :** આપણા ગુજરાત રાજ્યમાં ગરમ પાણીના ઝરા તુલસીશ્યામ, ધોલેરા, લસુંદ્રા, ટુવા-ટીંબા અને ઉનામાં આવેલાં છે.

**(5) નકશો જોઈને ઉત્તર અમેરિકાખંડના દેશના નામ લખો.**

**ઉત્તર :** યુ.એસ.એ., કૅનેડા, મેક્સિકો

**(6) દક્ષિણ અમેરિકા ખંડનો પ્રાકૃતિક નકશો જુઓ અને પર્વતો, રણ, નદીઓ અને આસપાસના સમુદ્રો શોધીને તમારી નોટબુકમાં નોંધ કરો.**

**ઉત્તર :** **પર્વતો :** ઍન્ડીઝ પર્વતમાળા, એકોન્કાગુઆ, ચિમ્બૉરૉઝો, કૉટૉપાક્સી **રણ :** અતકામા, પેન્ટાગોનિયા **નદીઓ :** એમેઝોન, નીગ્રો,

રોન્ગુ, મૉડેરા, સલાહો, પારાના, સાલાદો, કૉલરાડો. **સમુદ્રો :** ઉત્તરે કેરોબિયન સમુદ્ર, પૂર્વે ઍટલૅન્ટિક અને પશ્ચિમે પૅસિફિક મહાસાગર આવેલા છે.

**(7) દ.અમેરિકા ખંડના રાજકીય નકશાનું અવલોકન કરી ખંડમાં આવેલા રાષ્ટ્રોનાં નામની નોંધ કરો.**

**ઉત્તર :** બ્રાઝિલ, આર્જેન્ટિના, સુરનિયા, ગયાના, વેનિઝુએલા, કોલોમ્બિયા, એક્વૅડોર, પેરુ, બૉલિવિયા વગેરે.

**(8) પનામા નહેર ન હતી ત્યારે ઉત્તર અમેરિકા અને જાપાન વચ્ચેના આંતરસંબંધો કેવા હશે ?**

**ઉત્તર :** પનામા નહેર ન હતી ત્યારે ઉત્તર અમેરિકા--ના પશ્ચિમ કિનારાના દેશો પૅસિફિક મહાસાગરના દરિયાઈ માર્ગે જાપાન સાથે આંતરસંબંધો જોડતા હશે. ઉત્તર અમેરિકાના પૂર્વ કિનારાના દેશો ઍટલૅન્ટિક મહાસાગર-માંથી દક્ષિણ અમેરિકા પાસે પસાર થઈ પૅસિફિક મહાસાગરના દરિયાઈ માર્ગે જાપાન સાથે આંતરસંબંધો જોડતા હશે.'

**(9) આર્જેન્ટિના દેશની સરહદ બીજા ક્યા દેશોની સરહદને સ્પર્શે છે, તે નકશામાં જોઈને શોધો.**

**ઉત્તર :** આર્જેન્ટિના દેશની સરહદ બોલિવિયા, ચિલી, પૅરુગ્વે અને બ્રાઝિલ દેશોની સરહદને સ્પર્શે છે.

**(10) દક્ષિણ અમેરિકા ખંડના વિવિધ દેશની રાજધાની અને શહેરોની યાદી તૈયાર કરો.**

| ક્રમ | દેશ | રાજધાની | શહેરો |
|---|---|---|---|
| 1 | બ્રાઝિલ | બ્રાઝિલ | સાઓ પાઅલો, રી.ઑડી.જૉનેરો રેસીકે |
| 2 | આર્જેન્ટિના | બ્યુનોસ ઍરિસ | બાહિયા, મેન્ડોઝા, સાન લુઈસ |
| 3 | વેનેઝુએલા | કારાકાસ | મેરિદા, મારાકાઈ વગેરે |
| 4 | એકવાડૉર | કિટો | ગ્વાયાકિલ, આમ્બાટો વગેરે |
| 5 | ચિલી | સૅંટિયાગો | ટાલ્ટાલ, કોકિમ્બો, ઈકિકે વગેરે |
| 6 | પેરુ | લીમા | ચિંબોટી, પ્યુરા, આરેકિયા વગેરે |
| 7 | ઉરુગ્વે | મૉંટેવેદિઓ | ચાલ્ટો, ફેંઈ બંટોસ વગેરે |

**(11) ઉત્તર ગોળાર્ધની મધ્યમાં ક્યો ખંડ આવેલો છે ?**

**ઉત્તર :** ઉત્તર ગોળાર્ધની મધ્યમાં યુરોપ ખંડ આવેલો છે.

**(12) કયા દેશને સરોવરનો દેશ કહેવામાં આવે છે ? શા માટે ?**

**ઉત્તર :** ફિનલૅન્ડ દેશને સરોવરનો દેશ કહેવામાં આવે છે. કારણ કે અહીં લગભગ 10,000 જેટલાં નાનાં-મોટાં સરોવર આવેલાં છે.

**(13) માઉન્ટ બ્લૅક શિખર કઈ પર્વતમાળામાં આવેલું છે ?**

**ઉત્તર :** માઉન્ટ બ્લૅક શિખર આલ્પ્સ પર્વતમાળામાં આવેલું છે.

**(14) 'દ્વીપકલ્પ' અને 'ફાટખીણ' એટલે શું ?**

**ઉત્તર :** 'દ્વીપકલ્પ' એટલે ત્રણેય બાજુએ પાણીથી ઘેરાયેલો વિશાળ ભૂમિભાગ. ફાટખીણ એટલે ક્યારેક ખંડ પર્વતનો અમુક ભાગ ખૂબ ઊંડે સુધી નીચે સરકી જાય છે તેને કારણે રચાતી ખીણ.

**(15) ર્‌હાઈન નદી ક્યાંથી નીકળી કયા સમુદ્રને મળે છે ?**

**ઉત્તર :** ર્‌હાઈન નદી સ્વીત્ઝરલૅન્ડ પાસેથી નીકળી દક્ષિણ સમુદ્રને મળે છે.

**(16) લાડોગા સરોવર ક્યાં આવેલું છે ?**

**ઉત્તર :** લાડોગા સરોવર રશિયાના સેન્ટ પીટર્સબર્ગ ખાતે આવેલું છે.

## સ્વાધ્યાય

**(1) 'અમેરિકા' નામ કેવી રીતે પડ્યું હશે ?**

**ઉત્તર :** અમેરિકા ખંડની શોધ ક્રિસ્ટૉફકર કૉલંબસે કરી હતી, પરંતુ તેના સંશોધનકર્તા ઈટાલીના અમેરિગો વેસ્પુચીના નામ પરથી 'અમેરિકા' નામ પડ્યું હશે.

**(2) ઉ.અમેરિકા કરતાં દ.અમેરિકામાં જ્વાળામુખી વધારે છે, ઍટલાસ મેળવી બંને ખંડના જ્વાળામુખીની યાદી તૈયાર કરો.**

**ઉત્તર :** **ઉ.અમેરિકા ખંડના જ્વાળામુખી :** પોપોકૅટેપેટલ અને ઓરીઝાબા
**દ.અમેરિકા ખંડના જ્વાળામુખી :** ઍકોન્કાગુઓ, ચિમ્બોરોઝો, કોટોપાક્સી

**(3) દક્ષિણ અમેરિકામાં આવેલા જળધોધ અને ઉત્તર અમેરિકામાં આવેલા જળધોધની યાદી બનાવો.**

**ઉત્તર :** **ઉ.અમેરિકામાં આવેલા જળધોધ :** નાયગ્રા, વર્જેનિયા, શોશોને, બેવેર ચીફ વગેરે
**દ.અમેરિકામાં આવેલા જળધોધ :** ઍંજલ ધોધ, ગ્વાજ, ગ્વાઈરા વગેરે છે.

**(4) પાંચ મહાન સરોવરો ક્યાં આવેલાં છે ? તેમનાં નામ લખો.**

**ઉત્તર :** પાંચ મહાન સરોવરો ઉ.અમેરિકા ખંડમાં આવેલાં છે. તેમનાં નામઃ સુપીરિયર, હ્યુરોન, એરી, ઑન્ટારિયો, મિશિગન છે.

**(5) અલાસ્કા પ્રદેશ ક્યા ખંડમાં આવેલા છે ? ત્યાં ક્યાં ક્યાં પ્રાણીઓ જોવા મળે છે ?**

**ઉત્તર :** અલાસ્કા પ્રદેશ ઉ.અમેરિકા ખંડમાં આવેલો છે ત્યાં રેન્ડિયર, સીલ વૉલરસ, સફેદ રીંછ જેવાં પ્રાણીઓ જોવા મળે છે.

**(6) ઉ.અમેરિકા અને યુરોપનાં મુખ્ય શહેરોની યાદી તૈયાર કરો.**

**ઉત્તર :** **અમેરિકાનાં મુખ્ય શહેરો :** ન્યૂયોર્ક, શિકાગો, વૉશિંગ્ટન, હૅમિલ્ટન, લૉસ ઍન્જલસ, સાન ફ્રાન્સિસ્કો, બોસ્ટન, મેક્સિકો વગેરે.
**યુરોપનાં મુખ્ય શહેરો :** લંડન, પૅરિસ, લિસ્બાન, જિનીવા, રોમ, બર્લિન, કોપનહેગન, સ્ટુટગાર્ટ, માન્ચેસ્ટર વગેરે..

**(7) દ.અમેરિકા ખંડનાં ઍમૅઝોન જંગલો વિશે ટૂંકમાં લખો.**

**ઉત્તર :** દ.અમેરિકા ખંડના ઍમૅઝોન જંગલો બારેમાસ લીલાં રહે છે. અહીંના જંગલોમાં સીસમ, અબનૂસ, મેહોગની રોઝવુડ વગેરે ઈમારતી અને મજબૂત લાકડું આપતાં વૃક્ષો થાય છે. ઍમૅઝોનના વિશાળ જંગલોમાં એનાકૉન્ડા નામનો અજગર જોવા મળે છે. અહીં કેટલાંક જંગલો એટલાં બધાં ગીચ છે કે દિવસે પણ સૂર્યનો પ્રકાશ જમીન સુધી પહોંચી શકતો નથી.

**(8) વિષુવવૃત્તીય વિસ્તારોમાં હિમવર્ષા થતી હોય તેવાં અમેરિકા ખંડના સ્થળો શોધીને લખો.**

**ઉત્તર :** વિષુવવૃત્તીય વિસ્તારોમાં હિમવર્ષા થતી હોય તેવા દક્ષિણ અમેરિકા ખંડના ઍકવાડોર, પેરુનો ઉત્તર ભાગ અને કોલંમ્બિયા વગેરે છે.

**(9) યુરોપખંડ ભૌગોલિક રીતે બીજા ખંડોની જેમ જુદો તરી આવતો નથી ? કેમ ?**

**ઉત્તર :** યુરોપખંડ ભૌગોલિક રીતે બીજા ખંડોની જેમ જુદો તરી આવતો નથી, કારણ કે અન્ય ખંડોની જેમ તેમાં પણ નદીઓ, સરોવરો, આબોહવા, જમીન, ખેતી, ખનિજો વગેરે અન્ય ખંડોની જેમ જ જોવા મળે છે.

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) યુરલ પર્વત | (A) જ્વાળામુખી | (1) - **(B)** |
| (2) ફિનલૅન્ડ | (B) વિભાજક પર્વતમાળા | (2) - **(C)** |
| (3) સુલાયેલ્સા | (C) સરોવરોનો દેશ | (3) - **(A)** |
| (4) માઉન્ટ બ્લૅન્ક | (D) આલ્પ્સ પર્વતમાળા | (4) - **(D)** |

# મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

## ઉત્તર અમેરિકા ખંડ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) ઉત્તર અમેરિકાના મૂળ નિવાસી તરીકે કઈ જાતિ ગણાય છે ?**
(A) ઈન્ડિયન (B) યુરોપિયન
(C) અમેરિકન (D) **રેડ-ઈન્ડિયન**

**(2) અમેરિકા ખંડનું નામ ક્યા સંશોધનકર્તાના નામ પરથી પડ્યું છે ?**
(A) કોલંબસ
(B) **અમેરિગો વેસ્પુચી**
(C) વાસ્કો-દ-ગામા
(D) મહંમદ-ઈબ્ન-મજીદ

**(3) ઉત્તર અમેરિકાની સૌથી લાંબી પર્વતમાળા કઈ છે ?**
(A) **રોકિઝ** (B) ઍન્ડીઝ
(C) યુરલ (D) હિમાલય

**(4) પ્રેરિઝના મેદાન ક્યા પાકના વિપુલ ઉત્પાદન માટે વિશ્વવિખ્યાત છે ?**
(A) મકાઈ (B) **ઘઉં**
(C) ડાંગર (D) બાજરી

**(5) ઉત્તર અમેરિકામાં સૌથી ઊંચું પર્વત શિખર ક્યું છે ?**
(A) માઉન્ટ એવરેસ્ટ (B) એરિઝાબા
(C) **માઉન્ટ મેકિન્લે** (D) લોગન

**(6) પશ્ચિમ ગોળાર્ધના ઉત્તર અમેરિકાખંડનો સૌથી મોટો દેશ ક્યો છે ?**
(A) મેક્સિકો (B) યુ.એસ.એ.
(C) **કૅનેડા** (D) આર્જેન્ટિના

**(7) કૅનેડાની રાષ્ટ્રીય રમત કઈ છે ?**
(A) ફૂટબૉલ (B) ક્રિકેટ
(C) ટેનિસ (D) **આઈસ હોકી**

**(8) "સ્ટેચ્યુ ઑફ લિબર્ટી" યુ.એસ.એ.માં ક્યાં આવેલું છે ?**
(A) વૉશિંગ્ટન (B) **ન્યુયૉર્ક**
(C) શિકાગો (D) ઓટાવા

**(9) કયો દેશ ઔદ્યોગિક ક્ષેત્રે વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે ?**
(A) ભારત (B) જાપાન
(C) **યુ.એસ.એ.** (D) જર્મની

**(10) નીચેનામાંથી ક્યું ઉ. અમેરિકા ખંડનું વિશાળ મેદાન છે ?**
(A) પંપાઝ (B) **પ્રેરિઝ**
(C) સવાના (D) મિસૂરી

**(11) અતિશય વેગીલા ચક્રાવાત અમેરિકામાં ક્યા નામે ઓળખાય છે ?**
(A) વાવાઝોડું (B) ટાઈફૂન
(C) હરિકેન (D) **ટૉર્નેડો**

**(12) નીચેનામાંથી કઈ ઉત્તર અમેરિકા ખંડની મહત્ત્વની નદી છે ?**
(A) એમેઝોન (B) નિગ્રો
(C) **મિસિસિપી** (D) ડેન્યુબ

**(13) કયા ખનિજના ઉત્પાદનમાં કૅનેડા વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે ?**
(A) સોનાના (B) કોલસાના
(C) તાંબાના (D) **પ્લેટિનમના**

**(14) ઉત્તર અમેરિકા ખંડની કઈ નદીએ કૅન્યોન (કોતરો) રચ્યા છે ?**
(A) **કોલોરાડો** (B) મિસૂરી
(C) મિસિસિપી (D) સેન્ટ લોરેન્સ

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) ઉત્તર અમેરિકા ખંડ પૃથ્વીનો **16** ટકા ભૂમિભાગ રોકે છે.

(2) અમેરિકા ખંડનો સંશોધનકર્તા અમેરિગો વેસ્પુચી **ઈટાલી**નો વતની હતો.

(3) ઉત્તર અમેરિકાના મેક્સિકોમાંથી **કર્કવૃત્ત** પસાર થાય છે.

(4) ઉત્તર અમેરિકામાં એસ્કિમો લોકો **અલાસ્કા** વિસ્તારમાં જોવા મળે છે.

(5) કૅનેડામાં **શંકુદ્રમ** પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે.

(6) કૅનેડા ખનિજોમાં **ઍમ્બેસ્ટૉસ**ના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

(7) કેનેડાની રાજધાની **ઑટાવા** છે.

(8) કેનેડામાં **ન્યૂફાઉન્ડલૅન્ડ**ની ખંડીય છાજલી-માંથી પુષ્કળ પ્રમાણમાં માછલાં મળે છે.

(9) ઉત્તર અમેરિકાનો સૌથી મોટો દેશ **કૅનેડા**

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) અમેરિકા ખંડની શોધ ક્રિસ્ટોફર કોલંબસે કરી હતી. - ✓

(2) ઉત્તર ધ્રુવવૃત્ત કેનેડાની ઉત્તરમાંથી પસાર થાય છે. - ✓

(3) ઉત્તર અમેરિકા ખંડની ઉત્તરે આર્કટિક મહાસાગર આવેલો છે. - ✓

(4) ઔદ્યોગિક દૃષ્ટિએ યુ.એસ.એ. રાષ્ટ્ર વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. - ✓

(5) ઉત્તર અમેરિકા ખંડમાં કપાસ, મકાઈ અને ઘઉંનું વિપુલ ઉત્પાદન થાય છે. - ✓

(6) ઉત્તર અમેરિકા ખંડ વિશ્વમાં પરિવહનના માર્ગોના વિકાસમાં સાતમા સ્થાને છે. - ✗

(7) ઉત્તર અમેરિકામાં વિશાળ મધ્યવર્તી મેદાનો પંપાઝના નામે ઓળખાય છે. - ✗

(8) નાયગરા ધોધ ઉત્તર અમેરિકા ખંડમાં આવેલો છે. - ✓

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) સ્ટેચ્યુ ઑફ લિબર્ટી | (A) ઓટાવો કેનેડા | (1) - **(C)** |
| (2) વ્હાઈટ હાઉસ | (B) ન્યુયોર્ક | (2) - **(D)** |
| (3) કેનેડાની રાજધાની | (C) વૉશિંગ્ટન | (3) - **(A)** |
| (4) એસ્કિમોનું ઘર | (D) ઈગ્લુ | (4) - **(E)** |
| (5) આઈસ હૉકી | (E) | (5) - **(B)** |

**5. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) ઉત્તર અમેરિકા ખંડ ક્યા ક્યા દેશોનો બનેલો ખંડ છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકા ખંડ કૅનેડા, મેક્સિકો અને કેરેબિયન વિસ્તારના દેશોનો બનેલો ખંડ છે.

**(2) ઉત્તર અમેરિકામાં માનક સમય નક્કી કરવા માટે કેટલા સમયપટ્ટાઓ છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકામાં માનક સમય નક્કી કરવા માટે ચાર સમયપટ્ટીઓ છે.

**(3) ઉત્તર અમેરિકામાં કઈ કઈ નદીઓ આવેલી છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકામાં મિસિસિપી, મેકેન્ઝી, મિસુરી, કોલોરાડો વગેરે નદીઓ આવેલી છે.

**(4) ઉત્તર અમેરિકાના અલાસ્કા વિસ્તારમાં ક્યાં ક્યાં પ્રાણીઓ જોવા મળે છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકાના અલાસ્કા વિસ્તારમાં રેન્ડિયર, સીલ, વૉલરસ, સફેદ રીંછ જેવાં પ્રાણીઓ જોવા મળે છે.

**(5) ઉત્તર અમેરિકાના ક્યા વિસ્તારમાં ચક્રાવાતો ફૂંકાય છે ? તે ક્યા નામે ઓળખાય છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકાના ટેક્સાસ રાજયના વિસ્તારમાં ચક્રવાતો ફૂંકાય છે. તે 'ટોર્નેડો'ના નામે ઓળખાય છે.

**(6) ઉત્તર અમેરિકામાં ક્યાં ક્યાં ખનિજો મળી આવે છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકામાં લોખંડ, કોલસો, ખનિજતેલ, તાંબુ, સોનું, ચાંદી ઍસ્બેસ્ટૉસ, નિકલ અને પ્લેટિનમ જેવાં ખનિજો મળી આવે છે.

**(7) કેનેડામાં ક્યાં ક્યાં પ્રાણીઓ જોવા મળે છે ?**

**ઉત્તર :** કેનેડામાં રીંછ, સફેદ શિયાળ, હરણ, ઑટર, બીવર અને રેન્ડિયર જેવાં પ્રાણીઓ જોવા મળે છે.

**(8) ઉત્તર અમેરિકામાં ક્યા પ્રકારના વિશિષ્ટ ધોરીમાર્ગો આવેલા છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકામાં સુપર હાઈવેઝ, ફ્રિવેઝ

એટલે કે એકબીજા ઉપરથી પસાર થતા વિશિષ્ટ ઢબના ધોરીમાર્ગો આવેલા છે.

**(9) પ્રેરિઝનાં મેદાનો ક્યા પાકની ખેતીના ઉત્પાદન માટે વિશ્વવિખ્યાત છે ?**

**ઉત્તર :** પ્રેરિઝનાં મેદાનો ઘઉંના પાકની ખેતીના ઉત્પાદન માટે વિશ્વવિખ્યાત છે.

**(10) કૅનેડાના મુખ્ય શહેરો ક્યાં ક્યાં છે ?**

**ઉત્તર :** કૅનેડાના મુખ્ય શહેરો મોન્ટ્રીયલ, ટૉરેન્ટો, વિનિપેગ, હેમિલ્ટન વગેરે છે.

**(11) અમેરિકા ખંડ ક્યાંથી ક્યાં સુધી વિસ્તરેલો છે?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકા ખંડ ઉત્તરે આર્કટિક મહાસાગરથી શરૂ કરી પનામા રાજ્ય સુધી વિસ્તરેલો છે.

## દક્ષિણ અમેરિકા ખંડ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) વિશ્વમાં વિસ્તારની દૃષ્ટિએ ખંડોમાં દક્ષિણ અમેરિકા ખંડનું કેટલામું સ્થાન છે ?**

(A) પાંચમું (B) બીજું
(C) **ચોથું** (D) સાતમું

**(2) દક્ષિણ અમેરિકાનો સૌથી ઊંચો જ્વાળામુખી ક્યો છે ?**

(A) ચિમ્બૉરૉઝો (B) કૉટૉપાક્સી
(C) ઍન્ડિઝ (D) **ઍકોન્કાગુઆ**

**(3) વિશ્વમાં જળજથ્થાની દૃષ્ટિએ પ્રથમ સ્થાન ધરાવતી નદી કઈ છે ?**

(A) **ઍમેઝોન** (B) મિસિસિપી
(C) નીગ્રો (D) મૉડેરો

**(4) વિશ્વના કુલ જંગલોના કેટલા ટકા જંગલો દક્ષિણ અમેરિકામાં આવેલાં છે ?**

(A) 25 % (B) 27 %
(C) **21 %** (D) 30 %

**(5) વિશ્વનું 4.6 % જેટલું ખનિજતેલ કયા દેશમાંથી મળે છે ?**

(A) બ્રાઝિલ (B) **વૅનેઝુએલા**
(C) કોલંબિયા (D) ઇક્વેડોર

**(6) દક્ષિણ અમેરિકા ખંડનો મધ્ય ભાગ કયા કટિબંધમાં આવેલો છે ?**

(A) શીત કટિબંધ
(B) **ઉષ્ણ કટિબંધ**
(C) સમશીતોષ્ણ કટિબંધ
(D) ત્રણેયમાંથી એકપણ નહીં

**(7) દક્ષિણ અમેરિકાની કેટલા ટકા વસ્તી ખેતીના વ્યવસાયમાં રોકાયેલી છે ?**

(A) 50 % (B) 40 %
(C) **60 %** (D) 80 %

**(8) વિશ્વમાં વિસ્તારની દૃષ્ટિએ પાંચમું સ્થાન ધરાવતો દેશ ક્યો છે ?**

(A) **યુ.એસ.એ.** (B) બ્રાઝિલ
(C) આર્જેન્ટિના (D) કોલંબિયા

**(9) કૉફીના ઉત્પાદનમાં ક્યો દેશ વિશ્વમાં મોખરે છે ?**

(A) **બ્રાઝિલ** (B) આર્જેન્ટિના
(C) ચીન (D) કૅનેડા

**(10) શેરડીનાં ઉત્પાદનમાં ક્યો દેશ વિશ્વમાં મોખરે છે ?**

(A) કોલંબિયા (B) ઇક્વેડોર
(C) **આર્જેન્ટિના** (D) કેન્યા

**(11) બ્રાઝિલની રાષ્ટ્રભાષા કઈ છે ?**

(A) સ્પેનીશ (B) ઇંગ્લિશ
(C) ફ્રેંચ (D) **પોર્ટુગીઝ**

**(12) કયો દેશ ઍન્ટાર્કટિકા ખંડ સુધી ફેલાયેલો છે ?**

(A) વેનેઝુએલા (B) **આર્જેન્ટિના**
(C) ઇન્ડોનેશિયા (D) જાપાન

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) દક્ષિણ અમેરિકા ખંડ પૃથ્વીના કુલ જમીન વિસ્તારના **13** ટકા ભાગ રોકે છે.

(2) દક્ષિણ અમેરિકા ખંડના મુખ્યત્વે **ચાર** પ્રાકૃતિક વિભાગો આવેલા છે.

(3) દક્ષિણ અમેરિકા અને ઉત્તર અમેરિકા **પનામા**ની સંયોગી ભૂમિથી જોડાયેલા છે.

(4) વિશ્વના **14** ટકા ઘાસભૂમિ દક્ષિણ અમેરિકામાં આવેલી છે.

(5) પંપાઝ મેદાનોનું **આલ્ફાલ્ફા** ઘાસ જાણીતું છે.

(6) દક્ષિણ અમેરિકા ખંડમાં **અતકામા**ના રણપ્રદેશો આવેલા છે.

(7) કોલંબિયામાં કોફીની **ટેરારોક્સા** જમીન જોવા મળે છે.

(8) બ્રાઝિલની રાજધાની **બ્રાઝિલિયા** છે.

(9) એમેઝોન નદીની લંબાઈ **4,827** કિમી છે.

(10) દક્ષિણ અમેરિકાનો સૌથી મોટો દેશ **બ્રાઝિલ** છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) દક્ષિણ અમેરિકામાં ઍમેઝોનનાં જંગલો આવેલાં છે. - ✓

(2) દક્ષિણ અમેરિકા જ્વાળામુખીનું વતન છે. - ✓

(3) દુનિયાની સૌથી લાંબી નદી ઍમેઝોન છે. - ✓

(4) ટિટિકાકા સરોવર વિશ્વનું સૌથી મોટું છીછરું સરોવર છે. - ✗

(5) બ્રાઝિલની 62 ટકા વસતી ગામડાઓમાં રહે છે. - ✗

(6) કોફી અને શેરડીના ઉત્પાદનમાં વૅનેઝુએલા વિશ્વમાં અગ્રસ્થાને છે. - ✗

(7) આર્જેન્ટિનામાં ઘઉં અને દ્રાક્ષની ખેતી વિશેષ થાય છે. - ✓

(8) આર્જેન્ટિનામાં મુખ્યત્વે પોર્ટુગીઝ ભાષા બોલાય છે. - ✗

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) ઍકોન્કાગુઆ | (A) નહેર | (1) - **(D)** |
| (2) ઍમેઝોન | (B) ઘાસ | (2) - **(E)** |
| (3) પનામા | (C) અજગર | (3) - **(A)** |
| (4) આલ્ફાલ્ફા | (D) જ્વાળામુખી | (4) - **(B)** |
| (5) એનાકોન્ડા | (E) નદી | (5) - **(C)** |

**5. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) દક્ષિણ અમેરિકા ખંડમાં ક્યા ક્યા દેશો આવેલા છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકા ખંડમાં બ્રાઝિલ, ચિલી, આર્જેન્ટિના, કોલંબિયા, ઇક્વેડોર, વેનેઝુએલા વગેરે દેશો આવેલા છે.

**(2) દક્ષિણ અમેરિકા ખંડને ક્યા ક્યા પ્રાકૃતિક વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકા ખંડને એન્ડિઝની પર્વતમાળા, મધ્યમાં સમતલ મેદાનો, ઉત્તર-પૂર્વના ઉચ્ચપ્રદેશો અને સમુદ્રકિનારાનાં સાંકડા મેદાનોનાં પ્રાકૃતિક વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે.

**(3) દક્ષિણ અમેરિકા ખંડમાં મુખ્ય ક્યા ક્યા જ્વાળામુખીઓ આવેલા છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકા ખંડમાં એકોન્કાગુઆ, ચિમ્બૉરૉઝો કૉટૉપાક્સી મુખ્ય જ્વાળા-મુખીઓ આવેલા છે.

**(4) દક્ષિણ અમેરિકા ખંડની મુખ્ય નદીઓ કઈ કઈ છે ?**

**ઉત્તર :** એમેઝોન, નીગ્રો, રોન્ગુ, મોડેરા વગેરે દક્ષિણ અમેરિકા ખંડની મુખ્ય નદીઓ છે.

**(5) બોલિવિયાનું ક્યું સરોવર વિશ્વમાં જાણીતું છે?**

**ઉત્તર :** બોલિવિયાનું ટિટિકાકા સરોવર વિશ્વમાં જાણીતું છે.

**(6) દક્ષિણ અમેરિકામાં ક્યો ઉચ્ચપ્રદેશ આવેલો છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકામાં પેંટોગોનિયા, બૉલિવિયા અને ઇકવૅડોરનો ઉચ્ચપ્રદેશ આવેલો છે.

**(7) દક્ષિણ અમેરિકા ખંડમાં ક્યા ક્યા પ્રાણીઓ જોવા મળે છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકા ખંડમાં અલ્પાકા, બિકુના, લીમા તેમજ ઘેટાં-બકરાં જોવા મળે છે.

**(8) દક્ષિણ અમેરિકા ખંડમાં ક્યા ક્યા પાકોનું ઉત્પાદન થાય છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકા ખંડમાં કોકો, કોફી, મકાઈ, સૂર્યમુખી, અળસી, ઘઉં, શેરડી અને અન્ય ફળફળાદિ પાકોનું ઉત્પાદન થાય છે.

**(9) વિશ્વની 90 ટકા કૉફી ક્યાં ક્યાં દેશમાંથી પ્રાપ્ત થાય છે ?**

**ઉત્તર :** વિશ્વની 90 ટકા કૉફી બ્રાઝીલ, કોલંબિયા, વેનેઝુએલા અને ઈક્વેડોર જેવા દેશમાંથી પ્રાપ્ત થાય છે.

**(10) ઘઉં અને શેરડીના ઉત્પાદનમાં ક્યા દેશ અગ્રસ્થાને છે ?**

**ઉત્તર :** ઘઉં અને શેરડીના ઉત્પાદનમાં આર્જેન્ટિના અને બ્રાઝિલ અગ્રસ્થાને છે.

**(11) દક્ષિણ અમેરિકા ખંડમાંથી ક્યાં ક્યાં ખનિજો મળી આવે છે ?**

**ઉત્તર :** દક્ષિણ અમેરિકા ખંડમાંથી મૅંગેનીઝ, તાંબુ, ખનિજતેલ, કોલસો વગેરે ખનિજો મળી આવે છે.

**(12) ઉત્તર અમેરિકા અને જાપાનના જળમાર્ગ માટે કઈ નહેર આશીર્વાદ સમાન છે ?**

**ઉત્તર :** ઉત્તર અમેરિકા અને જાપાનના જળમાર્ગ માટે પનામા શહેર આશીર્વાદ સમાન છે.

**(13) બ્રાઝિલમાં ક્યો અજાયબ અજગર જોવા મળે છે ?**

**ઉત્તર :** બ્રાઝિલમાં 'ઍનાકૉન્ડા' નામનો અજગર જોવા મળે છે.

**(14) બ્રાઝિલમાં પહેલા ક્યા લોકોનું રાજ હતું ?**

**ઉત્તર :** બ્રાઝિલમાં પહેલા પોર્ટુગીઝ લોકોનું રાજ હતું.

**(15) આર્જેન્ટિનામાં મુખ્યત્વે કઈ પ્રજા વસે છે ?**

**ઉત્તર :** આર્જેન્ટિનામાં મુખ્યત્વે યુરોપીય પ્રજા વસે છે.

## યુરોપ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) કઈ પર્વતમાળા યુરોપ અને એશિયાખંડને અલગ કરે છે ?**

(A) આલ્પસ (B) રોકિઝ

(C) **ઉરલ** (D) એન્ડિઝ

**(2) યુરોપની કઈ નદી સૌથી લાંબી નદી છે ?**

(A) વૉલ્ગા (B) **ર્‌હાઈન**

(C) ડેન્યુબ (D) નીપર

**(3) દક્ષિણ યુરોપમાં સૌથી ઊંચી અને મોટી કઈ પર્વતમાળા આવેલી છે ?**

(A) પીરેનીઝ (B) ઍપીનાઈન

(C) બાલખન (D) **આલ્પ્સ**

**(4) ભૂમધ્ય સમુદ્રના કિનારાવાળા પ્રદેશોમાં મુખ્યત્વે કઈ ઋતુમાં વરસાદ પડે છે ?**

(A) ઉનાળામાં (B) ગ્રીષ્મઋતુમાં

(C) **શિયાળામાં** (D) વસંતઋતુમાં

**(5) વિસ્તારની દૃષ્ટિએ દુનિયાનો સૌથી મોટો દેશ ક્યો છે ?**

(A) **રશિયા** (B) ઈંગ્લૅન્ડ

(C) ફ્રાન્સ (D) જર્મની

**(6) યુરોપમાં ક્યા ઉદ્યોગનો સારો એવો વિકાસ થયો છે ?**

(A) સિમેન્ટ (B) રંગ-રસાયણ

(C) પેટ્રોકેમિકલ્સ (D) **લોખંડ-પોલાદ**

**(7) રશિયામાં ક્યા પાકનું ઉત્પાદન સૌથી વધુ થાય છે ?**

(A) ચોખા (B) **ઘઉં**

(C) બાજરી (D) મકાઈ

**(8) ઈંગ્લૅન્ડમાંથી મુખ્ય ક્યું ખનિજ પ્રાપ્ત થાય છે?**

(A) તાંબું (B) સોનું

(C) **કોલસો** (D) બૉક્સાઈટ

**(9) યુરોપનો મોટામાં મોટો લોકશાહી ધરાવતો દેશ ક્યો છે ?**

(A) જર્મની (B) **ફ્રાન્સ**

(C) રશિયા (D) ઈંગ્લૅન્ડ

**(10) પશ્ચિમ યુરોપનું સૌથી ઊંચું શિખર કયા દેશમાં આવેલું છે ?**

(A) ફિનલૅન્ડ (B) **ફ્રાન્સ**

(C) જર્મની (D) રશિયા

**(11) જર્મનીનું પાટનગર ક્યું છે ?**

(A) લંડન (B) પેરીસ

(C) **બર્લિન** (D) મૉસ્કો

**(12) જર્મની કયા ઉદ્યોગમાં સમગ્ર વિશ્વમાં અગ્રસ્થાન ધરાવે છે ?**

(A) લોખંડ પોલાદ (B) **ઈજનેરી**

(C) પેટ્રોકેમિકલ્સ (D) કાપડ

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) યુરોપ એ એશિયાના સંયુક્ત સ્વરૂપનો **યુરેશિયાની** નામે ઓળખવામાં આવે છે.

(2) યુરેશિયાની વસ્તી આશરે **64** કરોડ છે.

(3) જર્મનીના **રુહર** ક્ષેત્રમાંથી કોલસો મળી આવે છે.

(4) **મોસ્કો** રશિયાની રાજધાની છે.

(5) **લંડન** શહેર ઇંગ્લૅન્ડનું પાટનગર છે.

(6) **પેરિસ** શહેર ફ્રાન્સનું પાટનગર છે.

(7) **સીન** નદી ફ્રાન્સની સૌથી મોટી નદી છે.

**3. નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) નોર્વે અને સ્વીડન દેશોમાં રાખોડી રંગની જમીન આવેલી છે. - ✓

(2) યુરોપમાં લોખંડ પોલાદના ઉદ્યોગોનો વિકાસ થયો નથી. - ✗

(3) યુરોપમાં વિસ્તારના પ્રમાણમાં બીજા ખંડો કરતાં વસ્તી ગીચતા ઓછી છે. - ✗

(4) ઇંગ્લૅન્ડમાં 4 ટકા ભૂમિ પર જંગલો આવેલાં છે. - ✓

(5) ફ્રાન્સ લગભગ ત્રિકોણ આકાર ધરાવતો દેશ છે. - ✗

(6) દક્ષિણ જર્મનીમાં શિયાળો અત્યંત ઠંડો હોય છે. - ✓

(7) જર્મનીની મોટા ભાગની નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી નથી. - ✗

**4. નીચે આપેલાં યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે (B) વિભાગમાંથી યોગ્ય ક્રમ લખો.)**

**(1)**

| (A) | (B) | (જવાબ) |
|---|---|---|
| (1) યુરોપની સૌથી લાંબી નદી | (A) લાડોગા | (1) - **(D)** |
| (2) યુરોપનું સૌથી મોટું સરોવર | (B) નોર્વે | (2) - **(A)** |
| (3) યુરોપની સૌથી લાંબી પર્વતમાળા | (C) ફિનલેન્ડ | (3) - **(E)** |
| (4) સરોવરોનો દેશ | (D) ડેન્યુબ | (4) - **(C)** |
| (5) મધ્યરાત્રિનો સૂર્ય | (E) આલ્પ્સ | (5) - **(B)** |

**5. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) યુરોપમાં કઈ કઈ મુખ્ય નદીઓ આવેલી છે ?**

**ઉત્તર :** યુરોપમાં ર્‌હાઈન, વૉલ્ગા અને ડેન્યુબ એ મુખ્ય નદીઓ આવેલી છે.

**(2) ભૂમધ્ય સમુદ્રના કિનારાવાળા પ્રદેશોમાં ક્યા ક્યા પાકો થાય છે ?**

**ઉત્તર :** ભૂમધ્ય સમુદ્રના કિનારાવાળા પ્રદેશોમાં ઘઉં, મકાઈ અને ખાટાં રસવાળાં ફળ-ફળાદિ થાય છે.

**(3) યુરોપનો ક્યો વિસ્તાર વિશ્વના 56 ટકા ખનિજોનું ઉત્પાદન કરે છે ?**

**ઉત્તર :** યુરોપનો ઉરલ પર્વતની પશ્ચિમે આવેલો વિસ્તાર વિશ્વના 56 ટકા ખનિજોનું ઉત્પાદન કરે છે.

**(4) યુરોપખંડમાંથી ક્યાં ક્યાં ખનિજો મળી આવે છે ?**

**ઉત્તર :** યુરોપખંડમાંથી લોખંડ, કોલસો, બૉક્સાઈટ અને પોટાશ જેવાં ખનિજો મળી આવે છે.

(5) **પશ્ચિમ યુરોપનું સૌથી ઊંચું શિખર ક્યું છે ?**

ઉત્તર : પશ્ચિમ યુરોપનું સૌથી ઊંચુ શિખર માઉન્ટ બ્લૅન્ક છે.

(6) **ફ્રાન્સ ક્યા પાકનો ઉત્પાદક દેશ છે ?**

ઉત્તર : ફ્રાન્સ ઘઉંના પાકનો ઉત્પાદક દેશ છે.

(7) **ફ્રાન્સમાંથી ક્યાં ક્યાં ખનિજો મળી આવે છે ?**

ઉત્તર : ફ્રાન્સમાંથી કોલસો, લોખંડ, મીઠું અને બૉક્સાઈટ ખનિજો મળી આવે છે.

(8) **એફિલ ટાવર ક્યા દેશમાં આવેલો છે ?**

ઉત્તર : ઍફિલ ટાવર ફ્રાન્સ દેશમાં આવેલો છે.

(9) **જર્મનીની સીમાઓ ક્યા ક્યા દેશને સ્પર્શે છે ?**

ઉત્તર : જર્મનીની સીમાઓ નેધરલૅન્ડ, બૅલ્જિયમ, લકઝમબર્ગ, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ, ચૅક, ઑસ્ટ્રિયા, સ્લોવેકિયા, પૉલેન્ડ અને ડૅનમાર્કની સીમાઓને સ્પર્શે છે.

(10) **જર્મનીના ક્યાં પ્રદેશોમાંથી કોલસો અને લોખંડ મળે છે ?**

ઉત્તર : જર્મનીના અનુક્રમે રુહર અને થાઈસેનમાંથી કોલસો અને લોખંડ મળે છે.

(11) **જર્મનીના મુખ્ય પ્રાકૃતિક વિભાગો ક્યા ક્યા છે ?**

ઉત્તર : જર્મનીના મુખ્ય બે પ્રાકૃતિક વિભાગો છે. (1) હિમ-નિક્ષેપિત માટી અને રેતીનું બનેલું મેદાન (2) દક્ષિણમાં આવેલો આલ્પ્સનો પર્વતીય પ્રદેશ.

(12) **જર્મનીના હૂંફાળા પ્રદેશોમાં ક્યાં ક્યાં વૃક્ષો થાય છે ?**

ઉત્તર : જર્મનીના હુંફાળા પ્રદેશોમાં ઑક, બર્ચ, ઍશ અને બીચ વૃક્ષો થાય છે.

(13) **જર્મનીના મુખ્ય શહેરો ક્યાં ક્યાં છે ?**

ઉત્તર : જર્મનીમાં મ્યુનિક, હેમ્બર્ગ, ફ્રેન્કફર્ટ અને સ્ટુટગાર્ટ વગેરે મુખ્ય શહેરો આવેલાં છે.

6. **યોગ્ય કારણો આપો.**

(1) **પ્રેરિઝના મેદાનમાં ઘઉંનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે, કારણ કે...** અહીં મિસિસિપી, મૅકેન્ઝી, મિસુરી નદીઓને લીધે કાંપનાં ફળદ્રુપ મેદાનોની રચના થઈ છે. જે ઘઉંની ખેતી અને તેના વિપુલ ઉત્પાદન માટે વિશ્વવિખ્યાત છે.

(2) **દક્ષિણ અમેરિકા ખંડના મધ્યભાગમાં બારેમાસ ઊંચું તાપમાન અને વરસાદ અનુભવાય છે, કારણ કે...** દક્ષિણ અમેરિકા-ખંડનો મધ્ય ભાગ ઉષ્ણ કટિબંધમાં આવેલો છે. ઉષ્ણ કટિબંધમાં આવતા પ્રદેશોમાં ઉનાળામાં ખૂબ ગરમી પડે છે અને વરસાદ પણ ધોધમાર પડે છે.

(3) **ઈંગ્લૅન્ડ શિયાળામાં પણ હૂંફાળું વાતાવરણ ધરાવે છે, કારણ કે...** ઈંગ્લૅન્ડ દરિયાઈ સ્થાન ધરાવતો દેશ છે. ઍટલાન્ટિક મહાસાગરમાં વહેતા સમુદ્રના ગરમ પ્રવાહને લીધે ઈંગ્લૅન્ડ શિયાળામાં પણ હુંફાળું વાતાવરણ ધરાવે છે.

## પુનરાવર્તનલક્ષી એકમ કસોટી - 2

**સમય : 2 કલાક** **અભ્યાસક્રમ : એકમ 6 થી 12** **કુલ ગુણ : 40**

**ચાલો ફરીથી યાદ કરી લઈએ :**

(1) **સોલંકી યુગમાં ગુજરાતની જાહોજલાલી હતી ?**

ઉત્તર : સોલંકી યુગમાં અહિંસા, લક્ષ્મી અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. સિદ્ધરાજ જયસિંહના સમયમાં અણહિલવાડ પાટણ 'વિદ્યાનું ધામ' બન્યું હતું. સોલંકી કાળમાં ગુજરાતે ભાષા, સાહિત્ય, શિલ્પ-સ્થાપત્ય, કલા અને ધાર્મિક ક્ષેત્રે પ્રગતિ કરી હતી.

(2) **જો ખેતી કરવામાં ન આવે તો...**

ઉત્તર : જો ખેતી કરવામાં ન આવે તો અનાજ પાકે નહીં. અનાજ પાકે નહીં તો માણસોને ખોરાક ન મળે. પશુપંખીઓને ચારો અને

દાણા ન મળે.

**(3) અભયારણ્યો શા માટે બનાવવામાં આવ્યાં છે ?**

**ઉત્તર :** વન્ય પ્રાણીઓની સુરક્ષા, સંવર્ધન અને સંરક્ષણ માટે અભયારણ્યો બનાવવામાં આવ્યાં છે.

**(4) અકબરે શેરશાહની મહેસૂલ પદ્ધતિ શા માટે અપનાવી હતી ?**

**ઉત્તર :** શેરશાહ એવું માનતો હતો કે રાજ્યની આબાદીનો પાયો ખેતી છે. અકબર પણ તેમ માનતો હોવાથી અકબરે શેરશાહની મહેસૂલ પદ્ધતિ અપનાવી.

**(5) મુઘલ શાસનનો અંત ક્યાં કારણોસર થયો ?**

**ઉત્તર :** ઔરંગઝેબ સંકુચિત, પક્ષપાતી અને અસહિષ્ણુ માનસ ધરાવતો શાસક હતો. તેની અસહિષ્ણુતાને લીધે જાટ, શીખો, મરાઠાઓ, રાજપૂતો વગેરે સામે તેને સંઘર્ષ થયા હતા. દક્ષિણના બીજાપુર અને ગોવલકોંડાના શિયારાજ્યો પણ તેના દુશ્મન બન્યાં હતાં. ઓરંગઝેબે પોતાના જીવનકાળનો મોટા ભાગનો સમય યુદ્ધની પ્રવૃત્તિમાં જ વિતાવ્યો હતો. આમ મુઘલ શાસનનો અંત આવ્યો.

**(6) બજારમાં બધા જ ગ્રાહકો જો બિલ વગર ખરીદી કરે તો ?**

**ઉત્તર :** બજારમાં તમામ ગ્રાહકો જો બિલ વગર ખરીદી કરે તો ● સરકારને ટેક્સની આવક ન થાય. ● જો ગ્રાહકે ખરીદેલ વસ્તુ ખરાબ નીકળે તો વેપારી સામે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરી શકે નહીં. ● વેપારી દરેક ગ્રાહકને પોતાની મરજી મુજબ અલગ-અલગ ભાવે વસ્તુ વેચે.

**(7) સ્થાપત્યોનું ઐતિહાસિક મહત્ત્વ શું છે ?**

**ઉત્તર :** સ્થાપત્યોના આધારે જે તે સમયની કલા-કારીગરી વિશે જાણી શકાય છે. દરેક સ્થાપત્ય પોતાની સાથે તેના શાસકો, સામાજિક પરિસ્થિતિ, ભવ્યતા, સુખાકારી વગેરેનાં દર્શન કરાવે છે. જે - તે શાસકની કલા પ્રિયતાના પણ તેમાં દર્શન થાય છે.

**(8) ભારતીય લોકજીવનમાં આહાર અનો પોશાકમાં ભિન્નતા શા માટે છે ?**

**ઉત્તર :** ભારતની ભૂપૃષ્ઠ, આબોહવા, જમીન અને ઋતુઓમાં ઘણી વિવિધતા જોવા મળે છે. આથી ભારતીય લોકજીવનમાં આહાર અને પોશાકમાં પણ ભિન્નતા જોવા મળે છે. દરિયાકિનારાના લોકો આહારમાં માછલી, ભાત વગેરેનો ઉપયોગ કરે છે જ્યારે ઉત્તર ભારતના લોકો આહારમાં વધુ ઘઉંની વાનગીઓનો ઉપયોગ કરે છે.

**(9) જાહેર મિલકતનું નુકસાન અંતે આપણું જ નુકશાન છે ? કેમ ?**

**ઉત્તર :** સરકાર વિશે આપણી પાસેથી જુદા જુદા પ્રકારના વેરાઓ લેવામાં આવે છે. આ વેરાઓમાંથી સરકાર જાહેર મિલકતનું નિર્માણ કરે છે, તેથી આપણે જાહેર મિલકતનું નુકસાન કરીએ તો તે અંતે આપણું જ નુકસાન છે.

**(10) સમાજઘડતરમાં ધાર્મિક, જાગૃતિ કઈ રીતે ઉપયોગી છે ?**

**ઉત્તર :** સમાજ ઘડતરમાં ધાર્મિક જાગૃતિથી ● સામાજિક અને ધાર્મિક દૂષણોનું પ્રમાણ ઘટ્યું છે. ● સમાજમાં આપણા ધાર્મિક ગ્રંથોના મૂળ વિચારોનો પ્રસાર અને પ્રચાર થયો છે. ● લોકો અંધશ્રદ્ધા, વહેમ, કૂરિવાજોથી દૂર થયા ● નવા માનવતાવાદી વિચારોનો ઉદય થયો.

**ચાલો સમજીએ...**

**(1) અકબર ધર્મ સભા શા માટે ભરતો હતો ?**

**ઉત્તર :** અકબરે બધા ધર્મનો અભ્યાસ કરવા અને ધર્મો વિશે ચર્ચા કરવા ફતેહપુર સિક્રીમાં 'ઈબાદતખાનું' બંધાવ્યું હતું. અકબર દર શુક્રવારે જુદા જુદા ધર્મના વિદ્વાનોને બોલાવી તેમની સાથે ધર્મની ચર્ચા કરતો. સભામાં બધા જ ધર્મના પ્રતિનિધિઓ આવતા. આ ધર્મસભાના આધારે પ્રત્યેક ધર્મના સારા વિચારો મેળવી તેણે 'દીન્-એ-ઈલાહી' નામનો નવો ધર્મ સ્થાપ્યો હતો.

**(2) ભારતમાં દરેક સ્થળે તાપમાન એકસરખું કેમ નથી હોતું ?**

**ઉત્તર :** ભારતના ભૂપૃષ્ઠમાં ઘણી વિવિધતા જોવા મળે

છે. ભારતમાં કેટલાંક સ્થળો દરિયાકિનારે, કેટલાક પર્વત વિસ્તારમાં, કેટલાક રણપ્રદેશમાં તો વળી કેટલાક ભારતના મધ્ય ભાગમાં આવેલા હોવાથી દરેક સ્થળે તાપમાન એકસરખું રહેતું નથી.

**(3) અદાલતનાં કાર્યો જણાવો.**

**ઉત્તર :** અદાલત મકાન, જમીન કે સંપત્તિના વિવાદો એટલે કે દિવાની દાવાઓમાં ન્યાય આપે છે. અદાલત ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડા જેવા ફોજદારી દાવાઓ સાંભળીને ન્યાય આપે છે. નાગરિકોના મૂળભૂત હકો અંગે ન્યાય આપે છે.

**(4) મુઘલ શાસન દરમિયાન સ્થાપત્યની દૃષ્ટિએ કયા શાસકનો સમય 'સુવર્ણયુગ' ગણી શકાય ? શા માટે ?**

**ઉત્તર :** શાહજહાંના સમયમાં ખેતી, વેપાર-ઉદ્યોગો વગેરેનો ખૂબ વિકાસ થયો હતો. પરદેશ સાથેના વેપારને કારણે દેશમાં પુષ્કળ સોનું અને ચાંદી આવતાં હતાં. તેને વારસાઈમાં મુઘલ શાસકો તરફથી ખૂબ જ મોટા પ્રમાણમાં ધન મળ્યું હતું. રાજ્યની તિજોરીમાં અઢળક સંપત્તિ આવતી હોવાથી વૈભવ-વિલાસમાં વધારો થયો હતો.

**(5) ગ્રાહકના અધિકારો ક્યા ક્યા છે ?**

**ઉત્તર :** ગ્રાહકના અધિકારો (1) ગ્રાહકને પૈસાનું પૂરેપૂરું વળતર મેળવવાનો અધિકાર છે. (2) ગ્રાહકને વસ્તુની જાણકારી મેળવવાનો અધિકાર છે. (3) ગ્રાહકને વસ્તુની પસંદગી કરવાનો અધિકાર છે. (4) ખરીદેલ વસ્તુમાં અસંતોષ હોય તો વેપારી સામે ફરિયાદ કરવાનો અધિકાર છે. (5) ગ્રાહકને વસ્તુની ખીરીદીનું બિલ મેળવવાનો અધિકાર છે.

**(6) મધ્યકાલીન સ્થાપત્યોની વિશેષતાઓ કઈ કઈ છે ?**

**ઉત્તર (ii) ચૌલ સમયનાં સ્થાપત્યની વિશેષતાઓ :** ચૌલ સમયનાં સ્થાપત્યોમાં દ્રવિડ શૈલીના સંયુક્ત સ્તંભો અને મંદિરનો સમગ્ર ઢાંચો એક પરિસરમાં ઊંચી દીવાલથી બંધાયેલો રહેતો. જેમાં ઊંચા પ્રવેશદ્વાર રહેતા. આ ઊંચા પ્રવેશદ્વારને ગોપુરમ્ કહેવામાં આવતા.

**(ii) મુઘલ સમયના સ્થાપત્યની વિશેષતાઓ :** મુઘલકાળમાં સ્થાપત્યની એક નવી પરંપરા ઊભી થઈ હતી. તેમાં ભવનોને ઊંચા ઓટલા પર બનાવવામાં આવતા. તેની ચારેય બાજુ બગીચો બનાવવામાં આવતો. તેઓ પોતાની ઈમારતમાં વહેતા પાણીની વ્યવસ્થા કરતા હતા. મુઘલ સમયના બધાં સ્થાપત્યો મોટા ભાગે આરસપહાણમાંથી બનાવવામાં આવ્યા હતા. તેઓની ઈમારતોમાં જડેલા રંગીન પથ્થરોનો ખૂબ સુંદર ઉપયોગ થયો છે.

**(iii) દિલ્હી સલ્તનત સમયના સ્થાપત્યની વિશેષતા:** દિલ્હી સલ્તનત સમયના સ્થાપત્યોમાં ભારત અને ઈરાની શૈલીના દર્શન થાય છે. આ સ્થાપત્યો બનાવવા ચૂનો અને ઈંટને પીસીને પાઉડર બનાવવામાં આવતો અને તેનો ઉપયોગ થતો. આ સમયે કમાન અને ગુંબજ બનાવવાનો પ્રયોગ પહેલી વાર થયો હતો. સલ્તનતકાળની ઈમારતને શણગારવા સુરેખ, ભૌમિતિક આકાર, ફૂલ, પાંદડાં અને વેલની આકૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(7) ભારતીય લોકજીવનમાં વિવિધતા શા માટે છે?**

**ઉત્તર :** ભારતનાં ભૂપૃષ્ઠ, આબોહવા, જમીન, ઋતુઓ વગેરે ઘણી વિવિધતાઓ જોવા મળે છે. આ વિવિધતાઓની સીધી અસર ભારતીય લોકજીવનના ખોરાક, પોશાક, રહેઠાણ, ભાષા, રીત-રિવાજો વગેરેમાં જોવા મળે છે, તેથી ભારતીય લોકજીવનમાં વિવિધતા છે.

**(8) આપણે જાહેર મિલકતની જાળવણી શા માટે કરવી જોઈએ ?**

**ઉત્તર :** જાહેર મિલકત એ આપણા સૌની મિલકત છે. જાહેર મિલકત આપણને અનેક સગવડો પૂરી પાડે છે. આ સગવડોથી આપણો જીવનવ્યવહાર સરળ બને છે.

**(9) ધાર્મિક જાગૃતિની જરૂરિયા શા માટે ઊભી થઈ ?**

**ઉત્તર :** આઝાદી પહેલાં ભારતના લોકોની ધાર્મિક આસ્થા પરંપરાગત હતી. લોકોમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વ્યાપક હતું. લોકો ધર્માચાર્યો અને સાધુસંતોના આદેશોથી ડરતા હતા. કેટલાક લેભાગુ લોકો અંધશ્રદ્ધાનો ખૂબ ગેરલાભ ઉઠાવતા. સમાજ ધાર્મિક ગ્રંથોની મૂળ વિચારધારાથી અપરિચિત હતો. ભૂત-પ્રેત-ભૈરવી વગેરેની શ્રદ્ધાપૂર્વક પૂજા થતી. કેટલાક પંડિતો, મૌલવીઓ, સાધુઓ, ભુવાઓ વગેરે તકવાદી લોકો આવી અંધ-શ્રદ્ધાનો લાભ ઉઠાવી પોતાના જીવનની સુખ-સગવડો પ્રાપ્ત કરતાં.

**(10) દરેક ભૂમિખંડ એકબીજાથી કઈ રીતે જુદો પડે છે ?**

**ઉત્તર :** દરેક ભૂમિખંડનું સ્થાન, ભૂપૃષ્ઠ, સીમા, સમુદ્રથી અંતર, આકાર, વરસાદ, તાપમાન, જંગલો, ઋતુઓ, પવનો વગેરે અલગ હોવાથી એકબીજાથી જુદા પડે છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**પ્રશ્ન-1 (A) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો.** **(5)**

**(1) શાહજહાંનું ક્યું સ્થાપત્ય વિશ્વવિખ્યાત છે ?** - ☐

(A) રંગ મહલ (B) મોતી મસ્જિદ (C) લાલ કિલ્લો (D) તાજમહાલ

**(2) ગુજરાતમાં જૈનોનું મહાતીર્થ ક્યાં આવેલું છે ?** - ☐

(A) પાલીતાણા (B) તળાજા (C) તારંગા (D) શંખેશ્વર

**(3) કાશ્મીરના ક્યા સરોવરમાં નૌકાઘરો જોવા મળે છે ?** - ☐

(A) સાંભર (B) દલ (C) વુલર (D) ઢેબર

**(4) વલ્લભાચાર્યનો જન્મ ક્યાં થયો હતો ?** - ☐

(A) તલવંડી (B) ચંપારણ્ય (C) નવદીપ (D) કાશી

**(5) કઈ જાતિના લોકો 'ઇગ્લુ' જેવા ઘરમાં રહે છે ?** - ☐

(A) એસ્કિમો (B) કિર્ગીઝ (C) પિગ્મી (D) રેડ-ઇન્ડિયન

**(B) યોગ્ય શબ્દ વડે ખાલીજગ્યા પૂરો** **(5)**

(1) ભારતમાં ખેતપેદાશોથી તૈયાર થતી વસ્તુ ઉપર ........................ નું નિશાન હોય છે.

(2) ચોલ સમયના મંદિરોના ઊંચા પ્રવેશદ્વાર ........................ કહેવાય છે.

(3) આપણા દેશના સ્મારકો આપણું ........................ છે.

(4) ........................ કબીર અને રૈદાસના ગુરુ હતા.

(5) બ્રાઝિલની રાજધાની ........................ છે.

**પ્રશ્ન-2 (A) નીચેનાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.** **(3)**

(1) મુઘલ સમયમાં ભારતનું કાપડ યુરોપ અને એશિયાના બજારોમાં વેચાતું ન હતું. - ☐

(2) ગ્રાહકને વસ્તુની પસંદગી કરવાનો અધિકાર છે. - ☐

(3) પ્રવાસ પર્યટનના સ્થળે ગંદકી કરવી જોઈએ નહીં. - ☐

(4) દિલ્હીમાં ઔરંગઝેબે લાલ કિલ્લાનું નિર્માણ કરાવ્યું હતું. - ☐

(5) તુકારામના મતે સાચી ભક્તિ બીજાનાં દુઃખમાં ભાગ લેવો તે છે. - ☐

(6) યુરોપમાં વિસ્તારના પ્રમાણમાં બીજા ખંડો કરતાં વસતિ ગીચતા ઓછી છે. - ☐

**(B) યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે વિભાગ (B) માંથી યોગ્ય ક્રમ લખો.)** **(2)**

| (A) | (B) |
|---|---|
| (1) ગુજરાત | (A) કથકલી |
| (2) રાજસ્થાન | (B) લાવણી |
| (3) મહારાષ્ટ્ર | (C) રાસ-ગરબા |
| (4) કેરળ | (D) ઘુમર |

**પ્રશ્ન-3 (A) નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો. (ગમે તે સાત)** **(7)**

(1) "રાજ્યની આબાદીનો પાયો ખેતી છે." એવું કોણ માનતું હતું ?
(2) સોના-ચાંદીની બનાવટો ઉપર શાનો માર્કો લગાડવામાં આવે છે ?
(3) મોઢેરાના સૂર્યમંદિરની શી વિશેષતા છે ?
(4) અસમના ક્યાં નૃત્યો ખૂબ જાણીતાં છે ?
(5) જાહેર મિલકત કોને કહેવામાં આવે છે ?
(6) કબીરે શો ઉપદેશ આપ્યો છે ?
(7) ઇંગ્લૅન્ડમાં શાના કારણે શિયાળામાં પણ હૂંફાળું વાતાવરણ રહે છે ?
(8) તમે કઈ કઈ જાહેર સુવિધાઓનો ઉપયોગ કરો છો ?
(9) ઉત્તર અમેરિકામાં આવેલા પાંચ મહાન સરોવરોનાં નામ લખો.

**(B) નીચેના યોગ્ય કારણ આપો.** **(4)**

(1) શાહજહાંના સમયમાં વધુ બાંધકામો થયાં, કારણ કે...
(2) ઇંગ્લૅન્ડ શિયાળામાં પણ હૂંફાળું વાતાવરણ ધરાવે છે, કારણ કે...

**પ્રશ્ન-4 (A) નીચેના પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યોમાં જવાબ લખો.** **(4)**

(1) દિલ્હી સલ્તનત સમયના સ્થાપત્યની વિશેષતાઓ નોંધો.
(2) દક્ષિણ અમેરિકાખંડના ઍમેઝોન જંગલો વિશે ટૂંકમાં લખો.

**(B) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **(6)**

(1) આપણે ચીજવસ્તુની ખરીદી વખતે હમેશાં બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ ? શા માટે ?
(2) આઝાદી પહેલાંની ભારતની ધાર્મિક પરિસ્થિતિ વર્ણવો.

**(C) ટૂંકનોંધ લખો.** **(4)**

(1) શિવાજી
(2) ચૈતન્ય મહાપ્રભુ

# મૂલ્યાંકનલક્ષી નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર

સમય : 3 કલાક **સંપૂર્ણ અભ્યાસક્રમ (દ્વિતીય સત્ર)** કુલ ગુણ : 80

**પ્રશ્ન-1 (A) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો.** **(12)**

**(1) ક્યા રાજાના શાસન વખતે ગુજરાતની સમૃદ્ધિ ટોચ પર હતી ?** – ☐
(A) મૂળરાજ સોલંકી (B) સિદ્ધરાજ જયસિંહ (C) કુમારપાળ (D) ભીમદેવ સોલંકી

**(2) બિહારની કઈ નદીમાં દર વર્ષે ભયંકર પૂર આવે છે ?** – ☐
(A) યમુના (B) કોસી (C) સિંધુ (D) કાવેરી

**(3) રાજ્યમાં કઈ અદાલતનું સ્થાન સર્વોચ્ચ છે ?** – ☐
(A) વડી અદાલત (B) સુપ્રિમ કોર્ટ (C) ફોજદારી અદાલત (D)લશ્કરી અદાલત

**(4) મુઘલવંશના બધા શાસકોમાં કોને સહિષ્ણુ અને ઉદાર શાસક માનવામાં આવે છે ?** – ☐
(A) બાબર (B) હુમાયુ (C) જહાંગીર (D) અકબર

**(5) ભારતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?** – ☐
(A) રાજસ્થાન (B) તમિલનાડુ (C) ગુજરાત (D) મહારાષ્ટ્ર

**(6) શાહજહાંનું ક્યું સ્થાપત્ય વિશ્વવિખ્યાત છે ?** – ☐
(A) રંગમહલ (B) તાજમહલ (C) મોતી મસ્જિદ (D) લાલ કિલ્લો

**(7) ભારતમાં શાકાહારી ખાદ્યસામગ્રી ઉપર ક્યા રંગનું ચિહ્ન હોય છે ?** – ☐
(A) લાલ (B) પીળા (C) કાળા (D) લીલા

**(8) સોમનાથ મંદિરનો સમાવેશ શામાં થાય છે ?** – ☐
(A) મઠ (B) ચારધામ (C) સૂર્યમંદિરમાં (D) બાર જ્યોતિર્લિંગ

**(9) કાશ્મીરના ક્યા સરોવરમાં નૌકાઘરો જોવા મળે છે ?** – ☐
(A) સાંભર (B) દલ (C) વુલર (D) ઢેબર

**(10) ગુરુનાનકના અનુયાયીઓ સમય જતાં શું કહેવાયા ?** – ☐
(A) જૈન (B) હિંદુ (C) પારસી (D) શીખ

**(11) કૅનેડાની રાષ્ટ્રીય રમત કઈ કઈ છે ?** – ☐
(A) આઈસ હૉકી (B) ફૂટબૉલ (C) ક્રિકેટ (D) ટૅનિસ

**(12) કોફીના ઉત્પાદનમાં ક્યો દેશ વિશ્વમાં મોખરે છે ?** – ☐
(A) આર્જેન્ટિના (B) બ્રાઝિલ (C) ચીન (D) કૅનેડા

**(B) યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.** **(4)**

(1) સુંદરીના વૃક્ષમાંથી .................... બને છે.
(2) અકબર દર શુક્રવારે .................... ના ઈબાદતખાનામાં ધર્મસભા ભરતો હતો.
(3) ગ્રાહકને વસ્તુની ખરીદીનું .................... માગવાનો અધિકાર છે.
(4) દરેક વ્યક્તિ ઉપયોગ કરી શકે તેવી સંપત્તિને .................... કહેવામાં આવે છે.

**(C) નીચેનાં વિધાનો સામે ☑ ખરાં કે ☒ ખોટાંની નિશાની કરો.** **(3)**

(1) નાઈકીદેવી અણહિલવાડ પાટણની એક વિરાંગના રાણી હતી. - ☐

(2) જિલ્લા અદાલતના ચુકાદા સામે પણ અપીલ કરી શકાય છે. - ☐

(3) જાહેર સંપત્તિને નુકસાન કરવાથી ઇનામ મળે છે. - ☐

**(D) યોગ્ય જોડકાં જોડો. (જવાબ માટે વિભાગ (B) માંથી યોગ્ય ક્રમ લખો)** **(4)**

| (A) | (B) |
|---|---|
| (1) સોમનાથ | (A) મોઢેરા |
| (2) સૂર્યમંદિર | (B) પાલીતાણા |
| (3) રૂદ્રમહાલય | (C) પ્રભાસ પાટણ |
| (4) શેત્રુંજય જૈનતીર્થ | (D) સિદ્ધપુર |

**પ્રશ્ન-2 (A) મને ઓળખી મારું નામ લખો.** **(2)**

(1) હું ભારતની મોટામાં મોટી નદી છું.

(2) હું ઊનની બનાવટો અને પોશાકની વસ્તુ પરનું નિશાન છું.

**(B) નીચેના પ્રશ્નોના એક - બે વાક્યોમાં જવાબ લખો.** **(10)**

(1) વનરાજ ચાવડાએ વસાવેલા નવા નગરનું નામ અણહિલવાડ પાટણ કેમ રાખ્યું ?

(2) આપણા રાજ્યની વડી અદાલત ક્યા શહેરમાં આવેલી છે ?

(3) રાણા પ્રતાપે કઈ પ્રતિજ્ઞા લીધી હતી ?

(4) ભારતમાં મેટ્રોટ્રેન ક્યાં ચલાવવામાં આવે છે ?

(5) શિવાજીનાં માતા અને પિતાનાં નામ શું હતાં ?

(6) ચૌલ કાળની મૂર્તિકલામાં કઈ મૂર્તિ સર્વોત્તમ છે ?

(7) દક્ષિણ ભારતની કઈ વાનગીઓ ખૂબ જાણીતી છે ?

(8) તમારી આસપાસ આવેલી પાંચ જાહેર મિલકતનાં નામ લખો.

(9) રૈદાસે ઈશ્વર વિશે શું કહ્યું છે ?

(10) મધ્યરાત્રિનો સૂર્ય ક્યા દેશમાં જોવા મળે છે ?

**(C) યોગ્ય કારણ આપો.** **(6)**

(1) દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે ઉપયોગી નથી, કારણ કે...

(2) ચાનો પાક પર્વતના ઢોળાવવાળી જમીન પર ઉગાડવામાં આવે છે, કારણ કે...

(3) પ્રેરિઝના મેદાનમાં ઘઉંનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે, કારણ કે...

**પ્રશ્ન-3 (A) નીચેના પ્રશ્નોના ત્રણ - ચાર વાક્યોમાં જવાબ લખો. (કોઈપણ પાંચ)** **(10)**

(1) મીનળદેવીએ યાત્રાવેરો કેમ બંધ કરાવ્યો ?

(2) મુઘલ સમયની આર્થિક સ્થિતિ વિશે ત્રણ-ચાર વાક્યો લખો.

(3) ગ્રાહકના અધિકારો જણાવો.

(4) પશ્ચિમ ભારતના ઉત્સવો અને તહેવારો વિશે લખો.

(5) હાલના સમયમાં કઈ કઈ અંધશ્રદ્ધાઓ પ્રવર્તે છે ?

(6) 'અમેરિકા' નામ કેવી રીતે પડ્યું ?

**(B) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (કોઈપણ ત્રણ)** **(12)**

(1) આપણા દેશનું ન્યાયતંત્ર સળંગ, સ્વતંત્ર અને નિષ્પક્ષ છે એવું શાથી કહી શકાય ?

(2) ભારતની ખેતીના પ્રકારો જણાવો. તમને ક્યો પ્રકાર વધુ ગમે છે ? કેમ ?

(3) આપણે ચીજવસ્તુની ખરીદી વખતે હંમેશાં બિલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ ? શા માટે ?

(4) આઝાદી પહેલાંની ભારતની ધાર્મિક પરિસ્થિતિ વર્ણવો.

**પ્રશ્ન-4 (A) નીચે આપેલ ટૂંકનોંધ લખો. (કોઈપણ ત્રણ)** **(12)**

(1) શેરશાહના સુધારાઓ (3) ભારતનાં ઉત્સવો અને વિવિધ નૃત્યો

(2) દ્વારકાધીશનું મંદિર (4) નરસિંહ મહેતા

**(B) નીચે આપેલ વિગતોને ભારતના રેખાંકિત નકશામાં દર્શાવો.** **(5)**

(1) ગંગા નદી (2) મેઘાલય (3) દલ સરોવર (4) ઝારખંડ (કોલસો) (5) મહારાષ્ટ્ર (ખનિજ તેલક્ષેત્ર) (6) નર્મદા નદી (7) રાજસ્થાન (સૌથી ઓછો વરસાદ) (8) કાઝીરંગા (9) બાંદીપુર (10) સિલ્કા સરોવર

